સુબોધ રત્નમાળા.

રચી પ્રગટ કરનાર,

દુલભભાઇ કલ્યાણજી દેશાઈ,

ભદેલીકર.

મુલ્ય રૂા. ૧)

☞ આ પુસ્તક લીંબડીમાં શ્રી જશવંતસિંહ પ્રિન્ટીંગ પ્રેસમાં મી. હંસરાજ સંઘજી દુબલે તથા મુંબઇમાં ધી ઇકોનોમિક પ્રિન્ટીંગ વર્કસ સીતારામ બીલ્ડીંગમાં મી. જગજીવન ગણેશજી દુબલે છાપ્યું અને મી. દુલભભાઈ કલ્યાણજીએ રચી ભદેલીમાં પ્રગટ કર્યું છે.



રા. બ. ખંડુભાઈ ગુલાબભાઇ સુરત.

જન્મ સંવત ૧૯૦૩

સદા મુરબ્બી રા. બ. ખંડુભાઈ ગુલાબભાઇ દેશાઇ, સુરત.

હરિગીત છંદ.

અગ્રેસરો જ્ઞાતિ સમુહમાં શ્રેષ્ઠ આત્મારૂપ છો;
જે કાર્ય દક્ષ સમાજને પરિષદ વિષેય અનુપ છો.
વૃધ્ધ સુધારક શિરોમણિની સ્નેહ ઈચ્છા હું ધરૂં;
તે રાવ બહાદુર ખંડુભાઇને ગ્રંથ અર્પણ આ કરૂં.
ધાર્મિકવૃત્તિ વંશમાં બહુ વારસે ઉતરેલ છે;
ને હિત સ્વજાતિ સાધવામાં સર્વદાજ પહેલ છે.
ઘુમી રહ્યા ભિષ્મ પિતાસમ અહી ધ્વજ કયમ વીસરૂં;
તે રાવ બહાદુર ખંડુભાઇને ગ્રંથ અર્પણ આ કરૂં.
સરકારની સેવા બજાવી ઉચ્ચ પદવી ધારતાં;
હારો ન હોડી સુધારાની વૃધ્ધ છતાં હંકારતાં.
સ્થળ કોઇ ખાલી નથી તમવિણ કર્મ જોતાં આકરૂં;
તે રાવ બહાદુર ખંડુભાઈને ગ્રંથ અર્પણ આ કરૂં.
સાદું જીવન સદ્દવાંચ્છનાઓ આપના ઉરમાં વસી;
ઔદાર્ય નામ રહો સદા જ્યાં સુધી સુરજ ને શશી.
ગુણ ગ્રંથ આરંભે ગણી બહુ માનવંતાના ભરૂં;
તે રાવ બહાદુર ખંડુભાઇને ગ્રંથ અર્પણ આ કરૂં.

જોયા પ્રસંગો સમ વિષમ પણ રંગ ધીરજ રાખતાં;
હાર્યા ન હીંમત ઉપકારી કાર્યને દૂર નાખતાં.
જેનાં અનાવિલ વાડીમાં બહુ ઉછર્યાં વેલી તરૂ;
તે રાવ બહાદુર ખંડુભાઇને ગ્રંથ અર્પણ આ કરૂં.
કોઇ ગામમાં નથી નામ જેનું છે અજાણ્યું આ સમે;
દીર્ઘાયુષી કરજો હરી કે જ્ઞાતિની શંકા સમે.
બહુ યશ કરજો મગ્ન થાતાં ગુણ ગ્રંથે સંઘરૂં;
તે રાવ બહાદુર ખંડુભાઇને ગ્રંથ અર્પણ આ કરૂં.
છે શાંત ને સ્નેહાળ વૃત્તિ વિજય આશામાં મચ્યા;
સાદા સહેલા નિયમો જ્ઞાતિ સુધારાના રચ્યા.
વિખવાદમાં ઉતર્યાં વિના મુજ તે ખરૂં ને આ ખરૂં;
તે રાવ બહાદુર ખંડુભાઇને ગ્રંથ અર્પણ આ કરૂં.
જ્ઞાતિ વીરો હીરા બહુ ઝળકાર નીકળી મારજો;
આપણી અધમતા દૂર કરીને અનાવિલ સૌ તારજો.
આ એક જીવ્હા એ વડાની કીર્તિ કેમ હું વિસ્તરૂં;
તે રાવ બહાદુર ખંડુભાઇને ગ્રંથ અર્પણ આ કરૂં.
ધન ધાન્ય વય પરિવારની સમૃધ્ધિ સંવૃધ્ધિ થજો;
એ યાચના અવિનાશી પ્રત્યે સ્વર ગંભીરમાં જજો.
અનુમતિ લઈ અનુરક્ત વદને અર્થ વાદે આદરૂં;
તે રાવ બહાદુર ખંડુભાઇને ગ્રંથ અર્પણ આ કરૂં.

લી० સેવક.

દુ. ક. દેશાઇ ભદેલીકર.

પ્રસ્તાવના.

કવિતાનો આ લઘુ સંગ્રહ પુસ્તકરૂપે જનમંડળની આગળ મુકતાં લેખક એક સમર્થ કવિ અથવા તો સાક્ષરમાં ખપવાની બીલકુલ ઈચ્છા રાખતો નથી. લેખન કળા ધરાવનારાઓ આ જમાનામાં વિવિધ પુસ્તકો પ્રગટ કરી સામાજીક સુધારણા અને વિદ્યા વૃદ્ધી અર્થે જે પ્રયાસ કરી રહયા છે તેમાં આ એક વધુ પ્રયાસ છે.

દરેક ભાષામાં ગદ્ય કરતાં કાવ્યની અસર હમેશાં વધારે થાય છે. સ્વભાવિક કવિત્વશક્તિ ધરાવનારાઓના કાવ્યો જે અસર કરી શકે છે તેવી અસર તે શક્તિ નહિ ધરાવનારાના કાવ્યો કરી શકતાં નથી. લેખક પોતાનામાં ઉંચા પ્રકારની કવિત્વશક્તિ હોવાનો દાવો કરતો નથી, પરંતુ ઈશ્વર કૃપાથી તેનામાં તે શક્તિ કંઈક અંશે હોવાથી વિવિધ વિષયો સંબંધી સ્ફુરતા વિચારોને કાવ્યમાં દર્શાવી જે અલ્પ જનસેવા અને સાહિત્યસેવા બજાવવાને તે ભાગ્યશાળી બન્યો છે તેને માટે તે જગતકર્તાનો આભાર માને છે.

આ પુસ્તકમાં અનાવિલ હિતેચ્છુમાં આવી ગયેલી તેમજ બીજી કેટલીક કવિતાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. અનાવિલ જ્ઞાતીના પ્રચલીત વ્યવહારીક રિતરિવાજો સંબંધી, જનમંડળના સામાન્ય ઉત્કર્ષ સંબંધી તેમજ નૈતિક અને ધાર્મિક વિષયો સંબંધી અનેક કાવ્યોનો આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે એટલે તે સામાન્ય રીતે સર્વ ગુજરાતીઓને અને મુખ્યત્વે કરીને અનાવિલ આલમને આવકારદાયક અને સંગ્રહ કરવા યોગ્ય થઈ પડશે. લેખકનો આ પ્રથમ પ્રયાસ હોવાને લીધે જોડણી વગેરે અનેક દોષો માલમ પડશે, તેના તરફ સુજ્ઞ વાંચક વર્ગ ક્ષમાદ્રષ્ટીથી જોશે એવી આશા છે.

દ્રવ્ય સંબંધી અડચણને લીધે અનેક લેખકોના લખાણો ઘણી વખત પુસ્તક રૂપે પ્રસીદ્ધ કરી શકાતાં નથી. જ્ઞાન અને ધનને સામાન્યતઃ વેર હોય

છે અને ગર્ભશ્રીમંત કવિઓ તો ક્વચીતજ પાકે છે; પરંતુ ઈશ્વરની લીલા એટલી બધી અકળ છે કે આવા મનુષ્યોને પણ જોઇતી સહાયતા આવી મળે છે. આ પુસ્તક પ્રસિદ્ધ થવામાં આફ્રિકાવાસી પરોપકારી અનાવિલ બંધુઓ તરફથી જે મ્હોટી આર્થીક મદદ મળી છે તેને માટે લેખક તેમનો અંતઃકરણપુર્વક આભાર માને છે તેમજ અનાવિલ હિતેચ્છુના તંત્રી રા. રા. દોલતરાય રતનજી તરફથી આ પુસ્તક પ્રસિદ્ધ કરવાની લેખકની ઉમેદ સફળ કરવામાં તેમજ પ્રુફ વગેરે તપાસવામાં લેખકને જે મદદ મળી છે તેને માટે લેખક તેમનો આ સ્થળે જેટલો ઉપકાર માને તેટલો ઓછો છે.

આ પુસ્તકનો છપામણી ખર્ચ આફ્રિકાવાસી અનાવિલ બંધુઓ તરફથી મળેલો હોવાને લીધે તેની પ્રથમાવૃતીની તમામ આવક શ્રી અનાવિલ સમાજને વીદ્યાવૃદ્ધીના તેના પરોપકારી કાર્ય માટે, આગળથી જાહેર કર્યા પ્રમાણે, અર્પણ કરવામાં આવશે, અને એક રૂપીઆ જેટલી નજીવી રકમનો પરોપકાર કરી પુસ્તકાલયમાં રાખવા જેવું એક પુસ્તક મેળવવાની ક્વચીતજ મળતી આવી ઉમદા તકનો લાભ, સર્વ જ્ઞાતીબંધુઓ લેશે એવી આશા છે, અને ઈશ્વર તે પરીપુર્ણ કરો એવી નમ્ર પ્રાર્થના છે.

તા. ૨૩-૧-૧૩.

દુર્લભભાઈ કલ્યાણજી દેશાઈ,

બદલીકર.

આ પુસ્તક છપાવી પ્રસીદ્ધ કરવા, અગાઉથી આશ્રય આપનાર આફ્રીકાવાસી ગ્રહસ્થોના નામો.

		રૂા. આ. પા.
રા. મોંઘાભાઇ ગુલાબભાઇ વેસ્મા.	... ...	૨૦—૪—૦
રા. મણીભાઇ ખંડુભાઇ વેસ્મા. ...	... ...	૨૦—૪—૦
રા. રણછોડજી ડાહ્યાભાઇ પડઘા. ...	... ...	૭-૧૪—૦
રા. લાલભાઇ ખુશાલભાઈ આમરી.	... ...	૨-૧૦—૦
રા. ભીમભાઈ ભીખાભાઈ આમરી.	... ...	૩-૧૫—૦
રા. નારણજી ભુલાભાઈ વીજલપોર.	... ...	૨-૧૦—૦
રા કશનજી ભીમભાઈ સંદલપોર....	... ...	૦-૧૨—૦
રા. રણછોડજી કસનજી ઉગત. ...	... ...	૭-૧૪—૦
રા. ભગવાનજી નારણજી વખથાણા. હા. નાગરજી હરીભાઈ. ...		૭—૮—૦
રા. મોરારજી ડાહ્યાભાઈ દેગામ. ...	... ...	૩-૧૫—૦
રા. ગાંડાભાઇ ડાહ્યાભાઈ પાલી. ...	... ...	૪—૨—૦
રા. કલ્યાણજી મોરારજી ઇચ્છાપોર ...	... ...	૦-૧૨—૦
રા. વલભભાઈ પરાગજી આટ ...	... ...	૦-૧૨—૦
રા. મકનજી ભીમભાઈ સંદલપોર ...	... ...	૦-૧૨—૦
રા. પરાગજી નીછાભાઈ મરોલી ...	... ...	૦-૧૨—૦
રા. પરસોતમભાઈ નારણજી સુપા ...	... ...	૦-૧૨—૦
રા. નારણજી દયાળજી ગડત ...	... ...	૦-૧૨—૦
રા. દુલભભાઈ પરાગજી પુણી ...	... ...	૭-૧૪—૦
રા. છોટુભાઇ ઝીણાભાઈ વેસ્મા ...	... ...	૧૬-૧૪—૦
રા. ડાયાભાઈ લાલભાઇ સરી ...	... ...	૧—૮—૦
રા. ગોવીંદજી લલુભાઇ કમાલપોર	... ...	૧—૮—૦
રા. ગુલાબભાઈ ડાહ્યાભાઇ કતારગામ	... ...	૩-૧૨—૦
રા. લલુભાઈ ભીમભાઇ પોસરા ...	... ...	૨—૪—૦
રા. દુલભભાઈ કલ્યાણજી કનસાડ...	... ...	૫-૧૦—૦
રા. રણછોડજી નીછાભાઇ અબ્રામા	... ...	૪—૨—૦
રા. ભીમભાઇ નથુભાઇ માસ્તર પલશાણા	... ...	૦-૧૨—૦
રા. ગોપાલજી નારણજી વેસ્મા ...	... ...	૭-૧૪—૦
રા. જગાભાઇ ફકીરભાઇ કરચા ...	... ...	૪—૨—૦

રા. નાગરજી જોગીભાઇ આમરી	૪—૨—૦
રા. ડાહ્યાભાઇ નીછાભાઇ પેરાકર	૩–૧૫—૦
રા. વશનજી ગોંસાઇભાઇ ઇચ્છાપોર	૩–૧૫—૦
રા. રણછોડજી નીછાભાઇ મંદીર	૩–૧૫—૦
રા. પ્રેમાભાઇ મોરારજી કસ્બા	૨–૧૦—૦
રા. પ્રાગજી લાલભાઈ એથાણ	૩–૧૫—૦
રા ભીમજી આર. નાયક રોડેશીયા	૧૫–૧૨—૦
રા. રામભાઇ નથુભાઇ કપીલપોર	૦–૧૨—૦
રા. ડાહ્યાભાઇ દાજીભાઇ પુણી	૨૦—૪—૦
રા. રણછોડજી ગોપાળજી આમરી	૪—૨—૦
રા. ગોવિંદજી લલુભાઇ એથાણ	૪—૨—૦
રા. ગોપાલજી દાજીભાઇ વેસ્મા	૧–૧૪—૦
રા. વલભભાઇ ગુલાબભાઇ પુણીકર	૧–૧૪—૦
રા. લલુભાઇ ડી નાયક વકથાણા	૪–૧૪—૦
રા લાલભાઇ નથુભાઇ પુણીકર	૭–૧૪—૦
રા. ભગુભાઇ કુંવરજી એથાણકર	૨૦—૪—૦
રા વશનજી કશનજી ખરસાડકર	૭–૧૪—૦
રા. કુંવરજી રઘનાથજી વેસ્માકર	૩–૧૫—૦
રા. ઘેલાભાઈ નારણજી મરોલીકર	૩–૧૫—૦
રા. લાલભાઈ મોહનભાઈ દેગામકર	૭–૧૪—૦
રા. નીછાભાઇ નારણજી દેગામકર	૭–૧૪—૦
રા. ભીમભાઇ વલ્લભભાઇ મોટાવરાછા	૨—૪—૦
રા. મોરારજી હરીભાઇ કસ્બાપાર	૧૫–૧૨—૦
રા. મણીભાઇ નીછાભાઇ મોટાવરાછાકર	૭–૧૪—૦
રા. વસનજી નારણજી નાયક કતારગામ	૯—૬—૦
રા. ખંડુભાઇ ભીખાભાઇ ક્રોથાકર	૭–૧૪—૦
રા. દુલભભાઇ પ્રાણભાઇ એરૂકર	૭–૧૪—૦
રા. દયાળજી ગુલાબભાઈ મહેતા પલસાણાકર	૭–૧૪—૦
રા. દુલભભાઈ અખુભાઈ પલસાણાકર	૨૩–૧૦—૦
રા. છીગુભાઇ વલ્લભભાઇ ઉગતકર	૭ ૧૪—૦

અનુક્રમણિકા.

સુબોધ રત્નમાળા.

ઈશ્વર સ્તુતિ.

છપ્પો.

ગૌરીનંદન નમું, જમું ભોજન વિદ્યાનું,
કરે પ્રતાપી પ્રૌઢ, હોય જે નવરૂં નાનું;
સુરતવાન સમર્થ, ચતુરમાં પ્રથમ પુજાએ,
મંગળ કાર્યે વળી, ગીત તેનાજ ગવાએ;
સોંપું શિર તેના ચરણમાં, શરણે રાખે સર્વદા.
વાણી વાટિકા કુસુમ દઈ, દુર્લભ ગુણ કરૂં છું અદા;

તોટક છંદ.

રચના જગની અદ્ભુત અતી, કદીં પામીં શકે ન મનુષ્ય મતિ;
કરૂણા કીરતાર તમારીં હશે, ગુણ ગાઈ ઘટિત કૃતાર્થ થશે.
શશિ સૂરજ તારક મંડળનું, વળીં જો બળ સાગરના જળનું;
સરિતા જળ સંઘરતી ધરતી, ઉપકારીં કૃતિ અતીં એ કરતી.
સર જંગલ શૈલ મહાન વળી, બળ વિદ્યુત વાયુ તણું અતળી;
અમને કૃતિ ભારીં તમારીં દીસે, કરીએ નિત ચિંતન આપ વિષે.
ઈશ એક છતાં કૃતિ પ્રૌઢ કરી, રહી કીર્તિ અનેક રૂપે પ્રસરી;
તદ્લીન થવા તમ ભકિત વિષે, મુજ અંતર ચંચળ સત્ત્ય હીસે.
નવ પાર પમાય ગુણો ગણતાં, ઠરીએ પ્રભુનો મહિમા ભણતાં;
શરણાગતની વિનતી મન લો, તમ શાંતિ તણું સઉને સુખ દો.
વરણી ન શક્યા ઋષિ શ્રેષ્ટ જીભે, રસના મુજ શુષ્ક શું ત્યાંય નીભે;
વદવા તદવા મુજ અર્જ સુણી, કર મંગળ રંક મટું જ ઋણી.

પાંચમા જોર્જ રાજા ઘણું જીવો.

વાગે વૃંદાવનમાં વાંસળીરે—એ રાહ.

ધન્ય ધન્ય દિન આજનોરે, ધન્ય ઘડી પળવાર;
રાજઅમલ પંચમ જ્યોર્જનોરે, જામ્યો જગમોઝાર. ધન્ય ધન્ય.
બહુ જીવો કૈસરહિંદનોરે, બાળા દ્યોએ આશીષ;
એને હસ્તે ઉદય હિંદનોરે, આશ એ જગદિશ. ધન્ય ધન્ય.
દેશ પવિત્રમાં પ્રથમથીરે, રાજભક્તિનો વાસ;
વાધો વધુ સુધર્મથીરે, ભક્તિભાવનો ભાસ. ધન્ય ધન્ય.
પંચમ જોર્જના રાજમાંરે, પ્રસરો શાંતિ સર્વત્ર;
તેજ વધો તેના તાજમાંરે, રહો અમ શિરછત્ર. ધન્ય ધન્ય.
ઇંગ્રેજી રાજના અમલમાંરે, નહીં સૂર્યનો અસ્ત;
કર જોડી દીર્ઘાયુ ઇચ્છતાંરે, હરખે ભારત સમસ્ત. ધન્ય ધન્ય.

ભુજંગી છંદ.

ભલી ભાર્ત ભૂમિ જુની ખ્યાતિવાળી, દિસે દુનિયામાં બધાથી નિરાળી;
પધાર્યા ભલે દેશમાં શાંતિ વ્યાપી, જીવો પાંચમા જોર્જ રાજા પ્રતાપી.
મહારાજ્યનો છે અધિકાર હાથે, ઘણા દેશને બેટ જોડાઇ સાથે;
વધુ વિજયી થાય સંકષ્ટ કાપી, જીવો પાંચમા જોર્જ રાજા પ્રતાપી.
ભણ્યા ઉંચી વિદ્યા પ્રવાસે કર્યા છે, ઘણા શ્રેષ્ઠ ગુણો હૃદેમાં ધર્યા છે;
કહો દેશના લોક આ જાપ જાપી, જીવો પાંચમા જોર્જ રાજા પ્રતાપી.
અમો નિર્ભયી રાય રંકો થયા છે, મહા વિગ્રહો લુટ ટંટા ગયા છે;
કરો ઉપકારી નવા લાભ આપી, જીવો પાંચમા જોર્જ રાજા પ્રતાપી.
દઢીભૂત છે રાજ્યભક્તિ અમારી, તમે નીરખો દેશમાંહે સીધારી;
ઉચાર્યો મીઠા શબ્દ તો ભક્તિ માપી, જીવો પાંચમા જોર્જ રાજા પ્રતાપી.
પ્રજા પાલનારા પિતાજી પ્રમાણે, ઉરે પ્રેમભક્તિ અખંડિત આણે;
થજો નષ્ઠને ભ્રષ્ઠ વિચાર પાપી, જીવો પાંચમા જોર્જ રાજા પ્રતાપી.

મહારાણીના પૌત્ર દેશે પધાર્યા, હકો હિંદના હાથ લેતાં વધાર્યા;
ગયા દેશ સ્મૃદ્ધિ તણા કાર્ય સ્થાપી, જીવો પાંચમા જોર્જ રાજા પ્રતાપી.
બલિહારી આ રાજ્યની નિત્ય ગાઓ, ઠગોના ઠરાવે કદિ ના ઠગાઓ;
સુખો ભોગવો ધર્મ જુદા તથાપિ, જીવો પાંચમા જોર્જ રાજા પ્રતાપી.

દીલ્હી દરબાર.

પશુમાં પડી એક તકરાર–એ રાહ.

ધન્ય દિન દિવ્ય દિલ્હીદરબાર.
પંચમ જોર્જ પધાર્યા પોતે ભારતભૂમિ મોઝાર,
વધાવે પ્રજા હર્ષ ઉદગાર. ધન્ય દિન દિવ્ય.
રાજ્યપદાભિષેક થયાનો કરવા વિધિ વિસ્તાર,
ઓગણીસસેં અગીઆર વર્ષની માસ અને દિન બાર;
સાથ છે મળતો મંગળવાર. ધન્ય દિન.
રાજ્યભક્ત આ ભારત પ્રજા છે જાણીતી નિરધાર,
સનમુખ રાજ્યારૂઢ થતામાં વધ્યો તાજ ઝળકાર;
જીવો બહુ મેરી રાણી ઉદાર. ધન્ય દિન.
પિતાજીને પગલે ચાલ્યાનો દૃઢ નિશ્ચય સુખકાર,
હિંદતણું હિત હૃદય રમે ઝટ કર્યો પ્રમાણ વિચાર;
મળતાં પ્રથમ રાજ્ય અધિકાર. ધન્ય દિન.
રાજ્યારોહણની વિધિ ઉત્તમ થઇ સ્વદેશે સાર,
રક્ષણ માગી માન અતુલીત આપ્યું અપરંપાર;
ધન્ય ઇંગ્રેજ પ્રજાનો પ્યાર. ધન્ય દિન.
પહેલ કરી આ દેશ પધારી રાજ્યારૂઢ દરબાર,
આર્ય ભુમના યોદ્ધા સઘળા થાઓ રૂપ હથીઆર;
ભણો સૌ જોર્જ તણો જયકાર. ધન્ય દિન.
માંગલિક મનહર અવસર આ જુએ પ્રજા કો વાર,
હર્ષ ઘેલી આ હિંદ પ્રજા સૌ આશીષ આપે હજાર;
જીવો બહુ જોર્જ તણો પરિવાર. ધન્ય દિન.

ઉદ્દેશ.

છપ્પા.

વાલણમાં કણ કોઇ, પડે જઇને ઉકરડે;
સહી શીત ને તાપ, દટાયે તૃણ ડુંગરડે;
આવે વર્ષાકાળ, થાય અમૃતની વૃષ્ટિ;
ઉગે ફૂલી આપ, જાય પરીક્ષકની દૃષ્ટિ;
તે સ્થાનક યોગ્ય કરી ઠરે, ફળ ઉતરે બહુ ફેલતાં,
પરીક્ષકને સૌ આશીષ દે, દુર્લભ દૂર દુઃખ મેલતાં.
સરિતા ધસતી જઇ, સ્નેહથી શોધે સાગર;
કવિતા વનિતા લતા, શોધશે આશ્રય નાગર;
દીપે ન આશ્રય વિના, રહે રાત્રી દી રડતી;
મળતાં આશ્રય અધિક, ધરે આવેગ મરડતી;
એ આશયથી લઇ આશરો, પુસ્તક અર્પણ આ કરૂં;
ઉત્સાહી અનાવિલ બંધુની, અમી દૃષ્ટિ આગળ ધરૂં.
કાવ્ય લતા અંકુર, આવતાં ઉપર તૂટયો;
બહુ વરસે બળ કરી, ફાવ લાગેથી ફુટયો;
મળ્યો હિતેચ્છુતણો, આશરો તંત્રા પ્રતાપે;
ફળ આ અર્પણ કરી, ઋણ આ વાળી આપે;
બહુ કાર્યો દોલતથી બને, ગુણ તેના હું ગાઉં છું;
આ પુસ્તક દોલતરાયથી, પ્રગટયું મન હરખાઉં છું.
અનાવિલ સહાસિક, થયા આફ્રિકા વાસી;
ઘૂમે ઉદ્યમે તોય, કાવ્યના વડા વિલાસી;
વિનતી દોલતરાય, તણી ઉરમાં સ્વીકારી;
પુસ્તક માટે સા'ય, આપી કીધો ઉપકારી;
આ સંગ્રહ બંધુ હસ્તમાં, અશક્ય હોતે આવવા,
હું કલ્પવૃક્ષ પાસે કહાં, ગયો હોત કરમાવવા.

હરિગીત.

ગુરૂ સમીપ રહીને અલંકાર તણો ન ઘૂંટયો એકડો,
કરવા હિસાબો સેંકડાબંધ મારીએ છે ઠેકડો;
એ યત્ન આદરપાત્ર અનુભવ થાય તો આભાર છે,
સત્પાત્ર સજ્જન અનાવિલ મમ બંધુનો આધાર છે;
આફ્રીકાવાસી અનાવિલ સદ્બંધુ કેરી કૃપાવડે,
ઉપદેશ જ્ઞાતિ માંય કરતાં રહ્યા છે પગ પાવડે;
લવલેશ આશા સ્વાર્થની રાખી નથી મુજ અંતરે,
બે લાભ છે આશ્રય દીએ મુજ ધીર વીર ધનવંતરે.

પ્રભુ પ્રાર્થના.

મહીદીપ છંદ—અંતરલાપીકા.

અદ્રશ્ય અવિનાશ રૂપ, નાથ નિર્વિકારી;
વિશ્વપતિ રચીત ચીજ, લક્ષ ઉપકારી;
હિરણ્યગર્ભ હાથ જોડી, તવ શરણે આવું;
બંધનો કપાઇ દુષ્ટ, ધર્મ પંથે ધાઉં.
વાણી દે રસાળ રંક, જાણી દાસ તારો;
ગ્રહણ કરૂં ગુણ અનેક, તજ કૃપા પ્રસારો;
થાઉં પ્રેમ ઘેલડો, ઓ પ્રકાશવંતા;
આપ છો આનંદ રૂપ, જગતના નિયંતા.
ઉદય કાળની પ્રશાંત, ઘડીને નિહાળીએ;
દર કપાય સુખ શાંતિ, તાંતણો વીંટાળીએ;
આંક માંડી ગુણ ગણી, ખોટ ખાઇ હારૂં;
તદેવ દેવરે તથૈવ, રત્ન અનુપ ધારૂં.
તરણું છે કળા ભરેલ, પેર પેર પેખો;
ખોડ કાઢી કોણ શકે, પૂર્ણ શક્તિ દેખો;
રચના એ વરેણ્ય તુજ, પ્રગટ કરી દાખો;
ભાવના ભલેરી ભુજ, જગન્નાથ માપો.

દોહરો.

અનાવિલ હિત બંધવો જાગ્રત થાઓ આજ;
ઉઘડતાં આંખો તરત પેખો પૂર પ્રભાજ.

વિષમ હરિગીત.

અભિલાષ એ જગદીશ આ તમ દાસની દિલમાં ધરો,
નાના પ્રકારે નાથજી એ નવીન હર્ષ હૈયે ભરો;
વિદ્વેષ કર કુસંપનો નાતિ તણા હિત કારણે,
લઘુ બાળકો વિદ્યા ભણે તારી કૃપા સંભારણે;
નુર શૂર પૂર પ્રભાવ વધતો પડે હિતચિંતકતણે,
હિત સાધતાં જ્ઞાતિ વિષે સર્વત્ર વિજયી બહુ બણે;
તલમાત્ર તુજને ભૂલતાં નવ માર્ગ સીધે સંચરે,
થર કુવિદ્યાનો ધોઈ દેતાં વજ્ર વેણ ન ઉચ્ચરે;
વાધે ઘણા વ્યાપારમાં તારણ કરી ખર્ચે સદા,
અન્યની ઈર્ષા પરહરે શોષમાં પડતાં ન કદા;
નાશવંત શરીર નિરખી મેદ જાણીને ભજે,
વિસરે નહિ પ્રભુ નામ તારૂં ટેક સાદાઈ સજે;
લક્ષ લાભો આપજો શિર અમારે કર સ્થાપતાં,
આશા અમારી પૂર્ણ કરજો રજન સૂર્ય પ્રસારતાં;
પટુતાભર્યા પંડિત નરની છત વધે ભાષા ભણો;
ત્રણ લોકમાં પંકાઈને ત્રટ ઉતારો ઉદધિતણો;

દોહરો.

અનાવિલનું હિત થવા, અનાવિલ આ પત્ર;
તનના તાપ સમાવતાં, શોભે છે શિર છત્ર.

પદ.

ધ્યાન નિરંતર ધરીએ, નિયંતાનું ધ્યાન નિરંતર ધરીએ. ટેક.
નાથ નિરંજન નિરાકાર છો ભક્તિ માર્ગ અનુસરીએ. નિયંતાનું.

ગ્રંથારંભે વિનંતી સ્વીકારો કરૂણ સ્વરે આ કરીએ. નિયંતાનું.
દુખદ વીત્યા દશ વર્ષ પ્રજાના શાંતિ ન હૈયે જરીએ. નિયંતાનું.
વિપત્તિ વેળાના છો વરદાયક પળ પળ પણ ન વિસરીએ. નિયંતાનું.
વિદ્યા વૃદ્ધી વ્યાપાર હુન્નરમાં અત્યુતમ ઉદ્યમ આદરીએ. નિયંતાનું.
કાપો અશાંતિ સ્થાપો શાંતિ દેશ સર્વત્ર ફરીએ. નિયંતાનું.
વર્ષ નવીન ઉત્કર્ષ ભર્યું દો હર્ષ હૈયામાં ભરીએ. નિયંતાનું.
દો બુદ્ધ દિનાનાથ દયાળુ તમને સદાય સમરીએ. નિયંતાનું.

દોહરો.

પ્રગટ ગતિ આ જગતમાં, જેની ગહન ગણાય;
વંદુ તે જગવંધને, યત્ન સફળ આ થાય.

વર્ષારંભે અનાવિલ હિતેચ્છુ માટે
કરેલી પ્રાર્થનાઓ.

છો કૃપા નિધાન વિભુ વિશ્વના પતિ,
વર્ષ નવીનમાં સુણો આ નમ્ર વિનતી. છો કૃપા.
દીન દાસપર દયાનિધિ ધરો પ્રીતિ,
યાચના વિનાયદે વડાની એ રીતિ. છો કૃપા.
જ્ઞાતિમાં વિશેષ જ્ઞાન વૃદ્ધિ પ્રસરતી,
પ્રજા વધાવી લે નવીન પ્રેર ઉધરતી. છો કૃપા.
દુઃખદ વર્ષ છે દુકાળનું દિસે અતી,
થાય પરિવર્તન જ્યાં મનુષ્યની મતિ. છો કૃપા.
માત તાત પુત્ર પ્રેમ ને તજે ધૃતિ,
થઇ કરાળને કરે છે રાક્ષસી કૃતિ. છો કૃપા.
સર્વ શકિતમાન દેશ પ્રેર સન્મતિ,
સ્નેહ સંપની બતાવ વૃષ્ટિ વરસતી. છો કૃપા.

સુધારકોની હર પળે વધારજો ગતિ,
રક્ષ પક્ષમાં લઇ આ સ્થિતિ ભાગતી. છો કૃપા.
દો પ્રસાદ બાળ સર્વ માત સરસ્વતી,
જાય વિઘ્ન થાય પૂર્ણ જ્ઞાતિ ઉન્નતિ. છો કૃપા.
હર્ષમય પ્રજા કરો જય દોર ઉચરતી,
શાંતિ રસમાં નાહીં ગુણ ગાય ગરજતી. છો કૃપા.
જ્ઞાતિ બંધુની વધાર ભાગ્યની રતી,
કર સુખદ સ્થિતિ વિભુ હે શાંતિ સ્થાપતી. છો કૃપા.

દોહરો.

વાંચ્છા આ શુભ વર્ષની, નવીન અમારી વિશેષ;
પુર્ણ થવાને વંદીએ, વિઘ્નહરણ વિશ્વેશ.

છપ્પો.

દી મતિ દીન દયાળ, **સ**કળ સૃષ્ટિના સ્વામિ;
લક્ષ આપ ઉદ્ધાર, **હા**ર્દ ભારી બહુ નામી;
તવ ચરણે શુદ્ધ ચિત્ત, **ય**જન ભાવે નિત રેજો,
રાખી શરણે દાસ, **ક**ષ્ટમાં ધીરજ દેજો;
યશસ્વીને અવિનાશી હે, **ર**ક્ષક આ જગના નકી;
નેતા ત્રાતા આ પત્રપર, **જો**જો સમ દૃષ્ટિ થકી.

સવૈયા.

પૂર્ણ કૃપા પ્રભુ પરમાત્માની પુરાં વર્ષ થયાં છે બાર,
હર્ષ અને ઉત્કર્ષ વધારો નવા વર્ષમાં વિશ્વાધાર;
દયાનિધિ છે દાસ તમારા આશ ભર્યો કાઢે ઉદ્ગાર,
હરિ હિત્તેચ્છુ પત્રતણો સર્વત્ર દૃઢીભુત વિજય વધાર.
ગુણવંતા ગ્રાહકને આપું આવકાર શાંતિ સહ આજ,
અરસપરસ આબાદી ચહાનો નવા વર્ષમાં આર્ય રિવાજ;
દ્વાદશ માસ તણી અમ વિનતી ધરી હૃદયમાં કરો વિચાર,
હરિ હિત્તેચ્છુ પત્રતણો સર્વત્ર દૃઢીભુત વિજય વધાર.

નવીન વર્ષમાં પ્રવીણ જનોનો થાય વધારો એ શુભ આશ,
લેખક બુદ્ધિ પ્રકાશક વિષયો ચરચે ખરચે ધન વધુ ખાસ;
લેખીનોની શુભ કીર્તિ પ્રતિદિન આ પત્રે પામે વિસ્તાર,
હરિ હિત્તેચ્છુ પત્રતણો સર્વત્ર દૃઢીભૂત વિજય વધાર.
કૃષિ હુન્નર વ્યાપાર કળાનો પામો શુભ ફળીભૂત પ્રયાસ,
ભવન ભવનમાં વિદ્યા ધન ને ધાન્યતણો અણખૂટ રોવાસ;
શાંતિઃ શાંતિઃ શાંતિઃ સ્થપાવો સર્વ સ્થળે હે સરજનહાર,
હરિ હિત્તેચ્છુ પત્રતણો સર્વત્ર દૃઢીભૂત વિજય વધાર.

દોહરો.

હિત્તેચ્છુ માગે હોંશથી, હસ્ત જોડી હરિ પાસ;
દશમે વર્ષે નવીન જે, દો સુંદર આભાસ.

વસંતતિલકા.

આખા વર્ષ સજ્જના તણી કીધ સેવા,
આવ્યું નવા વરસમાં શુભ લાભ લેવા;
પામે પ્રસાદી પ્રભુ પત્ર મહેર તારી,
એ આશ આજ અવિનાશી પૂરો અમારી:
દુષ્કાળમાં જનમ બાળકના થયાથી,
ના રૂષ્ટપુષ્ઠ શરીરે નબળું રહ્યાથી;
દો આશરો અધિક જે તન લે સમારી,
એ આશ આજ અવિનાશી પૂરો અમારી;
ઉદાર આશ્રય મને ન મળ્યાથી આજે,
અર્પાયના પૂરણ લાભ અપાર કાજે;
થાશો હવે જન કૃપાળુ પરોપકારી,
એ આશ આજ અવિનાશી પૂરો અમારી:
વંચાય પત્ર ચરચાયજ ઠામઠામે,
મધ્યાહ્ન સૂર્યસમ પૂર્ણ પ્રકાશ પામે;
રિવાજ દુષ્ટ અરિની ઉતરે ખુમારી,
એ આશ આજ અવિનાશી પૂરો અમારી;

વિદ્યા કળા હુનર લેખ લખાય પત્રે,
ને ઐક્યતા સરવ ઠામ સ્થપાય અત્રે;
પોતે પ્રયત્ન કરીને રીતિ લે સુધારી,
એ આશ આજ અવિનાશી પૂરો અમારી:

છપ્પા.

મંગળવારે મેળ, રાખતાં નવીન વર્ષમાં,
મંગળકારી કાર્ય, કરો સૌ અરસપરસમાં;
મંગળ મહા મનોર્થ, પૂરો શુચન શુભ કરતું,
વધામણી લઈ પત્ર હિત્તેચ્છુ ડગલાં ભરતું.
મહા આશ્રય માની આપનો, આવ્યું સદ્ગૃહસ્થ હાથમાં,
ઉપયોગી દર્પણ સમ થજો, નરનારીના સાથમાં;
હોય શિરપર છત્ર, તાપ વરસાદજ ઝીલે,
હાથ હિત્તેચ્છુ પત્ર, ચલાવે ચારૂ ચીલે.
પત્ર હિત્તેચ્છુ ક્ષેત્ર વિરલ નરને ઝૂઝવાનું,
જ્ઞાતિ હિતેચ્છુ નેત્ર, યંત્ર સુક્ષમ સૂઝવાનું;
વળી જ્ઞાતિ વાદ્ય એને ગણો, ગંભીર નાદે ગાય છે,
દુર્લભ ગુણ દૂધસમ દશગણા, દિન પ્રતિદિન દેખાય છે.
શ્રી કેળવણીતણા, પ્રયત્નો પુર્ણ બતાવે,
સ્વદેશી વસ્તુ પ્રચાર, સરળ મારગ ગુણ ગાવે;
કૃષિ કર્મના મર્મ, ધર્મ વિચાર જણાવે,
સ્વાત્મભોગી વીરની કીર્તીના કોટ ચણાવે.
હિતેચ્છુ નામ સાર્થક કરી, પ્રસરી ગામો ગામમાં,
સાધે છે દુર્લભ હિત તે, મહિમા મોટો નામમાં;
અનાવિલ સામ્રાજ્ય, ગણી સગપણ તે સાથે,
લીધું ધરીને પ્રેમ, મદદ કરવાનું માથે;
હિતેચ્છક જે હોય, તેજ પરહિત પણ સાધે,
આરાધે સુખમાં, વળી પરદુખમાં દાધે;

૪૭૭૫

તે હિતેચ્છુ ને સામ્રાજ્યની, સેવ અનાવિલ સહુ કરો,
વિદ્યા વૃદ્ધિ જ્ઞાતે કરે, તેની દાઝ હૃદે ધરો.

રાગ કલ્યાણ.

વરસ આ નવે, વંદીએ અમે, સર્વ શક્તિમાન શરણ રાખ આ સમે. ટેક.
વર્ષ અવનવાં વીત્યાં અમોપર, હશે થયા અપરાધ;
ક્ષમા કરો કરૂણાસિંધુએ, છો બળવાન અગાધ. વરસ આ નવે.
શુક્રતણો તારો પ્રાચીમાં, દે સૂર્યોદય આશ,
વર્ષારંભે શુક્રવાર એ, દે વિધ વિધ વિશ્વાસ, વરસ આ નવે.
સ્વદેશીઓમાં સંપ વધારો, કાર્ય કરે મળી સાથ,
સેવ ઉપાડે હિંદ દેવીની, હરિ તમારે હાથ. વરસ આ નવે.
ક્યાં મહા મારીની ખુવારી, ક્યાં ઝધરેલની ઘાત,
ક્યાં વિપરીત વર્તન દુષ્કાળનું, થાએ ઉલ્કાપાત. વરસ આ નવે.
એ સૌ કષ્ટ કૃપા નિધિ કાપો, આપો ઉજ્વળ દિન,
આરતવાન ઘણો છે ભારત, પણ દિનદિન છે ખીન્ન. વરસ આ નવે.
મનગમતું માગે છે બાળક, માતતાતની પાસ,
જગતપિતા દો શાંતિ શાંતિ, પુરો અમારી આશ. વરસ આ નવે.
અનાવિલ મંડળમાં વાગો, વાદ્ય રાગ અનુકૂળ,
સર્વેશ્વર વિશ્વંભર ભગવત્, ભાગો ભિન્ન ભિન્ન ભૂલ. વરસ આ નવે.
વરસ નવીનમાં નાથ નિયંતા, પામે જન ધનધાન્ય,
શંકા વર્જીત થઈ સ્વસ્થતા, પ્રજા પામજો માન. વરસ આ નવે.
એકાદશમાં વિજય પ્રવર્તો, આપો આશીરવાદ,
અનાવિલ હિત્તેચ્છુ વધતો, પામે પુર્ણ પ્રસાદ. વરસ આ નવે.
વિનંતી કરી દુર્લભ કલ્યાણે, માગે છે કલ્યાણ,
અનાવિલ બંધુઓ મારા, પ્રાર્થના કરો પ્રમાણ. વરસ આ નવે.

શાર્દૂલ વિક્રીડિત.

પ્રાત:કાળ થતાં જનો જગતમાં, જાગે સુ આશા ધરી,
વર્ષારંભ સમે વિભુ વિનવીએ, રે'વાય સુખે કરી;

દો શાંતિ અમને કૃપાળ સ્મરીએ **ઓ૩મ્** ઉચ્ચારમાં,
જીવો **શરદ્‌ંમતં** ફળો વચન એ વેદોકત વ્હેવારમાં.

હરિગીત.

હે હરિહર દિનદયાળા દીલમાં દયા દરશાવતું,
તારા પ્રતાપે નવીન આ આવો વરસ ફળ ફાવતું;
ગત વર્ષ જ્યમ ગુજરાતનું વીત્યું વૃષા વરસાવતું,
અમી વૃષ્ટિ આ વરસે રહો વરસી સુખો નીપજાવતું.
આ પત્રમાં લેખણતણી ધારા અખંડ વરસી રહી,
કૃષિ હુનર સુધારા સ્વદેશીની નદી વેગે વહી;
આ અખિલ વરસે લાભ લેતાં મંડળો મળી આપણાં,
ગુણ ગાઓ ચિદઘન પ્રભુતણાં દીર્ઘાયુષી થાઓ ઘણાં.
સાહિત્ય પરિષદમાં નથી ભળતા અનાવિલ પંડિતો,
સાહિત્યના શોખીન નથી રહું સદા મનમાં શોચતો;
વૃદ્ધિ સુધારામાં મચ્યા રહો, ભાર તે શાનો વહે,
શીખ્યા અનાવિલ સાચ બદલે વ્હાય એ સજ્યો કહે.
મંડળ રહ્યું પદ્ધિધરોનું સ્વલ્પ સ્નેહી આપણું,
તે ભૂત ભડકીમાં વિરામે કરી તૃણનું તાપણું;
દીસતી નથી હૈયા વિષે શુભ દાઝકેરી હાજરી,
દો જગપતિ અમ અનાવિલમાં શૌર્ય સંપત્તિ ફરી.

છપ્પા.

વ્હારે વિશ્વાધાર, ચઢો પ્રભુ મે'ર કરીને,
અનાવિલ શુધ્ધ બ્રહ્મ, સુધારો કાન ધરીને;
બુદ્ધિ બની લોખંડ, કાટ ઉપર જે ચડીઓ,
પારસમણિ પ્રતાપ, બનાવો હેમ થઈઓ.
તો અનાવિલ સામ્રાજ્યને, અને વળી આ પત્રનો,
થાએ ભાગ્યોદય પ્રગટરૂપ, જતાં શોક સર્વત્રનો;
શ્રી અનાવિલ સમાજ, આપને નથી અજાણી,
જ્ઞાતિ રત્નની ખાણ, વધુ શું વર્ણું વાણી.

પત્ર હિતેચ્છુથકી, પ્રસારે કીર્તિ પ્રૌઢી,
મન વાણી ને કર્મ, ધનથી હો સાય્યજ દોઢી.
શાખા લાખો પ્રસરી વળી, પ્રસિધ્ધ ગામોગામમાં,
શું આવે ઓછપ તો પછી, અસ્યા અજાચક નામમાં.
પાણી પેહલી પાળ, પ્રથમથી બાંધી લીએ,
પછાની પ્રજા તમામ, સુખથી પાણી પીએ;
તેવું સુખદ સમાજ, સરોવર શ્રેષ્ઠજ બાંધો,
કણ રૂપેરા થકી, પાળ તેની સૌ સાંધો.
નવ ખૂટે નવ ફુટે વળી, નૌતમ નીર નવાણનું,
રક્ષક રૂડા નર રત્નવીર, જીવ્યું સાર્થક જાણવું.
સેવા પિતુ માતની, બાળકો બદલો વાળે.
અશક્તિમાં દઈ સાથ્ય, અંતકાળે સંભાળે,
ગુરૂના બદલો શિષ્ય, દક્ષણા સેવા દઈને;
સમાજ પોષણ કર્યું ? લાભ લાખેણો લઈને,
દેજો સહાય જઈને નજીક, અનાવિલ હિતેચ્છુની.
બદલો નવ વાળો તવ બન્યા, મૌન વૃત ધારી મુનિ.

દોહરો.

નવીનની સરખામણી, જુના જોડે થાય,
સાક્ષીભૂત જન વરસ જો, કેવું સુખદ કથાય ?

અનાવિલ હિત્તેચ્છુનો આભાર.

સવૈયા.

દ્વાદશ વર્ષ સમાપ્તી સમયમાં સમરૂં વ્યાપક શ્રી વિશ્વેશ,
કીર્તિ પ્રસારો પત્રતણી આ પ્રતિ દિવસ ઘણી દેશ વિદેશ;
કરકક્ષાથી તરત કઢાવ્યા લાયક લેખક ગણી બહાર,
ધન્ય હિત્તેચ્છુ પત્ર તહારો જ્ઞાતિ પ્રતિ એ છે આભાર.

કાયા દહન થતાંય છતાંએ અરપે છે સુખડ સુગંધ,
એજ પૃથાએ પત્ર પ્રજાને વંચાવે નિબંધ પ્રબંધ;
સંપ શૌર્ય વિદ્યા વૃદ્ધિની અંતરમાં રાખે દરકાર,
ધન્ય હિત્તેચ્છુ પત્ર તહારો જ્ઞાતિ પ્રતિ એ છે આભાર.
ન્યાતિનાં નરરત્ન અમુલાં છુટાં છવાયાં જે અપ્રસિદ્ધ,
શોધક બુદ્ધિથી દીપાવ્યાં ઝવેરી કર મૂક્યાં બહુ વિધ;
આ વરદાયક અભિવૃધ્ધ થા નવા વર્ષમાં વારંવાર,
ધન્ય હિત્તેચ્છુ પત્ર તહારો જ્ઞાતિ પ્રતિ એ છે આભાર.
જ્ઞાતિ સુધારક ને ઉદ્ધારક વીરજનનું નિયુકતજ ક્ષેત્ર,
વિકટ ક્ષત્રીવટ ધરનારાનું ઓવારાનું છે શુભ ક્ષેત્ર;
અનાવિલ ઉચ્ચ વૃત્તિઓને નીભાવવા રાખે દરકાર,
ધન્ય હિત્તેચ્છુ પત્ર તહારો જ્ઞાતિ પ્રતિ એ છે આભાર.
સમાજની વૃદ્ધિ કરવામાં સહાયતા સારી દેનાર,
સમાજનું અંગીભૂત સ્નેહી સદા થયેલું છે તૈયાર;
આપો આશ્રય કે જય વધતો વિસ્તારે નવ પામે હાર,
ધન્ય હિત્તેચ્છુ પત્ર તહારો જ્ઞાતિ પ્રતિ એ છે આભાર.
સ્વાર્થ રહિત સેવાની ઈર્ષા ધરી કરી કોઇએ હરીફાઈ,
આવકાર દઈ કર્યું સમર્પણ તેના ભારે ગયા દબાઈ;
વિદ્યાર્થીને ઉત્તેજનનો પ્રસિધ્ધ નવીન કરે વ્યવહાર,
ધન્ય હિત્તેચ્છુ પત્ર તહારો જ્ઞાતિ પ્રતિ એ છે આભાર.

લલિત.

સુખદ કાર્ય આ, નીવડે નવું, કરગરી કૃપાનિધિ વિનવું,
સકળ કાર્યમાં, આપ સન્મતિ, અખીલ વિશ્વનારે અધિપતિ.
નભ નદી મહાસાગરો ધરા, પરમ શકિત તારી કૃપા કરા,
સુરજ ચંદ્રમાં તારી છે કૃતિ, અખીલ વિશ્વનારે અધિપતિ.
પવન પાણી ને અગ્નિ આકરો, જગતના જનો ને જનાવરો,
સમજવા અમારી મતિ નથી, અખીલ વિશ્વનારે અધિપતિ.
અધિક વૃષ્ટિથી અન્ન થાય છે, ખડ થતાં પશુ નિત્ય ખાય છે,
મનુષ્યની તહાં ચાલશે ગતિ ? અખીલ વિશ્વનારે અધિપતિ.

ભરતી ઓટને વાયુ વાય છે, ગરજના નભે પ્રૌઢ થાય છે,
નીરખીએ સદા એ ચમત્કૃતિ, અખીલ વિશ્વનારે અધિપતિ,
શરણુ આવીને શિશ નામીએ, સ્તવનથી રૂડી શાંતિ પામીએ,
સરસ બુદ્ધિ દો' જાપ જાપતી, અખીલ વિશ્વનારે અધિપતિ.
પૂરણુ શાંતિને આપી પાળજો, સુનીતિ પંથમાં નિત્ય વાળજો,
સતત આપજો સંપ ને ધૃતિ, અખીલ વિશ્વનારે અધિપતિ.
જન હિતેચ્છુ આશાદી આપજો, સઉ મનુષ્યનાં કષ્ટ કાપજો,
નવ થશે તહાં દુઃખ આવૃતિ, અખીલ વિશ્વનારે અધિપતિ.

મહાશય દોલતરાય રતનજીનો આભાર સ્વીકાર.

હરિગિત છંદ.

નિઃસ્વાર્થી સેવા જ્ઞાતિની જે કરે પુરણુ પ્રેમથી,
પ્રતિમાસ પરિચિત સુધારા પરિઘોષ પાડે નેમથી;
ઉચત્તમ અનાવિલ મંડળે ગુણાનુવાદ ગવાય છે,
તેવા અનાવિલ રત્નરૂપ દીપતા દોલતરાય છે.
જેના નિકટ સ્નેહી બધા સુધરેલ આગેવાન છે,
ને જ્ઞાતિ વેણું વાદ્ય સ્વર ગંભીર જેનું ગાન છે;
તંત્રી અનાવિલ હિતેચ્છુના આગ્રહી ઉદાર છે,
સિદ્ધાંત સાદા સાર ગર્ભિત જેહના સુવિચાર છે.
શુભ શાંત ચલવલ આજ આ બળવાન જ્ઞાતિમાં દિસે;
એ ગાન જ્ઞાતિ વાદ્યમાં થાતું પ્રથમથી એ વિષે,
સ્વર્ગસ્થ બળવંતરાયની જે શુભેચ્છા હૃદયે હતી,
સંપુર્ણ કરવા મો દોલતરાય દિલ ધરીને ધૃતિ;
કીર્તિ વધારી અનાવિલ સમાજ કેરી કોડથી,
જેની સહાયે શિખરે સ્થિતિ જશે શક એમાં નથી;

નરરત્ન જ્ઞાતિ આગળે પ્રતિવર્ષ કર ધરી દાખવે,
ઉત્સાહ વધતો જાય દોલતરાયના ફળ ચાખવે;
ઓળખ વધીજ પરસ્પરે એ વાદ્યનો મહિમાય છે,
એથી અનાવિલ યુવકોમાં સ્નેહ વધતો જાય છે;
બળ ઐક્યતાનું અનર્ગલ આવતું સમીપ દેખાય છે,
ફળીભુત દોલતરાયનો એ યત્ન સિદ્ધજ થાય છે;
જે સુધારાની વાણીમાંહે ફક્ત થાતી આવૃતિ,
ફેલાવી ઝટપટ જાગૃતિ સન્મુખ દિવ્યજ આકૃતિ;
સ્થિરતા ધરીને સુધારો એ પક્ષ ઓગળે વિસ્તર્યો,
વ્યવહાર વર્તનમાં વિરાજી વાકછળ તજતાં તર્યો;
વળી સુરત છાત્રાલય તણી કીર્તિ વધુ વિસ્તારવા,
સંરક્ષકો સંપત્તિવાન સ્થપાવીઆજ નવાનવા;
બહુ બાળ આશીશ દેય દોલતરાયને સંભારતાં,
નર વીર દોલતરાયનો જય થજો એ ઉચ્ચારતાં;
વિત્ત વ્યર્થ વહી જતું જ્ઞાતિનું બંધ બાંધી તેને વારવા,
પરિબળ અનાવિલ પરિષદનું જ્ઞાતિમાય વધારવા;
અંતર ઉમળકા સાથની સમન્તિ દોલતરાયની,
પરવા ન જેને વિત સ્તુતિ કે ક્ષણિક આ નિજ કાયની;
તજવીજ દોલતરાયની ના હોત જો પરમારથી,
આ રત્નમાળા રેત છીનભીન્ન છુટી બીન આધારથી;
આફ્રિકાવાસી બંધુઓને વિનવ્યા લઈ લાગણી,
રે ધન્ય દોલતરાય કરી છે પુર્ણ મારી માગણી;
આ યત્ન અર્પણ જ્ઞાતિબંધુને કર્યો સુધારવા,
છે સાથ દોલતરાય ભગીરથ યત્નમાં ઉદ્ધારવા;
આભાર ઉદધિસ્નાન કરતાં સ્તુતિ આ ગ્રંથે કરૂં,
આ રત્નમાળા કંઠમાં પહેરાવતાં સુખે ઠરૂં.

અનાવિલ સમાજ–મુંબાઈ.

માલિની છંદ.

ચતુર ચરણવાળી ગૌ ફરે ગુણવંતી,
પરમ પ્રિય થતાં એ ધૈર્ય રૂડું ધરંતી;
તત્પર તરૂણોને આશરો તુર્ત દેવા,
બસદ વિજયી થાવા લ્યો શિરે શુભ સેવા;
ગરીબ શરણુ રે છે ગૌ અનાવિલ દ્વારે,
પયમય પુનિતાને પ્રેમ ભાવે ઉછારે;
અનુપમ જશવંતી ગાય સામ્રાજ્ય આવી,
અનહદ ઉપકારી પુષ્પથી લો વધાવી;

સારૂં સારૂં રે સુરત શેહેર એ ઢાળ.

ધન્ય પરોપકારી સમાજ, મુંબઈ બંદરમાં;
ઉદય પામ્યાથી આજ આનંદ અંતરમાં. ટેક.

હિતચિંત્તક હોંસીલા નરના કરથી એહ સ્થપાઈ રે,
વિજયવંત થઈ ઐકય વધારી, સ્થીતિ થજો સુખદાઈ. મુંબઈ બંદરમાં.
સૌ સુખનું મૂળ છે સદ વિદ્યા, નિયમ રચ્યા છે રૂડા રે,
એના લાભ લઈ નર વીર થઈ, કાઢો કંટક કુડા. મુંબાઈ બંદરમાં.
સમજાવો હેતુ શુભ એના, એ અંતરમાં આશા રે;
આપો આપ ચોપટે પડશે, કો દિન સવળા પાસા. મુંબઈ બંદરમાં.
કેળવણી એ છે મેળવણી, પયમાં સાકર જેવી રે,
પૌષ્ટિક પીંડને થઈ પડનારી, લેવાએ તેમ લેવી. મુંબાઈ બંદરમાં.
નૌકા આ ભવસાગર તરવા, સ્વર્ગ થકી શું આવી રે ?
સુકાની છે શાણા ઈજનેરો, કરે પ્રયાણ ચલાવી. મુંબઈ બંદરમાં.
અનાવિલ ઉત્તમ જ્ઞાતિની, વૃત્તિ અજાચક ટેકી રે;
સ્વજાતિઓને સહાય કરવા, આપો રકમ અકેકી. મુંબઈ બંદરમાં.
પ્રતિદિન અનાવિલો ખીલવજો પિતા પુત્રની પેરે રે;
સમાજની ગરમી નરનારી, ગાજો ઘેરે ઘેર. મુંબઈ બંદરમાં.

વૃથા વહી જાતું નીર રોકો, પ્રચંડ રચીને પાળરે;
સમાજરૂપી સરમાં સંઘરો, તરસ્યાં પીસે બાળ. મુંબઈ બંદરમાં.
ઉજ્વળ આશા એ દરશાવે, ઉતારજો અંતરમાંરે;
તો સ્થીતિ પુર્વજ તુલ્ય થવા, દુર્લભ ન આ અવસરમાં. મુંબઈ બંદરમાં.

પશુમાં પડી એક તકરાર એ રાહે.

જ્ઞાતિમાં સર્વોત્તમ શુભકાર,
ચહો અનાવિલ સમાજનો જય સા'ય દઈ નરનાર;
આપણો એ કરશે ઉદ્ધાર. ટેક.

પંચાયતની મળે મદદ તો કેમ ન પામે પાર,
પોહોંચો સમરથ પાંચ આંગળી થકી થયો નિરધાર.
ઉદ્દભવો ઐકય પણે વિચાર. ચહો અનાવિલ સમાજનો.
વધ્યા નથી હજી બે ડગ આગળ છૈયે ત્યાંનાં ત્યાંય,
" અહેથી ન ઉઠું " એ નીતિ નાંખી સાગર માંય;
થાઓ સૌ સંઘ ભેળા તૈયાર. ચહો અનાવિલ સમાજનો.
આજ સુધીનો સમાજનો શુભ જુઓ ઉદાર પ્રયત્ન,
જ્ઞાતિમાંથી હાથ દઈને બા'ર આણ્યા નરરત્ન;
સર્વને કરવા ગર્વ ઉચાર. ચહો અનાવિલ સમાજનો.
વરા અને વરઘોડામાંથી થોડા બચવી દામ,
સમાજમાં સંઘરતાં શીખો ઉદારતાનું કામ;
કર્યાનો નવિન વધારો પ્યાર. ચહો અનાવિલ સમાજનો.
સમાજના મંદિર શિખરપર ઉડે ધ્વજા એક વાર,
આશા દુર્લભ એ દરશાવે અનાવિલ ઉદાર;
જ્ઞાતિપર કરજો પરઉપકાર. ચહો અનાવિલ સમાજનો.

નારાચ છંદ.

ટીપે ટીપે ભરાય છે નવાણુ જેમ પાણીએ,
તૃષા છીપાય પ્રાણીની રૂડી રીતિ પ્રમાણીએ;

ભણ્યા સમે સહાય થાય એજ પુન્ય ન્યાતમાં,
જનો દયાળુ દામને જમા કરો સમાજમાં.
કદી ખુએ જુગાર નાટકે ટકા ઘણા જનો,
સધે ન અર્થ વ્યર્થ દામ જાય મૂર્ખ તો બનો;
સમો નથી પછાત રહેવા નવિન રાજમાં,
જનો દયાળુ દામને જમા કરો સમાજમાં.
હરેક જાતની અપાય છે સહાય દામથી,
સમાન કોઇ દામ આજ મોટી મોહિનિ નથી;
જશેજ અન્ય વારતા ઉડી અતિ હવાજમાં,
જનો દયાળુ દામને કરો જમા સમાજમાં.
પરોપકારી કાર્યમાં ન વિઘ્ન નાખશો વળી,
હળી મળી સધાય સ્વાર્થ એજ નીતિ ઉજળી;
સહુ તમારી કીર્તિ ગાય રોજ રાખતાં તમા,
જનો દયાળુ દામને કરો જમા સમાજમાં.
સમાજ છે જહાજ ઉદ્યમી યુવાન તારશે,
ભણી ગણી સ્વજ્ઞાતિને વિપત્તિથી ઉગારશે;
સિદ્ધિ પૂર્ણ થાય એમ્ શાન્તિના અવાજમાં,
જનો દયાળુ દામને કરો જમા સમાજમાં.

લલિત.

વચન બેનીઓ આપના પ્રતિ, ઉચરવા થઇ માહરી મતિ;
ભણી ગણી પતિ ઉંચને વરો, નરમ વિનતી આ ઉરે ધરો.
સુધરશો તમે સર્વ રીતમાં, અમુલ લાભ લેશો સુપ્રિતમાં;
કરણી કીરતીવંતની હરો, નરમ વિનતી આ ઉરે ધરો.
સુખદ સાર શુણી થજો સતી, દુખદ આપણી છે દશા અતી;
પતિ પવિત્ર છે પ્રેમનો ઝરો, નરમ વિનતી આ ઉરે ધરો.
પતિજ એક છે આપનો પ્રભુ, અવર પુરૂષો ભ્રાત છે લઘુ;
વિનયના સદા વાક્ય સંઘરો, નરમ વિનતી આ ઉરે ધરો.

વચન કંથના વેદના ગણો, અધિક એ વડે લાભ સો ગણો;
પરગૃહે કદી વ્યર્થ ના ફરો, નરમ વિનતી આ ઉરે ધરો.
અનુસરો પતિના વિચારને, ચળકતો કરો કાર્ય ભારને;
પતિતણા દુખો ધૈર્યથી હરો, નરમ વિનતી આ ઉરે ધરો.
સતી ચરિત્રનો પાઠ વાંચજો, સદ્ગુણો ઉરે રાખી સાંચજો;
ઠગણી સ્ત્રી ચરિત્રોથકી ડરો, નરમ વિનતી આ ઉરે ધરો.
તનુજ સુધરે આપના વડે, વિનય સુનીતિ શીખવ્યા વડે;
વય કિશોરમાં તું ગુરૂ ખરો, નરમ વિનતી આ ઉરે ધરો.
સ્વચ્છપણું સદા રાખતાં શીખે, સરસ જે જુએ માતના વિષે;
ગુણ પ્રમાણમાં નીકળે નરો, નરમ વિનતી આ ઉરે ધરો.
મહદ્ ઉપન્યા જે મહીપતિ, જનમીઆ કુખે મા જુઓ સતી;
અમર થૈ ગયા ધન્ય માતને, સ્મરણ સ્થંભ તેના મહા બને.

દોહરા.

સ્વામી ઘર સંભાળતાં કરો કદી કંકાસ,
ગોળીનું પાણી ઘટે વધતો થાય વિનાશ.
સઉથી પેહેલા ઉઠવું કરવો સર્વ નિભાવ,
સાસુ સસરો સેવવાં સતીનો એહ સ્વભાવ.
રાગ પ્રભાતી ગજવતાં રીઝવે વૃદ્ધ ને બાળ,
ધન્ય ગૃહસ્થાશ્રમ ગણું ગૃહસ્થ જીવ ચિરકાળ.

શાર્દુલ વિક્રીડિત.

કીર્ત્તારે કરી છે સચીવ ઘરમાં નારી નરો સાથમાં,
જે માતા વળી બાળકો ઉપર તો નેહે ધરે છે ક્ષમા;
પિયુના મરણાંત સુધી કરતી સેવા કુટુમ્બે રહી,
તે સાધ્વી અપવર્ગ પામી પતિના મંદિર માંહે સહી.

ઘરેણાની ઘેલછા.

હરિભજન વિના—એ ઢાળ.

સૂણો સુંદરીઓ, શી લાગી આભૂષણ કેરી ઘેલછા;
ખુબસુરતીના ખેદ ભર્યા ખોટા ખરચાળુ ખેલ શા. ટેક.
રળી રળી રાત દિન એક કરી, કંઇ કમાઈ થઈ ઘરમાં સંઘરી;
સોની સુપડાં ભરી જાય હરી. સૂણો સુંદરીઓ.
સોનું જોઈ સોની હરખાયે, આવે જવર જો તે નવ ખાએ;
અંકાવે મિશ્રણ પરખાએ. સૂણો સુંદરીઓ.
કારીગરી નવી સોની લાવે, તે ભામનીઓને મન ભાવે;
ભંગાવી જુના ભરમાવે. સૂણો સુંદરીઓ.
જો ચાર વાર ગાળે તાપે, પીતળ કનકનું કરી આપે;
પછી ચોકસી મુલ ઓછું છાપે. સૂણો સુંદરીઓ.
એ ખોટ ખરી કોના ઘરમાં, ક્યમ વિચારતાં નથી અંતરમાં;
સોનાનું કથીર કરી લો કરમાં. સૂણો સુંદરીઓ.
ધનવંતાને ધંધો ફાવે, જેને ઉંટના ખેડયાં આવે;
ખરે ખોટ રંક નવનિત તાવે. સૂણો સુંદરીઓ.
અગણિત આભૂષણની જાતો, જોતાં જીવ તૃપ્ત નથી થાતો;
એ માર ખમે ધનનો માતો. સૂણો સુંદરીઓ.
સુખમાં સોની સમરો સાચો, રિદ્ધિ તેને દઈ શું રાચો;
સોનીનો સુત નથી કાચો. સૂણો સુંદરીઓ.
જો હોય શ્રીમંતાઈ ભારી, આભૂષણ માગે જો નારી;
સોહંતા દેજો વિચારી. સૂણો સુંદરીઓ.
હાથી શણગારે છે ભૂપતી, શણગારે સ્ત્રીને પ્રિય પતિ;
ગજ ગામનિનીએ ગાંડી ગતિ. સૂણો સુંદરીઓ.
વ્યાજે વેપારે ધન વધશે, ઘડતાં આભૂષણ તો ઘટશે;
એથી અવગુણ હોય તે મટશે ? સૂણો સુંદરીઓ.
સુવર્ણ જનસ જોખમકારી, ચોરો ચેતી નાખે મારી;
જતું રહે અન્યનું ખુવારી. સૂણો સુંદરીઓ.

ઘરેણાં ઘાલી ઘેલી થાતાં, વિવા માંહ્લે હરખાઈ જાતાં;
એઓએથી રડી થશે રાતાં. સૂણો સુંદરીઓ.
ચાઠાં ચામડી ચગદાઇ પડે, ને નાક કર્ણ છિદ્રે બગડે;
એ શોભામાં શું સાર જડે. સૂણો સુંદરીઓ.
પતિને વળી કોઈ વિષ પાયે, અલંકારે જીવ ઓલવાયે;
દુખકારી વાંણા ત્યાં વાયે. સૂણો સુંદરીઓ.
અદકા સદ્દગુણ આભૂષણથી, શણગારી શોભે ન દુષણથી;
બને દીન દ્રવ્યના ચુસણથી. સૂણો સુંદરીઓ.

અનાવિલ સ્ત્રીઓની સ્થિતિ.

કાવ્ય છંદ.

શાણી સોમાં એક, સકળ ગુણ સંપન્ન શૂરી,
સત્ય સદન શણગાર, પ્રિયા પાવરખી પૂરી;
કચી ઉઠતાં પરભાત, પતિને પાયે લાગી,
ધંધે ધમધોકાર, સતી મંડી સદ્દભાગી.
નાના એ રીત નથી, વીસરી સત્યાચારો
પતિ પાયે ઠેસતી, જાય બડબડતી નારો;
પતિતણું અપમાન, પ્રજા પોતાની પેખે,
સંગતથી સંતાન, વડીલના વેણ ઉવેખે.
વિનય ઘટી વિખવાદ, વદે વન પશુનાં જેવાં,
બાળક બગડે એમ, એજ દૃષ્ટાંતો લેવાં;
ભૂત ડાકણની વાત, બાળકો આગળ કરતી,
દાણા ખડીને નજરબંધીના વેંમો ભરતી.
પર પુરૂષની સાથ, હસી વાતો ઉચરતી,
અન્ય જનો ઉર્ચીત, સગાઈ ન શકે વરતી;
સાચી જૂઠી વાત, તણી મળતાં એંધાણી,
નારીના નવ ટકે, પેટમાં પુમડું પાણી;

વધામણી વેંચતાં, અતિ અંતર ઓલાયે,
મનમાં રાખે કદા, શેર લોહી સુકાયે;
કેડે તો બે ચાર, કુંચીના ઝુમખાં ભાળું,
ઉઘાડવાનું એક, હોય નવ તેનું તાળું.
સ્વામી સત્તાવાન, હોય શણગાર કરાવે,
મમતે બાઝી મૂઢ, સુવર્ણે ધૂળ ભરાવે;
પોઢે પ્રથમ પલંગ, પતિ પાછળથી આવે,
દીપક વિણ અંધારૂં, અધિક ઘરમાં અફળાવે;
હુન્નર હીરનો હતો, ભરત સાડીનું ભરતાં,
કો કાંતી રેંટીઓ, કમાઈ થોડી કરતાં;
હવે રેંટીઓ પુણી, વેચી રેશમ પરવારી,
કપડાં જોગું કોય, કમાવું પડીઉં ભારી.
ઉકરડા કોતરી કૂકડી, જ્યમ કણ કાઢે,
તેમ વણી દાળથી પુઠું જોડું કો પાડે;
ધંધા પડીઆ બંધ, અનાવલી કેરા એવા,
ગામ ગપાટામાંય, સ્વામીની ભૂલી સેવા.
નવરી થાતાં નિત્ય, રાતની સભા જમાવે,
ચોપદાર ચાલાક, ગામની ચર્ચા લાવે;
વિવેચન વિસ્તાર, થતાં સાક્ષીઓ ધરશે,
વળતી વહીવટદાર, ન્યાય મનગમતો કરશે.
કરવો પડે કબુલ, ભૂલ નીકળે નવ કોથી,
એ પર નહીં અપીલ, ચુકાદો છેલ્લો સૌથી;
રામા રાજ સભાય, ઓટલા ઉપર મળશે,
માવડી મુખા કંથ, બહુ બરબડતા બળશે.
ઘરમાં ગાંડી ગણાય, ભલે પર ઘરમાં ડાહી,
ગણી દે છે કારભાર, એટલે ગંગા નાહી;
પરમેશ્વર આશરે, ઉછરે તેના બાળો,
કહે એમ કંથને, તમે સરજાવ્યાં પાળો.

ચા તંબાકુ પાન, અને સોપારી સારી,
વ્યસન વિષે ગુલતાન, વેમની છે વેપારી;
ઝીંક ચળકનું અને, ફીનનું કોય ભરે છે,
ઘર ધંધામાં અંધ, નફકરી થઈ ફરે છે.
જૂઠી વદવી વાત, કર્મ સાહસ તો કરવું,
માયાનો વિસ્તાર, મૂર્ખપણું જ આદરવું;
લોભ તણો નહિ થોભ, અશુદ્ધિ અદકી જેમાં,
નિર્દયતા પણ વસી, સ્વભાવિક દોષો એમાં.
અદકું રાંધે અન્ન, વધે જમતાં પણ બાકી,
એઠવાડમાં જાય, ખાય બિલાડાં તાકી;
બીજે દિન નવ થાય, રસોઇઅણ પૂરી પાકી,
કોઠારી પણ જાય, પાડતાં પૂરૂં થાકી.
ગોળી મેલી હોય, પડે પાણીમાં પોરા,
કરોળીઆની જાળ, છાપરે બાંધ્યા તોરા;
બમણે માખી દ્વાર, કર્યો દુર્ગંધી ડૂચો,
એને માટે કેમ, અભિપ્રાયજ દઉં ઉંચો.
ફાટાં તૂટાં ચીર, પહેરી નીકળે શેરી,
કરીને કોલાહળ, કુતરાં લે છે ઘેરી;
જો જાયે પરઘેર, વાતમાં વળગે જૂઠી,
બે લઈ બે દઈ વાત, બીજે ઘર જાવા ઉઠી.
દૂધપાકની પેઠ, લીએ તપખીરના સડકા,
ખાય બગાસાં ખાલી, ફોડશે આંગળી કડકા;
મસ્તક કેરા કેશ, તેલ ઘાલી નવ હોળે,
માળા સમ વીખરાય, માસ છ માસે ચોળે.
આવક કરતાં ખરચ, વધારે વણ વિચારે,
ઝાઝી ભરતાં બાથ, ખરે કો દિન પણ હારે;
ભારે થાકે બળદ, ગાડુ બગડે ગબડીને,
ચીલાને શું ચિંત, ધણી રહે તહાં રડીને.

હોય ન ઘરમાં કદી, હાંક મારે ઓચિંતા,
પર ઘર ભમશે સુત, નહીં તેની કંઈ ચિંતા;
એ કામનીને કેમ, કહુ છૈયાની માતા,
એહ કુટુમ્બમાં કેમ, થશે આગે સુખશાતા.
ભૂલી સોળ શણગાર, સ્વધર્મના ભૂલી સુત્રો,
એની કૂખે ભગ્ત, પાકશે કયમ શૂર પુત્રો;
જોતા માંહે ઝેર, આંખમાં આવી વસીઉં,
આંખનું કાજળ કાળું, ગાલ પર લૈને ઘસીઉં.
રંડાતાં મંડાય, બને મધમાખી રાણી,
ચલવે અમલ ભરપુર, બતાવે પુરૂં પાણી;
રોવું કૂટવું ધર્મ, સમજશે સાચો પોતે,
રાજવીની ગાનાર, કવિ પણું પામે તો તે,
કેળવણી વિણ એહ, અવગુણો અદકા વાધે,
દો વિદ્યાનું દાન, લાભ લાખેણો લાધે;
લંક ઓલવવા જાય, બળે પગના તળીઆમાં,
અટકે ઘરથી આમ, રહે બળના બળીઆમાં.
સુધારાનું મૂળ, બાળ કેળવણી બંબો,
વિદ્યા વારી ભરી, હુમે અગ્નિ ઓલવવો,
દેખાડયાછે દોષ, સુધરે સ્ત્રીઓ પોતે,
પાળે શુભ આચાર, દુખડાં દુર્લભ ખોતે.

બીજવરની બલિહારી.

નરસંઈ મ્હેતો ભકત હરિનો—એ રાહ.

પંથવરને પરણી ઘરણીમાં, વતન મારૂં શું વળવાનું ?
વરૂં વીધુરને મોહ લગાડી, ગ્હોં માગ્યું સુખ મળવાનું;
પંથવર ભાગે હાડ હમારાં, બીજવર લાડ લડાવે છે,
સોનીને સદને તેડાવી, ઘાટ ઘણુાય ઘડાવે છે.

પંથવર કરશે કેમ કમાઇ, પરણું ત્યારે છોટો છે,
નીવડેલા બીજવર નરનો શું, આજ અમારે ટોટો છે ?
હશે શોકના છૈયાં છોને, મોસાળે થાશે મોટાં,
વગર જણ્યે સૂવાવડ કરવી, એને કોણ રાખે રોતાં ?
ઘેર આવતાં શેહેરમાંથી, પડીકાં મીઠાઇ મેવાના,
આણી આપશે મનનાં ભાવ્યાં, લ્હાવો દુર્લભ લેવાના;
નવી કહાવીશ સદાળે ફ્રાવીશ, નામ નહીં કોઇ લેવાનું,
ઘડો ઢોળતાં ઘીનો ઘરમાં, કેમ બગાડયું ? કહેવાનું.
પતિ જશે પરગામ મ્હારો, ફાવે ત્યમ છે ફરવાનું,
ધણીનો ધાક નહીં માનું તો, અન્ય થકી શું ડરવાનું ?
નોકરી કરવા નાથ અમારા, પરદેશે જાશે જ્યારે,
પહેલો પગ મારો ઉપાડી, ચાલીશું સાથે ત્યારે.
ખાંડવું દળવું ભડવું માંજવું, ચાકર કામો કરવાનો,
બીજવરની બલિહારી એવી, ઠામ ભલેરો ઠરવાનો;
સહીઅર મારી સહુ કુંવારી, વિચાર કરે જો વરવાનો,
બીજવર વરજો વ્હાલપણેથી, આ ભવસાગર તરવાનો.
સાસુ નણદીના સંગ્રામે, ઢાલજ ધીંગી ધરવાને,
બીજવર આગળ રે'શે ઉભો, વેણ વદું શું કરવાને;
જુનીનો સુત રહે રખડતો, મારો સુત વારસ થાશે,
માલીક સૌ મંડાણ તણો જોઈ, હૈડું મારૂં હોલવાશે.
મુજ છૈયાંનું નામ લીએ કો, જીભ વઢાવી હું નાખીશ,
કાની કોદાળીના ઓલો, શા ઓશિઆળામાં સાંખીશ;
સાસુ ખાટ ખૂણે વળાવીશ, નણદી વોળાવીશ વ્હેલી,
પીઅરનું પાદર નવ દેખે, ફરી ન કહે કુવચન ફેલી.
વડીલ વૃદ્ધ જન કરતાં ઘરમાં, કન્યા વરાવવા વાતો,
લાડકણી કોડીલી કન્યા, સૂણી આનંદ નથી માતો;
ગાઈ વળી બીજવરની આ, બલિહારી મંત્ર સમાન બની,
ઘેરે ઘેર ગવાઇ બિચારી, ચઢી બત્રીસીએ આ જગની.

અભણુ સ્ત્રીનો પૈસાનો ઉપયોગ.

હરિભજન વિના એ રાહ.

કામની કરમાં, સોંપે પૈસા સોનીનું ઘર ઘેરવે;
તેથી વધતાં, વેરે વરણાગી પોષાકો પેરવે. ટેક.

દરિઆમાં નેહે કો નાંખે, પાઈ પૈસો ધર્મ ગણી ભાખે;
દીકરી ધન ગૃહમાં ના રાખે, કામની કરમાં.

ત્યમ ધન તો તારૂણી હાથે, નવ ટકે કદી મૂકી માથે;
પીઅર વોળાવે પર હાથે, કામની કરમાં.

મિની બાઈ ખીર ખાંતે ખાયે, ને ઉરમાં આનંદ નવ માયે;
થઈ ઉલટી ન અંતર ઓલવાયે, કામની કરમાં.

વેરે ભરમે દેવળ દેરે, આવે અરથે ફરીને ફેરે;
જોશી લે ગ્રહ દશા ઘેરે, કામની કરમાં.

વળી વે'મ વંતરી ડાકણુમાં, ઘાલે કર કંથની થાપણુમાં;
એમ આવે ખાપણુ ડા'પણુમાં, કામની કરમાં.

જમવા લાવે ગોરાણીને, ખુબ ખવરાવે છે તાણીને;
નડે ડાકણુ ભૂખી જાણીને, કામની કરમાં.

વહેવાર દીકરીનો કરતાં, ઘરનું વેચી દીડાં ભરતાં;
એવાં ઘર કેમ થશે તરતાં ? કામની કરમાં.

વહેવાર વિષે પાછી પાની, કરતાં ન ધરે ડર અજ્ઞાની;
ખરચી વિધ વિધ કરે વાની, કામની કરમાં.

ધન મળવા મારગ એકજ છે, ખરચ્યાની અગત્ય અનેકજ છે;
કરજો કરકસર વિવેકજ છે, કામની કરમાં

સ્વામિની સફર બરાબરમાં, કરકસર કામનીની ઘરમાં;
નવ ઘટે કીડી કણુ જયમ દરમાં, કામની કરમાં.

એ અબળાઓ અયોગ્ય આશો ખર્ચ વધાર્યો આપમાં;
જોઇ રઢ લાગે તે દેવાને શક્તિ નવ માબાપમાં. ટેક.

માગો આભૂષણ રૂપેરી, રકઝક વધતી છે સોનેરી;
પાવન થઇ ગઈ ગણશે પેરી, એ અબળાઓ.
લક્ષ્મીવંતા તે લે લાવ્યો, હોય રંક દશા તો ક્યમ ફાવે;
સંબંધીનું ચિત્ત ચચડાવો, એ અબળાઓ.
વધી વરણાગી વળી ચીર કેરી, ઓલાણી દાઝ ગણે પેરી;
ગાંડાઈ નથી ? ગરવે ઘેરી, એ અબળાઓ.
શી કરો કંથને સ્હાય તમે, ખરચાળુ મોટા ખેલ ગમે;
કરી કરી દુરાગ્રહ નિત્ય દમે, એ અબળાઓ.
કારીગરી ભરત તણી ભૂલ્યાં, ખોટા ખરચો માંહે ડૂલ્યાં;
બહુ રૂપી વેશ ફરો ફૂલ્યાં, એ અબળાઓ.
ગૃહ કેળવણીમાં છો કાચાં, ડર હીણાં દેખાડો ડાચાં;
કહું કેમ સ્નેહી હું સાચાં, એ અબળાઓ.
વધતા ખરચો નિરખો હમણાં, નિતનિત નવી ઉઠે ભ્રમણા;
કરો લાલ તમાચો દઈ લમણાં, એ અબળાઓ.
સુખીઆરાં આગળ તો સરવે, મોટાઇ લેતાં લજ્જા ધરવે;
ડૂબ્યાં આજે ગાંડા ગરવે, એ અબળાઓ.
નહિ વેણ ઉત્થાપન કો કરતાં, વૃદ્ધથી વહુઆરૂઓ ડરતાં;
જો આજ સ્વતંત્ર પગલાં ભરતાં, એ અબળાઓ.
ધનમાં ઢોરો ને ધાન્ય હતું, સંતતિ એ ગૃહરાજ છતું;
દિનદિન આજે જુઓજ જતું, એ અબળાઓ.
વળી કો કાંતી પુરૂં કરતાં, ખરા વ્યયમાં નાણું વાપરતાં;
વિણ ધંધે આજે છે ફરતાં, એ અબળાઓ.
પેરવું ઓઢવું ખાવું જાડું, વદતાં નવ વેણ એકે આડું;
મનગમતું મળતે નવ ટાઢું, એ અબળાઓ.
માગે કો તો મોહનમાળા, ચતુરા શા એ તારા ચાળા;
ભરવા પડશે કદિ ઉચાળા, એ અબળાઓ.

ગજીઆણી નહિ અમને જોઇએ, ભાતીગર શણીઆંપર મોહ્યાએ;
ખરચે રાખ્યું કાચું કોઈએ ? એ અબળાઓ.

હુન્નર આ દેશેથી હારી, નાઠો લક્ષ્મીની ખુવારી;
માંહોમાંહે થશે મારામારી, એ અબળાઓ.

કયી કારીગરી શીખ્યાં કરતાં, કોરે કોથળી પૈસા ભરતાં;
ખાલી મોટાઈ દેખું મરતાં, એ અબળાઓ.

ના કે'તાં મુખ દે મરડીને, બીવરાવો બાળક તરડીને;
ધોકો મારી દો ધરડીને, એ અબળાઓ.

કન્યા કેળવણી.

ભુજંગી છંદ.

ભણે પુત્રને પુત્રીમાં ભેદ નાણો, ભણ્યાથી સુધારો થશે ઠીક જાણો;
ઉરે વિનતી આ ઉતારો અમારી, ભણાવો ભલા ભાઈ પુત્રી તમારી.
અલંકાર વિદ્યારૂપી જેહ બાંધે, કરે ના કલંકોતને માન વાધે;
કરે દૂર દુર્ગુણ લેજો વિચારી, ભણાવો ભલા ભાઈ પુત્રી તમારી.
બને ભાગ્યશાળી શિશુ કેરી માતા, વહાલાં ગણી વાળશે સુખશાતા;
તજાવે રીતિ દુનિયાની નઠારી, ભણાવો ભલા ભાઈ પુત્રી તમારી.
રહે બાળ મા પાસ વેળા વધારે, નીતિઓ રીતિ શીખવીને સુધારે;
સુમાળી વધારે સદા વૃક્ષ ઝારી, ભણાવો ભલા ભાઈ પુત્રી તમારી.
કરે કામ ધંધો છતાં દૃષ્ટિ રાખે, નહીં ઉછરે બાળકો માત પાખે;
ઠરે માત તો અર્ભકોનેજ ઠારી, ભણાવો ભલા ભાઈ પુત્રી તમારી.
લડાઈ લઢી આવશે બાળ ગેહે, રૂડો ન્યાય આપે ભલી માત નેહે;
રૂડા રાજ્યની સુંદરી કારભારી, ભણાવો ભલા ભાઈ પુત્રી તમારી.
ભલાં ભુવને સ્વચ્છતાઈ નિહાળો, અને હોય વિવેકી ઊમંગી બાળો;
ભુલી જાય ત્યાં દુઃખ હોશેજ ભારી, ભણાવો ભલા ભાઈ પુત્રી તમારી.

રહે પાત્ર ને વસ્ત્ર ત્યાં યોગ્ય ઠામે, નહીં જીવ જંતુનો નિશાનો નામે;
કદી વાસ મારે ન ગંધાતુ વારી, ભણાવો ભલા ભાઈ પુત્રી તમારી.
સુવિદ્યા શીખી જો હશે પ્રેમ આણી, થશે યોગ્ય ભર્ત્તા તણી યોગ્ય રાણી;
સજે સ્વામીની સેવના જાય હારી, ભણાવો ભલા ભાઈ પુત્રી તમારી.
અરે ધન્ય એ આશ્રમે શાન્તિ થાયે, વિજેતા વડીલો તણી વાધી જાયે;
જનેતાતણી કીર્તિ ભારે વધારી, ભણાવો ભલા ભાઈ પુત્રી તમારી.
ભણી જો હશે ભારજા કષ્ટ કાપે, અધિકાર વિના નહીં વસ્તુ આપે;
સદા સુખનું મૂળ સંતોષી નારી, ભણાવો ભલા ભાઈ પુત્રી તમારી.
ભણેલી પ્રભાતે ગજાવે પ્રભાતો, પ્રભુના મહિમા તણી ગાતી ધાતો;
ભલી રાત્રી જે શાંતતામાં ગુજારી, ભણાવો ભાલા ભાઈ પુત્રી તમારી.
પતિનો થયો ક્રોધ ઉચીત લાગે, પડી પાય ને મુખથી માફી માગે;
કરેને દયા રંક દાસી બિચારી, ભણાવો ભલા ભાઈ પુત્રી તમારી.
સુધારાતણું અગ્ર એ સ્થાન પામે, કુધારા તણી રીતિઓને વિરામે;
ન માને ભણી નાર હું દુખીઆરી, ભણાવો ભલા ભાઈ પુત્રી તમારી.
અધુરે રહી જાય ત્યાં દોષ આવે, અધુરો ઘડો છેક છલકાય કા'વે;
ઉરે કોતરી રાખજો આ ઉતારી, ભણાવો ભલાભાઈ પુત્રી તમારી.
ભણ્યો મર્દ ને નાર નિષ્ઠુર હોયે, દુખો ભોગવે છેજ સામાન્ય દોએ;
ભૂમિ ખારીમાં ખાતરે છે ખુવારી, ભણાવો ભલા ભાઈ પુત્રી તમારી.
હવે ઠોઠ નારી તણાં તો ચરિત્રો, સૂણો તેહની તો વ્યથા મુજ મિત્રો;
પતિને પીડા છે છતાં સુખીઆરી, ભણાવો ભલા ભાઈ પુત્રી તમારી.
ફરે પારકે ઘેર ધીંગાણું ચાલે, તુટયાં ફાટીઆં વસ્ત્રને છે હવાલે;
ભણેલી સ્ત્રીઓ તે થકી જાય હારી, ભણાવો ભલા ભાઈ પુત્રી તમારી.
વળી કામણે કંથને કેદ રાખું, અને મોહિનિ મંત્રની જાળ નાખું;
જતી ઘેર જાતી દીઠી મૂઢ નારી, ભણાવો ભલા ભાઈ પુત્રી તમારી.
ખવાડે અજાણી ચીજો તે પતિને, અરે ધિક્ક એ ભાગ્યહીણી સતીને ?
ઘસે હાથ તે નાથને નાખી મારી, ભણાવો ભલા ભાઇ પુત્રી તમારી
ભણેલીતણી તે અદેખાઇ આણે, અભાગી અવિદ્યા થકી વૃક્ષ તાણે;
નથી જોડ આ જગતમાં એ ખુમારી, ભણાવો ભલા ભાઈ પુત્રી તમારી.

અરે દૂરથી પામશો તો નવાઈ, બતાવું બુરી ઘેરઘેરે ભવાઈ;
નચાવે કુનારી તણો તે મદારી, ભણાવો ભલા ભાઈ પુત્રી તમારી.
યુરોપી ભણેલી સ્ત્રીઓને નિહાળો, રૂડાં ઉછનારાં યશસ્વી સુબાળો;
પતિને સદા તે રહે સાહ્યકારી, ભણાવો ભલા ભાઈ પુત્રી તમારી.
સીવે વસ્ત્ર ને ચીતરે ચિત્ર રૂડાં, નરોને ન ઉતારશે ખાડ ઉંડા;
ઘડે છે વ્યવસ્થા વડીને ઉગારી, ભણાવો ભલા ભાઈ પુત્રી તમારી

દોહરા.

તન મન સાધન થકી, ભણીઓ આનંદ ભેર;
ગૃહિણી ઘરમાં અભણ તો, સૌ વાતે અંધેર.
કેળવવા કરશો કદી, નર મનમાં વિચાર;
અભણતણી હઠ આગળે, ઉસ્તાદો પામે હાર.
સુઘડતાઈ નિજ ભુવનમાં, સ્ત્રી જોવા નારાજ;
કુવડપણું છોડે નહીં, એહ અભણનું રાજ.
મનમાંહે એમજ ગણે ગંગા જેવી પવિત્ર;
પણ કયાં ખાળ કુવો અને; કયાં ગંગાનું ચરિત્ર.
પાડોશણને પૂછવા, દોડે ઘડી ઘડી કાજ;
એ ડાહીનું ડાહપણ, ગણતાં આવે લાજ.
કો રૂવે રહી બારણે, કો કરતાં તકરાર;
છૈયાંની મૈયાં જુઓ, થતી રોજ લાચાર.
કુવે નીર ન હોય તો, થાય હવાડે કેમ;
અભણ નારના અર્ભકો, ઉછરે અભણજ એમ.
માટે ચાહો સુધરવા, પુત્રી પ્રથમ પઢાવ;
ઠરેલતાથી રાખજો, મનમાં ઠીક ઠરાવ.
અશાડ વદી અમાસ એ, દિવાસાનો દિન;
ઓગણીસેં ઉપર વધુ, સંવત્ત સત્તાવન.
તે દિને આ કવિતા રચી, સ્ત્રી કેળવવા કાજ;
ઉર ઉતરજો સરવના, દિલમાં દુર્લભ દાઝ.

કુંડળીઆ.

કન્યા કેળવણી તણું, મળે ન નામ નિશાન;
કુવામાં નીર નવ મળે, સાંસા ત્યાં જળપાન;
સાંસા ત્યાં જળ પાન, તણા પડીઆ છે પેખો;
નીર વિણ સુકાં નવાણુ, નહાના બાળક લેખો;
ઘર ધંધે નવ ધ્યાન, ઉપર ટપકે આમન્યા;
પરિપકવતો થાય, લીએ કેળવણી કન્યા.
બુદ્ધિ બાળકની વધે, જો કેળવણી હોય;
અંકુર ઉગતો સાચવે, વલણ ફેરવી તોય;
વલણ ફેરવી તોય, કુમારગ મૂળથી જાતાં;
સકળ ગુણ સંપૂર્ણ, બુદ્ધિનું સીંચન થાતાં;
શું શીખવું શા ધર્મ, આવશે અંતર શુદ્ધિ;
જો કેળવણી હોય, વધે બાળકની બુદ્ધિ.
લડી વઢી આવે આંગણે, જો બાળક નિજ ઘેર;
શાબાશી દે સર્વથા, શીખે શું રૂડી પેર;
શીખે શું રૂડી પેર, ભાંડ ભાષા ઉચ્ચારે;
વડીલ જનો વિગતે, બગડતાં સહજ ન વારે;
અણસમજુ માબાપ, અધિક જો લાડ લડાવે;
રોજ નવી નવી રાવ, આંગણે લડી વઢી લાવે.
કન્યાશાળા હોય જો તો કો ભણવા જાય;
પરણે ત્યાં સુધીજ ભણે, કહો પ્રવિણ કયમ થાય ?
કહો પ્રવિણ કયમ થાય ? ભણી નહીં પુરાં પાંચે;
નહિ ઘરની ઘાટની, સોગઠી કાચી માંચે;
પરણ્યા પછી પણ શીખે, પાઠ સરૂ વિદ્યાવાળા;
કેમ નહીં વખણાય, હોય જો કન્યાશાળા.
સીવવું ભરવું ગુંથવું, વૈદક રૂડી રસોઈ;
લાલન પાલન બાળની, જેણે રીત ન જોઈ;
જેણે રીત ન જોઈ, થશે ગૃહરાણી જ્યારે;

અભરાઈ મુંઝાઇ, પૂરણુ પસ્તાશે ત્યારે;
ભણે ભલેરા ગ્રંથ, ધન્ય તે સ્ત્રીનું જીવવું;
વૈદક રૂડી રસોઇ, ગુંથવું ભરવું સીવવું.
ભણી ગણી પોપટ થઇ, લક્ષણવંતી મપાઈ;
સાસુ બિલાડી બારણા, ઓથે ઉભી લપાઈ;
ઓથે ઉભી લપાઇ, મૂકે પગ સાસરવાસે;
ખાંતે ખોળી લઇ, ભૂલ તરતીબ તપાસે;
વહુ વઢકારી ન હોય, સુધરી વિદ્યા ભણીને;
પડી પીંજરમાં કેદ, થઇ પોપટ ભણી ગણીને.
વહીવંચો જ્યમ વંશનો, વાંચે છે વિસ્તાર;
વિગતવાર વાતો બધી, કરી પમાડે હાર;
કરી પમાડે હાર, કાલની વહુ શું જાણે ?
મા આગળ મોસાળ, દીકરી વધુ વખાણે;
વહુના હેઠા હાથ, પડે સ્થિર થાયે સંચો;
નોંધે પોથી માંય, વંશને જ્યમ વહીવંચો.
વાંચે વહુ જો ચોપડી, સાસરીઆમાં કોય;
આળ અધિક શિર સાસુજી, દેવા હાજર હોય;
દેવા હાજર હોય, ભણી શું ભલું કમાયાં;
જોઈ તુજ રીતભાત, અમે ઘરડાં શરમાયાં;
અમે ભણ્યાં નવ કોઈ, તપાસો પેઢી પાંચે;
અભણ સાસુ દે ગાળ, વહુ જો ચોપડી વાંચે.
વરસો વરસને આખરે, જો જશ લે વરસાદ;
લેવો ત્યમ વહુને રહ્યો, સાસુ કર પરસાદ;
સાસુ કર પરસાદ, ચોંટી ચપટીમાં લેવી;
ભલી સાસુ આશ્રયે, દેવી સમ દીકરી દેવી;
પેટ ભરી વેંવાર, લઇ સાસુ રે' તરસી;
ચાતક નવ સંતોષી, મેહ થાકે જો વરસી.
વરસી વીતાડે નહીં, કરતાં સાસર વાસ;
પાછે પગલે પરવરે, વહુ મૈયરમાં વાસ;

વહુ મૈયરમાં વાસ, કરતાં નસીબ વખોડે;
કુતરૂં જે કંગાળ, પિયરનું તે પણ દોડે;
એ એમ દુખની વૃષ્ટિ, ઘડી ગુજારે નરસી;
સમીપ રે'તાં સાસુ, નહીં વીતાડે વરસી.
ભારે ભૂમિ મારીએ, લીધું ન શિક્ષણ લેશ;
અભણ અજાણ વધુ રહ્યો, વહુઆરૂનો વેશ;
વહુઆરૂનો વેશ, ધારૂ ધિક્કાર ભર્યો છે;
અભણ વહુ ઉચરે, ભણી શું સ્વાર્થ સર્યો છે;
ઓશિઆળો અવતાર ગાળવો સદા અમારે;
સાસર વાસે સર્વ, મારીએ ભૂમિ ભારે.
પરણે વણ સંસ્કારથી, પછી પનોતી થાય;
કેળવવા સંતાનને, કહાં શીખવા જાય;
કહાં શીખવા જાય, ચરણ વિણ દાદર ચઢવું;
ઉકલે અક્ષર એક, તહાં પુસ્તક શું પઢવું;
ઓથે ઓગે ફરે, ચંદ્ર સાથે ચાંદરણી.
ફરીએ પતિ આગળે, વિણ સંસ્કારે પરણી.
ડાહી ડોસી વાયકે, કીધાં વૃત વિલાસ;
મુળ મુદ્દો વૃતનો તહાં, અંતર નવ આભાસ;
અંતર નવ આભાસ, અલુણાં વૃત આદરીએ;
કુદડી પૂજન પછી, કરી ફૂ ફૂ ને ફરીએ;
નવરાત્રીમાં કર્યું, નવડી પૂજન નિત નાહી;
ભાંગે તેને ગાળ, દીધી ગાંડી ને ડાહી.
ફળમાં શું છે સ્વાદ તે, ન ચાખતાં હડધુત;
વગર વિચાર થકી કરે, અભણ માતના પુત;
અભણ માતના પુત, કહે કન્યા કેળવવી;
એ છે ખોટી રીત, દેખતી કરી ખેલવવી;
પણ કેળવણી કાર્ય, પડે જુદું પળપળમાં;
કરી બીકણ કુતર્ક, અંધ રાખેજ અકળમાં.

બગડે નહિ ભણનાર, નર નારીને કાં દોષ ?
સમજો આવા સમયમાં, ખાલી કરતાં રોષ;
ખાલી કરતાં રોષ, વદે કન્યાય ભણાવી;
નોકરી લેવા જવી, નથી મુજ જાત જણાવી;
ભણવું નોકરી માટ, મૂળની ભૂલે ઝગડે;
કહેશો તે સૌ જૂઠ, ભણેલી ભામની બગડે.
સુધરે ભવ ભણનારનો, નિશ્ચય માનો વાત;
ક્યાં કોમળ હાથે કરો, નિજ બાળકની ઘાત;
નિજ બાળકની ઘાત, અભણ રાખેથી થાશે;
અવસર વીતે અમુલ, પછી પૂરણ પસ્તાશે;
કલમ કરેથી વૃક્ષ, મિષ્ઠ ફળ આપી ઉધરે;
કેમ ન નાના બાળ, નિત કેળવતાં સુધરે ?
પરણે છે સૌ બાળકી, નહીં કુંવારી કોય;
સોમાં પાંચજ પેખજો, ભલી ભણેલી હોય;
ભલી ભણેલી હોય, સુધારે આશ્રમ બીજો;
ગૃહમાં કરો પ્રવેશ, વ્યવસ્થા નીરખી રીઝો;
નવ કજીઓ કંકાસ, રહે સંતાનો શરણે;
ધન્ય ગૃહસ્થાશ્રમ, લહી કેળવણી પરણે.
કેળવણી જાતે નથી, બગાડનારી ચીજ,
અવળે પંથે ના વળે, સદ્‌બુદ્ધિનું બીજ;
સદ્‌બુદ્ધિનું બીજ, ઉગી અંતરથી આવે;
પાન ફૂલોને ફળો, અધિક ને અધિક ફળાવે;
ક્ષેત્ર સમારી કરો, ખેડ ખાતર મેળવણી;
જો કેવાં ફળ દેય, કારમી એ કેળવણી.
પાવરધી ગૃહકાર્યમાં, અભણ છતાં સ્ત્રી કોય;
કેમ ન વર્ત્તો લાભ જ્યાં, ભલું ભણેલી હોય;
ભલું ભણેલી હોય, શ્વસુર પક્ષે સુખીઆરી;
તેજ ભારજા ભણું, કષ્ટને દે સંહારી;

અભણુ રાજ્ય અંધેર, નહીં વહેંચણુ કે વરદી;
ભણેલ સ્ત્રી ના ડરે, સાસરામાં પાવરધી.
નારો અભણુ નડે ઘણી, નવરી નિર્દય જાત;
વેર વિના વાતે વૃથા, કરશે ઘરની ઘાત;
કરશે ઘરની ઘાત, સદા તત્પર અજ્ઞાની;
અણચાલે અથડાઈ, પડે પત્થર પર છાની;
માંદી મિનિબાઈ, ઉતરે અવળી ધારો;
નરને નડવા જાય, એમ એ અભણજ નારો.
કેળવવાને આદરો, યત્ન અહોનિશ ભ્રાત;
કોક દિવસ વીતી હશે, અથવા વીતશે વાત;
અથવા વીતશે વાત, ભરાશે મન ઉચાટે;
વીતી જડબેસુલાખ, કરી કવિતા તે માટે;
નિંદાનું હથિયાર, ધરી નીકળે ખેલવવા;
ભૂલ્યા ત્યાંથી ગણી, મચો કન્યા કેળવવા.
લીધો દુર્લભ દાવમાં, નવરીએ દઈ લક્ષ;
હજી હિતેચ્છુ પત્રમાં, કરે અમારી ન પક્ષ;
કરે અમારી ન પક્ષ, વખોડે કાવ્યે વાતો;
પણ હું તેનો તેજ, અભણની ભૂલો ગાતો;
બૈરાંના બબડાટ, નથી ગગડાટે બીધો;
કરતો નથી બચાવ, દાવમાં દુર્લભ લીધો.

છપ્પો.

અબળાનો અવતાર, આશરો શો નર આગળ;
અભણુ રહી ઓસિઆળ, ભરે છે પાણી પાગળ.
નવરી નિંદાખોર, મ્હોર શું મારે માથે;
આભ ન આવે નજીક, આશ રાખે નિજ બાથે.
જો સુધરે તો તુજને કહું, સતી શિરોમણી સારખી;
બળને તો મારૂં ખાસડું, પચ્ચીસમાંથી પારખી.

ભણેલાનાં લક્ષણો.

ભુજંગી છંદ.

સ્વજ્ઞાતિ વિષે સ્વાર્થનો ભોગ આપી, ઉમંગી રહે તેહનાં કષ્ટ કાપી;
સહાયે સદા સર્વને શ્રેષ્ઠ ટેકો, ભણેલા તણાં લક્ષણો લક્ષ લેખો.
શીખીને સુવિદ્યા ભરી ભાર રૂપે, વહે ના કદી વ્યર્થ કે નાખી કુપે;
ખરો ભીડનો ભાગનારોજ એકો, ભણેલા તણાં લક્ષણો લક્ષ લેખો.
વળી ભ્રાતૃ ભાવે સહુને નિહાળે, અને ઉદ્યમે શોધીને દીન પાળે;
ન કીંચિત ત્યાં આપનો સ્વાર્થ દેખો, ભણેલા તણાં લક્ષણો લક્ષ લેખો.
દઇને સ્વદૃષ્ટાંત સુ પંથ દોરે, અને કષ્ટકાળે ખસે તે ન કોરે;
ભલે સ્વાર્થી કો ભાંડશે ત્યાં અદેખો, ભણેલા તણાં લક્ષણો લક્ષ લેખો.
પરાયાં સ્વસંતાન સામાન્ય માને, દશા દુખીઆરી રહે દુખી દયાને;
થશે ખુશી તે દુખની કાઢી મેખો, ભણેલા તણાં લક્ષણો લક્ષ લેખો.
નહીં પોતીકા ભાખરે કોય કાળે, અધીરો થઈ એક અંગાર વાળે;
સુશિષ્યો તમે વેણુને ના ઉવેખો, ભણેલા તણાં લક્ષણો લક્ષ લેખો.
ધ્વજા ધર્મની ધારી ધુમે સુધારે, રણે ના કરે પાછી પાની ન હારે;
મહાકીર્તિ સ્થંભેજ કોરાય લેખો, ભણેલા તણાં લક્ષણો લક્ષ લેખો.
સુશિક્ષિત શિક્ષા ગુરૂ નામ પામી, ખરી ખંતથી ખોળશે ખુબ ખામી;
ધરીના કદી ભોગવે દંભી ભેખો, ભણેલા તણાં લક્ષણો લક્ષ લેખો.
ઘણા શિષ્ય વિદ્યાભિલાષી વીંટાઈ, રહે રાત દી એક અભ્યાસ માંઈ;
ન કંટાળશે ત્યાં બતાવે ભૂલે ખો, ભણેલા તણાં લક્ષણો લક્ષ લેખો.
મઠાધિપતિ થૈ રૂડું જ્ઞાન આપે, કિનારે ઉતારે તરીને તરાપે;
નઠારા નરો સંગતે ત્યાં ભૂલે ખો, ભણેલા તણાં લક્ષણો લક્ષ લેખો.
ભણ્યા આજ ભાળો નરો જ્ઞાન શુન્ય, રહી મસ્તકે ધન્નની મોટી ધુન્ન;
જુએ ઊંઘ ને ભુખમાં હસ્ત રેખો, ભણેલા તણાં લક્ષણો લક્ષ લેખો.
પૂછયો પશ્ન છે ગુઢ હિતેચ્છુમાં જે, રચ્યા છંદ એકાદશે ઉત્તરે તે;
અધિકારી અત્યંત એથી કહેશે, ભણેલા તણાં લક્ષણો લક્ષ લેખો.

અભાગીનું ભાગ્ય.

ભુજંગી છંદ.

સુપુણ્યે ધર્યો જન્મ આ બ્રહ્મ કૂળે, ન પાળ્યો કદી શીષ્ટ આચાર મૂળે;
ભુલ્યા બ્રહ્મને તો પછી નામ ડુલે, કહાંથી અભાગી તણું ભાગ્ય ખૂલે ?
સ્વજ્ઞાતિ વિષે સંપ ના લેશ દીસે, લઢાઈ લઢે જો મળે એક મીષે;
નીતિ રીતી જ્યાં પૂર્વજો કેરી ભૂલે, કહાંથી અભાગી તણું ભાગ્ય ખૂલે ?
પ્રપંચી થઈ સ્વાર્થની જાળ બાંધે, મળે જો સમો માંહોંથી હિત સાધે,
ચતુરાઈ તેની પડી ભ્રષ્ઠ ચૂલે, કહાંથી અભાગી તણું ભાગ્ય ખૂલે ?
કરે સાધુ સંતો તણી તો ઉપેક્ષા, ન રાખે ગુરૂ જ્ઞાન કેરી અપેક્ષા;
અમૂલું ઝવાહીર ઢંકાય ધૂળે, કહાંથી અભાગી તણું ભાગ્ય ખૂલે ?
પિતાને જનેતાની આજ્ઞા ઉથાપે, ચઢે જેહ ડાળે હઠે તેહ કાપે;
ઝીટાયે પછી કંટકો કેરી શૂળે, કહાંથી અભાગી તણું ભાગ્ય ખૂલે ?
કરી કર્જને ખર્ચમાં દામ ખૂવે, પછી કોઠીમાં મૂખ ઘાલીજ રૂએ;
રડ્યાથી સ્થિતિ થાય ના પૂર્વ તૂલે, કહાંથી અભાગી તણું ભાગ્ય ખૂલે ?
સુધારાની ઉંડી ન વાતો ઉતારે, કરે કો પ્રયત્નો મહીં વિધ્ન ધારે;
નહીં ભુલ ભાખે અભિમાની ફુલે, કહાંથી અભાગી તણું ભાગ્ય ખૂલે ?
ગુરૂજ્ઞાનની વાટિકાઓ ઉજાડે, ગરીબાઇમાં દિન પોતે ગુમાવે;
કહો વૃક્ષકો જીવશે વિણ મુળે, કહાંથી અભાગી તણું ભાગ્ય ખૂલે ?
વિદેશે જતાં વેમ લાવે વધારે, પ્રદેશી તણી યુક્તિઓ તે ન ધારે;
સ્વદેશે કરે નોકરી વિણ મૂલે, કહાંથી અભાગી તણું ભાગ્ય ખૂલે ?
અતિ સંતતિ ને ન કોડી કમાએ, દરિદ્રીપણું સઘ સાથેજ ધાયે;
પછી દુખની દોરીને ઝાલી ઝૂલે, કહાંથી અભાગી તણું ભાગ્ય ખૂલે ?
શ્રીમંતો તણી ઇરષા ઉર આણે, કયા ધર્મ શ્રીમંતના તે ન જાણે;
ન આપે કદી કોડી મુખે કબૂલે, કહાંથી અભાગી તણું ભાગ્ય ખૂલે ?
ભલા આ ભુંજગી હિતાર્થે સુણાવે, સુવિદ્યા તણાં મંદિરોને ચણાવે?
અવિદ્યા નદી ઉતરી જાય પૂલે, નકી તો અભાગી તણું ભાગ્ય ખૂલે ;

શ્રીમંતોના ધર્મ.

ભુજંગી છંદ.

પડયાં જે અનાથાશ્રમે રંક બાળો, પિતા ધર્મના થૈ નિરાધાર પાળો;
પશુ રૂપને આપજો પુર્ણ ચારો, શ્રીમંતો રૂડો ધર્મ એ છે તમારો.
યુવાનો અનાવિલના સાય માગે, દીએ સાય તો તે ભણે યોગ્ય ભાગ્યે;
મળે ઉષ્ણતા તો ચઢે જેમ પારો, શ્રીમંતો રૂડો ધર્મ એ છે તમારો.
અનાવિલ સામ્રાજ્ય રૂપી ભગિની, પુરો આશ આશ્રિત શાણી સગીની;
કરે સર્વના હિત માટેજ ધારો, શ્રીમંતો રૂડો ધર્મ એ છે તમારો.
કળાઓ શીખે વિચરી જે પ્રદેશે, સહુકારથી તે ચલાવે સ્વદેશે;
તહાં આપજો તુર્ત આધાર સારો, શ્રીમંતો રૂડો ધર્મ એ છે તમારો.
સ્ત્રીઓ કેળવાઈ કરે કૃત્ય સારાં, સુખે ખોલી દેજો રૂડાં જ્ઞાન બારાં;
નવાં સાધનો આપતાં ત્યાં નવારો, શ્રીમંતો રૂડો ધર્મ એ છે તમારો.
મહા મંડળો ધર્મના સંત સ્થાપે, પરાર્થે પ્રતિદિન ત્યાં બોધ આપે;
કરે તે પરે હસ્ત છાયા હજારો, શ્રીમંતો રૂડો ધર્મ એ છે તમારો.
સુધારો થવા મંડળીઓ સ્થપાવો, ચુનંદા નરો ચુંટી શિક્ષા અપાવો;
દયા ધર્મનું મૂળ વિલોકી તારો, શ્રીમંતો રૂડો ધર્મ એ છે તમારો.
અનાવિલ હિતેચ્છુ જે બાળ વેશે, કરે જ્ઞાતિની સેવના એ વિશેષે;
કૃપા દૃષ્ટિ રાખી ઉમંગે ઉદારો, શ્રીમંતો રૂડો ધર્મ એ છે તમારો.
સ્વજ્ઞાતિ હિતે સ્વાર્થનો ભોગ આપી, નિરોગી કરો ભાગ રોગીષ્ઠ કાપી;
બચાવે બિચારો દુખી પ્રાણ પ્યારો, શ્રીમંતો રૂડો ધર્મ એ છે તમારો.
નવે છંદ આ નેહ દષ્ટે નિહાળો, ગણાવ્યા પ્રમાણે સુધર્મેજ ચાલો;
લીઓ આશ શોભાગ્યશાળી અપારો, શ્રીમંતો રૂડો ધર્મ એ છે તમારો.

દોહરો.

લાડી વાડી ગાડીમાં, ગણો ન રૂડી મોજ;
હૃદય રંકની આશીષો, લો લક્ષ્મીવંત લોક.
ભાગ્યશાળી ભંડારમાં, ભરશે દામ અથાગ;
તેમાં પણ છાનો રહે, અભાગી જનનો ભાગ.

હાથે તે સાથે થશે, સંગ્રહમાં શો માલ;
કીડી કણ સાંચી મરે, તીતરને ત્યાં તાલ.

માલિની છંદ.

મહદ્જન કરે છે જેહ કર્મો સ્વભાવે,
અધમ અનુચરોનું હિત સેજ્જેજ આવે;
જશ અપજશ આપો, લેશ માથે ન લે તે,
ધન જીવતર તેનું શું વખાણું સુલ્હેકે.
મહદ્જન તણી તો દૃષ્ટિ જ્યાં જ્યાં ફરે છે,
નવીન નવીન લીલું સુષ્કનું તો કરે છે;
નજર નરમ રાખો, નેહથી એહ જાચું,
હૃદય મુજ વિષે છે, વાંચ્છના એજ રાચું.

અનાવિલ હિત્તેચ્છુની આશા.

ભુજંગી છંદ.

ગુણી ગુજરી ભુમિની બ્રહ્મ જ્ઞાતિ, અનાવિલ લૈ જ્ઞાન પામે સુખ્યાતી;
ભલાં ભાષણો ધર્મ વિચારી ભાખે, અનાવિલ હિત્તેચ્છુ એ આશ રાખે.
નીતિ રીતિમાં જે વિકારો ધસીને, દબાવે ભુંડી ભેખડોયે ધસીને;
કણોથી વીણી કાંકરા કાઢી નાંખે, અનાવિલ હિત્તેચ્છુ એ આશ રાખે.
સુધાપાન દેનાર સામ્રાજ્ય જોશો, સહાયી થઈ સર્વદા સુજ્ઞ પોષો;
દઈ આશરો આપ દૃષ્ટાંત દાખે, અનાવિલ હિત્તેચ્છુ એ આશ રાખે.
હજારો શીખે હુન્નરો તો વીરાઓ, સ્વદેશે રહી કે પ્રદેશેજ જાઓ;
શ્રીમંતાઇને ચાય લખાય લાખે, અનાવિલ હિત્તેચ્છુ એ આશ રાખે.
સ્વધર્મે સુનિષ્ઠા ધરીને ન વંઠે, સદા કર્મમાં વિચરે સત્ય પંથે;
ઠગોના ઠરાવે ન કિંચિંત થાકે, અનાવિલ હિત્તેચ્છુ એ આશ રાખે.
વળી વૃદ્ધના વેણુને માન આપે, ભણ્યો તોય વત્તું ન બોલો ઉથાપે;
નમે વૃક્ષ આંબો ભર્યો જેમ સાખે, અનાવિલ હિત્તેચ્છુ એ આશ રાખે.

સ્વદેશાભિમાની થઈને ઘૂમંતા, વધુને વધુ સુપ્રયત્નો કરંતાં;
અનાવિલને અન્ય જ્ઞાતિ ન ઝાંખે, અનાવિલ હિત્તેચ્છુ એ આશ રાખે.
બીં વાવી વડાં વૃક્ષના તો ફળાઉ, ન રાખે જરા કોરી કો બાકી ગાઉ,
સ્વજ્ઞાતિ તણી સંતતિ સ્વાદ ચાખે, અનાવિલ હિત્તેચ્છુ એ આશ રાખે.
કરે કોડથી જ્ઞાન કેરૂં લહાણું, યશસ્વી પ્રકાશિત વાસે વહાણુ;
ન પામે પુરી પુર્ણતા એહ પાખે, અનાવિલ હિત્તેચ્છુ એ આશ રાખે.
શિશુ જાય જાત્રા સુવિદ્યા દહેરે, પ્રસાદી લઈ વાહ વાતો કહેરે;
કરી ગુણનું ગાન તે પંથ આખે, અનાવિલ હિત્તેચ્છુ એ આશ રાખે.
ભણી પુત્રી થાયે વિવેકી વધારે, પનોતી થઈ આપ સંસાર તારે;
અણીશુદ્ધ રે' તે ભલી જન્મ આખે, અનાવિલ હિત્તેચ્છુ એ આશ રાખે.
અનાવિલ હિત્તેચ્છુ જે પત્ર ચારૂ, નિઃસ્વાર્થી સેવા બજાવે બિચારૂ;
ઉછેરો તમારૂંજ આશ્રિત કાંકે, અનાવિલ હિત્તેચ્છુ એ આશ રાખે.
તમારી સહાયે જીવે ને રમેછે, ચઢીને કરે એ પ્રતિમાસ બેસે;
ઉડેછે તમારી બહોળી સુપાંખે, અનાવિલ હિત્તેચ્છુ એ આશ રાખે.
સૂણી સાર શુભેચ્છુઓ સા'ય દેજો, ધનીઓ તમો તો શુભાશીષ લેજો;
નહીં વાવરે તેહ ઢંકાય રાખે, અનાવિલ હિત્તેચ્છુ એ આશ રાખે.
અનાવિલ જ્ઞાતિ વિષે જન્મ ધારી, વડામાં ગણાયા વપુને વધારી;
સ્વજ્ઞાતિ તણી જો ન સંભાળ લેતો, ધર્યો જન્મ ધિક્કારવા પાત્ર તેતો.

ભુજંગી છંદ.

અનાવિલ બંધુ સૂણો નમ્ર વાણી, દશા આપણી દુખદાયી પિછાણી;
સહુ સુધરી અન્ય જ્ઞાતિ દ્વિજોની, નહીં સુધર્યા આપણે ભૂલ કોની?
ભલા છે ભણેલા ગણેલા સુનામી, સુવિચારની લેશ તેમાં ન ખામી;
ફરે દેશ વિદેશમાં દામ માટે, મચ્યા છે મહા ઉદ્યમે વાટ ઘાટે,
કરેછે કમાઈ છતાં દીન જેવા, પડયા પાથર્યા ખર્ચના ખાડ કે'વા;
ફુટ્યા પાત્રમાં નીર લાવી ભરીએ, રહેશે નહીં તે ઝરીને જરીએ.
નથી નીમ એ ખર્ચના ખાડ કેરો, ગરીબો તણાઇ મરે જેમ વેરો;
રળી વર્ષ આખું કરે જો કમાઇ, મરે માત કે તાત પાસે ન પાઈ.

હતા બાપ દાદા જમીદાર મોટા, થયા આપણે આબરૂદાર ખોટા;
કરેલા વરા તો ગરાસો લઈને, ગયા રાઈના પાડ રાતે વહીને.
કરે કોય કોડે વરો ભૂમિ આપી, નિરાધાર તે બાળનો બાપ પાપી;
સ્થિતિ થાય છે દુર્બળી કેમ સાંખો, અરે ખર્ચના ખાડ સૌ પૂરી નાખો.
પથારી પ્રમાણે પગોને વધારો, નીતિમાન થૈને વરાને સુધારો;
ખરી આબરૂની નથી ખાણ એમાં, અખંડિત એ છાપ છાપો હૃદેમાં.
ઉતારો તમે આંકડા વાંકડાના, કરો બંધ જે દેજ લેનાર છાના;
સુધારો સુધારો રીવાજો બધા રે, પડ્યું હોઠથી આજ એ કોટ બારે.
નહીં આવીઆ હોય પસંદગીમાં, સુધારા વધારા હરિરાયજીના;
સભાઓ સ્થપાવી કરો ફેરફારો, બચાવો બચાવો ઉગારૂં ઉગારો.

ઇંદ્રિ વિજય છંદ.

સિંહ સમાન અતી બળવાન અનાવિલ જ્ઞાતિ સભાપતિ સ્થાપો,
સૈન્ય સહિત ચડાવી નિશાન દુદુંભી ગજાવી સુઆશ્રય આપો;
આ અટવી દુખદાયક યત્નથી કેમ થઈ શકશે ન સુધારો ?
હે જગ નાયક દીન અનાવિલની અરજી ઉરમાંય ઉતારો.

ઐક્યતા.

ભુજંગી છંદ.

લઢે ભ્રાતૃઓ ભાવ કેરા અભાવે, પિતા માતના હાડને નિત્ય તાવે;
થશે ભાગ પાડી જુદા વર્ષ વીસે, અરે ઐક્યતા આપણામાં ન દીસે.
વહુઓ ધમે વા તપે લોહ પેરે, સગાઈ તજીને સગાંને વહેરે;
લહી લાજ લોકાપવાદે ન બીશે, અરે ઐક્યતા આપણામાં ન દીસે.
રહે અન્યના પુત્ર લાજે કુંવારા, વધુ વાંકડાથી વધૂ આણી મારા;
સુખો ભોગવે અન્ય તો દંત પીસે, અરે ઐક્યતા આપણામાં ન દીસે.
થઈ સત્ય ધર્મી સભા પક્ષી ન્યારી, થયા રક્ષવા તેહના પક્ષકારી;
સહીકારની મંડળી છે અતિશે, અરે ઐક્યતા આપણામાં ન દીસે.

પડી મૂળ જુદાં થયા છોડ લૂલા, જુઓ બાર ભૈયા અને તેર ચુલા;
ઘુમે સર્વ સુધારકો જુદી દીશે, અરે ઐક્યતા આપણામાં ન દીસે.
ભમે છે અનાવિલ પુત્રો સ્વછંદે, ઉપેક્ષા કરી કોય કોને ન વંદે;
વસી નાયકો સંચરે માર્ગ લીસે, અરે ઐક્યતા આપણામાં ન દીસે.
કરી સ્વાંરથે પક્ષ અન્યાયી કેરો, કુટુમ્બીજનો ખેલવે ઘાલી ઘેરો;
તડાં પાડીને ગામ ભાગેજ રીસે, અરે ઐક્યતા આપણામાં ન દીસે.
ધણીને કહે ઘા નસાડેજ ચોરો, વઢંડું કરે ને વળી દૃષ્ટિ દોરો;
રીઝે પાઘ બાંધે ખીજે લેય શીશે, અરે ઐક્યતા આપણામાં ન દીસે.
ભલા રોજગારે નકી ભાગ બાંધી, રસોઈ જમે એકલો લોભી રાંધી;
વડામાં ગણાવા અહોનિશ હીસે, અરે ઐક્યતા આપણામાં ન દીસે.
રચ્યા નિયમો ઉપરે રેડી પાણી, થશે શી દશા આગળે ના પીછાણી;
ફર્યા ના ભણીને ભર્યા ચક્ષુ વિષે, અરે ઐક્યતા આપણામાં ન દીસે.
કુધારારૂપી સિંહને ઝાલવાને, ગયા હોશિઆરીથી વિકાળ રાને;
મુઠીવાળી નાઠા તહાં એકચીસે, અરે ઐક્યતા આપણામાં ન દીસે.
સ્થપાઇ સભા મુંબઇમાં સૂણીને, કર્યું સુરતે મૂર્ત્ત માથું ધુણીને;
હવે કોણના કૂપનું પાણી પીશે, અરે ઐક્યતા આપણામાં ન દીસે.
વરામાં વખાણે વડાં પેર ફૂલે, બીજાથી થવા શ્રેષ્ઠ ખરચેજ ભૂલે;
પછી ઉતરે કર્જના ગુપ્ત શીશે, અરે ઐક્યતા આપણામાં ન દીસે.
ધરી માનુષી દેહ છેલ્લી અમૂલી, કુસંપે ન જંપે સદા ધર્મ ભૂલી;
વૃથા જાય છે આપીઓ જન્મ ઈશે, અરે ઐક્યતા આપણામાં ન દીસે.
અનાવિલ બાળો થવા જ્ઞાનવંતા, ઉરે દાઝ આણી તજીદે અહંતા;
સુચિહ્ને ઠરી એક સામ્રાજ્ય વિષે, અરે ઐક્યતા આ સમમાંય દીસે.

અન્ય જીવોની ઐક્યતા.

હરિભજન વિના—એ રાગ.

સૌ સંપ કરો, દુનીઆમાં દષ્ટાંતો શું દેખાય છે;
ગડબડ વિના, ગોળ ઘડે મંકોડા વળગી ખાય છે.— ટેક.

ગીધ જાતિ જુઓ માંસાહારી, ટોળેબંધ થઈ જાયે સ્વારી;
મૃત જીવને વેંચી લે વારી. સૌ સંપ કરો.
જંતુ જોતાં જોખમકારી, કીડી દળ ઉભરાયે ભારી;
ખેંચી લે બળની બાલહારી. સૌ સંપ કરો.
ચાંદું મળતાં માખો ચોંટે, ભેગી મળીને મુખડું લોટે;
ચુકવે સૌ હાથતણી ચોટે. સૌ સંપ કરો.
મધપુડાપર કર કો નાખે, માખો તે વાંક નહીં સાંખે;
બણબણી ઉઠી વળગે આંખે. સૌ સંપ કરો.
બગલાં પણ રેંચ જથે બોળે, નથી તે કદી અભડાતાં ઓળે;
જઈ જથેજ ખોરાકી ખોળે. સૌ સંપ કરો.
પકડે કો કાગ અથાગ શ્રમે, કળકળતાં મંડળ શિર ભમે;
છોડાવે તોજ તહાં વિરમે. સૌ સંપ કરો.
સારસમાં નર માદા સંપી, જીંદગાનો ગાળે બેઉ જંપી;
એક મરતાં બીજું મરે કંપી. સૌ સંપ કરો.
ચકલાં કણ સંપેથી વીણતાં, કૂકડાં પણ મળી ભુમિ ખણતાં;
એમ કાગ કબુતર નથી હણતાં. સૌ સંપ કરો.
દિવસે વાગોળ વસે સાથે, વૃક્ષે વળગ્યા પગની બાથે;
સંકટમાં સંપ ધરી માથે. સૌ સંપ કરો.
સંધ્યાકાળે રવિ આથમતાં, મેળવવા ભક્ષ ભલો ભમતાં;
સંપે રાત્રે રહે છે રમતાં. સૌ સંપ કરો.
ગાંડું ગણીએ ગાડર ટોળું, શું સંપ વિષે બોલું દોલું ?
નથી નીકળ્યું કોઈ કુટુમ્બ ભોળું. સૌ સંપ કરો.
ખળ શિઆળ ખેતરમાં રહેછે, ભેગાં મળી રાત્રે ભૂંકે છે;
દૃષ્ટાંત ઐક્યતાનું દે છે. સૌ સંપ કરો.
ઐક્યતા ઠરી છે ઉંદરમાં, દાણા સંગ્રહ કરશે દરમાં;
ધાડું ધૂમ પાડે છે ઘરમાં. સૌ સંપ કરો.
કીલ્લાંનું દળ દાણા કોરી, સંપીલા સૌ કરવે ચોરી;
માંહોમાંહે કરે નવ બળ જોરી. સૌ સંપ કરો.

જુ માંકડ જંતુની જાત, જબરી એ જણાવે છે છાતી;
ઐકયતા થકી તે ઉભરાતી. સૌ સંપ કરો.
જૂથ વાંસ તણું જડથી બાઝે, ફીટે કાપે જો બળ ઝાઝે;
ત્યારે આવે જનને કાજે. સૌ સંપ કરો.
કાંટા બાવળ ને બોરડીએ, વાંકા વળતા વળી થોરડીએ;
વળગ્યા હોય વસ્ત્રે તો રડીએ. સૌ સંપ કરો.
વૃક્ષો રક્ષે વાવાઝોડે, ઓથે રહેલાને તે ઓડે;
નાની વા ડાંખળી નહિ તોડે. સૌ સંપ કરો.
ભીડ પડતાં નાયક જાત ભલી, બોબડી કૂટે સૌ જાય મળી;
સઘ સ્વજન છોડવી જાય છળી. સૌ સંપ કરો.
ઝુંડો જોતાં મચ્છીમારો, પડતું મૂકી દોડે ધારો;
ત્યાં હોય મોત કેરો વારો. સૌ સંપ કરો.
સંપીલા જો ઇંગ્રેજ સદા, કરી કુસંપ શું લડશેજ કદા ?
પરદેશે કરતાં ફરજ અદા. સૌ સંપ કરો.
તો રાજ્ય કરે આર્યાવૃતમાં, છે ન્યુન છતાં છતમાં ગણુતાં;
દીઠા દુખીજનો મહાભારતમાં. સૌ સંપ કરો.
જણ પાંચ મળી ભેગા ગામે, આરંભે કાર્ય નવે નામે;
કુસંપે પાર નહીં પામે. સૌ સંપ કરો.
નાખે કુતરાને કો રોટી, લઢીવઢી કરે લોટંલોટી;
આવી ત્યાં કાગ જશે ઝોંટી. સૌ સંપ કરો.
સંપવિણુ ઘરમાં ઘેરાઈ ગયા, વધી મીથ્યા માન મહાન થયા;
દિવસે દિવસે દુખીઆજ થયા. સૌ સંપ કરો.
કુસંપી કુતરાંને કાશી, ન જવા દે ગામ થકી નાશી;
ઘેરે સૌ ગ્રામ્યતણાં વાસી. સૌ સંપ કરો.
દેશે કે પરદેશે વસતાં, પણુ કુસંપમાં દેખો ફસતાં;
તેવાં જન દીઠાં કર ઘસતાં. સૌ સંપ કરો.
મોટાં ટોળાં બાંધી વર્સીએ, ઐક્યતા ન હોય આઘા ધસીએ;
અવસર આવે ચકમક ઘસીએ. સૌ સંપ કરો.

કુસંપતણા કટુ ફળ ચાખો, ઉડતી નથી સુખ તણી માખો;
જાશે ક્યમ જન્મારો આખો. સૌ સંપ કરો.
તો અન્ય જનાવરથી હેઠા, ઉતર્યા સ્થીતિ પાતાળે પેઠા;
માખો મારો બેઠા બેઠા. સૌ સંપ કરો.
ક્યાં નામ નિશાન રહ્યું આજે, કો પૂછે નામ કંઈ કાજે;
લેતા નારાજ થઇ લાજે. સૌ સંપ કરો.
જંબુદ્વીપમાં જાપાન ચઢયું, બળીઆસુ બાકરી બાંધી લઢયું;
સંપવિણ રૂશિઆનું રાજ રડયું. સૌ સંપ કરો.
માંહોમાંહે કુસંપનું કારણ છે, ઉપર અભિમાનનું ભારણ છે;
એ અહિત હૈયાધારણ છે. સૌ સંપ કરો.
એકજ ઘર એક પિતા માતા, બે ભાઇ પડે બાથંબાથા;
કુસંપ તણા પેસે હાથા, સૌ સંપ કરો.
સંપ સંપાદન કરજો વીરા, વિગ્રહ વર્જીત થાજો ધીરા;
પરખાશો હિતકારી હીરા, સૌ સંપ કરો.

જાગૃતિ.

ઝુલણાં છંદ.

આજ ઇંગ્રેજ સરકારના અમલમાં, હિંદનું ઝળકતું વાયુ વાંણું;
દેશ સર્વત્રમાં વિસ્તરી સ્વસ્થતા, ગુણ ગંભીરનું ગાય ગાણું.
ગ્રામ્ય ને નગરના નાગરિકો મળી, છે મચ્યા જ્ઞાતિ સુધારણાર્થે;
કેમ ઉંઘો અનાવિલ સદબંધુઓ, પ્રારથું પીડ નિવારણાર્થે.
જૈન અવદિચ્ય મગ્મદીઅનોને વળી, પારસી ને શ્રીમાળીજ શાણા;
સ્થાપના કોન્ફરન્સની કરે આપમાં, મેળવી મદદમાં રાય રાણા.
અધિક અજ્ઞાન આજે તજી સઘ તે, પૂર્વનો જોઈ પ્રકાશ જાગ્યા;
કેમ ઉંઘો અનાવિલ મમ બંધુઓ, આજ ઉજાગરા કેમ લાગ્યા ?
ધર્મ પરિષદ કરે પ્રગટ સદધર્મના, ગુઢ તત્વોતણા અર્થ સારા,
સોશિઅલ કોન્ફરન્સ નેશનલ કોનગ્રેસ, મંડળી એ પડોસી તમારા;
કર્ણમાં તેહ પડઘા પડે કે નહીં, સુચન એ શું કરે છે સવેળા,
કેમ ઉંઘો અનાવિલ મમ બંધુઓ, ઉંઘવાની નથી આજ વેળા.

કોઇને કાંઇ કરવું નવું હિંદમાં, એ નીતિ આજ મંડાઈ પ્રીતે,
આપણે એમ વિચારીએ આ સમે, વખત વિના વીરો કેમ જીતે;
નહિ નહિ આ વખત વ્યર્થ વટી જાય છે, અર્થ એકે સરેના સપાટે,
કેમ ઉંઘો અનાવિલ મમ બંધુઓ, જાગીને માગજો આ પ્રભાતે.
બાળલગ્ને બળ્યો બાળનો ભવ બધો, હાલ બેહાલ થઇ ઘેર બેઠા,
શરીરને અર્થ સંપત્તિ ઓછી થઇ, ઉતરે સર્વથી આજ હેઠા;
નીરખો છો પ્રતિદિન પણ એ પ્રતિ, રે અનાવિલ કરો છો અખાડા.
ભવિષ્યમાં આપણી જ્ઞાતિ શ્રેષ્ઠાઇના, બગડશે વાડ વિનાના વાડા.
ઉપનયન લગનને મરણના ખરચમાં, એક વિવેક પણ ક્યાં કરો છો ?
થઇ ગયા ચરણને ઘસડતા જ્ઞાતિમાં, દુઃખ નીરખી તમે ક્યાં ડરો છો ?
વાત છે એહ વિચારવી ઉચિત તે, સ્થાપીને કોન્ફરન્સ મુખ્ય સ્થાને,
ભવિષ્યના લાભ માટે લીઓ લક્ષમાં, ના દીઓ હાથ બે સાથ કાને.
અન્ય જ્ઞાતિ અનાવિલ વે'વારની, વાત વિગતવારે તપાસે;
હાથના પોંચા કરડી કકળી કહે, " બાદશાહી " જ એ રીત ભાસે.
સમયને થાઓ અનુકુળ અનાવિલો, તુટશે વગર વિચારે તાણો;
બાદશાહી ગઇ પેશવાઇ ગઇ, ના બચે ત્યાં બહુવાર વાણો.
લોક પરોપકારી પ્રભુતા થકી, જાગૃતિ આણવા યત્ન ધારે;
આપણે આળસુ જાય ઢંઢોળીને, આપીએ નાહિ એકે ઉચારે.
જ્ઞાતિ હિતાર્થ ને દેશ હિતાર્થમાં, બાકી છે આપણા ધર્મ શા શા ?
ભુલ ભુતકાળની ટાળવી આપણે, આપવી નુતન ઉજવળ આશા.
કાલના કામનો આજ આરંભ કર, ધર્મના કામમાં ઢીલ કેવી,
લાજીએ લોકમાં પાજી પરખાઇએ, બાજી બગડી નથી છેક એવી.
છે અનુકુળતા રાજ્ય ને ધર્મની, જાગતાં જીવશે આપ મેળે,
ઉઘડશે એદી ઉંધા પડી શું વળે, વિષ અમ્રતમાં જેમ ભેળે;
પાકશાળા તણી ઉંચી વિદ્યા પઢ્યા, પ્રૌઢ બારાક્ષરી પદવીવાળા,
પાંચ પૈસા વળી પેટ માટે કરો, આપ પેદા જણાઓ જશાળા;
દુષ્ટ રિવાજને દાબીદો બંધુઓ, છે ખરી ખોટના એ ખટારા.
કેમ ઉંઘો અનાવિલ ઉઠો હવે, લાભ લો લક્ષ કરતાં ઘટારા.

ચાનું ચેટક.

પદ—રાગ દેશ.

ચેટક ચાનું વળગ્યું વસમું અવસર આજમાંરે,
જન સમાજમાંરે, ચેટક ચાનું વળગ્યું વસમું અવસર આજમારે—ટેક.
ઉંચ નીચ ચા પીવાવાળા, મેળવી માંહે મરી મસાલા;
તૃણવત્ તણાય વહેતા ગાંડા વાજમાંરે—ચેટક ચાનું વળગ્યું.
ઉષ્ણોદક જોઇએ નાવામાં, તેટલું થાયે ચા પીવામાં;
ચા ને ખાંડ ખપે ઘણી કહે મિજાજમાંરે—ચેટક ચાનું વળગ્યું.
ચકલે ચકલે ચાની દુકાનો, મજા સુખકારી શું માનો;
લક્ષ્મી લુટાઇ ચાલી જાય જહાજમાંરે, ચેટક ચાનું વળગ્યું.
ઉષ્ણોદક આંતરડાં બાળે, ભલી ઉપજતી ભૂખને ખાળે;
ચા પીધી ચમચે શું આવે કાજમાંરે, ચેટક ચાનું વળગ્યું.
અન્ન તણો એ અહાર મટાડી, શરીરની શક્તિ દે ઘટાડી;
ચાનો ઉપજ્યો સંશય સમજુ ઘણાજમાંરે, ચેટક ચાનું વળગ્યું.
સાકર દૂધ પીઓ ગુણકારી, સ્થિતિ હોય તમારી સારી;
કસ્તુરી તજી અજાણનું મન માને પાજમાંરે, ચેટક ચાનું વળગ્યું.
આર્ય શિવાજીના અનુસારે, સેવનથી જે શરીર સુધારે;
ઘી સાકર દૂધ ઘઉંજ એ સુખ સાજમાંરે, ચેટક ચાનું વળગ્યું.
ચા પાણીના કરી વળાવ્યા, પ્રીતે જેહ પરોણા આવ્યા;
ગૃહસ્થાઈ ગણાઇ એ ગૃહરાજમાંરે, ચેટક ચાનું વળગ્યું;
નિદ્રા કેરૂં કરે નિકંદન, એને નવ અડશો કોઇ જન;
ચા ગુણકારી નાવે એ અંદાજમાંરે, ચેટક ચાનું વળગ્યું.
ગાંજો ભાંગ અફીણુ તમાકુ, એમાં એક વ્યસન હોય વળગ્યું;
ચા કાફી કે કોકો, લો પતરાજમાંરે, ચેટક ચાનું વળગ્યું.
પરદેશી વસ્તુ વપરાઇ, મોજ મઝા ભોગવવા ભાઈ;
એ ખરચાળુ હાથી પળાય, મોટાં રાજમાંરે, ચેટક ચાનું વળગ્યું.

દોહરો.

વીસ વરસ વીત્યાં નથી, આ ફેલ્યાના પૂર;
કો કહે ચા વિના મને, ચાલે નહીં જરૂર.
પીતાં પતરાજી ઘણી, આના કરે વખાણ;
ચીનાથી ચઢતા થશો, વ્યસની એ છે હાણ.
આની વધતી ચાહના, શીતળ દેશની માંય;
ગરમ દેશમાં ગુણ નથી, કે આ નિત્ય ચહાય.

ઇંદ્રવિજય.

કોય સગું વળી કોઇ સનેહનું, કો મળવા રડવા કોઇ આવે,
હોય વળી વર જાન તણી ધુમ, ગામ વિષે મચી લગ્ન લહાવે;
ચા અથવા મનરંજન કાફી તણું, અવિધાર નિમંત્રણ કા'વે,
ચાલ પડયો ચડસા ચડસી પર, કોણ વિચાર ખરો ઉપજાવે.
ચા કરી પાઇ ગણે જન પ્રાધુણ, ચાકરી પૂર્ણ કરી પરવાર્યો,
ચાહ થકી ન પવાઇજ ચાહન, ચા વિણ ચૂક થઇ જશ હાર્યો;
પ્યાર વધ્યો પણ ખર્ચ વધ્યો, વધતો ખરચાજ ચાહ પવાલો,
ગુણ થકી અવગુણ વિશેષ, નકી નર ચેટક કે ચિત્ત ચાળો.

મનહર છંદ.

કટકી આદાંની નાંખી ચાદાનીમાં ચાય મૂકી;
માંદાની પીવાની દવા રૂપ એ દેખાય છે;
દાદાની આદત નો'તી નાદાની નિતાંત પેઠી,
કસ્તુરી તજી કાંદાની લેહ એ લેખાય છે;
વાંદાની રીતી છે ઘીની ગંધ થકી અંધ બને,
એવી ચા સદાની છાની માની પેઠી ઘરમાં;
ચા પાઈ ફાંદાની માંહે હડસેલી કરે હાની,
માની ખાનદાની ચા સાદાની એ વાપરવા.

ચા સોડાના પીઠાં.

બેડો બાઈ બૂડતો તારરે—એ રાહ.

પીઠાં દારૂ તાડીનાં જેવાં'રે, દીઠાં ચા સોડાનાં તેવાંરે;
ઘરમાં વાખાને બા'ર વિલાસી, વૈભવ માંહે વટાળ.
વર્ણા વર્ણીએ હદ ઓલંઘી, કળિનો કેવો કાળ. પીઠાં દારૂ.
એકલશૂરો જાતાં બજારે, ચાની દેખે દુકાન;
પાત્ર પાણીનો ભેદ ન ભાળે, પ્રીતે કરે ચાનું પાન. પીઠાં દારૂ.
એક કુંડે નવરાવે પવાલાં, ધુવે જુવે ન દરકાર;
દીપક તિમિર ભક્ષી કાઢે કાજળ, અહાર સમો ઓડકાર. પીઠાં દારૂ.
ભાઇનું ઓટયું પાણી ન પીશે, ચા પવાલે નવ ચીડાય;
બિસ્કીટ બ્રાહ્મણીઆ નામની જોડે, બંધને આંખ બીડાય. પીઠા દારૂ.
થાવું સ્વદેશી મુખે લવે પણ, ચા ને ખાંડ ચહાય;
પારકા પુત્રને યતિ બનાવે, ઓલવે ઉરની લ્હાય. પીઠાં દારૂ.
આપ બૂડે બૂડાડે બીજાને, ચા મિત્રમંડળી દેખ;
શેની શેખાઈ કરો કેફી પીણે, રહેશે ન ઘરમાં રેખ. પીઠાં દારૂ.
ચાલીસ રૂપીએ મણની ચીજનું, નાણું પ્રદેશે જાય;
ચાર કમાયને ચઉદ લૂટાય છે, તોય વિચાર ન થાય. પીઠાં દારૂ.
ઉંઘ અહારને શીદને ઘેરો, વેરો વેઠી શીર આપ;
પય તત્યવમય દુર્લભ સૌ પીતાં, પરહરો પંડનું પાપ. પીઠાં દારૂ.
સોડા પીનારા શું ગોડા પડયા છે, શોખીલા સરદાર;
દેખાદેખીમાં દોડયા દમ બાંધી, ઘોડા એટલા સ્વાર. પીઠાં દારૂ.
સૌને મોઢે વપરાય પ્રત્યક્ષજ, ક્યાં રહી શૌચની નેમ;
જેવાં ચલાણું છે ચાના ચગાં, બાટલી સોડાની તેમ. પીઠાં દારૂ.
સોડા માંહે શું સ્વાદ છે ક્ષારએ, ક્યાં પીતા પૂર્વજ આપ;
સુદૃઢ ગાત્ર હતું નહીં હઠતા, સહી શીત વર્ષા તાપ. પીઠાં દારૂ.
રોગી બની તન જાય તવાઇ, ઘટાડે બુદ્ધિ ને ધન;
ઝેરી વસાણું જઠર ન પચાવે, પચે જેવું દૂધ અન્ન. પીઠાં દારૂ.

પાળે તેનો ધર્મ પ્રગટ પડયું એ, વૃદ્ધ વડીલોનું વેણુ;
શુદ્ધાશુદ્ધની સમજ જતી રહી, વ્યસન છતાં જીવ લેણુ. પીઠાં દારૂ.
વપરાશ વૈભવની વસ્તુનો, વધતાં થશો લાચાર;
કૃષિ નોકરીમાં કમાણી શોધો, પૂર્ણ ન થાય વ્યવહાર. પીઠાં દારૂ.
પીવાનું ઉત્તમ પાણી ને પય છે; અન્યકરે વિકાર;
દારૂ ચા સોડાવાટરનો દુર્લભ કરજો સર્વે ધિકાર. પીઠાં દારૂ.

ગાંજાનું વ્યસન.

ગાંજો દુર્ગુણ તણો દરીઓ, ભયાનક ભ્રષ્ટપણું ભરીઓ;
પીનારાનો અર્થજ શો સરીઓ, ગાંજો દુર્ગુણ તણો દરીઓ. ટેક.
ચેતાવે છે ચલમ બળી પોતે, બળું ત્યમ બળશો નુર ખોતે;
મરી જશો આપ વગર મોતે, ગાંજો દુર્ગુણ તણો દરીઓ.
પીતાં પીતાં અકલ ઘટી જાશે, ભરે પેટ પરાયાની આશે,
મહા મૂઢ થૈ મેહેણા ખાશે, ગાંજો દુર્ગુણ તણો દરીઓ.
ચઢે વિષ હાથ થકી ધોતે, પ્રજાળે પીનારાને પોતે;
થશે શ્યામ અંગ જોતે જોતે, ગાંજો દુર્ગુણ તણો દરીઓ.
ગંજેરીની મંડળી જ્યાં મળશે, હુન્નર ઉદ્યોગ ત્યાંથી ટળશે;
સર્વથા વૃથા વાતે વળશે, ગાંજો દુર્ગુણ તણો દરીઓ.
ગાંજો અને અફીણ ગણે સારૂ, કહે રાજ વ્યસન છે સુખીઆરૂં;
કરે શું કલ્યાણ અલ્યા તારૂં, ગાંજો દુર્ગુણ તણો દરીઓ.
ગંજેરીની ટોળીથી જે પેલા, ઉઠી જાય તેને ગણે ઘેલા;
તેની ધૂળ ખંખેરે રહેલા, ગાંજો દુર્ગુણ તણો દરીઓ.
રહે રાતી આંખડી દિન રાતે, ઉંઘે નહીં ચકચૂર જાતે;
સુવે ઘેન આવે ડોલાં ખાતે, ગાંજો દુર્ગુણ તણો દરીઓ.
ગળી ગળી શરીર બને ખોખું, રહે નહીં એકજ અંગ ચોખ્ખું;
નિરૂદ્યોગીનું નીર્જીવ નોખું, ગાંજો દુર્ગુણ તણો દરીઓ.

છાતી માંહે મેલ તણો કુચો, લોહી બળી માંસ રહે કુચો;
અભિપ્રાય કોણ દીએ ઉંચો, ગાંજો દુર્ગુણ તણો દરીઓ.
ગાંજા માંહે ગરથ ઘણો ખોઈ, નામાંકિત થાતો નથી કોઇ;
અજ્ઞાનીઓ અંતે રહે રોઈ, ગાંજો દુર્ગુણ તણો દરીઓ.
ફુંકે છે ફકીર અને યોગી, ભલે ભાવ થકી બની ભોગી;
ગંજેરી ગણાય કાયા રોગી, ગાંજો દુર્ગુણ તણો દરીઓ.
માદક વસ્તુ મોંઘી કરી રાચે, વેચી સાટી વ્યસની પીએ પાચે;
દશા દુખકારી દેખાએ, ગાંજો દુર્ગુણ તણો દરીઓ.
ગંજેરી મીજાજી મહા હોય, નહીં નામ લઈ શકે કોય;
રામા તેની અહનિશ રોય, ગાંજો દુર્ગુણ તણો દરીઓ.
માઠી મોજ માણો ચલમ ચૂસી, ફજેતી કરે ગણીને કુંસી;
એવો છાપ ભ્રષ્ઠ નાંખો ભૂસી, ગાંજો દુર્ગુણ તણો દરીઓ.

દેશાટન.

દોહરા-ભુજંગી.

દેશાટન વિણ દેશીઓ, દરિદ્ર દરિયા માંય;
અન્ન ધન વિણ લાચાર થૈ, જુઓ ડૂબતા જાય.

જુઓ ડૂબતા જાય છે આજ લોકો, વિદેશે જવા લાગીઆ હાલમાં કો;
લઇ લક્ષ્મી વિદેશથી ઘેર આવે, કુટુમ્બી જનો પ્રેમ પુષ્પે વધાવે.

હતી પ્રજા જે રાંકડી, થઈ ગઇ ધનવાન;
યુરોપી ટોપી જુઓ, વિચરે દેશ તમામ.

નકી વિચરે દેશ સર્વે ઉમંગે, પડે પીડ ના લેખવે તેહ અંગે;
નહીં ખંડ કો બાકી ટોપી વિનાનો, ચડાવ્યો સહુથી બહુ દેશ નાનો.

શુકન મુરત જોવાડશે, શૈં કાશીળ જાનાર;
કે આણી અટકી પડે, આંખે આંસુ ધાર.

પ્રદેશે જતાં આંસુડાં ઢાળી રૂવે, અને નાર સંતાનનું સુખ જુએ;
કરે શું કમાઇ અરે તે જઇને, રળે ના રહી કષ્ટ ઘેરે રહીને.

જુવાનીમાં જાવું ભલું, પરદેશે કરી પ્યાર;
પછી જવાય ન કો થકી, થાય ઘેર પરિવાર.

પરિવારવાળો પ્રદેશે સિધાવે, ગૃહસ્થાઇના ધર્મમાં તે ન ફાવે;
રહેવાયના લગ્ન કે મર્ણ વેળા, સગાં સાંભરી તેડી લેશે વહેલાં.

દરિદ્રતા ખોવાયને, જુએ લાભ એ હોય;
ઘર તજી ધન માટે જવું, સ્વદેશમાં નવ હોય.

સ્વદેશે નહીં હોય ઉદ્યોગ આજે, પ્રદેશે નકી સ્વાર્થ સર્વે સધાશે;
પ્રભુ આશરો આપશે હસ્ત ઝાલી, પ્રયત્ને નહીં આવશો તુંય ખાલી.

દેશીજન બેસી રહ્યા, કરે પ્રદેશી મોજ;
ફરે દેશ પરદેશમાં, ધનાઢ્ય બનીઆ તોજ.

કકો કામનો લક્ષથી નિત્ય ઘૂંટે, જુઓ દામ તે વાપરે હાથ છૂટે;
સખી પારસીઓ તમારા પડોશી, હતું શું ગણાયા હવે કેમ કોષી ?

કહેણી આ જગની ભલી, મનમાં જનો ધરેય;
રેણી સાચી રાખતાં, નેટ ન ભૂખે મરેય.

ભૂખે બાંધીઊ ઢોર કેવું મરે છે, છુટું થૈ ફરે તે ઉલાસે ચરે છે;
પ્રદેશે જવા આપણો ધાર વારો, હવે કેડ બાંધી ઉઠો આપ ચારો.

પણ શિખ લખી આ રાખજો, ચંચળ મન મોજાર;
કો દિન ત્યાં પીશો નહીં, દારૂ દુખ દેનાર.

ખરે દુખ દેનાર દારૂ ન પીશો, કરો દૃષ્ટિથી દુર વિકારી શીસો;
સદાચારથી વર્તજો સર્વ દેશે, સઉ પેખી ધર્મીષ્ઠને ધન્ય કેશે.

નવા દેશની નિરખજો, નવી નવીન નવાઇ;
ફેલાવો આ દેશમાં, ભલા સ્વદેશી ભાઇ.

સ્વદેશી ભલાભાઇ આ અર્જ મારી, સૌણી સઘ સ્થિતિ હીંઓને સુધારી;
અજાણી ખરી ખોલજો આજ બારી; થશે દેશ આબાદ કીર્તી વધારી.

સ્વધર્મ રક્ષણ.

ભુજંગી છંદ

સ્વદેશે વસો કે પ્રદેશે સિધાવો, સ્વધર્મે રહી સર્વદા લો લહાવો;
અભિમાન રાખો રૂડો એ અમારો, વીરા સાચવો ધર્મ સાચો તમારો.
દશે લક્ષણો ધર્મના લક્ષમાં લો, ભલે પ્રાણ જાયે સુશ્રદ્ધાર્થો પાળો;
ઘણા સંશયીના વહેમો નિવારો, વીરા સાચવો ધર્મ સાચો તમારો.
થયો જન્મ જે ધર્મમાં તેહ સારો, નકી શ્રેયનો શ્રેષ્ઠ સીધો ઉવારો;
કરી સ્નાન ત્યાં શુદ્ધ શબ્દો ઉચ્ચારો, વીરા સાચવો ધર્મ સાચો તમારો.
ભલાં ભોજનો ના મળે માન મોટું, ખરા ધર્મની આગળે એહ ખોટું;
વદો શિર સાટે સહુ સ્થાન મારો, વીરા સાચવો ધર્મ સાચો તમારો.
જુઓ ચાર સુઆશ્રમે મૂળ પાયો, અતિ ઉગ્રને અગ્ર સ્થાને સ્થપાયો;
વીત્યાં વર્ષ આજે બચ્યાં છે હજારો, વીરા સાચવો ધર્મ સાચો તમારો.
જહાં જેટલો ધર્મ પાળે પ્રજાઓ, તહાં તેટલો જે થશે રીત સાચો
હઠીને ન હૈયા થકી હામ હારો, વીરા સાચવો ધર્મ સાચો તમારો.
ભલે હાનિ થાતી મૂળે હોય કામે, છતાં સર્વદા ધર્મનો જે નિદાને;
અને પાપથી એજ સિદ્ધાંત ધારો, વીરા સાચવો ધર્મ સાચો તમારો.
શિવાજી વડો વીર ધર્માભિમાની, તુટી પાદશાહી નથી વાત નાની;
સ્વધર્મે સ્વસત્તા સ્થપાવી વિચારો, વીરા સાચવો ધર્મ સાચો તમારો.
થયા દક્ષિણે શંકરાચાર્ય સાચા, કરી બૌદ્ધની બંધ બલિષ્ઠ વાચા;
રહ્યા પુસ્તકે પુન્યના તે ચીતારો, વીરા સાચવો ધર્મ સાચો તમારો.
ઋષિ મુનિ સન્યાસીઓ સિદ્ધ બંકા, ભજાવી ગયા નોબતે ધર્મ ડંકા;
નીતિ તેમની અંતરે તો ઉતારો; વીરા સાચવો ધર્મ સાચો તમારો.
રૂડા રાજપુત્રો તણાં વીર રત્નો, કીધા કેટલા રક્ષવા ધર્મ યત્નો;
ચીતામાં સીધાયા કર્યાના ઉચારો, વીરા સાચવો ધર્મ સાચો તમારો.
સ્વધર્મે રૂડું મર્ણ શાસ્ત્રે મનાયું, વધે ધર્મથી ધાન્ય ને દામ આયુ;
અરે અર્ભકોમાં વિચારો ઉછારો, વીરા સાચવો ધર્મ સાચો તમારો.
જનુની જુઓ મંમદી ધર્મ પાળે, પુરેપુરી આસ્થા હૃદેથી ન ટાળે;
કરે કોય નિંદા નકી કાપનારો, વીરા સાચવો ધર્મ સાચો તમારો.

હરિશ્ચંદ્ર વિદુર ને ધર્મરાજા, મૂકી ના કદી ધર્મની લેશ માત્રા;
સ્થપાયા નીતિવંત તે નામદારો, વીરા સાચવો ધર્મ સાચો તમારો.
વસુધા વિષે છે પશુરૂપ પ્રાણી, ધર્યો ધર્મ ના તો બધું ધૂળ ધાણી;
સહુ ધર્મ માંહે ધર્યો એજ ધારો, વીરા સાચવો ધર્મ સાચો તમારો.
હણે ધર્મ તો તુર્ત પંડે હણાયે; દીધાં દીવ્ય દૃષ્ટાંત ગ્રંથો ઘણાએ;
પરીપૂર્ણ રક્ષાય છે પાળનારો, વીરા સાચવો ધર્મ સાચો તમારો.
કસાઈ સદા કુશળી ક્ષેમ રે' છે, અને ધાડ ધર્મી ગૃહે એમ કે'જે;
નથી ઈશ્વરી નીમના એ વિચારો, વીરા સાચવો ધર્મ સાચો તમારો.
સગાં સંપત્તી જીવ સાથે ન જાયે, અરે આવશે કોણ ત્યારે સહાયે;
પળ્યો ધર્મ તે સ્વર્ગમાં લે જનારો, વીરા સાચવો ધર્મ સાચો તમારો.
સઉને શિરે ધર્મ સંજ્ઞા કરી છે, અધર્મી ગણે આપદાની છરી છે;
તરે તુમડું પા'ણ તો બુડનારો, વીરા સાચવો ધર્મ સાચો તમારો.
બને કાર્ય આરંભથી ન્યાય યુક્ત, કહે ધર્મ તને વડા આર્ય મુક્ત;
અનાચાર અધર્મ એ ભૂલ ભારો, વીરા સાચવો ધર્મ સાચો તમારો.
તજી જન્મ ભૂમિ જુઓ ધર્મ માટે, ચઢ્યા પારસી પાધરા હિંદ વાટે;
બચાવ્યો સ્થળે આ નથી એ લવારો, વીરા સાચવો ધર્મ સાચો તમારો.
થશે ધર્મથી ભ્રષ્ઠ તો શું રહેશે, જનો વાસ્તવે નામ નાસ્તિક કે'શે;
સુખીના સદા ધર્મને ભૂલનારો, વીરા સાચવો ધર્મ સાચો તમારો.
પ્રદેશે અધર્મી થશે ને સ્વદેશે, રહે શુદ્ધ શંકા ભરી વાત કે'શે;
અરે પાળશે તેહનો ધર્મ પ્યારો, વીરા સાચવો ધર્મ સાચો તમારો.
અનાવિલ બંધુ રહો ના અધુરા, સ્વધર્મે થજો આપ શ્રદ્ધાળુ પૂરા;
અજાણે વસેલા તજો દુર્વિકારો, વીરા સાચવો ધર્મ સાચો તમારો.

શાર્દૂલ વિક્રીડિત.

આપે આશીરવાદ આ અવનીમાં માબાપ સંતાનને,
થાજે તું શત વર્ષનો વિજયને ધારી મહા માનને;
બીજા આશીશ આપશે ધન અને ધાન્યાદિકે થા પૂરો,
મારી આશીશ એટલી ધરમના ક્ષેત્રો વિષે થા શૂરો

આવું અંધેર ક્યાં સુધી ચાલશે ?

હરિભજ વારંવાર, અરે જીવ હરિભજ વારંવાર-એ રાહ.

ચાલશે આવું અંધેર, કહાં સુધી ચાલશે આવું અંધેર ? ટેક.
વેદાંતી **अहं ब्रह्मास्मि** માને, હોય ન મનમાં મેર. કહાં સુધી ?
પ્રાણુ પોષવા પાઇ મળે નહીં, ચાહે દારૂની લહેર. કહાં સુધી ?
ભ્રાતૃ ભાવ મળે નહીં ઘરમાં, વહાલાંમાં વડું વેર. કહાં સુધી ?
ભ્રષ્ઠાચાર ઉંચ વર્ણનો સૂણી, કાન મારી ગયા બ્હેર. કહાં સુધી ?
ઉંચ નીચને ઓળખવાને, ફરતાં ન જડે ફેર. કહાં સુધી ?
શૂરા સૈનીક પુરા થયેથી, કો ન ઝાલે સમશેર. કહાં સુધી ?
જમવા બેસે બારમું તેરમું, વહે લોહીની નહેર. કહાં સુધી ?
ખરચો રૂપી લુટારા લૂટે, આવે ન આંખમાં ઝેર. કહાં સુધી ?
ઠરવાનું ઠીક ઠામ મળે નહીં. ઠગાઈ વધી ઠેર ઠેર. કહાં સુધી ?

જમાણવારમાં ઝેરના લાડુ.

સવૈયા બત્રીસા.

રામા રૂદન કરે ભુવનમાં, કંથ કુટુમ્બ હતો પોષું;
શોક તણો સાગર જ્યાં ઉલટયો, મરણ તણું દુખ ક્યમ શોષું ?
તેજ ઘરે શણગાર સજીને, ચાલ્યું હસતું જન ધાડું;
કેમ કરાર વળે છે કોઠે, જમતાં ઝેર તણા લાડુ ?
બાળક બાપ વિના બિચારાં, ગરીબડાં ફરતાં દીઠાં;
ત્યાં નાના વિધના ક્યમ તમને, ભાવે છે ભોજન મીઠાં ?
રૂધિર પાન સમાન યુવાનનું, જમણ જમી કરો તન ટાઢું;
કેમ કરાર વળે છે કોઠે, જમતાં ઝેર તણા લાડુ ?
રળીરળી જીંદગી ગુમાવી, નાના બાળક પોષંતાં;
મરનારે મરતાં નાંખ્યો નિશ્વાસ, ઉંડા મન શોષંતાં.

આ બાળક શું કરશે? એની કેડ થકી ન છુટું નાડું;
કેમ કરાર વળે છે કોઠે જમતાં ઝેર તણા લાડુ?
નાણાંના ઠેકાણા કરવા, ઠીક ઠરાવ તમે કીધો;
જીવિકા વૃક્ષ મૂક ધરેણે, મારગ બતલાવી દીધો,
કો પૈસો ધીરે નવ ત્યારે, કેમ કરી કરજે કાઢું;
કેમ કરાર વળે છે કોઠે, જમતાં ઝેર તણાં લાડુ?
ઉધાર લાવી સરસામાન ને, ખરચ કર્યો બનીઆ ખુશી;
મરનારાનો શોક હતો તે, અંતરથી નાખ્યો ભુંશી;
ઉઘરાણી થાતાંજ સગાઓ, દૂરથી જોય અરે બાડું;
કેમ કરાર વળે છે કોઠે, જમતાં ઝેર તણા લાડુ?
જેને મસ્તક એડું ભારે, તેને ભાર ચઢયો લાગે;
કરજ વળે નહીં તેમ વધારે, ચઢતો અંક નહીં ભાગે;
ચઢતાને ટેકો દે સરવે, પડતીમાં જોશે આડું;
કેમ કરાર વળે છે કોઠે, જમતાં ઝેર તણા લાડુ?
જમણવાર કરતાં જાગીરની, જમીન ગુમાવી કંઈ મૂઆ;
તેના બાળકને નથી મળતું, સુખે રાતે ઘર સૂવા;
પાસે પાઈ મળે નવ એકે, નથી કમાઈ ખરચે ભાડું;
કેમ કરાર વળે છે કોઠે, જમતાં ઝેર તણા લાડુ?
રડવાને બા'ને વેવાણો, લઢાઈ લઢવાને આવે;
દાડા પાણી તણી વધામણી, નિજ ગામે લેતી જાયે;
જમાઈ જાણે જાન ફરીથી, મોટું લઈ આવે ટાંડું;
કેમ કરાર વળે છે કોઠે, જમતાં ઝેર તણા લાડુ?
ખાઈ ખાઈ ખુંટાડી ઘરમાં ઉઠી ચાલ્યાં નિજ ઘેરે;
વહેનારો દુખનો દુર્ભાગી, વાળે દશા કઈ પેરે;
એહ સંબંધી કે નિકટના, જાણીતાં પરઠર ફાડું;
કેમ કરાર વળે છે કોઠે, જમતાં ઝેર તણા લાડુ?
કીધો દા'ડો મેણું ટાળ્યું, પણ લીધો દુખનો દહાડો;
કરજ તણી ફરતી વાડો કરી રંક બાળક ઘેરી પાડો;

ગુલામગીરીમાં વેચાઇ, સદા કાઢવાનો ઝાડુ;
કેમ કરાર વળે છે કોઠે, જમતાં ઝેર તણા લાડુ?
લોક લાલચુ જમવાની તો, હા કે ના કહી નવ કે'શે;
કરે ફજેતી થાશે ન કરે, તો મ્હેણાં ટુણાં દેશે;
એવું જશ અપજશનું અવળું જ્ઞાતિબંધન છે દાડુ;
કેમ કરાર વળે છે કોઠે, જમતાં ઝેર તણા લાડુ?

ચોપાઈ.

અતિ કષ્ટ વેઠી નિજ કાય, પેટ ભરી પૂરૂં નવ ખાય;
વરામાંય વાવરી અતૂલ, ધન ખોઇ છેડે બાંધે ધૂળ.
મોંઘા માલ તણો વેપાર, કરી ધન સંગ્રહ કર્યો અપાર;
વરો આવતાં ખરચી ખાય, ગૌ દોહી ગરધવને પાય.
ગરીબને ભણવા વિદ્યાય, પાઇ સ્વહસ્તે નવ ખરચાય;
વરા વિષે ખૂટે ભંડાર, તેવો નવો કરે વે'વાર.
અનાથના અર્ભક વિણ; નિતનિત થતાં જુએ તન ક્ષીણ;
કરે અખાડા વરે લુંટાય, રડે હંસ બગ બેઠો ખાય.
સો મણ રાઇ તણો પીંતરાઇ, વરે વિઘ્ન નાખે હરખાઇ;
તેને હાથ લીએ જશ છાપ, દૂધ પાઇ ઉછેરે સાપ.
અનાથને આશ્રમ નવ હોય, કુવા વાવ વિષે નવ તોય;
ધર્મ પંથમાં દે નવ ધ્યાન, નાતવરામાં માને માન.
આડે દિન દીએ નવ ટંક, રડી રડી જો માગે રંક;
વરા વિષે મીંચે છે નેત્ર, લુંટાવે અધિકું અન્ન ક્ષેત્ર.
રોજ રોટલા સુકા ખાય, ઘી દૂધ સેંજ નહીં વપરાય;
વરે કરે હરખે કંસાર, દુશ્મન મૂકે ઘૃતની ધાર.
જશ પામ્યો ક્યારે કે'વાય, ધરતી રેલમછેલ જણાય;
ઘી દૂધ ધરતીપર ઢોળાય, બાળકના હાથે જીવ જાય.
વરા વિષે રેડા રેડાય, નીર ઢળ્યું માની લેવાય;
બાળક માગે ખાતાં તૂપ, ચોંટી દઇ કહે રહેરે ચૂપ.
વરા વિષે ઘટ ઘી ઢોળાય, ઘરના જનથી ના બોલાય;
ઝાઝું જમનારા પરઘેર, નિજ ઘરનું અન્ન જાણે ઝેર.

વાળો પત્રાંહી આડે હાથ, પત્રાળીસું ભરશે બાથ;
જમ્યા પછી કહેશે નાદાન, ખાધું ધાન ઉતરીઉં માન.
મળતાની માનું ન નવાઈ, ઢોંક મારી ઢોંક ખાધી ભાઈ;
સંઘર્યું કષ્ટ કરીને વિત્ત જાણ્યું નવ હિત્ત કે અણહિત્ત.
કીડી કણ સાંચી હરખાય, વણ મેહેનતે તીતર ખાય;
જમનારાની એક દિન ભૂખ, ભાગી તેમાં ગણશે સુખ.
જમાડનારાને ઘર ખાડ, વર્ષ અનેક તણો રંજાડ;
વરા જમે નવરાનું કામ, એમાં શાનું ઉજવળ નામ;
વરા સાત પેઢીના કોણ, ગણી નામ મેળવશે હોણ.
વરો વાડમાં વરસી જાય, ખેતરને કાંઇ ગુણ નવ થાય;
ગરીબના ઘરમાં એ હાણ, થતાં હમેશા તાણમતાણ.

કાવ્ય છંદ.

ખાઇ પારકે વરે, ખુશી જે નર મન થાશે,
નિજ ઘેરે નવ કરે, આબરૂ તેની જાશે;
ઉછીનો વહેવાર, જમાડી જશ શું પામો,
પછી જમો છો તમો, મેળવો શું મહીં નામો.
કર્યો નહીં કો દિન, દીન અવસ્થા આવે,
પાછળ કેરા ખર્ચ, ઉપર પાણી ફરી જાવે;
શ્રીમંતો નવ કરે, વરો જો વડા પ્રસંગે,
જમનારાની ધાડ, બાઝશે તેને અંગે.
"પાછળ કેરા ખર્ચ, ઉપર ફેરવીઉં પાણી,
કુળમાંહે અંગાર, ઉપન્યો થયું ધૂળધાણી;
વડવાઓને કેમ, ખર્ચમાં ખોટ ના આવી.
આવ્યો કળીજુગ આજ, વાપરી બુદ્ધિ આ'વી."
(પણ) વિચારે નવ વાત, શ્રીમંતો કોઇ કરશે,
રંકો મરે તણાઇ, પેટ પાછળ કાં ભરશે;
વેચી સાટી સર્વ, વેઠશે વગડો વારૂ,
એથી અધિક ઉત્તમ, વરો નવ કરવો સારૂં.

વરા વિષે હરખાઇ, ઉધારે હાથી બાંધો,
પાછળ પોષણ કોણ, કરે મનસુબો સાંધો;
તરત બુદ્ધિની ટેવ, નથી પાછળ પસ્તાશો,
જમનારા નરનાંજ, પગરખા પાછળ ખાશો.
આગળ કરતાં વરો હતા ઘી ગોળજ સોંઘા,
ઉપજતું અતિ અન્ન, હવે જુઓ બહુ મોંઘા;
પાંચ પચાસ રૂપૈયા, ઉછીના દેતા આપી,
આજ વ્યાજ રોકડું, વટાવે લે છે કાપી.
પઢાવવા મુજ પુત્ર, અને મમ પુત્રી વા'લી,
બાર માસનું અન્ન, નથી સૌ પૈસે ખાલી;
એ વદવાનો વખત, સખત થૈ ક્યાંથી આવ્યો.
નાત વરારે અરે, કે'ર તેં આ વરતાવ્યો.

ઇંદ્રિવિજય.

તેડું થયું જમવા જન ભોજન, ઘેર થકી નિકળ્યા સૌ ટોળે,
સુંદરતા છબીલા નરની નીરખો, સ્વચ્છ પાત્ર ધર્યું કર પોતે;
હોળી દીધા શિર વાળ મહીંજ, સુવાસિત તેલ ભર્યું ભર કોડે,
કીધું કપાળ તણા બીચ ભાગ વિષે, તલમાત્રજ બિંદુ મરોડે.
અંગ તણો શણગાર સુશોભિત, અંગુલીએ ઝળકે વીંટી જ્યોતી,
કાન તણી અણી ઉપલીએ, અતિ ઓપીત વાળી તણાં શુભ મોતી;
કોર દિસે કસબી કદની, કટિએ સજીઓ અધિકાજ પનાનો,
શી રહી આમ મણા જમનારની, કોણ કહે ધન ધાન્ય વિનાનો.
રે મમ ભાઇ વિચાર કરો કરવી ન હતી બધી આ હલકાઇ,
ભ્રષ્ટ ભૂમિ થયલી ધૂળમાં, જઇ બેસવું નહિ જશો છલકાઇ;
મસ્તક ઓડુ કરી ઘડીવાર, અને પરહસ્તક માગવું ખાવું,
બંધ કરો મમ બંધુ વરા, નિજ નાતની હાની કરી હરખાવું.
નાનપણાથી પડી ગઇ ટેવ, વરા જમવા તણી આપણને છે,
કામ મુકે ન ચુકે જમવું, જમી તુર્તજ વાહ ઉચ્ચાર વદે છે;

વાહુ ઉચ્ચાર પછાડી નડે પણ, આગળ કોણ વિચાર કરે છે,
પશ્ચિમ બુદ્ધિતણી ભૂલમાં બહુ, મુદ્દલ વાપરી વ્યાજ ભરે છે.
જો ધન હોય મળ્યું તમને, ખરચો બહુ ધર્મ તણે જઇ ખાતે,
આશીષ લેઇ શકો જન રંકની, નિત્ય પ્રભાત થકી ગુણ ગાતે;
ભારી વશ કરી વ્યાજ ભરી, ઘરગામ ગુમાવી વહોરી ફજેતી,
રે ચડસા ચડસી કરતાં પણ, આપણી કોમ હજી નવ ચેતી.

ભાષા સ્વરૂપ.

મનહર છંદ.

પારસી લોકો આવીને, ગુજરાતી ભાષા ભણ્યા,
ભાગા તુટા શબ્દો બોલીને બગાડીઆ;
બોલવા પ્રમાણે ગ્રંથ, ગુંથવામાં જોડયા બોલ,
"પારસી ગુજરાતી" ના અક્ષર ઉગાડીઆ.
રાજ ઇંગ્રેજી થયું, ભાષા પણ તેની ભણ્યા,
ગુજરાતી બોલવામાં, ઇંગ્રેજી અડાડયું છે;
વિદ્વાનોએ કહી એને "ઢેડ ગુજરાતી" ભાષા,
ગુજરાતી ભાષા કેરૂં, ગૌરવ ઘટાડયું છે.
ઉંચી કેળવણી માંહે ગરવી ગિર્વાણ વાણી,
શીખવી જણાઈ સખ્ત અભ્યાસીના ઉરમાં;
અન્ય ભાષાનો અભ્યાસ આેટોપે થવાને ખાસ,
સંસ્કૃતનો ત્યાં સુવાસ પ્રસરે ન પુરમાં.
એવા અભ્યાસીઓ આજે અરધા ઇંગ્રેજી ઉર્દુ,
ગણ્યા ગાંઠયા વણ્યા બોલ ગુજરાતી બોલશે;
અભણુને ભણેલાઓ ભાષા વણસાણે ત્યારે,
ગુજરાતીના ગુંચેલા વાળ કોણ હોળશે?
એકજ જાતિમાં શબ્દો વદતા વોરાજી સૂણ્યા,
લોટીઆ વોરાની વોરાસાઈ ત્યાં લખાઇ છે;

દૃઢાગ્રહી ગ્રાન્ચુએટો ગીરવાણુ વાણી ભણ્યા,
ગુજરાતી તેની "સંસ્કૃતમયી" ઓળખાઈ છે.
"જુની ગુજરાતી સ્થાપી ઓપ આપી શ્રેષ્ઠ સ્થાપી,
ભાષા ભક્તોએ સુચિહ્ન નવું દરશાવ્યું છે;
સ્નાહ કરાવીને શુદ્ધ અલંકાર યુકત કરી,
ગુર્જરી પટ્ટરાણી રાણીનું રૂપ પરખાવ્યું છે.
ગુજરાતી ભાષા કેરી આગગાડી વિષે હાલ,
સરવે વરણુ ભેળા લોક તો ભરાયા છે;
ભાષા અભિમાની ભકત ગણીને આભડછેટ,
સંકોચાઈ શરમાઇ ઘણા ગભરાયા છે.
ગડબડ થાય ગાડી ચાલે છે ઝપાટાબંધ,
વધતો વિવાદ ચાલે શુદ્ધાશુદ્ધ વાતમાં;
જેને જેમ ફાવે તેમ બોલી બરબડી ઉઠયા,
શુદ્ધ કેમ રહી શકે આ: અનેક જાતમાં.

ભલીવાર શેમા છે?

ભુજંગી છંદ.

તજી સત્ય લાચાર થૈ કૈંક ચુકયા, પહાણા વહેવારને દ્વાર મુકયા;
રહ્યા ચર્ણ ના સ્થિર તો લીધી લાહે, રહી ના ભલીવાર આવાર માંહે.
જુવાની ગુમાવે અવિદ્યા થકીરે, ગૃહે ભાર સંસારનો સર્વ શિરે;
કહાંથી મળે કીર્તિ કલ્યાણ ચાહે, રહી ના ભલીવાર આવાર માંહે.
પિતા જીવતા પુત્ર તો મર્ણ પામે, પડે દુખના ડુંગરો આવા સામે;
પડયા ઉપરે પાટુએ નિત્ય દાહે, રહી ના ભલીવાર આવાર માંહે.
ગ્રહસ્થો તજી ધર્મ ઘૂમે સ્વછંદે, વળી વૃદ્ધ ને બાળ તેનાં ન વંદે;
જુઠી નારનો છે અધિકાર જ્યાંહે, રહી ના ભલીવાર આવાર માંહે.
કહે સત્ય તો ઓળિયા પેર લાગે, સુવકતા સદાચારીનો સંગ ત્યાગે;
રહે રાજી સુખે જુઠી વાહ વાહે, રહી ના ભલીવાર આવાર માંહે.

પિતા પુત્ર પુત્રી અને પત્ની પ્યારી, વિરોધી વડાં થૈ સહે દુઃખ ભારી;
કદી ના રહે સર્વ સારી સલાહે, રહી ના ભલીવાર આવાર માંહે.
જુઠું બોલતાં સઘ ના આજ લાજે તજે સત્યતા આપના સ્વાર્થ કાજે;
તજી તિર્થને ખાડમાં એહ નાહે, રહી ના ભલીવાર આવાર માંહે.
ઘટયા દામ શેખાઈ વાધી વિશેષે, બની ભ્રષ્ટ બુદ્ધિ જહાં બાળ વેશે;
નહીં વાપરો કે' ચઢાવેજ બાંહે, રહી ના ભલીવાર આવાર માંહે.
સડે ધર્મ શિરોમણી ઘેર ગ્રંથો, બતાવે અમૂલા સુવિચાર પંથો;
કરે કોણ તેના ભણી તો નિગાહે, રહી ના ભલીવાર આવાર માંહે.
જમાઈતણું તો ચહે સર્વ ખાવા, દીએ પુત્રી ચોરી થકી કે'જ વાવા;
ન કે' માત તો ચાલવા સત્ય રાહે, રહી ના ભલીવાર આવાર માંહે.
ન માગ્યા મળે મેઘ ના અન્ન પાકે, ક્ષુધાતુર રંકો ચડયા દુખ ચાકે;
તજી ગામ દેશાં વસે વૃક્ષ છાંયે, રહી ના ભલીવાર આવાર માંહે.
પડી પેટની પેલી પંચાતી પૂરી, દુકાળે જનો નાખીઆ દીન ચૂરી;
વળી રોગની આ સ્થળે લાગી લાહે, રહી ના ભલીવાર આવાર માંહે.
દ્વિજો કૈં થયા કર્મમાં ભ્રષ્ઠ પૂરા, જમે શૂદ્ર કેરા વળી લાડુ શૂરા;
નહીં વર્ણ આશ્રમના ભેદ ત્યાંહે, રહી ના ભલીવાર આવાર માંહે
પશુ પેર પુત્રી વળી કોક વેચે, કઢાવે ઘણો ગર્થ તો દાવ પેચે;
ભરોસે વળી કેટલા વ્યર્થ વાહે, રહી ના ભલીવાર આવાર માંહે.
પ્રદેશી નવી ચીજનો મોહ છુટયો, સ્વકારીગરીનો વડો દોર તૂટયો;
કર્યો બંધ ધંધો વળી વ્યાજુ શાહે, રહી ના ભલીવાર આવાર માંહે.
કહીં રોગચારો ભુમિકંપ ભારે, ખુવારી થતી જાય ઝાઝી અત્યારે.
વીંસી રૂદ્રનીમાં વદે ત્રાહિ ત્રાહે, રહી ના ભલીવાર આવાર માંહે.

મનહર છંદ.

સ્વધર્મના મર્મ સમજાવનાર ગુરૂ નથી,
પર ધર્મમાં પ્રવેશ કરે છે ઝાહેરમાં;
આર્ય ધર્મના અનેક ફાંટા વડવાઇ પેરે,
વધી વાદ વિવાદથી વૃક્ષ થયાં વેરના.

ઉંચમાં અભક્ષ્યાભક્ષ્યનો આભડછેટ નથી,
પક્ષકાર મળે લડે નીબે વહેવારમાં;
કળીના કૌતૂક કહું પડતીના ચિહ્ન લહું,
રહ્યો નહિ કહીં સાર, વિપરીત વારમાં.

એ ભણતરમાં ભલીવાર શું ?

ભુજંગી છંદ.

પઢી પાઠશાળા વિષે બાળ વેશે, મહા આશથી નોકરી નાની લેશે;
વધે ના અધિકાર પૈસે ભુખાળો, ભણ્યામાં ભલીવાર શું ભાઇ ભાળો.
મહા કષ્ટ તો અષ્ટ પોહોર વેઠી, પઢયો તંદુરસ્તીજ પાતાળ પેઠી;
શરીરે થયો સર્વદાનો દુખાળો, ભણ્યામાં ભલીવાર શું ભાઇ ભાળો.
મહા મેળવ્યું જ્ઞાન પોતે મજેનું, ન દીધું અરે અન્યને દાન તેનું;
રખેવાળ બેઠો થઈ નાગ કાળો, ભણ્યામાં ભલીવાર શું ભાઇ ભાળો.
અભિમાની તે જ્ઞાનનો પૂર્ણ માની, થયો ને કરે વાત બુદ્ધિ વિનાની;
રહે ગર્વથી સર્વમાં તે નિરાળો, ભણ્યામાં ભલીવાર શું ભાઇ ભાળો.
નહીં કોઇ મોટાઇથી હાથ કાઢે, રડે રાત દી મંદિરે રોજ રાઢે,
અરે સંતાન અજ્ઞાન તેનાં નિહાળો, ભણ્યામાં ભલીવાર શું ભાઈ ભાળો.
વયોવૃદ્ધ માતા પિતા દુખ પામે, સુદૃષ્ટિ નહીં ફેરવે તેની સામે;
ફરે જેમ કો સાર્ણીનો હોય સાળો, ભણ્યામાં ભલીવાર શું ભાઈ ભાળો.
ગણી સ્નેહી જાચે દુખીકો દુકાળે, ધરે આશ કે આ તકે એજ પાળે;
પ્રજાળે તપી તેમને વહ્નિ લાળો, ભણ્યામાં ભલીવાર શું ભાઇ ભાળો.
બની રંકનો બેશ્રી આશીશ લીધી, નહીં સાંભળી કોઇએ વાત કીધી;
અરે જગતમાં કોણ કેરો જશાળો, ભણ્યામાં ભલીવાર શું ભાઈ ભાળો.
નકી સ્વાર્થની તે સમાધી ચલાવે, થશે દુખ કોને હૃદે તે ન લાવે;
અરણ્યે ફરે પારધી પાપી પાળો, ભણ્યામાં ભલીવાર શું ભાઇ ભાળો.
પિતા દામ ખોઇ ભણાવે ન ચાલે, કમાયા પછી કોડી એકે ન આલે;
ફરે આપના પેટ માટેજ ટાળો, ભણ્યામાં ભલીવાર શું ભાઇ ભાળો.

સદાચારથી વેગળો સર્વ ઠામે, અનાચારમાં હોય પહેલ નામે;
અભાગી અશ્રદ્ધાળુનું નામ બાળો, ભણ્યામાં ભલીવાર શું ભાઈ ભાળો.
અભિમાનથી ના સ્મર્યો સૃષ્ટિ કર્ત્તા, કૃતઘ્ની થયો જન્મ લૈ પાપ ભર્તા;
અવિનાશી પાસે જશે એશીઆળો, ભણ્યામાં ભલીવાર શું ભાઈ ભાળો.
ન લોકોતણું કાંઈ કલ્યાણ કીધું, સ્વ સત્તા છતાં સ્વલ્પ દાને ન દીધું;
મુખેથી સહુઆ દીએ ઝેરી ગાળો, ભણ્યામાં ભલીવાર શું ભાઈ ભાળો.

દોહરો.

ભણ્યા ન હોયે ભ્રાતૃઓ, શું શીખવે વે'વાર;
કેમ ન પીરસે નાતમાં, ભડકીમાં ભલીવાર.

જન્મારો ધૂળધાણી કોણે કર્યો?

ભુજંગી છંદ.

સહી સંકટો સંગ્રહી સુકમાઈ, ન પુન્યે કદી વાપરી એક પાઈ;
વદે છે વહેવારીઆ વેદ વાણી, ધરામાં ધર્યો જન્મ તે ધૂળધાણી.
રહ્યો સર્વદા સત્ય કર્મોથી ન્યારો, ધર્યો ધર્મનો એક ના શુદ્ધ આરો;
ન ઉધે ન જાગે યદા આંખ કાણી, ધરામાં ધર્યો જન્મ તે ધૂળધાણી.
મળ્યો માનવી દેહ જે આ અમુલો, ભ્રમે બ્રહ્મનો પંથ થૈ હંસ ભૂલ્યો;
ન કીધાં જુદાં ઓળખી દુધ પાણી, ધરામાં ધર્યો જન્મ તે ધૂળધાણી.
શૂરો તો સુરાપાન માંહે ગણાઇ, કુદયો સાગરે ને મુઓ ત્યાં તણાઇ;
જુએ ને કુએ પત્નિ બોલેજ શાણી, ધરામાં ધર્યો જન્મ તે ધૂળધાણી.
સદા કેફમાં આંખ આખી વીંચાઈ; પડી બુદ્ધિ કુઠામ માંહે વીંટાઈ;
કરે પારખું અંધ થૈ ઝેર જાણી, ધરામાં ધર્યો જન્મ તે ધૂળધાણી.
બની વિધવા બાપડી કોય નારી, લીધા સોળ શૃંગાર તેના ઉતારી;
સહે કષ્ટ તે સર્વદા રંક પ્રાણી, ધરામાં ધર્યો જન્મ તે ધૂળધાણી.
વિવાહીત કન્યા થયે સાસરામાં, જઈને સમાલ્યું નહીં સુસમામાં;
સ્થપાએ ન મંદિરની રૂડી રાણી, ધરામાં ધર્યો જન્મ તે ધૂળધાણી.

કજોડું બન્યું બાપડું બાળલગ્ને, નહીં દંપતી ધર્મ પિછાન અગ્રે;
ગૃહસ્થાશ્રમે બેઉ પીલાય ઘાણી, ધરામાં ધર્યો જન્મ તે ધૂળધાણી.
વ્યભિચાર જાણે અનાચાર પૂરો, છતાં તે કુછંદે ચડી થાય શૂરો;
ન છૂટે અરે ત્યાંથી લે કોઇ તાણી, ધરામાં ધર્યો જન્મ તે ધૂળધાણી.
મળ્યા માન મોટાઇ ને રૂડી રિદ્ધિ, થઈ ના વયે એક સંતાન સિદ્ધિ;
કહે લોક કુકર્મ કેરી કહાણી, ધરામાં ધર્યો જન્મ તે ધૂળધાણી.
મહા ભોગવ્યા ભોગ રોગે ભરેલા, દિલે ઉતર્યો દુખના કોડ રેલા;
કરી આત્મહત્યા થકી દેહલાગણી, ધરામાં ધર્યો જન્મ તે ધૂળધાણી.
ઉછેરે પિતા પ્યારથી ગુણી માતા, પ્રતિપાલના ના કરી વૃદ્ધ થાતાં;
નહીં સેવના આગલી ત્યાં પિછાની, ધરામાં ધર્યો જન્મ તે ધૂળધાણી.
પચાવે પરાઇ ચીજો ધર્મ છોડી, ન આપે અપાવે તહાં એક કોડી;
શુભાશીષ રંકો દીએ શું વખાણી, ધરામાં ધર્યો જન્મ તે ધૂળધાણી.
કરી કંજુસાઇ નહીં પ્રાણ પાળ્યો, ક્ષુધા ને તૃષા વેઠી પંડે પ્રજાળ્યો;
દશાથી મુવે ઉજવાવે ઉજાણી, ધરામાં ધર્યો જન્મ તે ધૂળધાણી.
કુંવારો મરે કામની કોડ માંહે, દુજો લગ્ન કીધા થકી ખૂબ દાહે;
ભજ્યા ના પ્રભુ વાત છેલ્લે પ્રમાણી, ધરામાં ધર્યો જન્મ તે ધૂળધાણી.
ચડી ચોરી ચાડી અને જારી ઝાઝી, કહે ધિક્ક લોકો મરે મૂર્ખ લાજી;
ગણાયે કુડા કર્મનો તે કરાણી, ધરામાં ધર્યો જન્મ તે ધૂળધાણી.
તજી ધર્મ ફૂલ્યો ઘણા કર્મ કીધાં, કર્યો કુળનો ધ્વંસ ના કાર્ય સીધાં;
ધરો શીખ આ અંતરે વાત આણી, ધરામાં ધર્યો જન્મ તે ધૂળધાણી.
વ્યભિચારી જ્યાં રાવણે ધી પ્રકાશી, સીતા ઘેર આણી કરીને નિરાશી;
ન સંતાન વાળ્યું ન વાતો અજાણી, ધરામાં ધર્યો જન્મ તે ધૂળધાણી.
મસાણે પડયાં કાષ્ટ જે માનવીના, કર્યો લગ્ન તે સાથ કન્યાપરીના;
જશે તુર્ત સૌભાગ્ય કેરી નિશાની, ધરામાં ધર્યો જન્મ તે ધૂળધાણી.
વિના વાંકથી જે નરો બંધ તોડી, ફરીથી કરે લગ્ન સ્રી થાય કોડી;
ઉડી જાય જુવારની જેમ ધાણી, ધરામાં ધર્યો જન્મ તે ધૂળધાણી.
સૂણો સૌ અનાવિલ ભ્રાતા અમારા, સુધર્મે રહી શાન્તિ પામો સવારા;
કરો ના અધર્મે તમે વ્યર્થ હાણી, ધરામાં ધર્યો જન્મ તે ધૂળધાણી.

ચડતી પડતી.

ચોપાઈ.

સર્વોત્તમ સુરજનું તેજ, બરોબરી કો ન કરી શકેજ;
દળવાદળ ગ્રહણે ઘેરાય, સરવે દિન સરખા નવ જાય.
શશીને પણ ક્ષય વૃદ્ધી હોય, કાળપ કેમ મટાડે કોય;
અનિયમિત અસ્તોદય થાય, સરવે દિન સરખા નવ જાય.
ઘટીયંત્ર સમ મનુષ્ય શરીર, ચાલે ચઢે ગિરિ ગંભીર;
અણધાર્યુંજ રહી જર બાય, સરવે દિન સરખા નવ જાય.
ત્રણ ઋતુના પણ ત્યમ હાલ, ટાઢ તાપ ને વરષાકાળ;
ત્રણનાં જુજવાં રૂપ જણાય, સરવે દિન સરખા નવ જાય.
પ્રાણી માત્રના છે ત્રણ હાલ, બાળક જોબન ને વૃદ્ધ કાળ;
ઉદ્‌ભિજની પણ એ ગણુનાય, સરવે દિન સરખા નવ જાય.
મળે કોય દિન ધનના કૂપ, લખેશરી નીકળે ધરી રૂપ;
લે કો દિન લાચારે લાય, સરવે દિન સરખા નવ જાય.
રીઝે રંક ઉપર દરબાર, દલદર ફેડી દે ઘરબાર;
ખીજે ગરીબ બનાવે ગાય, સરવે દિન સરખા નવ જાય.
દે સાસુ વહુને બહુ દુખ, ઘરવર જરથી કરે વિમુખ;
ઘડપણવારામાં કષ્ટાય, સરવે દિન સરખા નવ જાય.
નણુંદ વળી ઢમકાવે ઢોલ, ઉર આનંદ તણો નવ બોલ;
વળતી વસવાના વાંધાય, સરવે દિન સરખા નવ જાય.
સુખ સંઘરવા સૌ આતુર, દુખથી ડગ સો નાસે દૂર;
પણ સુખ દુખની ફરતી છાંય, સરવે દિન સરખા નવ જાય.

આપણે શું ઉકાળ્યું?

પદમણી પ્યારથીરે પ્રતિદિન રાખીશ પાસ એ રાહે.

કહો ક્યાં છે કર્યુંરે ઉજવળ આજ અનાવિલ નામ?
પોથાંના થોથાં કરી થાકી રખડવા લાગ્યારે,

ચાર બોલાવે ચઉદજ આવે, મળે મોં માગ્યારે;
દેશી કારીગરી ગઈ ડૂબી, વિસર્યા ધંધો આપ,
પર આશાપર આ શી માંડી ભપકે ભુંડી ત્રાપ. કહો ક્યાં છે?

બ્રહ્મચર્યવ્રત ગયું વિલાતે, થાય બાળ લગ્નોરે,
મૃત્યુ મુખ આગળ ઉભેલું, ભમે શિર વિઘ્નોરે.
શૌર્ય ગયું ઢીંગલા સરખા નર, થરથર ધ્રુજતા ચર્ણ,
ધપ્પો મારે રડી પડેને, ઢળી જાય છે ધર્ણ. કહો ક્યાં છે?

પ્રેમ પરીક્ષા કહાં થાય છે? કોણ વિચારેરે,
કુમળી વયમાં ક્યાં દાબો છો, ઝુંસરી ભારેરે;
પરણાવી પરવાર્યાં પોતે, માને મા ને બાપ,
વીસ વર્ષમાં વંઝા મેંણું માનની માથે માપ. કહો ક્યાં છે?

નાતવરા વરઘોડા માંહે, નાણા નાખોરે,
પરંપરાનો પ્રવાહ ગાંડો, કટુ ફળ ચાખોરે;
તેજ ઉડે જોતાં જોતાંમાં, દશા થશે વિપરીત,
ચેતાવી થાક્યા બહુ ચતુરો, સમજ્યા નથી સ્વહિત. કહો ક્યાં છે?

ધર્મ સુત્રો ધૂળમાં રગડોળી, મલીન થાતારે,
અધર્મમાં વૃત્તિ વળગાવી, થઇ મદમાતારે;
ત્રણનો આવક વરો તેરનો, વેઠે દારૂણ દુઃખ,
ઉડાઉની આશા મિથ્યાએ, કદી ન ભાગે ભૂખ. કહો ક્યાં છે;

સ્ત્રી કેળવણી તણા પ્રયત્નો, દબાવીને ઠારે,
ઉતારી આંગણે પગરખાં, ઘરમાં પેઠારે;
અભણ ભામની ઘરમાં જાતાં, માંડે નિત કંકાસ,
માગો મુખથી મરણ તહાં તો, જીવ્યાની તજી આશ. કહો ક્યાં છે?

રોવા કુટવાના રિવાજે, શુરજ છુટેરે,
નહિ જાણે સૌ લાજજ મારી, ખરેખર ખુટેરે;
જુવાન મરતાં તો ધીંગાણા, મંડે આખી રાત,
આઈ પવાડા કરી ભવેડા જાય ઘસંતા હાથ. કહો ક્યાં છે?

ઉપરથી "અચ્છી"જ ટાપટીપ, રાખવા શીખ્યારે,
ભીતરની જોવાઇ ન જાયે, વાળ જ્યમ પીંખ્યારે;
મંડપમાં અંદર રહે શોભા, ઉપર તો વાંસોરે,
ગૃહસ્થના એવા ગુણ ભાળો, અન્યનો સાંસોરે. કહો ક્યાં છે?
વૃદ્ધ જનોના સ્વહિતકારક, વચન ઉથાપેરે,
અમે ભણ્યા ને ઘરડા ગાંડા, આળ એ આપેરે;
પણ ઘરડાના ગયા પાંસરા, વરસ એટલા દીન્ન,
ઓ ભણનારા નથી જનારા, પંથ તમારા ભિન્ન. કહો ક્યાં છે?
સ્નાન સંધ્યા વર્જીત થઇ વંઠયા, વાત નહીં નાનીરે;
પ્રમદાની બુદ્ધિને મૂકો, પગની પહાનીરે.
પ્રાણાયામ કરે સંડાસે, બીડીના પંચ યજ્ઞ;
જાપ જપે છે સોળ રામના, તે મળતામાં મગ્ન. કહો ક્યાં છે?
દશા હવે વર્ણું શું વધતી, જેહ દુખ કર્ત્તારે;
અનાવિલ અવિનાશી ડુબતા તરત કર તરતારે.
તરી નીકળે બ્હાર બદલતાં, વસ્ત્રો વીર મનાઇ;
શસ્ત્ર સજી જશના ઝમકાવો, દુર્લભ અવસરમાંઇ. કહો ક્યાં છે?

બ્રહ્મચર્યવૃત.

પદ.

તમને આરાધું અન્ન દેવ–એ રાહ.

પળાવો બ્રહ્મચર્યવ્રત સાર પ્રથમાશ્રમનો કરો પ્રસાર—ટેક.
મનુષ્યહિત માટે મનુજીએ, જન્મારાના ચાર;
આશ્રમ પૂલ રચ્યા ઓલંબતાં, ઉતારે ભવપાર—પળાવો.
શૌર્ય ધૈર્ય અનિવાર્ય આર્યમાં, અતિશય દીપ્યમાન;
આજ એહ અટવાઇ ગયું, ઉડી ગયા પ્રાણ સમાન—પળાવો.
સુંદર સુદૃઢ રહે ભુવન જો, પાકું મૂળ મંડાણ;
પાયાવિણ પડે ઉથલાઇ, પર્વતથી જ્યમ પ્હાણ—પળાવો.

પાચો પે'લો બ્રહ્મચર્યનો, બળ વર્ધક બહુ બેશ;
ઉપનયન આપી અભ્યાસે, વળાવજો પરદેશ—પળાવો.
આજ રિવાજ જુઓ બટુકને, મામો મનાવા જાય;
સર્પ ગયા ને રહ્યા લીસોટા, બાળ રમત કે'વાય—પળાવો.
જનોઇ આપ્યું કે ઝડપાઇ, જાય લગ્નને લા'વ;
કિશોર વયમાં વહુ સોંપો એ, નીર વિનાશી નાવ—પળાવો.
ભિષ્મ પિતા હનુમાન રામને, ફરસી ધર બળવાન;
પાંચ પાંડવો પૃથ્વી ધૂજ્યા, આજ થાય અપમાન—પળાવો.
બ્રહ્મચર્યવ્રત પાળી પૂરણુ, ઉત્તમ લે અધિકાર;
ગૃહસ્થ ગુણુવંતાજ ગણાયે, સરવેના આધાર—પળાવો.
રાજકાજ રિદ્ધિ ભોગવતા, જો ઇંગ્રેજો આજ;
મહિમા બ્રહ્મચર્યવ્રતનો એ, આર્યજનો તારાજ—પળાવો.
ભણુવા સાધન હોય નજીક તો, પણુ વ્રતપર દૃઢ ભાવ;
રાખો વિર્યવંતા પોષક થઇ, પીડક રૂંઝવો ઘાવ—પળાવો.
નાની વયમાં લગ્ન કર્યાનો, શાસ્ત્રે નથી ઠરાવ;
રૂઢી બળવત્તર થઇ પડી છે, સાધી લ્યો ઝટ દાવ—પળાવો.

લલ્લુભાઇ વિરહાષ્ટક.

મનહર છંદ.

અંબાલાલ દેશાઇના સુત લલ્લુભાઇ નામે,
સરભોણુ વાસી વીર વસ્યા જઇ સ્વર્ગમાં;
લાયક લાખેણા નર કેરી ખોટ જ્ઞાતિ માંહે,
સૌરાષ્ટ્રે મનાઇ તેવીજ વકીલ વર્ગમાં.
અરે ભુંડા કાળ તાપ રૂપે વિકરાળ થઇ,
સુકવ્યું નિર્મળ નીર માન સરોવરનું;
સર્કરાના કટકા સમાન જાતા સુશાણ,
વેણુ વ્હાલું હરકોઇ આંપણુના ઘરનું.

વયે વૃદ્ધ હતા પણ વિચાર પુરાણા નો'તા,
સંગીન સુધારા તણા હતા એ હિમાયતી;
સ્વજ્ઞાતિમાં ઉધી રૂઢી કેરો અધિકાર જોઇ,
કરી ફીટકાર અને વાપરી મહામતી.
સુધારાનો ઝુંડો ઝાલી ખરચ લીધો સંભાળી,
ગૃહસ્થોના વિચારોની મેળવી સહાયતા;
સોંપી સરદારી પછી હરરાયજીને હાથ,
સદાકાળ એ કાર્યોની થાશેજ ચહાયતા.
સુરતના સુરભાઇ સુત શ્રી દોલતરાય,
બારિષ્ટર બન્યા કળી ખીલતી ખરી પડી;
વિકાસી ન પાંખડીઓ વાસના રહી ભીતર,
માળી તો રહ્યો મુંઝાઇ ત્યાંય આખરે રહ્યો રડી.
ગયા ગણદેવી કેરા દેશાઇજી હરરાય,
જ્ઞાતિ હિતારથે જેણે ઝુંબેસ ઉઠાવીતી;
હૈયેથી ન હજી જેનો શોક વિસરાયો નથી,
આવી લલ્લુભાઇ દુખદાયી મર્ણની તિથિ.
હાલ એના યોજાએલા ઉપાયે રૂઢી ના હઠી,
સુધારાનું બંધારણ વ્યર્થ ગયું ગણશું;
વિદ્યાના વધારા થકી યશદાયી એજ પાયે,
ચાર દા'ડે સુધારાનો કીર્તિ સ્તંભ ચણશું.
અનાવિલ સમાજના અગ્રેસર થયા પછી,
પિતારૂપે પાળવાની પ્રતિજ્ઞા લીધી ખરી;
વિગ્રહ વિદાર્યો વડે સમજ શકતીના યોગે;
સ્વજાતિ સભાસદોમાં સલાહ સંપે કરી.
શ્રીમંત દેશાઈ હરરાયજીએ ધારા બાંધ્યા,
સ્વજાતિની દાઝ કેરી વૃષ્ટિ વરસાવતા;
અનાવિલ પ્રજાને તે આવ્યા ન પ્રસનતામાં,
વિશ્વપતિ પાસ ગયા દાદ દરશાવતા.

જરૂર જણાઇ વિશ્વના વડા વકીલ કેરી,
લાયકાત વાળા લલ્લુભાઇ ઓળખાવીઆ;
અનાવિલ સમાજના પ્રમુખ સ્થાનેથી ઉઠી,
જ્ઞાતિના હિતાર્થજ સ્વર્ગમાં સીધાવીઆ.
બન્નેવ વીરોએ વાસનાના બીજ વેર્યાં છે તે,
ઉગતા યુવાનો હાથે તે ઉછાર્યાં જોઇએ;
બુભુક્ષિત બાળકો એ વૃક્ષના અમરફળો,
ખાઇને આશીશ દેશે પાછળથી કોઇએ.
વાવનારના સુપાત્ર સપુતોને સવિનય,
કરૂં વિનંતી તે તમે અંગિકાર કરશો;
પુજ્ય પિતાશ્રીનાં રૂડાં પગલાંએ ચાલી આજ,
વાડીનાં વૃક્ષો ઉછારી પૂણ્યને સંઘરશો.
અંગુલી_વેઢે ગણાતા સમાજના શુભેચ્છકો,
તન મન ધન કરે કોડે અરપણમાં;
એવે સમે લલ્લુભાઇ કેરી ખોટ લાખ વસા,
સમાજ વિશુદ્ધી રંગ દેખો દરપણમાં.
ગુણના શીખાડનારા જ્ઞાની ગુરૂ રૂપે હતા,
વરિષ્ટ વિગતદાતા વખાણું વકીલને;
અંત પર્યંત આશાઓ રાખી શુભેચ્છા કેરી,
જડશે ન જન માંહી એવા અનાવિલને.
સ્વાર્થને માટે પશુ પણ પ્રયત્નો કરે છે,
પરમારથી પ્રયત્ન પહેલો પંકાય છે;
પારસી ને વોરાઓના ઉદારી સુકૃત્યો દેખો,
આપણી જ્ઞાતે અહુણાં ઓછાજ અંકાય છે.
ઓછાજ અંકાવા લાગ્યા અનાવિલ ઝટ જાગ્યા,
શુભેચ્છકોએ કરી ત્યાં સમાજની સ્થાપના;
પડતાં આખડતાંને મરતા લગી ન મૂકો,
લલ્લુભાઈ દાખી ગયા દૃષ્ટાંતેજ આપના.

બળવંતરાવનો સ્વર્ગવાસ.

રાગ પરજ.

સુધારાનો સાચો સુકાનીરે, જતાં બળવંત થઈ હાનીરે; ટેક.
બનવા જોગ બનાવ ન માન્યો, જુવાન જીવવા જોગ;
પંચભૂતની પુતળી પ્રતિકુળ, થઇ ગઈ રોગનો ભોગ. સુધારાનો.
વયોવૃદ્ધ પિતા ખંડુભાઇને, ખરે પડી ખરી ખોટ;
કનિષ્ઠ બંધુ કુંવરજીનો, કર તરછોડયો કોટ. સુધારાનો.
કોડે વરેલી કામની ઘરમાં, કરતી મૂકી કલ્પાંત;
સોંપી છૈયાંને સ્વર્ગ સિધાવ્યો, કૂળ ભૂષણ ચંદ્રકાંત. સુધારાનો.
પાઠશાળામાં પ્રવિણ થઇને, પદવી લીધી પ્રખ્યાત;
જ્ઞાતિ સુધારા અર્થે ઝુઝયો, કીર્તિ રહેશે હયાત. સુધારાનો.
શ્રી અનાવિલ સમાજ કરે છે, જ્ઞાતિ ઉપર ઉપકાર;
ઉધર ભાવ કરતાં ન રાખી, લેશ શરીર દરકાર. સુધારાનો.
અનાવિલ જ્ઞાતિ ઉદધિમાં, ખુડયું હિત્તેચ્છુ પત્ર;
દૃઢાગ્રહે સુવિચાર જણાવ્યા, તન મન ધનથી તત્ર. સુધારાનો.
શરીર સંરક્ષણ અર્થે સોંપ્યું, જ્યાં થયા નિરૂપાય,
તોય સમાજ હિત્તેચ્છુ પત્રને, સમયે દેતા સહાય. સુધારાનો.
સરળ હૃદય ને શાન્ત સ્વભાવે, સહુને વશ કરનાર;
સમાજ હિત માટે સરવેના, પેટમાં પેસી જનાર. સુધારાનો.
અખંડ સહાયક લાયક કર્મો, કીધાં ઉભયને માટ;
આજ એહ સ્તંભ ખસતાં તેની, એક કોરે પડી ફાટ. સુધારાનો.
કાંઇ કાંઇ ઉપકારજ કરવા, એ નીતિ ગ્રહી હાથ;
એ નીતિ ગઇ એમની સાથે, ભરશે કવણ એવી બાથ. સુધારાનો.
પોષક રસકસનો દેનારો, ઉગતી ઉલટ ઉદ્‌ભિજ;
બળવંત તુજ વિના ઉપવનનું, કયમ વધશે બળબીજ. સુધારાનો.

પિછાન પત્ર વ્યવહારે પડીઉં, નજરે નજર નહીંજ;
એ અભિલાષા મુજ અંતરની, અંતર માંય રહીજ. સુધારાનો.
કીમ્મત મુજ કવિતાની કરતાં, પે'લું હિતેચ્છુ પત્ર;
રોકી આપ્યો ઉત્સાહ અતીશે, કરી પ્રસિદ્ધ સર્વત્ર. સુધારાનો.
જન્મ લઇ જગમાં જન ઝાઝા, ઉત્તમ સાધે સ્વાર્થ;
પણ અતી અરપે પરઉપકારે, એહ પરમ પુરૂષાર્થ. સુધારાનો.
અનાવિલ વિરલનર એવા, નીપજી આરંભો યત્ન;
જ્ઞાતિ અભિમાની વીર સાચા, અંતરથી કરો જત્ન. સુધારાનો.
મરવાથી ઉગરવું એતો, વિષમ વડી છે વાત;
કેવળ અધવચ જાય ઉપાડી, લાયક ઉપર લાત. સુધારાનો.
કાવ્ય સુધારસ ભોગી ભમરો, ઉડી ગયો એકાંત;
બળવંત દર્શન કયાં હવે કરવાં, ભૂલવી પડશે ભ્રાંત. સુધારાનો.
સ્નેહ સંભારણું મિત્રનું મોંઘું, અંત્યેષ્ઠી સંસ્કાર;
આપી અંજલી આત્માની ઇચ્છું, દુર્લભ શાન્તિ આવાર. સુધારાનો.

સ્વર્ગવાસી નાનુભાઇ વિરહ.

ઇંદ્રવિજય.

ઉદયકાળ વિષે રહી કોમળે, તેજ વધારી તપે પછી ભાનું;
થાય દશા પડતી ક્રમ વારજ, અસ્ત થતાં હરી તેજ બધાનું.
ઉદય અસ્ત સમો દીસતાં સમ, અસ્ત નિદર્શન વિસ્મયતાનું;
એમજ માની શકું મન મુજથી, તુજ અકાળનું નિધન નાનું.
નમ્રપણાથી થયો ગુણ પાઠક, જો વય તુંજ હતું પણ નાનું;
પૂર્ણ પ્રકાશિત આશ ભર્યું, પ્રગટી શકતે યશદાયક પાનું.
જ્ઞાન વધારી સીધાવી સ્વધામ, કર્યું નિજ સ્થાન હમેશનું છાનું;
પૂરણ માત પિતા વળી પત્ની, સકોમળ બાળકને ઝુરવાનું.

આશ ઉડી ગઈ પુષ્પ સુવાસસુ, પૂર્ણ કળી ખીલતી હતી ખાસી;
કાળ કરાળ તણી ગતી બુદ્ધ, અનેક અબુદ્ધ શકે ન તપાસી.
શી ન્યુનતા અવશેષ રહી હતી, આમ સ્વધામ ગયો ગત થાતાં,
રૂદન સર્વ કરે, ન ઠરે, તુજ સ્નેહી તણાં થઇ લોચન રાતાં.
ને વ્યસની નહુતો ન છતો પડતો, નિજ મૂકી ભલું ભણવાનું,
ટુંક વયે ન ભણાય કઠીણુ, નથી વળી દામ બતાવીજ બાનું;
છેદન ભેદન હેત અલૌકિક, વ્યર્થ કરી નિજ માત પિતાનું.
આતક ચાતક ચિત્ત ચુકાવી, રડાવી રસિક ગયો શશી નાનું,
ચાતુર માસ વિષે રહી આતુર, વાટ જુએ જળની હળખેડું;
જો વરસે કણુ પાકવી ખેતર, તુર્ત દુકાળ તણું દુખ ફેડું.
આજ સુઆશ નિરાશ થઇ ગઇ, આવી પડયું જમ દૂતનું તેડું,
મિત્ર સનેહી ગયો તજી દેહ, વૃથા નીર ચક્ષુ તળાવથી રેડું;
માની શકે નવ ચંચળ આ મન, દુખ સમે નવ સ્નેહી બધાનું.
સ્વપ્ન વિષે પડઘા પડતા કરણે, મમ ઓ પ્રિય ઓ પ્રિય નાનું,
હોય વસ્યો તુજ આત્મ જહાં જઇ, ત્યાં પરી પુરણ શાન્તિથી ઠારો;
વિશ્વપતિ સૂણજો મુજ વિનતી એ વિણ કો ન ઉપાય અમારો.

કીકાભાઇ એમ. એ. નો વર્ગવાસ.

દોહરો.

નાગરજી સુત નર મણિ, કીકાભાઇ સુપાત્ર;
જતાં અચાનક સ્વર્ગમાં, દુખી અનાવિલ માત્ર.

રોળાવૃત

કોમળ રોપા તણી, ખીલવા માંડી વાડી,
કાળે કરડી દૃષ્ટિ, થકી ઉખાડી ઉરાડી;
ગયાં ન ઉંડા મૂળ, નથી પૂરો રસ પીધો.
ફળની આશા ફોક, કોપ શું કાળે કીધો.

ઉદય અસ્ત આભાસ, એક કાળે દેખાયો;
કીકાભાઇ કુળ મણિ, પ્રતાપી પૂર્ણ લખાયો.
અનાવિલ જ્ઞાતિનો, ચળકતી આશા વાળો,
થયો મણિ શુભ આજ, કાળનો ધારોળો;
જ્યાં નાનુનું નામ, જ્ઞાતિમાં નથી વિસરાયું.
કીકાભાઇનું તેમ, ગણાયું ટુંકું આયુ,
નિરાશાની માંય, જ્ઞાતિ પાડી હડસેલી;
સગાં સ્નેહિમાં અતિ, શોકની સરિતા રેલી.
વિદ્યાભ્યાસે અધિક, દાખવી શક્તિ ભારી,
એમ. એ. ઉચપદ લઇ, ધરી સાદાઇ સારી;
અવિવેક અભિમાન, અવગુણો આઘા રાખ્યા;
કાળે નિર્દય થઈ, ઉલટા પાસા નાખ્યા.
દયા સત્ય ઐાદાર્ય, કાર્યમાં કુશળ ગણાયો,
અનાવિલ વિદ્વાન, કીર્તિનો કોટ ચણાવ્યો;
સદા વૃત્તિ સ્નેહાળ, પ્રદેશે પણ પંકાયો,
કાળ ઝપાટે દીપ, રત્ન સમ એ હોલાયો.
અધુરે આશા ભંગ, થઇ સરવેની આજે,
પિતા પત્ની ને ભ્રાત, માત એ દુખમાં દાઝે;
અનાવિલ જ્ઞાતિમાં ભણેલા નર ગણી જુઓ,
આંગળી વેઢે ગણાય, ખોટ તેમાંથી ખૂઓ;
જે પર માત પિતાય, આશ જ્ઞાતિ શુભ બાંધે,
તૂટી જાયે તેર, સાત જ્યાં સાંધા સાંધે;
ત્યાં સરવેની આશ, ધારણા ધૂળ મળે છે,
કરમાયું કો કાળ, ખીલી શું વૃક્ષ ફળે છે ?
કીકાભાઇ અવસાન, સરવના હૃદયે સાલે,
શી શીતળતા થકી, શોક દાવાનળ ટાળે;
અનાવિલ જ્ઞાતિમાં, આપ કર્મી વીર એવા,
નીકળો એ શુભ આશ, લાભ લખ કોટી લેવા;
ભણ્યાની ખોટ, ભૂતળમાં જેમ ગણાયે.

સ્વર્ગ વિષે શું તેમ, ન્યુનતા આજ જણાયે;
અહીંથી રત્નો વીણી, ખોટ ત્યાંની શું પૂરે ?
પણ કીકાભાઇ વિના, સ્નેહીઓ સર્વે ઝૂરે.
ઉત્તમ ધન સંતાન, કાળ લૂંટે અણુ ચાલે;
ભાવી ન મિથ્યા થાય, કાળનો કર કયાં ઝાલે,
દિનાનાથ દયાળ, અમર એના આત્માને;
દ્યો શાન્તિ દાતાર, ઠરે ઉત્તમ સુભ ઠામે.

સંવત્સરી.

હરિગીત છંદ.

આત્મા અમરને અંગ આછે, અશાશ્વત ઉર ધારવું,
નર દેહ મળતાં સફળ કર, નવ પડે અંતે હારવું;
એ મુનિ તણાં સિદ્ધાંતની જેણે કરી હતી કાળજી,
તે અમર આત્મા અચળ શાન્તિ, ભોગવો ગોપાળજી.
જન મંડળે જેની તવારીખ, જરૂર જાણ્યા જોગ છે,
એવા વીરલ સ્વર્ગીય જનનો, શું સમય આ બોધ છે;
સંવત્સરી નિમિત્તે સ્મરી યાચીએ ગિરધરલાલજી,
તે અમર આત્મા અચળ શાન્તિ, ભોગવો ગોપાળજી.
અન્ન દાનથી પણ અધિક, ઉજવળ એક વિદ્યા દાન છે,
સૌરાષ્ટ્રમાં જેથીજ સ્વર્ગીય નામને બહુ માન છે;
નીપજાવજો નર જ્ઞાતિ માંહે, ઉદારી જગપાળજી,
તે અમર આત્મા અખંડ શાન્તિ, ભોગવો ગોપાળજી.
જ્યાં ચાંચીઆ ને લાંચીઆ, જન અભણ પણ વસ્તા હતા,
જાત્રાળુ જન સરખાં જહાંથી, પાંસરા નહીં આવતા;
તે રાષ્ટ્રમાં વિદ્યા વધારી, કૂળોત્પન્ન દયાળજી,
તે અમર આત્મા અચળ શાન્તિ, ભોગવો ગોપાળજી.
ગ્રંથકાર નાટકકાર વૈદ્યો, વકીલ ને વેપારીઓ,
સુધર્યા ઘણાં રાજ્યો વળી, બહુ બંદરોની બારીઓ;

વિજયી થઈ સાહિત્ય પરિષદ, કૃપા દીન દયાળજી,
તે અમર આત્મા અચળ શાન્તિ, ભોગવો ગોપાળજી.
કરી સખાવત છે સ્વજાતિમાં, હિત હૈડે ધારતાં;
ને વિજય વધતા રાવબા'દુર, બન્યા છે સરકારના
કીધા પ્રયત્નો અનાવિલ થવા, જ્ઞાતિ જ્ઞાન વિશાળજી,
તે અમર આત્મા અચળ શાન્તિ, ભોગવો ગોપાળજી.
ઔદાર્ય વૃત્તિને વધારી, ઉંચ સ્થાનક ઉતરી,
તે બેન ગંગારૂપ પાર્વતી, નામના નિશ્ચે કરી;
સમાજ રાહે કરો પોષણ, નિરાધાર સુબાળજી.
તે અમર આત્મા અચળ શાન્તિ ભોગવો ગોપાળજી.
નીતિ અધિકાર સખાવતોના, સમરણો તાજાં રહો,
ને જ્ઞાતિ ગંગારૂપ વિદ્યા, વૃદ્ધિનાં મોજાં વહો;
બહુ રાવબા'દુર જન્મજો, એ આશ હે જગપાળજી,
તે અમર આત્મા અચળ શાન્તિ, ભોગવો ગોપાળજી.

શોકોદ્ગાર.

જાણીને પોતીકું પાળ્યું, દુખો દરકારના કરતાં;
છતાં કર્મે ન સંભાળ્યું, થવાનું તે થયું થાશે.
દિવસમાં દુનીઆ ડોલી, સૂતો ભરનિંદમાં રાતે;
પ્રભાતે જોયું નિરાંતે, થવાનું તે થયું થાશે.
રહી પડદા તણી ઓથે, બે માલમ આખી આ આલમ;
તણાઇ દોરી તુટયો છે ભ્રમ, થવાનું તે થયું થાશે.
કરૂંછું શોક નિરાશાથી, ખડાં રોમાંચ આ થાય;
હવે તો એ અનુભવાયે, થવાનું તે થયું થાશે.
થઇ કળીઓ ગુલાબે જે, ખીલી કંઇકો સળો લાગે;
બળાપે શું વળે આગે, થવાનું તે થયું થાશે.
હુંપદ ધાર્યું જહાં હૈયે, સુહેવા સંકટો જોઇએ;
પછી શું કોકને કહીએ, થવાનું તે થયું થાશે.

અદૃશ્ય ભાવીની કિતાબો, ભણ્યા ના લેવું ત્યાં માની;
હમારી પૂર્ણ નાદાની, થવાનું તે થયું થાશે.
માયાના દુખ ખમનારા, અમારા ભ્રાતૃઓ આવો;
કવિત દુર્લભ આ ગાઓ, થવાનું તે થયું થાશે.

રોવા કૂટવાના ધીંગાણા.

દાઝયા ઉપર ડામ.

ભુજંગી છંદ.

સબંધી તણા મર્ણનું સ્નાન આવ્યું, સૂણી વાત સ્ત્રીઓ તણું ટોળું ચાલ્યું;
કરી સ્નાન ખોટું રડી શોક લોછો, દુખે દાઝીઆને તમે ડામ દો છો.
પછી જાય રોવા મળી ભારી ટોળું, સમી સાંજથી માંડીઉં રો'ણુ ઓ'ળું;
નહીં દાઝને હાય મુખે કહો છો, દુખે દાઝીઆને તમે ડામ દો છો.
પ્રભાતે દીઠા ગામમાં મા'લતાં ત્યાં, પીએ ચા અને મિષ્ઠ કો વાની ખાતાં;
રૂડું શોકવાળાનું ત્યાં શું ચહોછો, દુખે દાઝીઆને તમે ડામ દો છો.
વહેવારનું બા'નું ને ટાંણું સાઓ, પડે ઓછું નાણું તમે તો રીસાઓ;
અરે દુખ દેખી તમે ક્યાં ડરો છો, દુખે દાઝીઆને તમે ડામ દો છો.
હશે વૃદ્ધ તો રો' કહેતા રહેશે, રૂડી ત્યાં રસોઈ તણો સ્વાદ લેશે;
પડે કાંઈ ઓછુંજ રોશે રહોછો, દુખે દાઝીઆને તમે ડામ દોછો.
ખુશીથી દીએ દામ તે ન્યુન લાગે, મુખે માગીઉં આપતા સારૂ લાગે;
વિપત્તી તણો શું વિચારે કરોછો ? દુખે દાઝીઆને તમે ડામ દો છો.
મરે તેહની કોય દાઝે ન રોતાં, સ્વદુખો રડો બારણે લાજ ખોતાં;
હૃદે દંભને શોક શાનો ધરોછો ! દુખે દાઝીઆને તમે ડામ દો છો.
થયું કારી જ્યાં મર્ણ ત્યાં દુખ માનો, વહેવાણ વાડે વહેવાર શાનો !
અરે લૂટવા માર્ગ એવા લહો છો, દુખે દાઝીઆને તમે ડામ દોછો.
દીઠા ગામમાં મુખથી દુષ્ટ દા'ડા, કરે જો નહીં જ્ઞાતિની બા'ર કાઢો;
ફરી ગામમાં શબ્દ એ ઉચરો છો, દુખે દાઝીઆને તમે ડામ દો છો.

રૂઢીરે કુડી કીધી ભારે ખરાબી, હવે હસ્ત તારો ન લંબાવ ડાબી;
જુના મૂળ ખોદી નવો પંથ સ્થાપો, અનાવિલ જ્ઞાતિ તણાં કષ્ટ કાપો.

લાવણી.

જે જનમ્યા જીવ જગવિષે, અગાઉ ના દિસે મરણ તે પામે;
ધણીનો ધારો છે એહ વધ્યું વિરામે. ટેક.
કલ્પાંત કરે શું વળે, મુઉં શું મળે ! હોય હિતેષી;
શત ઉપાયે નવ રહે, અહીંઆં બેશી,
સરજળમાં ખીલ્યું કમળ, નરૂં નિર્મળ, નજરને ભાવે;
કાળે તે પણ કરમાય, કોણ અટકાવે !

ઝુલ.

જો મુઆ રંકને રાય, મુકીને રિદ્ધિ;
ઉપાય થકી નવ ફળી, જીવનની સિદ્ધિ,
ઈશ્વર ઇચ્છા બળવાન, ભાવી નવ અટકે;
સોમાંથી શોધી લઇ, પૃથ્વીમાં પટકે.

માટે મનમાં વિચાર અરે રડનાર, રહેજો હામે;
કાંદો શું કાઢે કુટી, મોતની સામે. જે જનમ્યા.
રોનારાં ના રહેનાર, જરૂર જાનાર. જગતમાં જુઓ;
રડતીના આંસુ અરે, અમસ્થા લુઓ.
શિર ભમે કાળ વિક્રાળ હોય વૃદ્ધ બાળ, મહા મદમાતા;
જોબન વંતાને જુઓ, કાળ મુખ ખાતાં.

ઝુલ.

નર કરતાં નારી વધુ રડે ને કૂટે;
છાતીથી વહે રૂધિર, આંખડી ફૂટે;
કો જોરે ફોડે શિર, વસ્ત્ર જ્યમ ઝીકે;
આવેશે વિપરીત વેષ, કેશ પણ પીંખે;
ઉંધી રૂઢીઓ ચાર, હાનિ હજાર, ભરોછો ધામે;
કયમ અટકાવો નવ આજ, ઠરીને ઠામે. જે જનમ્યા.

કો કુચ્છે કડવા બોલ, વગાડી ઢોલ, ઢંગ એ કેવા ?
એ દાઝ્યા ઉપર ડામ, જાય છે દેવા;
વહાલાંને લાગણી હોય, અવરતો જોય, કેટલું કૂટે ?
ભરપૂર ચઢાવી શૂર, લહુઆ લૂટે.

ઝુલ

શોકાતુર મન તો થાય, સ્નેહી અવસાને;
તે હૈયેથી હદબા'ર, બતાવો શાને ?
કોને નયને નવ નીર, બાંકરી બાંધે;
શું એ ઓસડ ઉપચાર, આવરદા સાંધે ?

રોઈ કૂટી આખી રાત, જણાવી જાત, ગજાવો ગામે;
રે શરમ ! ! ! ના પોકાર, પડાવો નામે. જે જનમ્યા.
મુઠી બાંધી અવતર્યો, ભેદનો ભર્યો, ભુલ્યો માયામાં;
છુટે હાથે સંચર્યો, મોત શૈયામાં;
જીવ પામે પૂર્ણ પ્રશાંત, ભલેરી બ્રાંત, હોય જો સાચી,
તો કરો ધર્મના કાર્ય, જગત્પતિ જાચી.

ઝુલ.

જીવતાં જાણ્યો જમ દૂત, બબડતાં બાઓ;
મરતાં માંડો મોંકાણ, લગારે લાજો.
પરણે પાનેતર નહીં, અધરણીમાં ચીર;
એ માને કયમ સંસાર, ખરાં દિલગીર.

મીઠું મૂકી મૂળમાંય, પાણી ના પાય, અર્થ શો જામે;
મરતાં મુખથી શર્કરા, પીરશી પળ વામે. જે જનમ્યા.
છો તમે મુછાળા મર્દ, થઈ નામર્દ, રહ્યા શું જોઈ,
બૈરાંઓની બસ બંધ, કરો બદબોઈ;
સર્પને શિર દેડકી, ડરી નવ નકી, જરૂર આ નાચે,
કહેવા દો કડવા બોલ, શરમ શી સાચે.

ઝુલ.

આંસુ પાડેથી તેજ, આંખનું ખુટે;
છાતીમાં દરદો થાય, જોરથી કૂટે.
મરતાંની સાથે કરો, મોતનું માગું;
પરમેશ્વર સાથે ત્રીયા, કરો શું ત્રાગું.

મુંગું રાખીને મુખ, દબાવી દુખ, કરો ના આમે;
નાદાન બુદ્ધિ દો તજી, નાશ છે નામે. જે જનમ્યા.
સઉને મરવું એકવાર, નિયમ નિર્ધાર વહેલું મોડું;
ત્યાં પાડો શું પોકાર, મલ્હાવી મોડું.
ના એનો શાસ્ત્રાધાર, લખેલ લગાર, નથીં કો પાને;
રડવા વણ અડવું આજ, રૂઢીથી માને.

ઝુલ.

છે કોના રે મા બાપ, ગયો જીવ જ્યાંહી;
ભગની ભામની ને ભ્રાત, પુત્ર કો નાંહી.
માયા રોવાડે અને, વળી વીસરાવે;
રોતાં ત્યાં બીજી વાર, ગીત ગવરાવે.

છે પંચભૂતની કાય, રહ્યો જીવમાંય, નોવાજ્યો નામે;
નિરધાર સહે સુખ દુખ, હલાલ હરામે. જે જનમ્યા.
શીતોદકથી કરીં સ્નાન, હોય જો જ્ઞાન, ઇશ આરાધો;
મરનારા જીવની શાન્તિ, સર્વદા સાધો.
હાય હાય હિંદુની રીત, આંધળા ભીંત, મરાવે માથું;
ચોંટે માખી ચટ દઈ, પડે જ્યાં ચાઠું.

ઝુલ.

ઇસાઇ મુસલમાન, પારસી પેખો;
રસ્તાપર કૂટી કપાળ, બાળશે “ લેખો ” !
રડીં રડી કૂટી દિનચૂત, દુખવ્યાં ડાચાં;
પરલોક થકી ફેરવ્યાં, કેટલાં પાછાં !

થશો રડી રડી નિસ્તેજ, નફો તો એજ, જડપણું ક્રામે;
બલિદાન બાધા આખડી, બચે ના દામે. જે જનમ્યા.

મરનારાં માનવીઓના નથી સમાચાર જાણ્યા,
નથી સમાચાર જાણ્યા કૂટે લઇ કામનીઓ ન્હાણાં;
કૂટી કૂટી કલ્પાંત કરી નર નારી વગોવાણાં,
નર નારી વગોવાણાં ઉગારી એકે નવ આણ્યાં. મરનારાં.

સમજુ નર શોકાર્ણવમાંથી નીકળવા તરફડે,
નવરી મગરી રૂપ નારીઓ લઇ શોકમાં પડે;
સમે નહિ સમજુ જનનો ત્યાં શોક સ્નેહી કેરો,
શોક સ્નેહી કેરો સમે ગાય શાન્તિનાં ગાણાં. મરનારાં.

રંક સગો મંદવાડ ભોગવે રખે કંઇ માગે,
હેત હતું આગે રડતાંનું રહ્યાં હતાં આઘે;
રોવું હૈયાનું નવ હોયે, મુખડાના રાગે,
મુખડાના રાગે શિરપર બહુ થાપે છાણાં. મરનારાં.

સુખડી બાંધી રડવા આવે કે આવે લડવા,
છંછેડાયો સર્પ સહુને જાયે જમ કડવા;
મરનારાંની દાઝે રોય ન સ્વારથ નિજ સાધે,
સ્વારથ નિજ સાધે તહાંતો શરમાયે શાણાં. મરનારાં.

ડાહી ડમરી સમી પ્રતિમા વિવાહમાં માલે,
વિપરીત વેશ ધરી મ્હોકાણે મર્યાદા ટાળે;
જુજવાં રૂપ ધરી જગ મધ્યે શીખવે નિજ બાળા,
શીખવે નિજ બાળા કલેજે નહિ પડયાં કાણાં. મરનારાં.

અભણ નરોએ રાખી ત્યારે ફારસ આ ભજવે,
ના કે'તાં અટકી ના જાયે, ઘાણી દે ગજવે;
પતિવ્રતા કે રૂઢીવ્રતા એ? શું ઉપમા આપું,
શું ઉપમા આપું બેધડક એ છે ધીંગાણાં. મરનારાં.

અંતકાળનું ચક્ર ફરંતું શકે કો અટકાવી,
રડી કૂટી શું ભોળી ભાળી મારો ભટકાવી;
ધનવંતરિ કે ધર્મરાજ સમ રહ્યા નથી રાણા,
રહ્યા નથી રાણા આલ્યાં મોં માગ્યાં છે નાણાં. મરનારાં.

કાળ કુશળ કરે અણચીતી શી બાકરી બાંધો,
ખર્યું પાન ચોંટે નવ વૃક્ષે રાંધ્યું શું રાંધો;
વૃદ્ધ મરે ક્યારે ? નારીઓ ખોળે છે ટાણાં,
ખોળે છે ટાણાં મળી જાય લાડુના લ્હાણાં. મરનારાં.

ગાઈ રાજવી કોઇ ગજાવે મળી જૂથરાતે,
કોય રડે ને કોય હસે છે વાટે વળી વાતે;
કૂરે પ્રભાતે થઇ પરોણાં કેવા અવસરનાં,
કેવા અવસરનાં કરમાં ચાના ચલાણાં. મરનારાં.

શિઘ્રકવિ રાજવી ગાનારી તેનું વધતું માન,
કુમર કશી રણ ક્ષેત્ર ગજાવે શૂર ચઢવી નિદાન;
સોના ઘરનું તેડું તેને કરે ત્રીયા ત્રાગાં,
કરે ત્રીયા ત્રાગાં રાગડા બહુ લાંબા તાણ્યા. મરનારાં.

ડોસી વાયક વદી બતાવે રડ્યા કૂટયાં ન જેનું,
દુનિઆ શું જાણે આ દા'ડે થયું મરણ એનું,
ઘસડી ઘરનું ઢોરજ મેલે એ મુંગે મોઢે;
એ મુંગે મોઢે રડી કૂટી અમથી ઓળખાણાં. મરનારાં.

કોડીનું જર્મ કરોડ પતિને ઠેકાણે સ્થાપે,
પત્થરવત્ બુદ્ધિવાળાને "પેશ્વા" પદ આપે;
રડાવવાને આવે વળતી ત્યાં રડતાં રાખે,
ત્યાં રડતાં રાખે ગયાં તે પીડક પરમાણ્યાં. મરનારાં.

મરણ શરણ મરકીમાં મૂકયાં રડી કૂટી ઉજવ્યાં,
સગાં સબંધી લાંબી સોડે સૂતાં શું જગવ્યાં ?

હોય સમજ નરવત્ નારીની પોકળ શ્રાધ ન કરે,
પોકળ શ્રાધ ન કરે એ થકી રહેતાં શું રાંડયાં ? મરનારાં.
ઘણી કરે ભીડ ઘરમાં પેસી ધબાધબ ધબડાકા,
હજી હઠી નહિ ફરી ફરી નર અટકાવી થાક્યા;
વાળે વેરજ જેમ પરસ્પર ઢોરો ગોંધાણાં,
ઢોરો ગોંધાણાં વઢે અકકેકથી અણજાણ્યાં. મરનારાં.
આવું સંગીત ગીત શરમનું કામ ગણે ઘેલી,
રડવે કૂટવે "કવિયો" કાંચળી પહેરે છે પહેલી;
સેનાપતિની સત્તા ચાલે પડાવશે ફાણું,
પડાવશે ફાણું આવશે ઘેર બેઠાં ભાણું. મરનારાં.
સમજો બહુ થઇ ફજેતી કહેતીમાં પડીઆં,
શિઆળવાં રાતે જોરાવર ભૂંકે ભડભડીઆં;
કેળવણીની પેર કંચુકી દુર્લભ સાધી દાવ,
દુર્લભ સાધી દાવ કહ્યાં છે કાણુંને કાણું. મરનારાં.

કુટાણું પર ચુથાણું.

હૈયાના ફુટા એ રાહ.

અજ્ઞાની નારો કાળની સામે શું કૂટો !
કુંડાળું થઇ ઘેરો ઘાલી, લૂટેલાં શું લૂટો રે ! અજ્ઞાની નારો. ટેક.
રાત બધી રસ્તા ખુંદીને, છુંદી કીડી હારો,
કાળ ઝપાટે કોણ ઉગર્યું ! વારા ફરતી વારો રે. અજ્ઞાની નારો.
રડતાં રાતી આંખ થઇ નહિ, કે નવ છાતી ફાટી,
હાણુ ચુકવતાં દુખીઆરી થઇ, કહો જઇ શું ખાટી રે. અજ્ઞાની નારો.
આનું ચેટક કારી મરણમાં, સવારમાં નવ ચૂકી,
ઉજાગરાનું ઔષધ માની, ઘર ઘર પીશે ફૂંકી રે. અજ્ઞાની નારો.
ઉંઘ વેચીને ઉજાગરાને, આશ્રયદાતા સ્થાપો,
કુટણ જુદ્ધમાં હારી નારી, ગામનો મારગ માપ્યો રે. અજ્ઞાની નારો.

હુંયે શોકજ હોય તમારે, પરગામે લલકારે !
દુખનું દાઝયું જણાય નિસ્તેજ, આંખોના પલકારે રે. અજ્ઞાની નારો.
કાલજડાં છે લોહ લક્કડનાં, છતાં કહાવો અબળા,
અભણુ રહી અવતાર ગુમાવો, પતિ નિશ્ચયો નબળા રે. અજ્ઞાની નારો.
રડવાનું છે રોણુ તમારૂં, હાય હાયની તાળ,
કેળવણી લીધે શરમાશો, કાલ ચુકવશે કાળ રે. અજ્ઞાની નારો.
દો દિલાસો હોય દયા જો, દામ હામની સાથે,
દુર્લભ ફોગટ કર્યાં કુલાઓ, દાઈ ઉતારી માથે રે. અજ્ઞાની નારો.

શોક વિસર્જન.

આજે ઉત્સવ બાળક સાથ જમવા આવજો રે એ રાહ.

બહેનો શોક સમયમાં લેશ ન હીમત હારીએ રે.
કરિએ નવ વિપરીત વેશ, ધીરજ ધારીએ રે. ટેક.
કુવવામાં મન મસ કેળવવું, હાય હાયમાં મન હેળવવું;
એ ખોટું લવવું છે શું ઉગારીએ રે ! બહેનો શોક.
ધીંગાણું ધારણુ કરતામાં, માયાવળગી રે' મરતામાં,
રડી કૂટી માંદાને વહેલાં મારીએ રે. બહેનો શોક.
મરવાનું છે સૌને માથે, હાય હાય કૂટ્યે શું હાથે,
જાશે નવકો તે સંગાથે, વિચારીએ રે. બહેનો શોક.
જનમ્યો તે લેવાશે લાહે, રહેવાનો એકે નવ રાહે,
શોકાનળને શાન્તિ માંહે ભારીએ રે. બહેનો શોક.
જન્મ વૃદ્ધિને ક્ષયમાં પડીઓ, રેંટમાળ જગનાથે ઘડીઓ,
લક્ષ ચોરાસી જીવ આથડીઓ, નીરધારીએ રે. બહેનો શોક.
કાયા કુંભ કુંભારે ઘડીઓ, પડતાં નામ રૂપથી ટળીઓ,
તે માટીમાં મળીઓ, પડી પથારીએ રે. બહેનો શોક.
અંતકાળમાં શાંન્તિ આપો, દિલમાં દુખ થતું ઝટ કાપો,
પ્રલય થવાને પાપો શાંન્તિ પ્રસારીએ રે. બહેનો શોક.

મર્ણ ભય,

પદ.

જીવને મરવાનું દુખ મોટું છે, સૌ કાળમાંરે, જુઠી જંજાળમાંરે, ટેક.
જન્મથતાં જગમાં જન જાણે, થાઉં વડો અભિલાષા આણે,
મરવા નવ મરજી જોબન વૃદ્ધ બાળમાંરે. જીવને મરવાનું.
જૂઓ જુઓ માખી અવતરતી, મોતતણાં દુખથી રે'ડરતી,
વે'લી વે'લી વળગી નાસે વાલમાંરે. જીવને મરવાનું.
મચ્છ કુચ્છજો નીરમાં નાચે, અન્યો અન્ય મળી સુખમાં રાચે,
તે બંધને તરફડે વ્યાધની જાળમાંરે. જીવને મરવાનું.
વ્યાઘ્ર સિંહ વિકરાળજ લાગે, મોતતણાં ડરથી પણ ભાગે,
વકરાયા વનમાં રહે, ફરતા ફાળમાંરે. જીવને મરવાનું.
મૃગલાં ટોળાં બંધ ફરંતા, પણ અંતરમાં રહે ડરંતા,
પર પડછાયો પડતાં નાસે ફાળમાં રે. જીવને મરવાનું.
કૃમી જીવ જોતાં છે નાનો, અણુ ઉપયોગી તેને માનો,
મર્ણ દુખ અનુભવશે હાલ હવાલમાં રે. જીવને મરવાનું.
કૈંક શૂરા પૂરા પૃથ્વીમાં, જેના શૌર્ય તણી નહિ સીમા;
મોત બિછાને પડતાં કૂટે કપાળમાં રે. જીવને મરવાનું.
પડે રજ્જુમાં સર્પ તણો ભ્રમ, રખે જીવ લે પ્યારો પરમમમ;
હીંમત નવ લવલેશ રહે રઢિયાળમાં રે. જીવને મરવાનું.
જીવ જતામાં સર્વ ગુમાવ્યું, માને કંઈ અરથે નવ આવ્યું;
ફરતા કાંટા બંધ પડે ઘડિઆળમાં રે. જીવને મરવાનું
જનમ્યા કે જીવ જીત્યા જાણે, પંચ અરિ અનુભવમાં આણે;
મૂળ પંથ વિસારી વળશે ખાળમાં રે. જીવને મરવાનું.
વેર વધારે કરી વઢવાડો, અખંડ જીવવાની સજે આડો;
ઘડી ગુમાવે ગાંડા આળાઆળમાં રે. જીવને મરવાનું.
આશા અપરંમપાર કરીને, ઝૂઝે કો હથિયાર ધરિને;
કોણે દીઠી કાલજ કાળ કરાળમાં રે. જીવને મરવાનું.

મરણુ પગલાંની હેઠ રહે છે, કહેવત ડાહ્યા જનો કહે છે;
તુટી પડશે પગ લપસી સેવાળમાં રે. જીવને મરવાનું.
નથી વિશ્વાસજ પળ વિપળનો, જીવતું કરે ગર્વ બહુ બળનો;
કાળ કોળીઓ કરશે તુજને ફુરાળમાં રે. જીવને મરવાનું.
ગાઝી પાપ તણી જે ભારી, જેણે બાંધી છે જશ હારી;
મોત ભયાનક દીસે કાળું દાળમાં રે. જીવને મરવાનું.
ભરણુંમાં સિક્કા ખંબાતી, નીકળે થાય ધડકતી છાતી;
ધણી શરણુ થાવું છે હીણા હાલમાં રે. જીવને મરવાનું.
બાંધી પાળ પ્રજ્વલ્લિત પાપે, કાપી કોણ પૃથક કરી આપે;
જળ ધૈર્યાનું જોર સરોવર પાળમાં રે. જીવને મરવાનું.
ચટકી રાખે નીતિ નિરંતર, મર્ણ તણી ભીતિ નથી અંતર;
ભલે પડે તન શૈયા યાતો પરાળમાં રે. જીવને મરવાનું.
ચૂકયા નથી પ્રભુ ચિત્તમાંથી, સાથે સદ્દકર્મો છે સાથી,
શરણું શા માટે લેવું ઓશિઆળમાં રે. જીવને મરવાનું.
નહીં સાચને આંચજ આવે, ફોગટ ફેલ વળી ન ફસાવે;
વેગ ઉપર ચઢવાનો હોય વરાળમાં રે. જીવને મરવાનું.
મળે મુક્તિ મરણુ ભય ટળશે, આત્મા પરમાત્મા ઓળખશે;
એવું જ્ઞાન અપાવો નિત્ય નિશાળમાં રે. જીવને મરવાનું.
અનુભવ મોત તણો દુખકારી, વિશ્વપતિ મૂકશે વિસારી;
ધ્યાન રહો નર દુર્લભ દીન દયાળમાં રે. જીવને મરવાનું.

પરસ્તાવિક દોહરા.

એકજ સ્થિતિ ઉંચ કે, રહે ન નીચની નેટ;
સમયે સુરજ ચંદ્ર પણ, આવે ઉપર હેઠ.
જૂદા પડવાથી કદી, સમજો સરે ન અર્થ;
પાંચ આંગળીએ થયો, પોંચો અતી સમર્થ.
ઉત્તમ વસ્તુ નિપજે, મળવાથી સરખાય;
દીપક અગ્નિ તેલથી, અંજવાળું ઝટ થાય.

જેને જેનો ખપ ખરો, તેને તે પરીક્ષાય;
કસ્તુરી દુંટે રહે, મૃગને તે ન જણાય.
સજ્જન જુદા જો પડે, તોપણ અકકલ એક;
આંચળ અગળા હોય પણ, દૂધ દે ધવળ દરેક.
હોંશે જે હલકું સદા, ફોકટ તે ફૂલાય;
ભારે ત્રાજવું તો નમે, ખાલી ઉપર જાય.
સમજુ જન પરદુખમાં, ભરતો ભાગ રહેય;
ખોડો એક થતાં ચરણ, દૂજો ટેકો દેવ.
એકજ વંશે ઉપજે, સમાનતા નવ લેય;
શૂળે ઉલટા કંટકો, નીકળે ઉભા એય.
જ્ઞાની ધંધે લાગતાં, ગરીબને દે કામ;
મસ્તકપર બેશી કરે, ઘડો ઘડાનો ઠામ.
ઉત્તમ ગુરૂને આશરે, શિષ્યો જતાં પળાય;
ખીલડે કણ બાઝે બચે, પડમાં જતાં દળાય.
ઉત્તમ વસ્તુ મેળવે, થશે ન જય જયકાર;
મણી ભૂષિત ભુજંગ પણ, સૌને મન ભયકાર.
એકજ માના બાળકો, સ્વભાવ સમ ના હોય;
કડુ કટુ મીષ્ટ શેરડી, પૃથ્વી માના દોય.
આવે આંચ અધિર જન, ઉછળે આપો આપ;
ચણા વટાણા શેકતા, કૂદે લાગી તાપ.
જેનો જેહ સ્વભાવ છે, ફેરવતાં ન ફરેય;
હોળે ઘાલી તેલ પણ, વાંકા વાળ વળેય.
પૈસો મોહિની રૂપ છે, એ પર સૌને પ્રીત,
બાળકના કરથી લીએ, રોશે તરત ખચીત.
જરૂરીઆત છે જેહને, તેને ઓળખ હોય;
મોતી દરિયામાં નિકટ, મચ્છને કીંમત ન્હોય.
સ્વજન મળ્યા વિણ શત્રુથી, ઘા એકે નવ થાય;
કુહાડે હાથો મળે, ઝાડી ઝટ કપાય.

અટણુ કર્યાથી સાધુઓ, જોય ન સ્વર્ગ સુપેર;
ઘાંચી કેરા સાંઢીઓ, ફરે ઘેરના ઘેર.
બે બળ ભેગું જે કરે, તે એકથી ન થાય;
આંખોથી ઉંઘાય, જો મન પરવશ જાય.
ઉતરે ઉંડા તો અરથ, સરે આપણો ચીર;
કુવે ઉંડા ઉતરે, નીકળે મીઠાં નીર.
વાતે વાહે વાણીઆ, રાતે વાહે ચોર;
સાની નજર પ્રગટ છતાં, વાહે વધતું જોર.
વાંદર વાસો વૃક્ષમાં, જળ્વા વાસો ધુળ;
ખટમલ્લ વાસો ખાટલે, એ દળદરનું મૂળ.
વણીકનું ધન વ્યાજ છે, અનાવિલ ધન કૂળ;
દુબળા ધન દાતરડું, જે ઉદ્યમનું મૂળ.
વાડવનું ધન વેદ છે, ક્ષત્રીનું ધન શુર;
વૈશ્યોનું ધન છે કૃષિ, શુદ્ર દાસ છે પૂર.
વિવેકથી વપરાય સૌ, અવિવેકે રે' રોઇ;
પાવક પરજાળે છતાં, રીતે બને રસોઇ.
રીઝે તો રૂડું કરે, ખીજે તો લે શિર;
કઇ નાતે એ નર હશે ! એહ અનાવિલ વીર.
કુંથ મરે મુંડન કરે, ઉતરે સૌ શણગાર;
સીરાવવા શીરો ધરો, ઉંધી રૂઢી ચાર.
અસ્થીને અડતાં કરે, સ્નાન શરીર સબોળ;
દંતુશળનો ચુડલો, કરમાં ન કરે તોલ.
હસ્તિ મસ્તીખોરને, અંકુશનો ભય દીધ;
હસ્યાને અટકાવવા, ને મર્યાદા કીધ.
સર્વ સુધારે કામ પણ, જો બગડે એકાદ;
જગમાં જશ પામે નહીં, વહુ અને વરસાદ.
ધૂણે ઢોંગ કરી ભુવા, થોડા દિન રળી ખાય;
વયોવૃદ્ધ થાતાં છતાં, વૈદ પ્રવિણ પંકાય.

રૂપું રૂડું સર્વદા, નલે નિકલ નવ તેમ
તાપે ધરતાં પારખું, કરે પરિક્ષક જેમ.
સુમ નરોની લક્ષ્મી તે, કોથી નવ લેવાય;
આપ ધાવ ગાયો તણું, દૂધ દોડી ન ખવાય.
રમત રમે નાદાન ત્યાં, ધૂળનાં કરશે ધામ;
તે ભાંગે તો દુખ ધરે, એવું આ જગ ઠામ.
શઠને શિક્ષા જો દીએ, ઉલટું સમજે તેહ;
વાંકા લક્કડમાં પડે, આખર વાંકો વેહ.
શાણા જનમાં પણ રહે, સહજ મલીન વિકાર;
કાદવ ઠરે તળાવના, નિર્મળ જળ મોઝાર.
સીધે હાથે લખવસા, લે અધિકારી ન લાંચ;
સાગર સરિતા નીર લે, આડા રાખી ખાંચ.
જેના ખરોજ ખપ નહીં, તેને નવ લે કોય;
વસુધા ધુમાડો તજે, આકર્ષે નવ જોય.
પ્રયત્ન પક્કે થાય ના, સ્વજાતિ વિણ સંહાર;
કઠિણ લોઢું કાપશે, પોલાદે લુહાર.
અવગુણ હોયે આપમાં, નિજ મન નહીં જણાય;
કાગ ન જાણે માહરો, રાગ કઠોર ગણાય.
અજ્ઞાની જન અંતરે, ઉતરે નવ શિક્ષાય;
ધૂળપર લીંપણ ના ટકે, લો ઉત્તમ એ ન્યાય.
સજ્જનતા છાંડે નહીં, સજ્જન થાતાં નાશ;
દીવેટ દીવેલ બળ્યા છતાં, આપે અધિક ઉજાશ.
સૂઝે ના સદ્‌ગુણ કદી, દૃષ્ટિના જ્યાં દોષ;
અંધપણે સૂર્યોદયે, ઉલુકને અફસોસ.
આપત્તિ વેઠયા વિના, નથી સધાતો અર્થ;
તાપ સહીને થાય ઘટ, ચડવા શિર સમર્થ.
વિષય વિવેચન વર્ણવે, સાર જડે છે જેમ;
નવનિત દધિ વલોવતાં, ઉપર આવે એમ.

સંપે વસ્તાં સુખ મળે, બહુ બને બળવંત;
રસના વચમાં જો રહી, બત્રીસ બંધવ દંત.
અજવાળું સૌને ગમે, સ્વભાવિક અભ્યાસ;
પોપટ પઢતો અટકશે, કરતાં બંધ ઉજાસ.
અર્થીનું હિત સાધતાં, આવે શિર અપવાદ;
જનમાં જશ પામે નહીં, વહુ અને વરસાદ.
અકલ વધારે આવતાં, પંડિત નર પરખાય;
ગરમી ગ્રાહક કામળો, ભીંજે ભારે થાય.
અવગુણ એક ન ટાળીએ, વાધે વળતી અપાર;
પાન સડયું કાપે નહીં, વણસાડેજ હજાર.

નિરાશ્રિત નારીના ઉદ્દગાર.

હરિભજન વિના એ રાગ.

ઓ પ્રિયપતિ એક જીવું હું, બીજીના જપ શું જાપો,
પછી પસ્તાશો, છતે ધણીએ રંડાપો શીદ આપો. ટેક.
પરવશ દીકરી ને છે ગાય, જ્યાં દોરે ત્યાં દોડી જાય,
અણુધાર્યો માર કંઇક ખાય. ઓ પ્રિયપતિ.
કર્યું પાણીગ્રહણ અગ્ની સાક્ષી, કુલીન કહેવાઈ કમળાક્ષી,
રંગરૂપ વિહીન હવે રાક્ષી. ઓ પ્રિયપતિ.
બંધાયા શાસ્ત્ર વચન બેડી, પુંઠળ ગણી પેઢી વિષે ઢેડી,
રોઉં અબળા અધીર અશ્રુરેડી. ઓ પ્રિયપતિ.
વરરાજા થઇ વરવા આવ્યા, જાનૈયા જાનરડી લાવ્યા,
વળી વીંજણે વા પણ ઢોળાવ્યા. ઓ પ્રિયપતિ.
ચાવી તંબોળ બીડી મુખમાં, શ્રીફળ કરમાં સાંપ્યું સુખમાં,
કેમ મુકી ભવસાગર દુખમાં. ઓ પ્રિયપતિ.
વ્યવહાર પૂરણ રકઝક કરીને, લીધો ગાડે ગાડાં ભરીને,
હવે જાવ પરણવા શું ફરીને. ઓ પ્રિયપતિ.

મતિમંદ અંધ માથાની મળશે, નિતનિત કાગડોસમ કળકળશે,
દશા સર્પ છછુંદરને ગળશે. ઓ પ્રિયપતિ.
તંબોળ ભરી તમપર થુંકી, સાવધાન શબ્દથી જઈ ચુકી,
તે સમયે નવ મમતા મુકી. ઓ પ્રિયપતિ.
મુજ હાય હયાત હશે હૈયે, સુખમાં નવ સૂઇ શકો શૈયે;
અમો પનોતીરૂપ ચડશું પૈએ. ઓ પ્રિયપતિ.
ફાળકો નવ થાશો ફુલીને, નવી નિહાળો ભાનજ ભુલીને,
ડરથી નિત જાશો ડુલીને. ઓ પ્રિયપતિ.
રંડાઇ કરતાં છંડાઇ ભુંડી, નિર્લજ લોકો ગણુશે લુંડી,
ગઇ મિથ્યા જુવાનોની મુંડી. ઓ પ્રિયપતિ.
રહી પેટ પરાધીનમાં ભરીએ, અપરાધ થતાં અંતર ડરીએ,
રે નરાધમ હાથે મરીએ. ઓ પ્રિયપતિ.
આપ ઘેર દીકરી છે સહુમાં, પરણે પરઘેર ગણે વહુમાં,
શા અવગુણ ગોતોછો વઉમાં. ઓ પ્રિયપતિ.
સ્ત્રીનો ઇશ્વર સ્વામી સાચો, કે'વાયો કાનતણો કાચો,
આજીથી નાંખી દીધો માંચો ઓ પ્રિયપતિ.
નથી વેર પૂર્વનું રજ મનમાં, જોડી બાંધી ઝાઝા જનમાં,
અગ્નિ મુકો એ'વાતનમાં. ઓ પ્રિયપતિ.
એળે તુજ જન્મારો જાશે, પ્રભુ ભજન પળેપળમાં ન થાશે,
તું અવર જન્મમાં અથડાશે. ઓ પ્રિયપતિ.
ભણી ગણી પોપટ થઇને ભુલ્યા, ફરી લગ્ન તણે લ્હાવે ફુલ્યા,
બના બંધાવાન પીંજરે ઝુલ્યા. ઓ પ્રિયપતિ
સ્નેહ તજો સ્વામી તો સર્વ ગયું, પદભ્રષ્ઠપણું પરિપૂર્ણ થયું,
મનવાંચ્છિત મરવાનુંજ રહ્યું. ઓ પ્રિયપતિ.
જે ઘરમાં સ્ત્રીસત્કાર નહિ, નિશ્વાસ ધમણ સમદેય તહીં,
વિદ્યુત વેગે સુખ જાય વહી. ઓ પ્રિયપતિ.
હશી હશી કર્મ કરશો હેલાં, રડીરડી ભોગવશો ફળ ભેળાં,
વેણો દુર્લભના નીર્મેલાં. ઓ પ્રિયપતિ.

બુઢ્ઢાવરની બાઇડીનો બળાપો.

ઢાલ ઉપરનો.

બુઢ્ઢા વરજી, વિશ્વ વિરૂદ્ધ થઇ પરણ્યો નાની બાળા,
ધોળા માંહે, ધૂળ ઘાલી, તુજ લક્ષ્મીપર મુક લાળા. ટેક.
વેરણ વિધાત્રી થઇ મારી, લખીઆ લેખો અવળા ભારી,
દશા કોણ ફેરવે દુખીઆરી. બુઢ્ઢા વરજી.
ફરી વળ્યાં સગાં ફરતે ફેરી, ચસમાં ચક્ષુ વિષે પહેરી,
ખોળી લાવ્યા લાલા લ્હેરી. બુઢ્ઢા વરજી.
કર ચરણ તો થરથર ધ્રુજે, આંખે ઓછું આછું સૂઝે,
રતિ વિલાસની રીત શું બૂઝે. બુઢ્ઢા વરજી.
મીઢળ બાંધ્યું થઈ મૂઢ મડે, આંખેથી નિરના બુંદ પડે,
જોબન મારૂં શું જોઇ રડે. બુઢ્ઢા વરજી.
પિતાને જમાઈ જડયો ઘરડો, બુઢ્ઢાપે વક્ર થયો બરડો,
વાળ્યો છે છેકુજ છબ્બરડો. બુઢ્ઢા વરજી.
ડોસા શું એ દીકરી તારી, કગ્ગાને કોટ રતન નારી,
લોક હસી કરે હાંસી ભારી. બુઢ્ઢા વરજી.
મુજ છાતીપર બાંધ્યો પાણો, જેવો બીજો જીભે ભાણો,
મેના શત્રુ રૂપ સીંચાણો. બુઢ્ઢા વરજી.
જીવતર કીધું જાડું મારૂં, સોમણ દીવેલે અંધારૂં,
પરણ્યો પતિ નહિ પતિત ધારૂં. બુઢ્ઢા વરજી.
જોબન વહી ગયું જરા આવી, હા કે'છે ડોકું હલાવી,
ભૂખવગર તને ભડકી ભાવી. બુઢ્ઢા વરજી.
દંત પડી ગયા ડાચાં બેસી, વય થઇ હશે વરસજ હેંસી,
સુખ કર્યું નિકંદન વરી નેસી. બુઢ્ઢા વરજી.
ઉંડા જળ જાય કુવે જેવાં, નીર નેત્ર તણાં ખુટયાં તેવાં,
અંગ અપાર કદરૂપાં કેવાં. બુઢ્ઢા વરજી.

શણગાર સજી ઠમકે ચાલું, વાતોમાં વેણ વદું કાલું,
વર ઘરડે મુખ નીચું ઘાલું. બુઢ્ઢા વરજી.
પૈસાને પરણાવી આપે, પીંડ પ્રજ્વલિત પોષી પાપે,
સત્ય નષ્ટ થશે મારા શાપે. બુઢ્ઢા વરજી.
દીકરા દીકરી વહુ છે ઘરમાં, ઓછપ પણ નથી જરા જરમાં,
બધું બળ્યું એહ બુઢ્ઢા વરમાં. બુઢ્ઢા વરજી.
હરિ ભજીલે કાગ બુઢ્ઢાકાળા, કરમાં ધરીને મોટી માળા,
તજ મિથ્થા માયાના ચાળા. બુઢ્ઢા વરજી.

વહેમ વિચાર છીંક.

રાહ ઉપરનો.

વહેમી જનને, છીંક તણી અંતરમાં ઉંડી બીક છે;
મનથી માને, કો કામે નહિ થાય તે તો ઠીક છે. ટેક.
સુતાં, ઉઠતાં, ઘરમાં પેસે, કો બાર જઈ વાતે બેસે;
છીંક થતાં કહે દુખડાં દેશે. વહેમી જનને.
છીંકયું કો જન કાર્યારંભે, વહેમી જન તુર્ત તહાં થંભે;
ડગલું નવ એક ભરે છે કે'. વહેમી જનને.
હું ભાવથકી ભેરવી ભુજને, વહેમી જન પૂછુંછું તુજને;
સમજાવ સબંધ એનો મુજને, વહેમી જનને,
કોને અંતર ઉર્મી ઉપજે, નાકેથી છીંકો જો નીપજે;
ભુંડો તેનો શું ભાવ ભજે. વહેમી જનને.
એ અવાજ નાકેથી વાને નીકળતાં, ડાહ્યાજન માને;
તું ભરમાઇ ભડકે શાને ! વહેમી જનને.
છીંક થાતાં "છીઃઅંબા" ઉચરે, વિઘ્નો માતાજી દૂર કરે;
વહેમી જન ધીરજ એમ ધરે. વહેમી જનને
છીંક આવે છીકણી સુંઘવાથી, કે સરદી શીર્ષે થાવાથી;
મહા ભૂલ છે મન ભમાવ્યાથી. વહેમી જનને.

તત્પર જાવા પરગામ થયો, છીંક સુણતાં ઘર માંહે વળીઓ;
અવસર ગાડીનાથી ટળીઓ. વહેમી જનને.
અટકો નવ અટકો એ સરખું, નવ માનોતો કરજો પરખું,
જે થવાનું તે થાતાં નિરખું. વહેમી જનને.
વળી નજર અને ભૂત ડાકણના, વેમો ડોસીના ડાહાપણના;
તજો વ્યર્થ વિચારો થાપણના. વહેમી જનને.
દેશીના દીલથી એ શંકા, કાઢો સરવે બહાદુર બંકા;
દેશે ત્યારે દુર્લભ ડંકા, વહેમી જનને.

ઢાંકા ઢાંકવા વિષે.

રાહ ઉપરનો.

ઢાકા ઢાંકો, પર્વ તણું, આવે છે અનાદિ ટાંકણું,
ધિકકારોતો, ઢાંકાને ધીંગાણે ઢાળો ઢાંકણું. ટેક.
ગત થાય નજીક સગું વા'લું, નવ પળાય પૃથા ચાલું
તે ગણાય ઘર ઢાંકાવાળું. ઢાંકા ઢાંકો.
સ્નેહીને શું ઢાંકો ભાવે ! આંખે જ્યાં આંસુડાં આવે;
નહિ શોકગ્રસ્ત મન ભુલાવે. ઢાંકા ઢાંકો.
ઢાંકાની પુરી વડાં કે'વાં ભૈયાજી વેચે છે તેવાં;
મન કરે ન કબુલ લેવાં દેવાં. ઢાંકા ઢાંકો.
ઢાંકાની બહુ દોડા દોડી, વહુઆરૂ છોડીની જોડી;
બહુ થાય પુરી ચોડે ચોડી. ઢાંકા ઢાંકો.
અન્નકૂટનો ઓચ્છવ શું જાણે, વાની વિધ વિધ તણી આણે;
ચીવટ બહુ તૂટે નવ તાણે. ઢાંકા ઢાંકો.
તેલ ટપકે મૂશળથી ખાંડે, કો ભામની કે'ગે કે ભાંડે;
સળી મૂકો પૃથા ગામે ગાંડે. ઢાંકા ઢાંકો.
ઢાંકે અડધા બડધાજ તણી, માથા ઉતારની વેઠ ગણી;
ઢીંગલી બાંધે લેનાર ઘણી. ઢાંકા ઢાંકો.

ઢાંકાની પુરી છે " રઘલાં, " એકજ જાતી આવે સઘળાં;
તે માંહે ધ્યાન ધરે બગલાં, ઢાંકા ઢાંકો.
થયાં કૃતાર્થ ઢાંકીને માને, ઘરધણી ન એ જુક્તિ જાણે;
માનુની મમત મિથ્યા તાણે, ઢાંકા ઢાંકો.
ઢાંકા નવ ઢંકાયા કોથી, પાકાં નવ પંકાયાં ભોથી;
ઢાંકી આવે પહેલાં સૌથી. ઢાંકા ઢાંકો.
કાચી પાકી ભેગી થાય, બેસ્વાદ બગડતી કયમ ખાય;
તે અરધી ઉકરડે જાય. ઢાંકા ઢાંકો.
કો' શું ઢાંકયું વર્ણન પૂછે; કહું કે હું ધૂંગને ઢેકું છે;
એ સંઘરવાનું કામ શું છે. ઢાંકા ઢાંકો.
એવો ઘર ઘરનો ધૂંળ ઢાંકો, નવ લેવો દેવો પણ પાંકો;
ઐકયતાથી મુકીદો આંકો. ઢાંકા ઢાંકો.
ઢાંકાની ચીજ કરવા ઝૂકયાં, પર્વનું મહાતમ તો ચુકયાં;
તેણે પુરી વડાં તળી કુકયાં. ઢાંકા ઢાંકો.
આગળ હોશે અસ્મદ ઉપમા, રહ્યો ઘસાઇને રેતી ઝૂંપમાં;
હવે અપકીર્તિના ઉતરો કૂંપમાં. ઢાંકા ઢાંકો.
એ મશાણના લાડુ માનો, મહીં સ્વાદ એલાયચીનો શાનો ?
કરો રીવાજ એ બંધ ઢાંકાનો. ઢાંકા ઢાંકો.
ખોટાનું આવરદા ખુટે, પોકળ તેનું પોલું ફુટે;
ઢાંકા ટાંકા તડતડ તુટે. ઢાંકા ઢાંકો
ઢાંકો લઇ ખાવો એ ધોકકો, અવસર આવે પાછું ઓકો;
નથી રીવાજ રૂડો એ રોકો. ઢાંકા ઢાંકો
છાના આ વ્યવહારો ગાંઠે, લે છે દે છે સારે માઠે;
પરગામ હવે છુટકો નાઠે, ઢાંકા ઢાંકો.
સ્થિતિ ચિતરતાં સોંઘી ગાળી, કઇ ઘરાઇ હોંશે લટકાળી;
કરશે શું આ વર્ણન ભાળી. ઢાંકા ઢાંકો.
ગ્રહી ગૃહસ્થાઇ ફોકટ ફાંકો, બુરી ઘરેડમાં ગાડું હાંકો;
બદલો જે માર્ગ પડયો વાંકો. ઢાંકા ઢાંકો.

દોરંગી દુનિઆ.

સારૂં સારૂં રે સુરત શહેર એ રાહ.

તમે દેખોરે ડાહ્યા લોક, દુનિઆ દોરંગી;
પંડિતને પટ્ટાબાજ શકયા નહિ ઓલંઘી. ટેક.

મૃદંગ પેરે બેઉ પડ વાગે, ઉઠે ભિન્ન ભિન્ન નાદરે;
લોપચે નવ લેશ અન્યમાં, દે નવ કોને દાદ. દુનિઆ દોરંગી.
બહુ બોલાને કે' વાચાળુ, ન્યુન બોલાને મૂઢરે;
બહુરૂપી બદલે જ્યમ વેશો, ગીરા કાઢે ગૂઢ. દુનિઆ દોરંગી.
મુખપર સવળું પુંઠળ અવળું, વેણુ તરતજ ફ્રરશેરે;
વહાલામાં વિખવાદ વધે તો, ન્યાય તહાં શું કરશે. દુનિઆ દોરંગી
ઘડાને મુખે ગરણું બાંધો, દુનિઆનું મુખ છુટું રે;
બંધન કરવા કો બળ ધારે, એટલે આવરદા ખુટયું. દુનિઆ દોરંગી.
ધણીને કે'શે ધાજે ધાજે, ચોરને કે'શે નાશરે;
વણુબોલાવી બોલે સઘળે, આવે નવ વિશ્વાસ. દુનિઆ દોરંગી.
સૌને પુછવું પણુ કરવું તો, આપ અક્કલથી કામરે;
સરવેના મરજી સાચવતાં, વણુશે કાર્ય તમામ. દુનિઆ દોરંગી.
બળદ વેચવા મીઆં ચાલ્યા, લોકે બુદ્ધિ બગાડીરે;
સાદું એ દૃષ્ટાંત દેખાડું, નદીમાં નાખ્યો પાડી. દુનિઆ દોરંગી.
જમણુ સરસ કરશે જશ લેવા, ઝાંપે દઇ દુઆઇરે;
જમતાં વદવા લાગે સરવે, એમાં શાની નવાઈ. દુનિઆ દોરંગી.
એવા મળતા કરે ઘણેરા, વરા કમાઇ વાળારે;
રંક તણાઈ કરતાં વદશે, એ "મરવાના ચાળા." દુનિઆ દોરંગી.
જોદ્ધા જબરો કોઇ ન જોયો, જે દુનિઆને જીત્યોરે;
અગમબુદ્ધિ વાળો ઉપકારી, ફાવે નવ અણુચીત્યો. દુનિઆ દોરંગી.
મહેલ બિલોરી માંહે પેસી, કીડી છિદ્રો ખોળેરે;
દુનિઆ એવી ભૂલની ભુખી, શિર નૂ સલામત ખોળે. દુનિઆ દોરંગી.

દુનિઆનો ડર લાગે સૌને, મરવાથી પણ મોટોરે;
જશ લેવા જાતાં અથડાશે, જ્યમ પાણી પરપોટો. દુનિઆ દોરંગી.
જશ લેવા ચાહો લોકોમાં, થાતાં દુર્લભ દાસરે;
ઘરનો ઉંદર દાંડા કરડે, અન્ય તણી શી આશ. દુનિઆ દોરંગી.

પુષ્પ ચુંટણી.

રાહ ઉપરની.

બ્હેનો ચાલોરે વાડીમાંય ફૂલ ચુંટવા જઈએ,
માળીની લેવી રજાય પહેલાં જઇ કહીએ. ટેક.
એ માળી છે અમ વ્રત વાળી ચુંટીએ ફૂલ મજાનારે,
નહિ ચાંપી દઈએ અમ ચરણે વેલા નેલી નાના. ફૂલ ચુંટવા જઈએ.
ચુંટશું કળી ખીલેલી હોશે, વણુ ખીલી ન અડીશુંરે,
ફૂળ ઝુમખા લટકેલા દેખી ઝાડે નહીં ચઢીશું. ફૂલ ચુંટવા જઈએ.
નહિ ભાગીશું ડાળ ભલેરી ખેંચી ઉંચી નીચીરે,
જે ડાળે વા'લે પક્ષીઓ હોંસે રહેલા હોંચી. ફૂલ ચુંટવા જઇએ.
વિનય વચનથી માળી રીઝયો, આપી રજા જવાનીરે,
ફૂલ વીણવાની પડી મજા મસ ગરબો પણ ગાવાની. ફૂલ ચુંટવા જઇએ.
ભરી છાબ આવ્યાં દરવાજે માળી ત્યાં હરખાયોરે,
વિનયવંત બ્હેનો છો વાવા ગરબો સુંદર ગાયો. ફૂલ ચુંટવા જઇએ.
લો અંજીર એકેકું કહીને સૌના કરમાં દીધુંરે,
ફૂલ મળ્યાં ને ફૂળ મળ્યાં પછી પ્રેમે પૂજન કીધું. ફૂલ ચુંટવા જઇએ.
એ માળીની વાડીમાં નિત્ય ફૂલ ચુંટવા ચાલીશુંરે,
માતા પાસે માગી વસ્તુ લઇ જઈને આલીશું, ફૂલ ચુંટવા જઇએ.
માળી સંભાળીને વાડી રાખે રૂડી રીતેરે,
તમો થાવ મોટાં ગૃહ વાડી, રાખો દુર્લભ પ્રીતે. ફૂલ ચુંટવા જઈએ.

આપણી નિર્બળતા.

રાહ ઉપરનો.

નાથ નિયંતાને નમી ધરી ચંચળતા,
વર્ણવું હું ન્યુનાધિક આપણી નિર્બળતા. ટેક.
મીલાવડો કરીને કામનીઓ રડી કૂટીને રાચેરે,
અજને માથે અજા વિનાની અજા ચઢીને નાચે. આપણી નિર્બળતા.
જુવાનના ઘાંડા જમવાને ઘાટ જમીનનો ઘડશેરે,
લોહીના લાડુ ગળે ઉતરતાં ચિતડું નવ ચડચડશે આપણી નિર્બળતા.
કરે સુબોધ સુધરવા માટે વાતે સામા થઇએરે,
નવા ચીલા કોઇને નવ સૂઝે જુને પંથે જઇએ. આપણી નિર્બળતા.
હાનીકારક જુનારીવાજો શત્રુરૂપ પઢાયારે,
હમાયતીઓ સહિત તેને ખણી ખોદી ન કઢાયા. આપણી નિર્બળતા.
પશુવૃત્તીના પામર પ્રાણી આપણી સામા આવેરે,
કરી અખાડા ડરીએ તેથી ભૂલ થાયેજ ભૂલાવે. આપણી નિર્બળતા.
પરોપકારે પાઇ ન છૂટે ખરચે જાય ફૂલાઇરે,
કમાઇ ગઈ નીચોવાઇ તોએ આંતરડી ન ઓલાઇ. આપણી નિર્બળતા.
વહેમની વાતો નવ છૂટે વૃથા ધરે વિશ્વાસરે,
વહેમ ભાગ્યા ભૂત ડાકણુના હજી રહ્યો ભયત્રાસ. આપણી નિર્બળતા.
અયોગ્ય વયમાં કામક્રીડાથી આદમી થાય અશક્તરે,
દૃષ્ટિએ દીઠાં દૃષ્ટાંતો તોય ભામનીના ભક્ત. આપણી નિર્બળતા.
ખંતી ખરાપણુ અબળા આગળ ચાલે નવ ઉપાયરે,
અશક્ત ઓશીઆળ રૂપે રહેવું એછે કયાંનો ન્યાય ? આપણી નિર્બળતા.
ગણ્યા હશે હિસાબ ઘણેરા બજારનો કંટાળોરે,
સવાશેરમાં ચાર ભાગીઆ વહેંચાએ નવ ફાળો. આપણી નિર્બળતા.
ભપકો ભારી ખીસ્સા ખાલી વૃદ્ધના વેણુ વીસરીએરે,
બારશે ફૂલફટાક થઈને લાકડી સાહીં નીસરીએ. આપણી નિર્બળતા.

ભાઈએ ભાઈમાં સંપ મળે નહીં પરવશ લડતાં થાયરે,
વઢી મરે કુતરાં અન્ન માટે ભાગ કાગ લઇ જાય. આપણી નિર્બળતા.
પરનું રૂડું ઝેરી આંખથી જોવાયું નવ જાયરે,
ઉલૂકને આંખે અંધારૂં પ્રકાશ નવ દેખાય. આપણી નિર્બળતા.
ચોખ્ખો ન્યાય વળી અભિપ્રાય ન કોઇથી શરમે અપાયરે,
દૂધ દહીં બેઉમાં પગ રાખે દુર્લભ કાર્ય શું થાય ? આપણી નિર્બળતા.

આર્યા.

નિર્બળતા નવારી તન મન ધનની કળા કરો ચડતી,
એ અભિલાષા મારી પાર ઉતરવા જગપતિ લ્યો જડતી.
તનની નિર્બળતાથી નિર્બળ નીપજે જરૂર સંતાનો,
ક્યાંથી ઉન્નતિ થાયે શૌર્યતણો ત્યાં ચડી નકી પા'નો.
તન સંરક્ષણ કરજો મન ધનના પણ ભેદ ગણી સાચા,
ગ્રામો હિત મંડળમાં હોંશ ભરેલી આ દુર્લભ વાચા.

ગઝલ.

થયે વેવાઇઓ લૂટે અમોને પથ્થરે ઘુંટે,
છતાં કહેવાય ના કાંઇ અમારી એહ નબળાઇ.
પિતા પુત્રીનો શિર બોડે ધરી કર કાછડી દોડે,
રહ્યા છે ખાસડાં ખાઇ અમારી એહ નબળાઈ.
વિવા જેવા પ્રસંગે રંગ–માં આનંદ અતિ માને,
ગીતો બિભસ્ત કો ગાઈ અમારી એહ નબળાઇ,
શિઆળો શેરીમાં ઘોળે દિને ફરી ભક્ષને ખોળે,
ભીનાશે બંદુકો બંધાઇ અમારી એહ નબળાઈ.
કમાણી આણુતા તાણી અમારી કોથળી કાણી,
પુરાંતે પાસ નહીં પાઈ અમારી એહ નબળાઇ.
સુધારી ન્રી શકયાં નાહીં રહી ઘર દેડકી ડાહી,
ન શિક્ષક રૂપ દેખાઇ અમારી એહ નબળાઇ.

હવાઈ કોટ ચણી બેઠા હરીફોમાં પડયા હેઠા,
વધારી વસ્ત્ર શોખાઇ અમારી એહ નબળાઇ.
કળા વ્યાપારની ભૂલ્યા કમાણી અલ્પમાં ફુલ્યા,
સદા અંધારી બંધાઇ અમારી એહ નબળાઇ.
દયા દુર્ભિક્ષમાં આણી અપાયું અન્ન ના પાણી,
ઉઠે ઉરે અદેખાઇ અમારી એહ નબળાઇ.
સ્વદેશી ચીજને ત્યાગી પ્રદેશી વોરીએ માગી,
હજી છૂટી ન હઠીલાઇ અમારી એહ નબળાઇ.
શૂરા આરંભમાં લાગે પરિણામે પછી ભાગે,
મૂકાદે દૂર મર્દાઇ અમારી એહ નબળાઇ.
ઉઘાડાં દ્વાર ને ઘાલે ડુચા ઠોકી ખરા ખાળે,
ગયા એ રીતથી લૂટાઇ અમારી એહ નબળાઈ.
સુતોના વાંકડા લઇએ ઉડાવી હાથથી દઇએ,
સુકી સંતતિ ન સીંચાઈ અમારી એહ નબળાઈ.
પછીથી પુત્રીના આપે બહુ કંટાળશે દાપે,
ચોંપાઓ જાય ચંપાઇ અમારી એહ નબળાઇ.
દીઠા પુત્રી તણા દરદી ધરી રંગ અંગનો જરદી,
મટી મર્દો બન્યા બાઈ અમારી એહ નબળાઇ.
સ્ત્રીઓ બહુ કાળથી કૂટે ભુંકે શિઆળ ચઢી ઉટે,
રૂઢી એવી ન રંડાઇ અમારી એહ નબળાઇ.

ઇંદ્રવિજય.

નિર્બળતા તનની તદનંતર હોય નિરંતર ત્યાં મન ભોગી,
નિર્બળતા મનની વધશે વધુ વિજળીના ચમકાર સુવેગી;
મેળવવા ધન માર્ગ રહે નવ નિર્બળતા ત્રણ—એજ નિવારો,
યુવક ઉન્નત્તિ છે કરવા શુભ આપ તણો ફળદાયક વારો.

આપણે શું ઉપકાર કરીએ ?

વસંતતિલકા વૃત.

પ્રાણી તણું પરમ દૈવત દૂધ દોઈ, કીધાં વળી પગરખાં સુચર્મ જોઈ;
લોભી થઇ લખવસા જન લાભ લીધો, ઔદાર્ય કાર્ય પર શો ઉપકાર કીધો?
મારે મનોહર મૃગો શુભ ચમ માટે, આહ્નિક કર્મ ભૂમિ પાથરવા પ્રભાતે;
સ્વાર્થીય વ્રતી ધરીને વિણ વાંક વીંધ્યો, ઔદાર્ય કાર્ય પર શો ઉપકાર કીધો?
હોંસે હીરાગળ ગજી મુગટા મજેના, પે'રે જુઓ કીટ છતાં સૃજનાર એના
ઉષ્ણોદકે જીવ ખુએ તુજ સ્વાર્થ સીધ્યો, ઔદાર્ય કાર્ય પર શો ઉપકાર કીધો?
માતેલ સાંઢ સુત ગૌ પચાપી ફરે છે, ચાહે તહાં વિચરી ધાક નહીં ધરે છે;
નાથે નપુંસક કરી તુજ ખાય ગોદો, ઔદાર્ય કાર્ય પર શો ઉપકાર કીધો!
માખો અખંડ વગગી મધ સંગ્રહે છે, આવે મનુષ્ય અરથે ચિત્તમાં ચહે છે;
લોભાઇ સદ્ય મધુપુટ દબાવી દીધો, ઔદાર્ય કાર્ય પર શો ઉપકાર કીધો.?
જે વૃક્ષ શીતળ અને સુખકારી છાયા, આપી ફળો મધુ સહે વળી કષ્ટ કાયા
કાપે રસોઇ ગૃહકારજમાં ન બીધો, ઔદાર્ય કાર્ય પર શો ઉપકાર કીધો?
ઘોડા અને બળદ બોજ ઘણો વહે છે, વેચાઇ અન્ય સ્થળમાં રળતા રહેછે;
એવા જનો અમલ તો ચલવેજ સીધો, ઔદાર્ય કાર્ય પર શો ઉપકાર કીધો?
જે અન્ય જીવ જગમાં ઉપકાર કર્ત્તા, માગે ન મુખ થકી મૂળ સ્વભાવ ધર્ત્તા;
કેવા કર્યા નિયમ નાથ દયાળુ દેવે, શ્રેષ્ઠાઈ છે મનુષ્યની સુપ્રકાર કેવે.

દોહરા.

કસ્તુરીઆ મૃગ મારીઆ; કસ્તુરીને કાજ;
તેની હૈડે શું ધરી, ઓ દિલ ડાહ્યા દાઝ.
ગોરૂં ચંદન ગૌ તણું, વળી હસ્તિના દંત;
આ દરીઓ ઉપકાર શું, આણી અરથે અંત.
દરીઓ ડોબ્વી કાઢીઓ, મોતી શુદ્ધ અમુલ્ય;
છીપ ચીરી છે સહસ્રધા, એ અપરાધ અતુલ્ય.
અવર પ્રાણીઓ જન પ્રતિ, કરે સદા ઉપકાર;
કયે કારણે સ્વારથી, મોઢે કહે નકાર.

ભુજંગી છંદ.

ભલે રંકના બાળકો ભૂખ વેઠે, ભણ્યા વિણુ તે તો ભમે ભૃંગ પેઠે;
બળાપે વૃથા જીવ ત્યાં કોણ બાળે, પરાઇ પીડા કોણ ચોઢે કપાળે ?
નરો સ્વારથી ફેરી વાતો બડી છે, સદા એહ પંચાત કોને પડી છે;
અમો તો કમાયા પરાયાજ માટે ? ભલે રંક લોકો ભૂખે હુસ્ત ચાટે.
તમારૂં પડયું તો તમે ભોગવી લો, અમે ફોડીએ છે અમારૂં પડયું તો;
કરે શુંય કલ્યાણુ તે લોક કેરૂં, હદે જેહનું ઝેરીલું ને નમેરૂં.
સદા સ્વાર્થમાં વૃતિ રાખે વિશેષે, પરાર્થે ન પાઇ કદી એક દેશે,
રળ્યું તો બળ્યું તેહનું પિંડ પોષે, પશુ પેર તે સર્વદા ખાઈ ખોશે.
ધની ધર્મી તો તેજ જે કષ્ટ કાળે, અનાથાશ્રમે રંકને જેહ પાળે;
કરે લોક કલ્યાણુના કર્મ ક્રોડે, કરે છે શરૂઆત સંપત્તિ થોડે.
જુઓ વૃક્ષ આપે ફળો છાંય કેવી, પરાર્થે પ્રજાળી સહી શીત દેહી;
નદીઓ તણાં નીર તો લક્ષ લેવા, કરે કાર્ય ઔદાર્યના તેહ કેવાં.
પ્રકાશે વળી સૂર્ય શું આપ માટે, ન લે આપી ઉજાશ તે દામ સાટે;
ઉદારી જનો કર્મ એવાં કરે છે, જતાં દુષ્ટના દુર્વિચારો ડરે છે.

દોહરા

પશુ પંખી સૌ પ્રાણીઓ, સહજ સ્વભાવે જેમ;
પરમારથ કારજ કરે, કરો સજન સૌ તેમ.
સ્વારથ માટે વાપરે, જેહ સહસ્રજ દામ;
પરને તેનો પાડ શું ! તે તો કરે તમામ.
પણ પરમારથ કાર્યમાં, એક પાઇ ખરચાય;
તેની અધિક પ્રભુતા વધે, એ ઉજમાળો ન્યાય.
ધનના ઢગ કરનાર તો, લોભી નરો અનેક;
નિજ હાથે પરમારથે, વાપરનારા એક.
જે ગુણુ પરોપકારના, સમજે સંત વિવેક;
તે ધન હીણા હોય છે, એ અવળો અવિવેક.

ગજા પ્રમાણે જ્ઞાતિના, સુણજો વીર સમસ્ત;
પરમારથનાં કાર્યમાં, લંબાવો નિજ હસ્ત.
અન ધન વિદ્યા દાનની, જેને જેહ જરૂર;
તપાસીને સંતોષજો, કરી દયાળુ ઉર.
એકજ જણના આપવે, સરતો હોય ન અર્થ;
પાંચ જણા ભેગા મળી, પુરજો મહા મનોર્થ.
સાત પાંચની લાકડી, એક જણાનો બોજ;
ચંચુ ભરતાં નવ ઘટે, હોય ભરેલો હોજ.
ઉદારતાના કાર્યમાં, નવ જોશો જશ લાણુ;
મનુષ્ય માત્રનો ધર્મ છે, કરવું જીવ કલ્યાણ.
લાભ મળે વળી લક્ષધા, કરતાં પરોપકાર;
એવી ઇચ્છા અંતરે, લાવો નહીં લગાર.
શાબાસી શીર પાવ દે, પ્રજા અને સરકાર;
તે અરથે ધન વાપરે, જનહિત નવ દરકાર.
ઇચ્છા જેને અંતરે, મેળવવા મસ માન;
નિસ્પ્રહી નવ નીરખો, નર નિર્બળ નાદાન.
પરોપકારી પર પ્રભુ, પૂરણ રાખે પ્યાર;
તજ પ્રમાદ સુપ્રસંગ પર, કરજો પુણ્ય પ્રસાર.
પરદુખે દિલ દાઝશે, વીરલ ઉદારી એજ;
નિતનિત નૌતમ વાધશે, ત્વરીત તેનું તેજ.
આપ વડાઇ વદનથી, અકુલહિણુ જે હોય;
ફૂરે કહેતા લોકમાં, જશ જન નવ દે કોય.
પરમારથ એ પગથીઉં, પે'લું પરમ પુનિત;
સ્વર્ગ સદનનું સિદ્ધ છે, અધિકું એ અંકિત.
સ્વજ્ઞાતિ કે પર નાતનો, જોવો રંક ન એહ;
જરૂર જેવી હોય ત્યાં, કર પરમારથ તેહ.
ઇશ્વરને અર્પણ કરી, કર પરમારથ કામ;
નિતનિત દયા વધારતાં, અમર કરો નિજ નામ.

ધુતારા ઢોંગી ઘણા, ધન અરથે રચી દાવ;
આવે ફરગરી યાચવા, જાણે જુઠો ભાવ.
ઉદર અર્થે ધરમનું, બહુ બતાવે કાજ;
કિંચિંત ગણના નવ કરો, ભલે થાય નારાજ.
પરમારથને સાધતાં, નહીં ઠગાશો નામ;
(નહીંતો) ક્ષુધારથીનું અન જશે, ધરાયલાને ધામ.

પાઘ પચીસી.

મનહરછંદ.

અરે ઓ કુક્કડ કેમ ફેંટા શિરપર બાંધ્યા,
મળતી નથી શું ? પાઘ અનુમાન થાય છે;
કોક સ્નેહીઓનો શોક પાળી પાઘ વિણ ફરો,
વધી વરણાગી સાથે લાગી સમજાયછે;
નારે ભાઇ ધારનું છે ભૂલનું ભરેલું એ તો,
બત્તી વડોદરી પેંઠી સસ્તીજ વેચાય છે;
શોક પાળનારા નથી અમે તો સુધારાવાળા,
સહેલું ને સસ્તું જોઈ મનડું ખેંચાય છે.
પેશવાઈ વારાની આ પાઘડી અમારી ભાળો,
મારવાડી મેરાઇઓ ચકરી ચડાવે છે;
અવર વરણ તણું ઓળખાણ રહ્યું નહીં,
નકલી સમો છે આજ નકલ લડાવે છે;
ચકલીની ચાંચ માથે પોપટની પાંખ જેવો,
તોરાને પાછળ ખોસ્યો ટાંકણી આધારથી;
અંતરમાં પેચ અને શિરપર પેચવાળી,
આમળા વાળા હતા શ્રીકૃષ્ણ શૂરા સારથી.
એવા અનાવિલ તણો છીનવ્યો પહેરવેશ,
ત્યારે ધાર્યો અન્ય વેશ કાળુ ફેરફારથી;

પાઘડીની પંચાતી થૈ પીડક પડી અત્યારે,
અમે કરી દૂર તેને આજ અમ દ્વારથી;
શિરપર ધરી તોય ભાર ન લગાર તજે,
બાંધનાર મોઘા પૂછે મોલે ચઢી જાય છે;
વાયદે ન આપે હાથ કાયદાથી કરે વાત,
અવઘડ વાળી પાઘ તજવાથી શું થાય છે.
રંગજે કસુંબી તેનું લેવું નામ માત્ર રહ્યું,
ચડાવે વીલાતી રંગ રૂપીઓ લે રોકડો;
બાંધનાર થોડા તેતો સરતના ઘોડા જેવા,
પાણી છાંટી આંટી મારી આપે કરી પોપડો;
પહોંચતી પાઘડી જે વીસને પચીસ વર્ષ,
પાંચમે વરસ આજ ઉપજે ન દોકડો.
શિરનું રક્ષણ કરનાર શણગાર ખરો,
પાઘડીનો આ ઘડી મનાયો ઠાલી થોકડો;
આ કાળે કંતાઈ સૌના અંગ સકોમળ થયાં,
શિરે સહેવાયો નહિ પાઘડીનો ભાર જ્યાં;
અસલ મૂકીને લાગ્યા લોકો કરવા નકલ,
શોખીલાઓ માટે આવ્યાં ખોખાંઓ હજાર ત્યાં.
ખોખું જોઈ થયા ખુશ, ખટપટ લેશ નહિ,
નકશી નિહાળો એની કેટલી શોભાય છે;
અંગનો ગયેજ રંગ ખોખું ખોડ વાળું થાય,
પાઘડીનું ખોખું તેવું રંગ ગયે થાય છે.
ધોતી જોટા કરી દૂર કોટ પાટલુન પે'ર્યા;
ખોખું તહાં થયું ખરૂં આપે અલખામણું;
દક્ષિણીનો પક્ષ ધરી ફેંટા શિરે બાંધતામાં,
પાઘડીના ફેંટા થયા ધરી રૂપ વામણું.
રંગ ગયો જોતાંજોતાં મનનો ઉમંગ ગયો,
નીકળ્યા આંટાના ફાંટા તોલે થયું તરણું;

ફરી રંગવાથી રંગ રહ્યા ન હારીને માન્યું,
ખોખું ચાર દહાડાનું ચોખ્ખું છે ચાંદરણું.
ફેંટો જાણે ફુલ જેવો ઓછા મૂલમાં એ મળે,
પળેપળે મસ્તકે એ છોડીને વીંટાળીએ;
પડે ન પંચાત ફેંટે હાથનો હુન્નર તેથી,
પાઘડી ખોખાંની કડા કૂટમાં કંટાળીએ.
ફેંટામાં ફક્કડપણું ફાવતું અમોને મળ્યું,
વધશે વક્કર એમ ઘટતું વિચારીએ;
પાઘડીને માન હોય પાઘડીનું ગણી અમે,
ગોળે વીંટયા પા'ણુ પણ ગળામાં ઉતારીએ.
વજન વધારનાર સભામાં શોભાવનારી,
વિધવિધ રંગવાળી પાઘડી શિરોમણી;
ખોખાં ટોપી ફેંટાઓનું વર્ણન વધારે પણ,
વારવાર કરે વધુ નાણાની નીચોવણી.
જેવો મહીપતિકેરા મસ્તકે મુકુટમણી,
મનુષ્યની તેવી શોભા મોભ્ભાદાર પાઘડી;
કાળે કાળે ફેરવાઇ રાજ ચક્ર ફરતાંમાં,
પંચાતીમાં પડી શિરે ચડે તોય આઘડી.
રાજાઓને રાણાઓ તો પાઘડી પે'રાવતાતા,
કાર્ય દક્ષ શુરાઓની જોઇ સહાસિકતા;
પાઘડીની પુરેપુરી કીંમત પોષાતી ત્યારે,
બાંધનાર મનુષ્યની મનાતી અધિકતા.
સાસરામાં જમાઇને પાઘડી બંધાવવામાં,
મનાતી મોટાઇ ગઇ છે ભુંસાઇ આપણી;
સરકાર સેવા સાથે સનંદ ચર્મની દીએ,
પાઘડી સેલાં ભુમિની મૂળે કરી કાપણી.
વિધવિધ રંગવાળી નરના મસ્તકે ચઢી,
પેચવાળી બહુ છેડે કસબ જણાય છે;

ભારને જણાવનારી વળ છેડે કાઢનારી,
પાઘડી કે પ્રમદા ભલા ભાતે ભણાય છે.
ઘણાઘણા ઘાટવાળી મોટાઇ અપાવનારી,
પ્રખ્યાતિ પામેલી મન મોહની મનાય છે;
પ્રમદાને પાઘડીની કરી સરખામણી આ,
ઉભયની અગત્યતા અધિક દેખાય છે.
ટોટામાંહે પકડીને ફેંટાવાળાને પૂછો,
બાવો નાંચ્યો તેમ સાથે કેમ નાચી બોદલી;
દોઢીઆંવાળાને પાલવે સહસ્ર ફેરફાર,
બીજાઓની બુદ્ધિ સાથે લાગી છાકી કાં બળી.
ભણ્યાગણ્યા પંડિતોને સભામાંહે માન મળે,
અન્ય સ્થાન સનમાન પામે અધિકારથી;
પહેરે પોષાક કદી શ્રીમાન સભા સોહંતો,
ફાવે કેમ અભણને કરે ફેરફારથી.
તેહ ભણ્યા તેટલુંજ તમે ભણી માન પામો,
તે કમાયા તેટલીજ કમાઇ તમે કરો;
પછી ફેંટા વીંટાળીને બડાના બેટાઓ બની,
ફરો ત્યારે બહાદુરી નકલી ગણું ખરો.
ફેંટા અને પાઘડીના પેટામાં પોલાણુ જેવું,
તેવું તુર્ત અંતરનું માપજ લેખાય છે;
આપ જો વિચારી જુઓ નકલમાં નાણું ખુઓ,
નકલમાં અકલ શું ચઢતી દેખાય છે.
કરતાં દેખીશ કયારે દેશી મંડળોને મહા,
નકલ વિદેશીઓની ને રૂડી શ્રીમંતની;
નરસી અસર ઝટ્ટ વિજળીના વેગે પેસે,
બેસે ઘર કરી પછી જાય ઘડી અંતની.
જતાં જતાં જાય મારી છાપ તેનાં છેયાંપર,
એમ આર્યાવૃત આજ કહે કે તારાજ છુ;

હોય જેને હૈયે હિત અનુભવ દે કિંચિત,
ઇચ્છું સુધારાની આશ નકલે નારાજછું.
ચવલાની જાડી પાઘ વડોદરી બત્તી કેચ્ય,
પેંઠના વણાટ આગે અન્ય સહું હેઠ છે;
પાઘડી ઘાલ્યામાં માન મનાય અપાર પણ,
ફેંટા ટોપી આગળે એ મનાઇજ વેઠ છે.
બંધારાઓ પુનાશાઇ કોઇ તો બ્રાહ્મણશાઇ,
કોઇ ગુજરાતી ગોળ બાંધે ડોળ કા'ડીને;
કાચચ સુતારશાઇ ભાટીઆની ચાંચવાળી,
ચડયા ફેંટાઓ તો શિરે આજ પાઘ પાડીને.
ફેંટાવાળા વણ શોધ્યા મળે છે અનેક જેમ,
તેમ ટોપીવાળા પણ અનેક જણાય છે;
ચીનાઇ બ્રધર્સ ટોપી હંગરીવાળાની ચઢી,
પૈસા પાર વિનાના એ પ્રદેશ તણાય છે.
દેશી ટોપીઓનો કોઇ ભાવ નહીં આજ પૂછે,
કમાઇ ઓછી ને વરણાગી હડહડતી;
દેશી વસ્તુઓનો જ્યારે વાવર વિશેષ વધે,
દેશમાં દ્રવ્યની તોજ થાય વધુ ચઢતી.
પ્રમદાની પા'ની લાલ હાથની હથેળી લાલ,
ને ગુલાબી ગાલ બાળ તેવી લાલ પાઘડી;
હાથમાં રૂમાલ લાલ લાકડી છે લાલ લાલ,
આ ઘડી ગણાઈ તેજ પાઘ કાળી કાગડી.
પાઘડી ઉતારી પગે પડવું લાચારનું છે,
પાઘડીને પાડવી એ મહા અપમાન છે;
પાઘડી બદલવી એ મિત્રની નિશાની માનો,
પાઘડી બંધાવવામાં માને મહા માન છે.
મનના મોજીઓ એને રંગાવે વિવિધ રંગે,
કોઈ કીરમજીઆને લીલી કો રંગાવશે;

કેસરીઆ રંગની કો નંખાવે ગુલાબી રંગ,
શોકગ્રસ્ત શિર પર કાળી ધોળી ફાવશે,
મૂળ રંગનો પ્રથમ લાલ રંગ જે કહાવે;
દેખાવમાં આવે વધુ પાઘડીના રંગમાં,
તોરાથી અંકાય મુલ સુતરાઉ રેશમીનું.
હયોને કારીગરી એવી સ્વદેશી ઉછંગમાં,
કારકુન જાણે મારી કલમનું ખોસણું છે;
મૂરખને મન મારા શિરનું ઉશીકું છે,
પાઘડી સેલાંનો કદી શિરપાવ પામ્યા હોય.
પુત્ર કહે એજ મારૂં બળતો બાપીકું છે,
બાંધનાર કહે મારી એમાં રહી આપ કળા;
પોત જોઈ પાઘડીની કરૂં પરખામણી,
પાઘડી પહેરવાથી પુરૂષને માન મળે,
પાઘડીની તોલે થાય નહિ સરખામણિ;
પાઘડીનું તેજ તપે પુરો પુરૂષાર્થ સાધે,
પાઘડીનું તેજ તપે ખપે શૂરવીરમાં.
પાઘડીનું તેજ તપે રાજ અધિકારમાંહે,
પાઘડીનું તેજ તપે વરરાજા શિરમાં;
પાઘડીનું તેજ તપે પૃથ્વી ને શિરે સૂર્ય,
પાઘડીનું તેજ તપે ચંદ્ર શુકલ પક્ષમાં.
જોગી રાજ થયા તેઓ જટાની ચઢાવે પાઘ,
પાઘડીનો લ્હાવ એમ લેખાય છે લક્ષમા;
"પાઘડી તારીના કરૂં પતેડીઆં" ઉભો રહે,
"પાઘડી બળ્યા" કહ્યાથી ગાળતો ગણાય છે.
પહેરે પોષાક મૂલદાર જો હજાર મોટા,
પાઘડીની ખોટ તહાં તરત જણાય છે;
શિરને શોભાવે અને તાપને થોભાવે વળી,
રક્ષતાં તું રંગ ખોઈ આપે મેલી થાય છે.

માથાપર મેલો ચાતો ફેલો તમ મરજી છે,
પાઘડી કેરા દુર્લભ કોડે ગુણ ગાય છે;
ચડતીમાં પાઘડીનું તેજ તપે લક્ષ વસા,
પડતીમાં તેજ પાઘ સહેજે પીખાય છે;
પાઘડી ઘાલીને કોઇ ઠાકોરે કસુંબો પીધો,
ઘેનથી ઘેરાઇ શિર ફરતું ડોલાય છે.
ડોલતાં સઘડીની માંહે પડી પાઘ બળી,
ઢગલી બળેલી દેખી બગલુંજ ધાર્યું છે;
ઠાકોરે પોકારી કહ્યું આંખો ચોળી આજ અરે,
મારા મુખ આગે આ બગલું ચીણે માર્યું છે ?
રેશમ કે રૂની બની રૂપાળી આ પાઘડી છે,
સોનેરી રૂપેરી તોરો રંગાઇ પંકાઇને;
રૂપીઆના મૂલે પોત પ્રમાણે અંકાઇ અને,
શિર ચક્રરૂપ થઇ આરૂઢ બંધાઇને.
લાકડાંના મસ્તકે એ બંધાતાં શોભાય ત્યારે,
મનુષ્યના મસ્તકને કેમ ન દિપાવશે;
મનુષ્યના મનહર મુખને નિહાળતાંમાં,
દ્રષ્ટમાં તહાંય પાઘ પ્રથમજ આવશે.
મરદોના પોષાકે જે પોષાયે છે મૂલદાર,
પાઘડી ઉદ્યમીઓની જેને પરવારના;
મરદોના મસ્તકે એ ચઢીને ચોગમ જોતી,
સતકારદ્વાર જાય દેવ દરબારના.
ઉંચ સ્થાને બેસવાનો અધિકાર મળ્યો માટે,
ઉતારી બે હાથ ઉંચી ખીંટીએ વળાવે છે;
ઉપરી અમલદાર આવે આપણી સમીપ,
પાઘ ઘાલી માન આપો નિયમ પળાવે છે.
હાથે લઇ માથાપર ચઢાવી ચાટલે જોયું,
ઉંધી તું દેખાઇ તહાં હોંસે ઘાલનારને;

કોઈ કવિઓએ તારી કીમત ન આંકી તેથી,
શોભા ન બતાવે તારી પુરા પાળનારને.
વક્તા વસેલી ખરી પાઘડી વદે છે એમ,
પંથે ચાલનારાઓને દેખાઉં દીપાવડી;
મારો ચાલો આરસીનો દોષ નથી અક્ષીનો છે,
એટલા માટે ન પડું ઓશીઆળી આવડી.
ચોગમ નિહાળી કહે અગમનિગમ વૃદ્ધ,
જુની આંખડીએ નવા તમાશા જોવાના છે;
ગાંડા કહો ઘેલા કહો વેલાના વારાના કહો,
પ્રવૃત્તિ વાળા પશુઓ સવારા રોવાના છે;
ફેંટા ટોપી ખોખાંઓના ખ્યાલમાં બેહાલ થશો,
એક પાઘડીની આગે એ સહુ જોવાના છે;
જીંદગાની ગાળતાતા એક પાઘડીએ અમે,
ગાયને તજીને ગદ્ધી ગાંડીઆ હોવાના છે.

સુધારાના શત્રુઓ.

જાયા તે જરૂર જવાના, જગતમાં એ રાહ

શત્રુ સંપૂર્ણ સમજવા, સુધારાના શત્રુ સંપૂર્ણ સમજવા;
ન તૈયાર દુરાગ્રહ તજવા, સુધારાના શત્રુ સંપૂર્ણ સમજવા.
બાળ લગ્નની બુરી રસમના અલાભ અદકા ગણાયા,
તોપણ તે સરિતાના પુરમાં હજી જે જાય તણાયા. સુધારાના.
કન્યાથકી વર બમણી વયનો શાસ્ત્ર કહે છે પોકારી,
કરે કજોડું મા દીકરાસમ નિત થાય મારા મારી. સુધારાના.
સભામાં ઉત્તમ સ્થાન મેળવવા ભાષણો ભાખે ભારી,
કાર્ય પરત્વે વિભાગ પડાવી આપ બતાવે લાચારી. સુધારાના.
નરો આરંભે મહા સત્કાર્યો ઇર્ષાએ છિદ્રો ખોળે,
આપનું આળ ઓરાડી અન્યને રંક નિઃશંક રગડોળે. સુધારાના.

પુત્રી પરાયી વિધવા થયેથી વિધવા વિવાહે પ્રબોધે,
સ્વપુત્રી વિધવા થાય બિચારી કંથ બીજો કાં ન શોધે. સુધારાના.
અમે અધિક અન્ય કીસ ગણુતીમાં પુત્ર અમારા પરણે,
વાંઢા રહે પીતરાઇના ભલે જન્મ સુધી રહી શરણે. સુધારાના.
પુત્ર પુત્રીમાં ભેદ ગણીને કન્યા પુરાવે કુવામાં,
શું કલ્યાણ મુર્ખ નર થાશે નિર્દોષ કન્યા મુવામાં. સુધારાના.
કન્યા કેળવવા યત્ન કરે કો શંકા ગ્રહીને વારે,
ગૃહસ્થાશ્રમ અભણથી ન ચાલે નિત્ય જુએ ન વિચારે. સુધારાના.
ઐકયતા અર્થે ઉપદેશ આપે ભેદ રાખે નિજ ભાઇ,
નર પશુઓ એવાથી જ્ઞાતિમાં નીપજી શકે નવ કાંઈ. સુધારાના.
કહેવી કહેણી સમજવી સહેલી રાખવી કપરી રહેણી,
પરોપદેશે પાંડિત્યમ્ પકડે એજ કુધારક શ્રેણી. સુધારાના.
નિડર અડગ રહીને આરંભે યત્ન કાળજે થંડે,
દુર્લભ કાર્ય કરે સુધારકનું શત્રુ કહીને નંદે. સુધારાના.

ધર્મ ઠગ.

ભોજા ભગતના ચાબખાનો રાહ.

ધર્મ ઠગ જુઠા વેષ ધારી, નગુરા નર્કના અધિકારી. ટેક.
લક્ષણ દશ નિજ ધર્મના ત્યાગે, બુદ્ધિ ન શુદ્ધ સંસ્કારી;
ધર્મોપદેશે ઢાંક પીછોડા વાળી દે વેઠ ઉતારી. ધર્મ ઠગ.
ગુરૂ થવા ચોગમ ચોટ ચલવે, છુટાં મુખે લવારી;
સરે અરથ નવ નિંદે સરવને, ઓડે અંતે લાચારી. ધર્મ ઠગ.
છુપાઇ ઇર્ષાના ગોળા ગબડાવે, દબડાવે બ્રષ્ઠ ભારી;
મુખ સંતાડે ન છુપે બદનામી, કાં નર કાં નારી. ધર્મ ઠગ.
વિષની ચલમ બનાવી બીજાને, દેવા કરે તૈયારી;
દગા કીસીકા સગા ન થાયે, સ્વદેહ દેશે સંહારી. ધર્મ ઠગ.

તન તોડી પર સેવામાં હાજર હોય, નર જે અધિકારી;
અણુસમજુ આળ મૂકી ખસેડવા, કરે છે અલ્પાચારી. ધર્મ ઠગ.
વિશ્રાંતી લેવા અન્યને આરાધે, પાપની પાથરી પથારી;
ખાડો ખોદે તે પડેજ પંડે, એમાં શાની ઉધારી. ધર્મ ઠગ.
પર કારજ પર આશ્રયે સીધે, ઉઠે ચિંતે ચણગારી;
બાળી બાળી રાખોડી કાળજું, કરશે કરપીણકારી. ધર્મ ઠગ.
ભોળા જાણી ભરમાવા ભૂલમાં, નીકળે અત્યાચારી;
ધાર્યું કારજ અંતે ન થયેથી, હોડ જશે હારી. ધર્મ ઠગ.
રૂડા કહી કુડા પંથ બતાવે, બાંધી આંખે અંધારી;
ધર્મ ગુરૂ ધોરીંધર મળતાં, તૂટે તરત અણધારી. ધર્મ ઠગ.
બોધે બીજાને પણ પગ પાછા, મોટા માયા ધારી;
જીવતા પ્રેત રૂપેજ પ્રગટ છે, પિંડના નહિ અધિકારી. ધર્મ ઠગ.
વિવાહ કારજને કથળાવવા, કરેજ બુદ્ધિજ હત્યારી;
બેઉ બાજુના લે છે દુઃશ્રાપો, ધિક તેની જણનારી. ધર્મ ઠગ.
અજાણ ઠગે છે ડોળા બતાવે, ઠગે અબળા નારી;
ધમકી પત્રો ધૂળમાં રગડોળી, અડગ રહે આચારી. ધર્મ ઠગ.
ભરૂસો કરતાં માથું વાઢે છે, લઢાવવાની હોશિઆરી;
જાતિ સ્વભાવની બાજી રચીને, આપે ન લેશ યારી. ધર્મ ઠગ.
કોણ ધર્મ ઠગ કયા ધર્મીની, બુદ્ધિની બલિહારી;
પાષાણ હૃદયના પાપી કોણે, માને ભારે મારી. ધર્મ ઠગ.
ચારૂ ચીલામાં ચાલોને ચલવો, નહિતો ખરી ખુવારી;
દુર્લભ આ અવસરમાં સમજો, ઝુમે માથે મહામારી. ધર્મ ઠગ

બંધુ પ્રેમ.

રાહ ઉપરનો.

કહાં છે ભાઈ ભલા એવારે, રઘુપતિ રામ લક્ષ્મણ જેવા. ટેક.
અહાર નિદ્રાની આડ ઓળંગી, દુઃખ વેઠ્યાં વનવાસે;
સુમિત્રા સુત લક્ષ્મણ, સીતાપતી ભાગ્યા ન ભય ત્રાસે. કહાં છે ભાઈ.

અકેકની નવ આજ્ઞા ઉથાપી, વેદ વચન થાપે;
ધર્મમૂર્તિ ધરણુપતિ ધારી, જન પ્રભુ પદ આપે; કહાં છે ભાઇ.
ધન્ય ભરતના ભ્રાતૃ ભાવને, રાજ તૃષ્ણા તુચ્છકારી,
વરદાન માતના મિથ્યા ઠરાવી સાધુ વૃતિ ધારી. કહાં છે ભાઇ.
યદુનંદન હળધર શ્રી હરીના બંધુત્વની બલિહારી;
ભક્તોનું પાલન ભેગા રહી કર્યું, દીધા દુષ્ટો સંહારી. કહાં છે ભાઇ.
કુંતી માતાના સુત પાંચ પાંડવો, વર્યા દ્રૌપદી નારી,
એક તન મનના ન્યાયે સુખે સુખી, દુખે દુખી નિરધારી. કહાં છે ભાઇ.
ભાઇ સંરક્ષણ સાટે કપાયુ, શિશ શત્રુ સહવાસે;
નાગર નરોત્તમ કેશવ અમરનામ, આજ રહ્યું ઇતિહાસે. કહાં છે ભાઇ.
બાળપણમાં એકજ ભાણે, ભાઇ જમે ભેળા;
અંતરમાં અંતર નવ ભાળે, આચાર્યના ચેલા. કહાં છે ભાઇ.
જનમ્યા એકે દિવસે બે જોળવા અને ઉછર્યા સાથે;
સરખી વિદ્યા પારસી બે ભણીયા, પામ્યા વિખ્યાતિ વિલાતે. કહાં છે ભાઇ.
સગાઇ ભાઇની એકજ લોહીની, નાંખો નહિ તોડી;
દિવ્ય દેહે બિરાજશો બારણે, જય વિજય જોડી. કહાં છે ભાઇ.
ભાઇ બદબોઇ ભુલે કરો ના, ભાઇ છે ભીડનો બેલી;
પડતીમાં ટેકારૂપ વિચારો, ઠોકરે દેતાં ઠેલી. કહાં છે ભાઇ.
ભાઇના દુખનો ભાગી થયો નવ, પશુ અભાગી પ્રાણી;
કુળ દેશોદ્ધાર કરે કહાંથી, કરશે ન કર્મ કલ્યાણી. કહાં છે ભાઇ.
ભાઇ સમો કોઇ બંધુ નથી, જો હોય મન મમતાળુ;
ભાઇ દુશ્મનાઇ બાંધી બેઠો ત્યાં, ડરે ન કરવા કાળુ. કહાં છે ભાઇ.
અળગો થઇને ઇર્ષા વધારે, નવ આવે પાસે;
રેતીના કણ રહે ન્યારાને ન્યારા, જન્મારો જાશે. કહાં છે ભાઇ.
વ્હાલ અનોપમ ભાઇ તણું છે, વેર પણ બહુ મોટું;
કનીષ્ઠ ભ્રાતને રાવણે કાઢયો, થયું નખરૂં ખોટું. કહાં છે ભાઇ.
ભાગ પડાવે રાજે વઢાવે, ભુલમાં ભોળવાણા;
કપાઇ છુંદાઇ કૈંક મુઆ છે, મહારાજા રાણા. કહાં છે ભાઇ.

ભાઇ આ કાળમાં કેવા દેખાયે, એક ખાય બીજો જુએ;
કમાઇમાં રામ દુઆઇ દેતાં, રૂડું દેખી રૂએ. કહાં છે ભાઇ.
સમજણુ આવતાં ભાઇ જુદાઇ, રાખતાં નવ લાજે;
ઉગે ત્યાંથી આડા કંટક બાવળના, શુળપર જયમ બાઝે. કહાં છે ભાઇ.
કડવું પણ તુંબી ફળ તરે છે, તારી કિનારે લાવે;
દૃષ્ટાંત દુર્લભ ભાઇનું એવું અંતે અર્થે આવે. કહાં છે ભાઇ.

ઇર્ષાનો અવગુણ.

અવગુણ આળસમાંરે આળસમાં એ રાહ.

અવગુણ ઇર્ષામાંરે ઇર્ષામાં, જોયું ઝેર સ્વજાતિ શિર્ષામાંરે શિર્ષામાં—ટેક.
એક પિતાના પુત્ર પનોતા, થતાં વધ્યો વિસ્તાર;
અકેકને અળગા કરી બાળે, ઇર્ષાનો અંગાર. અવગુણ.
લ્યો દૃષ્ટાંત દુર્યોધન કેરૂં, જે ઇર્ષાનો રોગી;
ન સંતાન લાળ્યું ઇર્ષાની, ઔષધી આરોગી. અવગુણ.
શ્વાન સ્વભાવ સકળનો સરખો, દીઠે ડોળે વેરી;
અજાણ ઘેરી રૂધીર પીએ છે, નફટ નગુણાં નમેરી. અવગુણ.
કોકિલ પાછળ કાગ ભમે છે, લે બાગોમાં ઘેરી;
ઇર્ષાનો રોગી રસ ભુલે, આંબે ખાવે કેરી. અવગુણ.
પાડોશીનો પુત્રજ લાવે, કસરે કરી કમાઇ;
નકલ કરે ઇર્ષાથી ગાંઠનું, ગયું જ બેસે ગુમાઇ. અવગુણ.
પીતરાઇના પરણે પહેલાં, પેટ ખારીલો કુટે;
લખે નનામા પત્રો છાના, તેમ વિવાહ શું તુટે ? અવગુણ.
સુરજ સામા ધુળ ધરાથી, મુઠે મુઠા નાખે;
રજ નજ લાગે ફેંકનાર તું ભુરાય અંગે આખે. અવગુણ.
હૈયાં મેલા જોઇ હવેલી ઇચ્છા આણે ઘેલી;
પર્ણકુટીમાં પાવક મેલી પસ્તાએ વણુથેલી. અવગુણ.

વહુપર દ્વેષ ધરી સાસુજી, વહુ વર રાખે ન્યારાં;
નિર્મુળ વંશ થયે હાથો બેઉ ચોળે છે હત્યારાં. અવગુણ.
બુદ્ધિમળ અવળે મારગ કાં દોછો હડસેલી,
અરસપરસ રોળાયા રજપુત શોણિત સરિતા રેલી. અવગુણ.
દ્વેષબુદ્ધિ મંથરા દાસીની કૈકેયી ગઇ ભુલી,
ભરત રાજ ભોગવવા ન રહ્યો વિધવાપણુમાં ડુલી. અવગુણ.
લઢે વઢે પણ અંતે એકજ વણીક બુદ્ધિ વારૂ,
અનાવિલ રાખે ઇર્ષાનું અનર્થી ખુલ્લું બારૂં. અવગુણ.
અણુભેરે કુશળ રહે તો તો તો તો સમદૃષ્ટિ સમજાતી,
પડયો પ્રસંગ પરખ્યા પોતાના કોના ઉરમાં કાતી. અવગુણ.
ઇર્ષાનો કીડો નિજ કાળજુ છુપું કરડી ખાશે,
અલખત અવગુણો અવિલોકી મોઢાપર હરખાશે. અવગુણ.
અલ્પ સમય અવનિમાં જીવવું ઇર્ષા શું દરશાવો ?
વિરૂદ્ધતા વર્જીને અમૃત વ્હાલ વૃષ્ટિ વરસાવો. અવગુણ.
દેશ દશા દુર્બળ ફેરવશો ફોકટ ફાલી આશા,
દુર્લભ દાવે ચૂકી સોકઠી ચડવા દે નવ પાસા. અવગુણ.

ભુજંગી છંદ

ભુખ્યો કુતરો હાડકું સુકું ચાવે, ટીપું રકતનું મુખમાં કયાંથી આવે ?
લીંચે નિજ રૂધિરનો સ્વાદ ખોતે, અદેખા જનો હોલવે દાઝ પોતે.
ચહે સૂર્યને ઢાંકવા છાબડેથી, ઘડે ઘાટ યુકિતવડે શુંય તેથી;
અરે આખરે આંખ મીંચી કુલાએ, અદેખા છતી આંખથી અંધ થાએ.
ખણે ઉંદરો પૃથ્વીનું પેટ હોંસે, ભુજંગો વડા આવીને ત્યાં વસેછે;
ઠરે શું ? કરે ભક્ષ એ દુઃખ બે છે, અદેખા જનોની સ્થિતિ એ બનેછે.
અદેખા વળી જોગી છોટા દીસેછે, જટાની ઘટા વર્ષ ઝાઝાં કહે છે;
સુખો જોઇ સંસારીનાં રાખ ચોળે, અદેખા જનો નામના એમ બોલે.
અદેખા વિચારો તમે વેચી બેઠા, તમારા સદાએ રહે હાથ હેઠા;
અદેખા જનો અગ્નિના હોય લાળા, બળીને દઝાડે કરે હાથ કાળા.

અદેખાતણું મુખ લે જોઇ છાણું, ધુમાઈ બળે રાખ શા અર્થ આણું;
રહે છે સદા મુખ નિસ્તેજ કાળું, અદેખો થતો કોયદી ના મયાળુ.
રૂડું દેખી ના જે શકે તે અદેખો, રૂડાં કાર્યમાં મારશે સ્વાર્થી મેખો;
અદેખા નિહાળો જરા આરસામાં, ન કાળાશ દેતો જતો વારસામાં.
અદેખો અદેખાઇની આગગાડી, ચલાવે હમેશાંજ વન્હી લગાડી;
બીજા ખોઇ ધંધા કમાઈ બગાડે, સિસોટી મહા લાભની કયાં વગાડે ?
રૂડું દેખીને ઝેર પી જેહ સૂએ, ન ચાલે હૃદેમાં છુપો નિત્ય રૂએ;
કરે આપનો નાશ તે નિજ હાથે, કરી સાર્થના જીંદગી દીર્ઘ નાથે.

આડંબર.

ભુજંગી છંદ.

ઘણા સૂંઠને ગાંગડે ધાંચી ગોલા, થવાને ચહે ગાંધીઓ હીંગ તોલા;
વિવેકે નહિ પારખે તે વસાણા, સુકીર્તિ નહિ સંગ્રહે તેમ નાણાં.
બપી શાસ્ત્રીઓમાં નરો કૈં ફરે છે, વિલોકી વિધુરી વરાવા કરે છે;
બને ભાતને દાળની ખીચડી છે, પછીની શી પંચાત તેને પડી છે.
સ્ત્રી નામે છુપા કોઇ લેખો લખે છે, વિધુરી ચિકિત્સા મહીં ચિતરે છે;
ફસાવી અજાણ્યા કુવામાં ઉતારે, જીવે ને મુએ લોક મેંણાથી મારે.
વકીલો થઇ વિધવા શું બચાવ્યું, તમારૂં કર્યું જગતને હિત ભાવ્યું?
વિધુરી કરી વિખુટી મંડળેથી, કરો શું પછી રૂડું વિશેષ એથી ?
બતાવો નહીં તેમને માર્ગ આડો, રૂડા આશ્રમો સ્થાપી ધંધે લગાડો;
ખરા બંધુ વિધુરી હિતેષીઓ તે, પ્રભુશર્ણ ધારી જુએ ધર્મ જયોતે.
પ્રીતિ ભોજને પ્રીતિ રંગો ચઢે છે, પિતા પુત્ર તેવું છતાં કાં લઢે છે;
જમે પંકતી એકે સુસ્થાને વસે છે, છતાં લોહને કેમ મિથ્યા રસે છે.
કરે કોય શાસ્ત્રાર્થ ઝુંડો ધરીને, અધુરે મુકી ભાગી જાશે ડરીને;
ન શ્રદ્ધા જહાં સત્યશાસ્ત્રાર્થ શાનો, ન કલ્પીત તેની જરા વાત માનો.
ન સંધ્યા પૂજા પાઠ કો દી કરે છે, સહેલું સમાજી ગણીને ઠરે છે;
પછી સત્યનું સુત્ર એકે ન પાળ્યું, સમાજિષ્ઠ થાતાં અલ્યા શું ઉકાળ્યું?

વનિતા વિશ્રામ સુરત.

હરિગીત છંદ.

જેના હૃદયમાં દયા સાથે, દાનના ઝરણો ઝરે,
નિરખી નિરાશ્રીત બાળકો સ્ત્રી, મોત વિના જે મરે;
દઈ આશરો વાળે નીતિમાં, એ ઉદારી કામ છે,
આ વનિતા વિશ્રામ કે સ્ત્રી સ્વર્ગનું સુખ ધામ છે?
ટળવળી ભુખથી રઝળી કે, વટળીં વળી કો જાય છે,
એ આપણી અવનત્તિ સમજો, આર્ય ઓછા થાય છે;
વિચરે સ્વધર્મે કળા શીખી, હિતકારી હામ છે,
આ વનિતા વિશ્રામ કે સ્ત્રી સ્વર્ગનું સુખ ધામ છે?
કુસંગમાં કૂદી પડીને અધમ ધંધા આચરે,
પરતંત્ર પરગૃહમાં રહી કે, સ્ત્રીઓ વાસીદાં કરે;
ઉત્તમ કૃતિ મતિ શ્રેષ્ઠ પ્રગતિ જ્યાં અતિ આરામ છે,
આ વનિતા વિશ્રામ કે સ્ત્રી સ્વર્ગનું સુખ ધામ છે?
અબળા બતાવી માર્ગ, વિધવા વિવાહે દોરે વળી,
અગળા ગણી ભંભેરે માયા કલાણે જાયે કળી;
એ ખટપટી સમયે બહુ મન ચટપટી મુદ્દામ છે,
આ વનિતા વિશ્રામ કે સ્ત્રી સ્વર્ગનું સુખ ધામ છે?
જેવી અમુલી મારગે શુભ, પંથીને વડ વ્રક્ષની,
ભરઉનાળે છાયા મળે, બળતાંજ કીમ્મત લક્ષની;
સંસારમાં બળતાં નિરાશ્રિતને ઠર્યાનું ઠામ છે,
આ વનિતા વિશ્રામ કે, સ્ત્રી સ્વર્ગનું સુખ ધામ છે?
નીતિનું મળે દૃષ્ટાંત મોટું, બાળકો ને નારીઓ,
સર્વદા સંરક્ષણ કરે વડી માતૃરૂપ સન્નારીઓ;
સંસ્થાપકોને રક્ષકોમાં આર્ય રમણી નામ છે,
આ વનિતા વિશ્રામ કે સ્ત્રી સ્વર્ગનું સુખ ધામ છે?
દુખમાં દિલાસો આપવાને, વળી ગૃહ નિભાવવા,
શીખવે નીતિ રીતિ સરળતાથી ગુણો લાયક આવવા;

વસતાં સદા સંપે દિસે, આ એક વંશીય ગામ છે,
આ વનિતા વિશ્રામ કે શ્રી સ્વર્ગનું સુખ ધામ છે?
શ્રી કળાને સદગુણ કેરૂં લઇ શિક્ષણ છાજતું,
સતી સીતા તારા દ્રૌપદી સમ બને મંડળ રાજતું;
દષ્ટાંતરૂપે જીંદગાની ગાળજો એ ગાન છે,
આ વનિતા વિશ્રામ કે શ્રી સ્વર્ગનું સુખ ધામ છે?

બે રાજ્યો કેમ સુધરે ?

વસંત તિલકા.

શાણા સચિવ નૃપથી શુભ રાજ્ય ચાલે,
સામ્રાજ્ય શ્રી પુરૂષનું પણ તેમ પાળે;
કુસંપ હોય ઉરના ઉલટા વિચારો,
કો દી ન થાય દ્વય રાજ્યતણો સુધારો.
જો સૈન્ય હોય નૃપનું અકહ્યાગરૂં ને,
સંતાન સૈન્ય ગ્રહમાં પણ તેમ છેને;
આવે ન સુખ સ્વપ્ને તલ માત્ર વારો,
કો દી ન થાય દ્વય રાજ્યતણો સુધારો.
જ્યાં કાર્ય કુશળ સચિવ નહીં જણાય,
ને ગુણ હિણુ ગૃહિણી ઘરમાં ગણાય;
અંધેર કાર્ય વ્યવહાર બુરા ઉચારો,
કો દી ન થાય દ્વય રાજ્યતણો સુધારો.
ઉડાઉ વ્યર્થ ખર્ચો વધતાજ જાય,
પેદાશમાં નજર કિંચિત ના નખાય;
દીઠી પ્રજાય દુબળી હલકા દીદારો,
કો દી ન થાય દ્વય રાજ્યતણો સુધારો.
સત્તા વધુ જુલમી ન્યાય મળે ન કોઇને
પીડાય જો ગરીબ વસ્તી હમેશ છોને;

નીચોવવા ગરથ પાપ અપકવ પારો,
કો દી ન થાય દ્રય રાજ્યતણો સુધારો.
જ્યાં જોર દુર્વ્યસનનું વધતું જણાય,
વિદ્યા વિના અભણ પ્રાણી સમા ગણાય;
આવે ન કાળ બળ ધર્મ અપાવનારો,
કો દી ન થાય દ્રય રાજ્યતણો સુધારો.
ઉદ્યોગ હુન્નરતણી નવ હોય શાળા,
ધંધાવિષે મન નહીં રખડે નિરાળા;
ખોટા તરંગ નર જ્યાં જણવે હજારો,
કો દી ન થાય દ્રય રાજ્યતણો સુધારો.
વિદેશની વિવિધ વસ્તુતણા વિલાસી,
જ્યાં રાજ્ય ભક્ત નવ હોય પ્રજા નિરાશી;
આવે નહીં ઉદયનો તવ અલ્પ વારો,
કો દી ન થાય દ્રય રાજ્યતણો સુધારો.

લગ્નનો લ્હાવો.

જીવ તું શીદને કલ્પના કરે એ રાહ.

લગ્નનો લ્હાવો લેવા મળે, સિંધુ જળ ભરતીએ ચળવળે. ટેક.
પચરંગી વાદ્યના થાય છે, ભણકારા ભાગળે;
જન મંડળ જોવા મળશે ત્યાં આવજાવ પળપળે. લગ્નનો.
વરમાતા જાણે સુખદાતા, જન્મારો આ સ્થળે;
જગ જીતી જનમ્યો પુત્રજ તો, અવસર ઉજવળ ફળે. લગ્નનો.
પિતાજીનો ઓરીઓ વીતાડયો, સુપુત્ર વય પાછળે;
અન્ય અમારા સો મીંડાઓ, એક વિના વળવળે. લગ્નનો.
અણસમજુ વર એમ ગણે, એમાં મારૂં શું વળે ?
નિરાંતથી કાઢે છે નિદ્રા, જાગૃત કરશે જળે. લગ્નનો.
કન્યા લાભ થશે કોને એ, કો માટે કોણ રળે ?
વરરાજાને નથી વાતમાં, શું બંધાણું ગળે. લગ્નનો.

રગી રગી માગે માબાપો, કિંચિત્તમાં કળકળે;
દેનારા વેવાઇ ડાહ્યાનું, રક્ત શાન્ત ખળખળે. લગનનો.
ભલા ભલા ભૂલ્યા માયામાં, ત્રણ દિન ચિતડું ચળે;
સવાપાંચનું પાશેર સમજી, છકકે પંજે છળે. લગનનો.
વેવાણો ખાજામાં રાજી, સોપારી શ્રીફળે;
અવર ભલે અટવાયે અદકું, તૃપ્ત થશે શ્રીફળે. લગનનો.
અનાવિલ ઉત્તમ જ્ઞાતિની, વૃત્તિ અજાચક ટળે;
જાચક વર જાત્રામાં થાતાં, શુદ્ધ દૂધમાં ભૂ ભળે. લગનનો.
ઉત્તમ કાર્ય લગનનું ક્યાં છે? સ્વાર્થ એક પીમળે;
ભૂલ્યા ચુકયા બાકી સાકીનું, માગે લખી કાગળે. લગનનો.
ત્રાક મુશળું રવૈ બતાવી, પોંખે કે કૈં કળે;
લગ્ન લ્હાવ લેવા આવેલો, વર શું પાછો વળે? લગનનો.
મેળવતાં હાથેવાળો ઝટ, વરવહુ જ્યાં ઝળહળે;
થુ થુ કરી વળતી તંબોળે, છાંટે જુઠે કાગળે. લગનનો.
લગ્ન થાય વે'લાં વે'લાંએ, કુળ કે વિદ્યા બળે;
વર કન્યા વિક્રયી જનોમાં, અવળી લક્ષ્મી વળે. લગનનો.
લે પૈસા પહેલાં માબાપો, કોણ ખાય કોણ દળે;
ફળ તેનાં બુરાં છૈયાંઓ, ભોગવશે ભતળે. લગનનો.
વાહનમાં બેસી આવેલા, વેવાઇ ઘર આગળે;
સોનાની લંકા લૂંટનારા, મંડપમાં ખળભળે. લગનનો.
વિવાહમાં ઘેલાં ગાંડાં સૌ, આવે દિન ઉજળે;
ભુલ્યો મુળ મુદ્દો તો ભુલમાં, તુર્ત ઢીલું ઘી ઢળે. લગનનો.
ઉલટે અધિક કબુલે સઘળે, હોંસ ભર્યા નીકળે;
ગાજ્યા મેઘ વરસશે ચઢીઆ? જેહ અધિક વાદળે. લગનનો.
કાણી કોથળીમાં ધન ભરીઉં, મેળ ન તેનો મળે;
કરમાં કોડી પડે ન ફાજલ, ચડયા વૃથા ચાકળે. લગનનો.
પરણે પુત્ર મળે વળી પૈસો, વળગે છે બે ફળે;
લાભ એક વહુજી લાવ્યાનો, એક સવારથ ફળે. લગનનો.

યથોચિત્ત સંસ્કાર કરંતાં, લેશ ન રંગ રસ ટળે;
લગ્ન લ્હાવ દુર્લભ ઉત્તમ એ, લે આનંદ પળપળે. લગ્નનો.

કમાણી.

મનહર છંદ.

જનમી જગત માંહે મનુષ્ય ઉત્તમ પ્રાણી,
કમાણી શું કરી જાણી ઓળખી એંધાણીએ;
મહિમા મહાન માન માનુષી જનમ કેરો,
ધોઇ નહિ નાંખિ માયા મોહી ધૂળ ધાણીએ;
પરિબ્રહ્મ ધ્યાન ધર નિરંતર રાખી નેહ,
એજ ખરૂં ધન બળ આવે ઉપયોગમાં;
ઔષધી અપાર જેમ રોગીઓને આપે તેમ,
જડી બુટ્ટી પિછાણીને લેજે માયા રોગમાં.
ગૃહસ્થનો ધર્મ પર્મ કર્યો જ્યાં ધારણ તહાં,
કરવી કમાણી માની રૂડા પુરૂષાર્થમાં;
જીંદગી ભોગવવાની જુક્તિ જેણે જાણી નહિ,
પાઇ ન અપાઇ કોઇ કાર્ય પરમાર્થમાં;
રળી રળી રખેવાળ થયા ધનપાળ ધીંગા,
શરમીંદા મુખે ગયા તજી અધિકારને;
ખાલી આવ્યાં ભૂલ્યા ગયા લેખે નહિ પડયા લેશ;
કમાણીનું ધન થાય પાત્રજ ધિક્કારને.
કમાણી વિનાનાં નર નાર તો કંગાલ રહે,
અવતાર ઓસીઆળો ગાળે અવટાઇને,
ખુણે પડેલું પોલાદ વપરાયા વિના રહે,
આપનો વિનાશ આપ કરે છે કટાઇને;
કમાણી વિનાના નર પાણી થકી પાતળા છે,
કમાણી વીનાના નર પશુ રૂપ પ્રાણી છે;

કમાણી વિનાના નર બેઉ આંખ કાણી જેવા,
કમાણી વીના નર-ની હજારો હાણી છે.
કમાણી વીનાના નર કોડી કીમતના નહિ,
ભાગેલી હોડીના જેવા તરે નહિ તારશે;
કમાણી વિનાના નર અજાગળે સ્તન જેવા,
પય નીપજાવા દૂધ ધાર ન ઉતારશે;
કમાણી વિનાના નર ઉગ્યા તેવા આથમીને,
મધ્યાન સ્થીતિ એ રૂપ આપ ન બતાવશે;
કમાણી વિનાના નર ભીની કામળીસુ ભારે,
કમાણી વિનાના નર સર્વને સતાવશે.
કમાણી પિછાણી નહિ લાભ તાણી લીધો નહિ,
સવારથ સીધ્યો નહિ મૂડી શું મેળવશે !
કમાણીની ઘોડીને ન શકિતએ પલાણી શકે,
ભવિષ્યમાં ભોંય ભેગો કરીને ભેળવશે;
કરવી કમાણી દોણી લઇ વાઘણીને દો'વી,
કમાણી એ જાણવી કે કાળજાંની કોર છે;
શિર પરિશ્વેદ પગે રગે રગથી ઝરીને,
ઉતરે અત્યારે ત્યારે મળે માન ચોર છે.
કરવી કમાણી ખાઇ નથી જવો લાડવોએ,
કરવી કમાણી ભાઇ ન સહેલી સુતરી;
કરવી કમાણી ઘીના કુવાઓ ભરેલા નથી,
કરવી કમાણી સે'લી નથી દો'વી કુતરી;
કરતાં કમાણી કોએ કાયા કેરી કરી હાણી,
કરતાં કમાણી કોઇ કોહ્યા જઇ કેદમાં;
કરતાં કમાણી કોઇ કુવામાં પુરાયા અને,
કાયાના હજારો કીધા કટકાઓ ખેદમાં.
કમાણી એ નથી કાંઇ રાંડી રાડ ડોસી જેવી,
કમાણી એ નથી કાંઇ દરિદ્રીની દીકરી

કમાણી એ નથી કાંઇ સાક્ષાત લપોડશંખ,
કમાણી એ નથી કાંઇ કદરૂપી કીંકરી;
કમાણી એ નથી કાંઇ નાતરેની નાર જેવી,
કમાણી એ નથી કાંઈ શુષ્ક છાલ ગોટલી;
કમાણી એ નથી કાંઇ ઝીલ્યાં નીર નેવ જેવી,
કમાણી એ નથી કાંઈ મિથ્યા માયા પોટલી.
કરતાં કમાણી કોય ખાવા પીવા ફરવાનું,
ભૂલ્યા તોય ખુલ્યાં નહિ કમાઇ કમાડ ત્યાં;
કરવી કમાઈ એવી આકરી આવેગવતી,
સમીપ જતાં જણાય અણધાર્યા ખાડ જ્યાં;
કમાણીને માટે રણ-મધ્યે લડી મરવું છે,
કમાણીને માટે કટુ વેણ સુણવું પડે;
કમાણીને માટે કેડ બાંધી કાર્ય કરવું છે,
કમાણી માટે ઘૂણાને જુઠું ઘૂણવું પડે.
કમાણીને માટે મધ્ય રાત્રે ઉઠવું પડે ને,
કમાણીને માટે કોઇ સાચાં જુઠાં કરે છે;
કમાણીને માટે મધ્ય રાત્રે ઝાઝ ફેરવે છે,
કમાણીને માટે મહા સાગરમાં મરે છે;
કમાણીને માટે કોઈ મરજીવા મોતી કાઢે,
કમાણીને માટે કોઈ સ્કંધે પાલખી ધરે;
કમાણીને માટે ડાહ્યો દીકરો પ્રદેશ વેઠે,
યુરોપવાસીઓ જુઓ સર્વે ખંડોમાં ફરે.
કમાણી લેખાણી મહા યુરોપવાસીની ખાસી,
તાણી જાય નાણું રંક પાસેથી રીઝાવીને;
કમાણીની કળા ન પીછાણી શકે પાધરી તો,
ખાઈ શકે કોણ લાભ બીજાને ખીજાવીને;
કમાણીની ખાણ માંહે ઉતરે કમર કસી,
લાવે લાભ યાતો જાય જડ મૂળ ઉખડી;

કમાણીના લોભી પેલા મુંબઇ માસ્તરો જુઓ,
કમાણીની ખાણે ઉભા ચાવે સૂકી સુખડી.
કમાણીની ઘાણીએ સૌ જોડાયા જુવાન જોધ,
આંખે છે અંધારી બાંધી તેલ થાય તેલીનું;
કરીને કમાણી આણી માણી પરમાર્થ કાર્યે,
તેજ લઇ જાય સાથ ખોલી મુખ થેલીનું;
કમાણી કે'વાણી આજ આગગાડી વાળાઓની,
ટિકીટ લેવાને માટે થાય જ્યાં પડા પડી;
હડસેલો મારે પણ હઠવાનું મન નહિ,
આગળથી લેવાને જ્યાં કરેછે લડા લડી.

અધમ કમાણી.

અધમ કમાણી ચાર દિનનું ચાંદરણું છે,
અધમ કમાણી કર કાળાજ કરાવશે;
અધમ કમાણી અંતે કદમ મુકી મહાન,
કંટકની જાળ માંહે કેશને ભરાવશે;
અધમ કમાણી અંધ કૂપમાં ઉતારનારી,
અધમ કમાણી કાળી રાત્રી ઘનઘોર છે;
અધમ કમાણી ઉંચા આસનેથી ઉંચકીને,
પછાડે પાતાળ માંહે એવું ઝાઝું જોર છે.
અધમ કમાણી વાળા ઉંઘ્યા જે ઉંઘણસીઓ,
કુંભકર્ણ પેર સુતા હજી નથી જાગીઆ;
અધમ કમાણી કરનારા લોહેમાં લુંટાય,
અધમ કમાણી વાળા થાય છે અભાગીઆ;
અધમ કમાણી ભરે ચાલણીમાં નીર જેમ,
જાય વહી બુંદ રહી શકે નહિ શેષમાં;

અધમ કમાણીએ ન વાણી જેની કાય હોય,
પાપ રૂપ મેલના પહેલ રે' હમેશમાં
અધમ કમાણી કરે ધિક્કારને પાત્ર થાય,
અધમ કમાણી કરે અધિકાર ખોટ્ય છે;
અધમ કમાણી કરે પવિત્રતા પરહરે,
અધમ કમાણી કરે રાત દિન રોય છે;
અધમ કમાણી કરે થાય રળી રખેવાળ,
અધમ કમાણી તણી ધારણા તો ધૂળ છે;
અધમ કમાણી જંતુ કાળજાંને કોરી ખાય,
અધમ કમાણી પૂરા પાપ તણું મૂળ છે.
અધમ કમાણી ધન આતશબાજીનો રંગ,
અધમ કમાણી ધન સંધ્યાનું વાદળ છે;
અધમ કમાણી ધન ઝાંઝવાના નીર જેવું,
હોલાતા દીપક સમ ઉપભોગે ચળ છે;
અધમ કમાણી ધન સાંપડે સંતાનને તો,
આવ્યું તેમ જાય ચાલ્યું ઝટ જડ મૂળથી;
અધમ કમાણી ક્રોડપતિને કોડીનો કરે,
અધમ કમાણી પાડી દે ઉત્તમ કૂળથી.
અધમ કમાણી કાળી કાજળની કોથળી છે,
કાળા હાથ કાળું મુખ કરે નર નારનું;
અધમ કમાણી દૂધ થોર ખરસાણી જેવું,
અડે દુખ ઉપજાવે અનેક પ્રકારનું;
અધમ કમાણી કરી છાપરાં છવાયાં નથી,
નળીઆં ત્રાંબા રૂપાના વિગતે વિચારજો;
અધમ કમાણી થકી ભંડાર ભરાયા નથી,
અધમ કમાણી દેખી મન ઝટ્ટ મારજો;
ભલે રહ્યા રંક અને ભોગવાયા નહિ ભોગ,
ભવન ભભકદાર બાંધ્યાં ન બિરાજતાં;

ઘોડાગાડી વાડી અને લાડીનો વૈભવ નહિ,
કમાણી વિનાના કઇ એથી નથી લાજતા;
ભલે પેટ ના ભરાય ભલે શેઠ ના ઠરાય,
ન્યુન સુકમાણી હોય એજ સુખરૂપ છે;
ધનની કમાણી થકી દુનીઆ ધરાણી નથી,
સંસારમાં સંતોષ એ આનંદ અનુપ છે.
કોઇ ખાવા જોગું, માગી મળવાથી મગ્ન થાય,
કોઇતો માગે અધિક વેવ્વાર વધારવા;
કોઇ માગે ઢગે ઢગ ધરા માંહે ધની થવા,
કોઈ માગે છે મનસ્વી મોંઘી મોજ મારવા;
વાંચ્યા વિણુ લણવાનું વેર્યા વિણુ વણવાનું,
મોઢે માગ્યું અઢળક ધન નથી મળતું;
હોય જો સંસ્કાર સાચા એક હાથે મેળવે છે,
નહિતો સહસ્ર હાથે ભાગ્ય નથી ફળતું.
હોય રળનાર પાંચ સરખી કમાણી કરે,
સદનમાં સંઘરતાં સંપત્તિ સમાયના;
પ્રભુએ નિયમ કર્યો પાંચે એ નશીબવંત,
નીકળે ન નર વીર સમાન કમાયના;
એકની કમાણી થકી પાંચેનું પોષણ થાય,
વધી નહીં જાય નિધિ અવધિ જણાય છે;
ધનવંત ન્યુન અને રંકના મંડળ જુઓ,
રંકની સુવૃદ્ધિ થકી ધની વખણાય છે.
કમાણીની આશા માંહે કેટલા કુટાયા અને,
કમાણીની આશા માંહે જાળમાં ઝીંટાયા છે;
કમાણીની આશા માંહે પાપના પથ્થર ચણી,
કમાણીની આશા માંહે વખામાં વીંટાયા છે;
નાણાંની કમાણી એજ જાણી છે કલ્યાણકારી,
ભાગ્યોદય ભોળવણી ભૂલે ભોળવાણા છે;

પૂર્ણ બ્રહ્મનું પિછાન ભૂલી ગયા જન્મતાંજ,
અનિત્ય સુખોની એમ આશે હોલવાણા છે.
કમાણી એ કામધેનું ઇચ્છું ફળ આપનારી,
કમાણી એ દરીઆની દીકરી દીપાવડી;
કમાણી એ ચમત્કારી ચમક સમાન ગણો,
કમાણી એ કીશોરની માયાવાન માવડી;
કમાણી એ સો માંહેથી શોધી સ્વયંવર વિષે,
વરમાળ આરોપીને સુભાગી સ્થપાવશે;
રંકને બનાવે લંકપતિ સુસમૃદ્ધિવાન,
કમાણી એ સુર્વણના ગારે ભૂ લીંપાવશે.
વ્યાજની કમાણી જાણી વાણીઆઓ વ્યાજે વધ્યા,
સાથે લાગી ત્યાં વધારી દીધી છે વકીલની;
અસીલોની અવદશા દેશમાં દુકાળે કરી,
કમાણી ગઈ કંતાઇ વકીલ બખીલની;
દાક્તર દારૂવાળાની કમાણી વિશેષ વર્ધી,
મરકી ને મદ્યપીએ સત્યાનાશ વાળ્યું છે;
તન મન ધન ત્રણ વાતના વિનાશી થયા,
ઉદાસી દેખાય અને દેશ દ્રવ્ય ચાલ્યું છે.
કમાણીની કળ ગઇ બગડી અત્યારે અરે,
કમાણીની તિજોરીએ તાળું તો દેવાયું છે;
કમાણીનું તેજ આજ પૂરણ ચૂશાઇ ગયું,
કમળ વદન યુવાનોનું કરમાયું છે;
જાણી જોઇ કમાણીને આપી છે બીજાને હાથ,
દેશી ડરકુ કુવાના દેડકા કે'વાયા છે;
બાંધી નોકરીમાં દ્રવ્ય સંગ્રહ ન થાય સારો,
દરવાજા હુન્નરના દેશમાં દેવાયા છે.
મધ્યમ વ્યાપાર કહી નોકરી નફ્ફટ ગણી,
દમ ગયો અને થઈ ગઇ છે ગુલામડી;

નોકરીની કમાણી એ કારજ સધાતું વથી,
દરમાથા ટૂંક ને ચુંથાઇ ચાલી ચામડી;
નોકરીની કમાણી એ ખરી તરવાર નથી,
નામની બતાવવાની કર માંહે કામડી;
એ કમાણી માટે છે સમાલવાનું ઠામ ઠામ,
નોકરી દુખદ સ્થિતિ દાયણ હજામડી.
ભણી નવશીંદા થઇ નોકરીની આશ તજો,
હુન્નર ઉદ્યોગે હવે મનને પરોવીએ;
અમૃત સમાન ઘૃત લેવાની ઉમેદ રાખો,
નીરને તજીને ક્ષીર ખાંતથી વલોવીએ;
ધનપતિઓ તમારો ધર્મ અવશેષ દીસે,
ધુરંધર ધંધા નવા દેશમાં ઉપાડવા;
નાતવરા થકી નાણાં ઉગારી સ્વદેશીઓને,
ધંધાની કમાણીમાંથી લાડવા ખવાડવા.
ખાઇ ખવરાવી ધન કેટલું ખુવાર કર્યું,
ધ્યાન અન્ય સ્થાન માંહે, ધનીનું રોકાયું છે;
ફળદ વિશાળ વૃક્ષ તજીને કંટકવાળું,
વાવ્યું તેનું ડાળું આજ ભુલમાં ભોકાયું છે;
કમાણીનો ધંધો સ્થાપી કાર્યની લહાણી કરો,
ધનને વાવરવાનું એજ ખરૂં ધામ છે;
નવરા ન રહે અને વરાને ચહે ન વળી,
ગરથ સંગ્રહે એજ કાર્ય સિદ્ધ કામ છે.

મોટા ક્યારે થાય ?

ચોપાઇ.

ઉદ્યમમાં મંડેલો હોય, કો દિન ખોટ નડે ને ખોય;
ખાડો ખોટતણો પુરાય, મંડી રહેતાં મોટો થાય.

ખાઈ ખોટ ને હારી જાય, પાછે પગલે નહિ ચલાય;
બાળક ધાવી નિત્ય ધરાય, મંડી રહેતાં મોટો થાય.
રળવા વિણુ ન મળે રતિ એક, બંધાયો નવ છુટે છેક;
વૃષભ ચારો ચરવા જાય, મંડી રહેતાં મોટો થાય.
ભણી ભણીને શિષ્ય અનેક, ગુરૂથી પણુ વધી જાય વિશેષ;
મંડયા રહેવાનો મહિમાંય, મંડી રહેતાં મોટો થાય.
કીટની કેવી કોમળ કાય, કાષ્ટ પાષ્ણુ સમ કઠણુ મનાય;
લાગી લાકડું કરડી ખાય, મંડી રહેતાં મોટો થાય.
ભ્રમર ડંખ અણી સોય સમાન, પાડે વેહ લગાવી તાન;
પ્રથમ વેહમાં નવ પેસાય, મંડી રહેતાં મોટો થાય.
વધે બીજાંકુર કરી રસ પાન, મુખ માંડી ધરતીમાં ધ્યાન;
પવન ઝપાટે નમતો જાય, મંડી રહેતાં મોટો થાય.
જુઓ સુદિ પડવાનો ચંદ, દિન પુરે ઉગ્યાનો ધંધ;
પુરો પુર્ણિમાએ જણુાય, મંડી રહેતાં મોટો થાય.
નાનો દિન શિઆળો હોય, રજરજ પ્રતિદિન વધતો જોય;
ઉનાળે લાંબોજ જણુાય, મંડી રહેતાં મોટો થાય.
પ્રથમ કુવો કોદાળી ધાય, એક તસુ ઉતરે નવ પાય;
અનેક ધા મારે ઉતરાય, મંડી રહેતાં મોટો થાય.
સુવર્ણાદિક ધાતુ કટકાય, ગાળી શુદ્ધ કરે ટીપાય;
તાર જતરડા માંય તણુાય, મંડી રહેતાં મોટો થાય.
અહંબ્રહ્મ મુકિત વિચાર, રાખી ઉચ્ચાશય વિચાર;
અખંડિત પગથાર ચઢાય, મંડી રહેતાં મોટો થાય.
શબ્દોથી કરતાં શરૂઆત, વધતી પંડિત ગુંથે વાત;
ઘણી વધેથી ગ્રંથ ગણુાય, મંડી રહેતાં મોટો થાય.
મોટાં કામો કેમ કરાય ? પુત્ર કમાતો ક્યારે થાય ?
બેઉનો ઉત્તર શું દેવાય ? મંડી રહેતાં મોટો થાય.

ધન્યવાદ.

દોહરા.

આવરદા આપો અધિક, ઓ વરદાયક ઈશ;
ભુલાભાઈ તણું કરો, ચડતું ભાગ્ય ભવિષ્ય.
પુર્ણ પ્રસાદ થકી પળ્યો, ભુલાભાઈનો ટેક;
એડવોકેટ હાઇ કોર્ટના, થયા અનાવિલ એક.

શાર્દૂલ વિક્રીડિત.

સુવાસિત કરે સુપુષ્પ વનને, કો વૃક્ષનું એકલું,
કીધું તેમ પ્રકાશવાન કુળને સત્પુત્ર જન્મી ભલું;
ભુલાભાઈ સુપાત્ર આજ નિવડયા, આરંભીને યત્ન જે,
ઈચ્છા એ પ્રભુની અનાવિલ તણે, હાથે ચડયું રત્ન એ.
જન્મી જીવનજી વકીલ ઘરમાં, વિદ્યા ભણ્યા ભાવથી,
એડવોકેટ થયા અદાલત તણા, સર્વોપરિ જ્ઞાનથી;
ગાયા છે નરરત્નના ગુણ ઘણા, ઠામે મળી મંડળો,
દીર્ઘાયુષી કરો દયાનિધિ પ્રભુ, સર્વત્ર વાણી ફળો.
પૂજાએ નિજદેશમાં નરપતિ, તે રાજ્ય સત્તા થકી,
ઝાઝી ના મહત્તા પ્રદેશ વિષયે, રીતિ કહીએ નકી;
વિદ્યાથી વધતી નથી અધિકતા, તો રાજ્ય સત્તા તણી,
પૂજાયે સહુ દેશમાં સહજમાં, વિદ્વાન શિરોમણી.
વાણીમાંયમિઠાશને વદનમાં, વકૃત્વ શક્તિવસી,
સોનું શોભીતને સુગંધ સહિતે, ત્યાં ન્યુનતા ના કશી;
એથી લાભ અપાવજો પરવરી રાષ્ટ્રીય સામ્રાજ્યમાં,
આશાબંધ અનાવિલો હરખથી, માગે સમા આજમાં.
કીર્તિ સ્થાપન થાવ આ અવનિમાં, કાર્યે ભુલાભાઇના,
જાગીરી વતને વિરાજી વધજો, સત્કાર્ય દેશાઈના;
વૃતી ઉંચ રહો અયાચકવળી, વાધો વધુ વિદ્વતા,
નામાંકિંત નરો પડે નિપજીને યાચું સુકાર્યે છતા.

જ્ઞાતિ હિતતણાં સુકાર્ય કરવા, મેદાન પેહલા પડો,
ભુલાભાઇ ભવિષ્યમાં ગજવજો, હાથે વગાડી પડો;
રૂઢી બંધનથી અનિષ્ઠ રીતિમાં પીડાય જ્ઞાતિજનો,
તેની દાઝ ધરો અરે નરવીરો, જ્ઞાતા દયાળુ બનો.
ઉંચી કેળવણી લઈ મન ધરે, સેવા સ્વજાતિ તણી,
ઓછા છે નરરત્ન આજ સમયે, જ્ઞાતે જુઓ આપણી;
તેની ખોટ પૂરે પ્રભુ પ્રગટ્યા, વિદ્વાન વીરો થકી,
જ્ઞાતિ ઉત્તમતા અખંડ વધવા, આશા રહે છે નક્કી.
આરંભ્યું મનથી કર્યું પૂરણ તે ભુલ્યા નહીં કાળમાં,
પાછા કો દિન ના હઠયા પણ વધ્યા, છે જેમ પોશાળમાં;
તે જ્ઞાતિ હિતકાર્યમાં કમરને વસ્ત્ર કસી નીકળો,
સુધારો કરજો હિતેચ્છુ નરની, આશા હમેશાં ફળો.
પેર્યા હાર હિતેષોબંધુ જનના, પુષ્પો સુવાસિતના,
તે કાળે કરમાય સંભવ ખરો, માટે શુભાષિતના;
શબ્દોને શણગારી હાર અરપું, કંઠે ભુલાભાઇને,
કો કાળે ન ઘટે પરિમળ વળી, પેખે વહેવાઇને.

છપ્પય છંદ.

શુણ્યા શુભ સમાચાર, એડવોકેટ થયાના,
આશ ભર્યા ઉદ્દગાર, છુપાઇ છેક રહ્યાના;
ગુર્જરી ગિરાતણો, હરિ ગુંથી કર ધર્યો,
દેતાં ચૂકયો દાવ, નિરાશે પાછો ફર્યો;
તે હાર કંઠ આરોપવા, ભુલાભાઇ હિત ધારણે,
આવીને હું ઉભો રહ્યો હિત્તેચ્છુને બારણે.
સંભારી સદ્ગુણ, ભુલાભાઇના ગાયા,
માનપત્ર કર દઈ, બતાવી અનહદ માયા;
કોએ ફૂલની માળ, કંઠમાં ભેરવી દીધી,
ચા પાઇ ચતુરાઇ, પરોણાગત પણ કીધી;

સન્માન આમ આપ્યું ઘણું, જન્મ સ્થળે સર્વત્રમાં,
હું ભુલાભાઇનો વિજય આ, ચહું હિત્તેચ્છુ પત્રમાં.
જે પત્રે મૂજને કર્યો છે અતિ આભારી,
આપીને ઉત્સાહ પ્રગટ્ટ કરી કવિતા મારી;
આ સમયે ઉપકાર, માની ઇશ પાસે માગું,
પત્ર પ્રભુતા વધો, ભેદ નિભ્રાંતે ભાગું;
વિજયી થાવ અનાવિલો, કુસંપ કેવળ દુર કરી,
દુર્લભ વાણી આ પત્રની, પ્રસરાવો આશા ભરી.

ઓલખાણુ.

કોની કોની છે ગુજરાત એ રાહ.

છો કોણુ અનાવિલ આપ ?
જન્મી શુદ્ર ને અષ્ટ વર્ષમાં દ્વિજના શુભ સંસ્કાર કરે,
ભિક્ષાવૃતિમાં ધન આવૃતિ સમજીને કર નીચો ધરે,
તેવા દ્વિજ ભિખારી કહેવા ?
એવા ભુખ્યા ન ભૂદેવા.
ત્યારે કોણુ અનાવિલ આપ ?
પર ભોજન વિધવિધ વાનીનાં જમી દિગંબર સમા બની,
કંજુસના કાકા પાકા શું ધીંગાણામાં થયા ધની,
તેવા લાડુ ભટ્ટ કહેવા ?
ખધારથી નથી એવા.
ત્યારે કોણુ અનાવિલ આપ ?
પાઘ ઉપાન અને અંગરખું પોષાકે પેખો સાદું,
ઘઉ વર્ણા દક્ષિણી બ્રાહ્મણસુ હોય વ્યસન પણ એકાદું,
તેવા દ્વિજ દક્ષિણી કહેવા ?
ના નારે નથી તેવા.
ત્યારે કોણુ અનાવિલ આપ ?

ભટને ઘર આવે ભિખારી, કરગર્રોને કંઈ અન માગે,
કહે ભટાણી નથી અમારા, ચોખ્ખા હાથ કહી ભાગે,
તેવી સ્ત્રીના પતિ કહેવા !
ના નારે નથી તેવા.
ત્યારે કોણ અનાવિલ આપ !
ડાહી માના દીકરા રજપુત જેને અંગ રણ રંગ ચડે,
કોપે કાટે શિર સગાનું જુધ્ધે ધર્મ લડાઇ લડે,
તેવા રાજ પુત્ર સમ કહેવા !
ના નારે નથી તેવા.
ત્યારે કોણ અનાવિલ આપ !
સ્વતંત્રતા દેવીના સેવક, જો અંગ્રેજો જગો જગે,
નકલ કરે તેની રજ માત્રે, અભિમાન ભર્યું રક્ત રગે,
તેવા આર્યકુળ સમ કહેવા !
ના નારે નથી તેવા.
ત્યારે કોણ અનાવિલ આપ !
દક્ષિણમાં નદી દમણગંગા ઉત્તરમાં સિમકીમ વહે,
એ બે વચ્ચે રસાળ ભુમિમાં અનાવિલની કોમ રહે.
અમો છેયે અનાવિલ આપ,
ભલે હોય ભોગવતા શ્રાપ;
અમો છેયે અનાવિલ આપ.
ગ્રામ અનાવળ મૂળ સ્થાન જ્યાં શ્રીરામે ઉત્પન્ન કર્યા,
ઋષિ કુળોત્પન્ન પણ આગ્રહથી ગૃહસ્થાશ્રમના ધર્મ ધર્યા,
અમો છેયે અનાવિલ આપ,
ભલે હોય ભોગવતા શ્રાપ;
અમો છેયે અનાવિલ આપ.
ઉષ્ણ કુંડ ઉનાઇ વિષે જ્યાં રામચંદ્રજીએ જગન કર્યાં,
આના કાની કરતાં શરમે શેષ નાગની કન્યા વર્યા,

અમો છૈયે અનાવિલ આપ,
ભલે હોય ભોગવતા શ્રાપ;
અમો છૈયે અનાવિલ આપ.

ધર્મ દાનનું ધન ઢગલા બંધ જોઇ ન અમારૂં ચિત્ત ચળે,
એ લક્ષ્મીને લાત લગાવી ચઢે સ્થીતિમાં આપ બળે,
એવા છૈયે અનાવિલ આપ,
ભલે હોય ભોગવતા શ્રાપ;
એવા છૈયે અનાવિલ આપ.

ઔરંગા અંબિકા તટ ભૂમિ અમુલ્ય પાક સમરથ દેવે,
પવિત્ર તાપી સૂર્ય પુત્રી પણ પ્રગટ કરી ભૂમિમાં દેવે,
તે પર છૈયે અનાવિલ આપ,
ભલે હોય ભોગવતા શ્રાપ;
એવા છૈયે અનાવિલ આપ ?

સમીપ સુરત મુરત સોનાની નામાંકિત સવરામ વશી,
નીપજ્યા નામ રહ્યું છે આજે "અધમણીઓ" કહી દેય હશી,
એવા છૈયે અનાવિલ આપ,
ભલે હોય ભોગવતા શ્રાપ;
એવા છૈયે અનાવિલ આપ.

પેશ્વાઇ આદિ વારામાં પંકાયા પુરૂષો જેમાં,
પેઢીવાળાના કુટુમ્બો હજી હયાત દિસે તેમાં,
એવા છૈયે અનાવિલ આપ,
ભલે હોય ભોગવતા શ્રાપ;
એવા છૈયે અનાવિલ આપ.

ગૌ બ્રાહ્મણ આશ્રય દાતા કૃષિ નોકરીનું કાર્ય કરે,
અમ ઘરથી અભ્યાગત નવકો, ભૂખ્યો નિર્મુખ થઇ ફરે,
એવા છૈયે અનાવિલ આપ,
ભલે હોય ભોગવતા શ્રાપ;
એવા છૈયે અનાવિલ આપ.

રીઝે શિર ખોળે સોંપેને, ખીજે ખોદે મૂળ ઉંડું,
સ્વાત્મભિમાન અચળ સર્વત્રે ઈર્ષાનું જાળું કૂડું,
        એવા છૈયે અનાવિલ આપ,
        ભલે હોય ભોગવતા શ્રાપ;
        એવા છૈયે અનાવિલ આપ.
વર્તી સમય આ વર્તમાનમાં સાવધાન પ્રયત્ને થજો,
દેશ પ્રદેશે પંકાઈને ઉડાવજો ઝળકીત ધ્વજો,
        ત્યારે ખરા અનાવિલ આપ,
        ભલે હોય ભોગવતા શ્રાપ;
        ત્યારે ખરા અનાવિલ આપ.
સ્વાત્મ બળે ચાહો સંવૃદ્ધિ આશ પરાયી નિરાશ થવે,
સમય સમયના નર રત્નોની દુર્લભ કથની કેમ કવે,
        ત્યારે ખરા અનાવિલ આપ,
        ભલે હોય ભોગવતા શ્રાપ;
        ત્યારે ખરા અનાવિલ આપ.

(૨)

જય ગુણવંતી ગુજરાત એ રાહ.

ઉચ્ચત્તમ મારી અનાવિલ ન્યાત, અજાચક એક અનાવિલ ન્યાત;
પામો પૃથ્વીમાં પ્રખ્યાત ઉચ્ચત્તમ મારી અનાવિલ ન્યાત. ટેક.
ઉત્તરમાં તાપી તટ સુંદર દક્ષિણ વાપી વાસ,
સુવર્ણમય સરિતા ભૂમિની કીર્તિ પરમ પ્રકાશ. ઉચ્ચત્તમ મારી.
નંદન વનમાં વાસ અનાવિલ નંદનનો શ્રીકાર,
કણુને ફૂલ ફળાદિક જળના નવાણુ પણુ ચીકાર. ઉચ્ચત્તમ મારી.
આત્મબળનો આધાર ગ્રહીને સ્વતંત્રતા ચ્હાનાર,
ધર્મદાનના સુત્રો ધારી યથાશક્તિ દાતાર. ઉચ્ચત્તમ મારી.
બ્રાહ્મણુ શ્રેષ્ઠ વરણુ પહેલાંથી ભારતમાં લેખાય,
વૃત્તિ એક અજાચક મારી જ્ઞાતિ અનાવિલ માંય. ઉચ્ચત્તમ મારી

પુણ્યક્ષેત્ર ઉનાઈ અનાવળ સરસ અને બહુધાન,
અશ્વીની કુમારાદિકપર સૌ રાખે સન્માન. ઉચ્ચત્તમ મારી.
રત્નાગર સાગર પશ્ચિમમાં સહસ્ત્ર સરિતા હાથ,
દક્ષિણમાં કુંતેશ્વર રક્ષે ઉત્તરમાં સિદ્ધનાથ. ઉચ્ચત્તમ મારી.
પાર નદી સામે ઇતિહાસિક સ્થળ પારનેરા નામ,
કિલ્લો ડુંગરપર વિરાજે જેની ફરતાં ગામ. ઉચ્ચત્તમ મારી.
રાજ્યસંબંધ સાધો લીધો છે દેશાઇગીરી ને ગ્રામ,
રાજ્યભક્ત અધિકાર ઉપર છે કરતાં ભારે કામ. ઉચ્ચત્તમ મારી.
દેવામાં ઉદાર "અનાવિલ પાદશાહ" ઉપનામ,
સમયોચિત પરિવર્તન પામી આરંભે સત્કામ. ઉચ્ચત્તમ મારી.
નરરત્નો નિપજે નામાંકિત શોભાવે કુળસાર,
નમસ્કાર સૌને છે મારા જે જ્ઞાતિ શણગાર. ઉચ્ચત્તમ મારી.
ઉત્કટ આશા ધરી અંતરમાં લે કેળવણી લા'વ,
ઇચ્છા દુર્લભ એ અંતરમાં ચલે સુધારા નાવ. ઉચ્ચત્તમ મારી.

સુરતી લાલા.

ભેરવી ત્રિતાલ.

અમારૂં સુરતી લાલા નામ । ! !
ભૂમિ આ સ્વર્ગતણી સુખધામ. ટેક.
મોજ શોખનો મહિમા મોટો,
અમ અંતર ઉછળે મુદ્દામ;
બજાર બાગ બગીચે બેસી,
અહરનિશ લઇએ આરામ,
અમારૂં સુરતી લાલા નામ,
ભૂમિ આ સ્વર્ગતણી સુખધામ.
મેળા ઉદધિ સમ ઉભરાયે,
નૃત્ય નાટ્ય વિષે સુલતાન.

કુંઢાઇની કદર બુઝાવી,
વરા વિષે લઇએ મિષ્ટાન;
અમારૂં સુરતી લાલા નામ,
ભૂમિ આ સ્વર્ગતણી સુખધામ.
સુવર્ણરૂપ સુંદરી સુરત છે,
અરપે છે અમને સદકામ;
નકશી રેશમ ઝીંક ચળકતી,
પ્રસરે પ્રસિદ્ધપણે સૌ ઠામ.
અમારૂ સુરતી લાલા નામ,
ભૂમિ આ સ્વર્ગતણી સુખધામ.
સુરતી લાલા નામ છતાં એ,
નર રત્નો નિપજ્યા વિદ્વાન;
કવિ કિરિટ પરીક્ષક કુળ ભૂષણુ,
ઝળહળતું સુરત શુભ ઠામ,
અમારૂં સુરતી લાલા નામ,
ભૂમિ આ સ્વર્ગતણી સુખધામ.
જન્મભૂમિ સુરત વિભાગે,
અમ અંતરમાં છે અભિમાન,
ધન્ય લિપિને ધન્ય ધરાએ,
કોમળ લોક સમા શ્રીરામ,
અમારૂં સુરતી લાલા નામ,
ભૂમિ આ સ્વર્ગતણી સુખધામ.
શિતળ સમિર આપે છે તાપી,
તટ પ્રાચીન પણાં—એંધાણુ,
મલીનતાનો વાસ અમારાં,
અંગ વસ્ત્રમાં ન મળે નામ,
અમારૂં સુરતી લાલા નામ,
ભૂમિ આ સ્વર્ગતણી સુખધામ.

સુરત તે સુર લોક તણું સ્થળ,
કામ છતાં આપે વિશ્રામ,
દુર્લભ વૈભવ સુખ વસ્તીનો,
વર્ણવવા ન અમારી હામ,
અમારૂં સુરતી લાલા નામ,
ભૂમિ આ સ્વર્ગતણી સુખધામ.

પીંજરવાસી પોપટો.

સ્વજાતિમાં હતા વસતા, રહેતી આપ અખતીઆરી;
પડયાં છે પાંજરે આજે, હવે પરવાર્ણો થયા રસતા.
નીમેલા કાળમાં દે અન્ન, વને ખાતા અમ્રત ફળ અન્ન;
હતી નવ બંધી ફરવાની, બની બંધીવાનની સસ્તા.
ભણાવે સ્વારથી સ્વામિ, મીંચો છો શોકથી નયનો;
સતાવે સોટીના બળથી ધણી મસ્તાન પછી કસતા.
કદી આનંદમાં આવી, મધુરા ગાન આલાપો;
બિડાલો પિળી આંખોના, ફરે છે રોજ ધસમસતા.
અવિશ્વાસે તપાસે નિત્ય, રખે નાશે ઝલાશેના,
તમે કેદી કહીને શું ! હરામો થઇ ભલે હસતા.
નથી આમીષના ભોગી, તમો છો પાક પંખીડાં;
હતા આશ્રમના વાસી, નહીં ડર નાહિ પરવશતા.
ભણ્યા વ્યાકરણ પુરાણો, વળી જ્યાં વેદના મંત્રો;
તમારી જીભના અગ્રે, ભણાવે શું નીતિ ભૂલતા.
ઝલાયા કર્મ સંજોગે, હરામી વ્યાધના હાથે;
હવે શા ઘા પડે ગણવા, પળે પળ મોત જ્યાં માથે.

સ્વાર્થ છત્રીસી.

ચોપાઇ.

વ્યાજે લઈ કરીએ વ્યાપાર, દામ પરાયું દઇ ઘરબાર;
તારણ વ્યાજ ભર્યેજ તણાય, એમાં આપણું શું રંધાય ?
વરસે માસ અશાડો મેહ, ભાગે ક્યારીતણા એ ગેહ;
ભાદરવો કોરોકટ જાય, એમાં આપણું શું રંધાય ?
વ્યાજે લઇ ઉછીના દેય કરે ન ધંધો બગડે બેય;
વેર વળતી માગે બંધાય, એમાં આપણું શું રંધાય ?
પૈસા ખરચી પુસ્તક લેય, પઢે ન તેના અક્ષર બેય;
ઉધાઇ પાના કરડી ખાય, એમાં આપણું શું રંધાય ?
પોપટવત ચઢી જુગ વેદ, ભણ્યા ન વ્યાકરણ એકે ભેદ;
મુળ સત્યાર્થ નહિ સમજાય, એમાં આપણું શું રંધાય ?
ચિતારાના થઈએ મિત્ર, ચીતરતાં નવ આવડે ચિત્ર;
રળે પળેપળ તેજ કમાય, એમાં આપણું શું રંધાય ?
ખરચી ગરથ લાવ્યા ઘડીઆળ, નવરો વ્યર્થ ગુમાવે કાળ;
સમરામણ માંહે જર જાય, એમાં આપણું શું રંધાય ?
પકવી રૂ ખેડુત હરખાય, સસ્તે મુલે પ્રદેશે જાય;
પૈસા પરદેશી રળીખાય, એમાં આપણું શું રંધાય ?
વાંકડીઆ વરના લઇ દામ, "પાદશાહ" નું રે'વા નામ;
વરઘોડે વાજે વપરાય, એમાં આપણું શું રંધાય ?
ગાજવીજથી ચડીઓ મેહ, આપે આશ વરસશે એહ;
ટીપું ન પડે ને નિંદાય, એમાં આપણું શું રંધાય ?
નામ સ્વયં સેવક કહેવાય, દુર્બળ દેહે દીન દેખાય;
ઘરમાં નિત્યજ ચોરી થાય, એમાં આપણું શું રંધાય ?
કારાગૃહમાં કોય પુરાય, રાજકને જઇ માગે ન્યાય;
દિલસોજીની ભરે સભાય, એમાં આપણું શું રંધાય ?

વનમાં મારી વાઘે ગાય, કહે ધણી કીધો અન્યાય;
માગે ન્યાય-ધણીને ખાય, એમાં આપણું શું રંધાય ?
ભ્રાત વેંચવા બેસે લાગ, પડી તકરાર પડે નવ ભાગ;
લડતાં કિંમત બહુ લેખાય, એમાં આપણું શું રંધાય ?
બાળલગ્ન જોડાં જોડાય, સાવધાન શબ્દજ સંભળાય;
લગ્નકોલ દ્વિજ મુખ સંભળાય, એમાં આપણું શું રંધાય ?
મુશળ સ્નાન નીતિએ ન્હાય, મેલ કદાપી નહિ કપાય;
સ્વચ્છપણું શેનું સચવાય, એમાં આપણું શું રંધાય ?
શુધ્ધ દુધમાં ભેળે નીર, ધન મેળવીને થયા અમીર;
પાણીનું પાણીમાં જાય, એમાં આપણું શું રંધાય ?
ગોંધ્યું શ્વાન ગણીને ખાર, મારે મ્હોકમ ઉપર માર;
છેરાટો ઘરમાં ગંધાય, એમાં આપણું શું રંધાય ?
ધવરાવે નહિ ગૌના બાળ, દુધ વિણ પછી પામે કાળ;
દેતાં ગાય પછી ખંચાય, એમાં આપણું શું રંધાય ?
મુરખ માતા માંડે ખેલ, વહુવર મળવા દે નવ મેળ;
પુત્ર વંઠી રોગે સપડાય, એમાં આપણું શું રંધાય ?
કોડી કોડી કરી દામ કમાય, જાતે ખાય નહીં ખરચાય;
કપુત કુટણી કર લુંટાય, એમાં આપણું શું રંધાય ?
“ પુસ્તકાલય ” ખોલે મળી મિત્ર, વાંચી પંડે ન થાય પવિત્ર;
ઘરમાં સાવ ગણે મુરખાય, એમાં આપણું શું રંધાય ?
સ્વપ્ને રાજ તણો શિરતાજ, ચઢયો લઢયાનું ઝાલ્યું કાજ;
જાગ્યો સૈન્ય નથી સૈયાય, એમાં આપણું શું રંધાય ?
દળવા ડોસી રાખી એક, રાત દિવસ મળી કરી વિવેક;
ભરી કોડીઉં એક દળાય, એમાં આપણું શું રંધાય ?
અહંબ્રહ્મમાં અદકો સ્નેહ, પણ છળભેદ તણો નવ છેહ;
મુર્ખ ગુરૂના પુજીએ પાય, એમાં આપણું શું રંધાય ?
માયાનું મન ચડયું ગુમાન, રાતદિન માયાનું તાન;
એ ભુલમાં ભગવાન ભુલાય, એમાં આપણું શું રંધાય ?

લંકા ગયે મળે છે હેમ, પ્રદેશ જવા પર હોય ન પ્રેમ;
જવા વિણુ એ કેમ કળાય, એમાં આપણું શું રંધાય ?
મળ્યો મણિ મરકટને હાથ, તહાં તાપવા બેઠો સાથ;
હોય બુદ્ધિ તો એમ કળાય, એમાં આપણું શું રંધાય ?
આપે શેરડી કરી વિવેક, ડાચે સાચો દાંત ન એક;
દાઢવડે તે નહીં ચવાય, એમાં આપણું શું રંધાય ?
ઉગે શરદઋતુનો ચંદ, અર્ભક જોઈ પામે આનંદ;
લાખ ઉપાયે નવ લેવાય, એમાં આપણું શું રંધાય ?
ઘાંચી મોચી કાશી જાય, મોચી ત્યાં મન બહુ હરખાય;
"કાશીમાં કરવત મુકાય," એમાં આપણું શું રંધાય ?
જુઠી વદવી એક ન વાત, વચન સુણે કાને વિખ્યાત;
નિજ મુખથી નવ સત્ય વદાય, એમાં આપણું શું રંધાય ?
ગુણુ રૂપના કરી વખાણુ, ખરીદ કરી ગૌ આશે લા'ણુ;
આપ ધાવ નીકળે તે ગાય, એમાં આપણું શું રંધાય ?
કુતરી પાળી જોઈ હોશીઆર, ખરચ્યાં આશ થશે બેચાર;
પ્રસવ થતાં બાળો સૌ ખાય, એમ આપણું શું રંધાય ?
અસાધ્ય રોગના ઓસડ કાજ, આણ્યો વૈદ બડો મહારાજ;
ઓસડથી નવ રોગ કપાય, એમાં આપણું શું રંધાય ?
કાવ્ય ચરણુ એકે ન રચાય, ભૂલ ખોળવામાં ખેંચાય;
કાવ્ય બધું દુર્લભ દેખાય, એમાં આપણું શું રંધાય ?

વરદાન.

છપ્પય.

પ્રજાપતિએ પ્રજા, રચી આરંભે જ્યારે,
મુખ્ય પ્રજાને કહ્યું, માગ વરદાનજ ત્યારે;
વિપ્રે માગ્યું જમણુ, પેટપૂર તૃપ્તજ થાવા,
અનાવિલે વે'વાર, પુત્રના લેવા લા'વા;

એ આધારે વે'વારના, આંક વધાર્યા જાય છે;
નવ માગું એટલું મુખથી, ઓછું મારૂં થાય છે.
બ્રહ્માજીનો લેખ, ભલે આ કાળે ભુંસો,
રસહીન કુચા આજ, મુખ શું ઘાલી ચુસો;
જમી જમી વિપ્રો જુઓ, વધ્યા નવ ડુંગર જેવા,
પુત્ર પાંચ પરણાવી, સ્થિતિમાં આપણુ તેવા;
બહુ પુત્રોના વે'વાર લઈ, થશે ન લક્ષાધિપતિ;
ઓછું પડતાં રીસ શું ધરો, લેજો જશ જણુવી કૃતિ.

અન્યાય.

ગઝલ.

કચેરી કાજીની પાજી, અમોને ન્યાય નથી મળતો;
સુતેલો સર્પ છંછેડે, અમારો ટેક નથી પળતો.
ઉછેરી સત્યનો રોપો, જતન આતુર થઇ કરીએ;
નજીકની જાળના ઓળે, ઋતુમાં તેહ નથી ફળતો.
નથી બદગોઇ કરનારા, જુઠી સાક્ષી ન પુરનારા;
છતાં માને ખરો સામીલ, અભાગી ઓલશે બળતો.
સઉ પર રાખીએ સમદષ્ટિ, મળતીઓ માનશે મુર્ખા;
થશે નવ બંધ અંધાનો, અદેખાઇ ઘડો ગળતો.
અમારો ન્યાય છે ન્યારો, અમારાં અન્ય છે યારો;
અકળ છે ઠામ જણાયેના, તમારો દીપ ઝળતો.
મદારીનું બની મંડળ, વગાડી ગાઇને ખેલો;
અરે ત્યાં એક ટેકીલો, નથી સજ્જન કદી ભળતો.
અમારા હાથથી હીણાં, થયાં નથી કર્મના થાશે;
તમારો રૂપીઓ ખોટો, ન ચાલે વ્યાજ નથી રળતો.
નથી હાજી હા કરનારા, ન બંધુ ધર્મ વિસરનારા;
કીડો ઈર્ષાતણો ડંખે, તમારો ભેદ નથી ટળતો.

પુત્રી વિપદ પચ્ચીસી.

ઇંદ્રવિજય.

કૃષ્ણ કૃપા થઇ એક સમે, વર ઉત્તમ પાંડવ લો મુખ માગી,
અર્પણ આજ કરૂં તમને, સઉ જગ્ત થકી અદકું દુખ ભાગી;
ભીમ વદ્યો અમ વંશ વિષે કદી, દીકરી એક ભૂલે નવ આપો,
દીકરી દારૂણ દુખ વધારણ, મૂળ દયાળુ દયા કરી કાપો.
કેમ ભીમે દીકરી જગ વંશ વધારણ, માની મહા દુખકારી,
કેમ અનાવિલ કોમ ગણે, દીકરી જનમી પ્રસુતા પણ હારી;
પુત્રની મા હદપાર મહીયર, સાસરીએ મસ માન ધરાવે,
છેય સમાન તથાપિ તનું તનયા છયમાં કયમ અંતર આવે ?
કોક કહે દીકરી ઠીકરી સમ, કો ભરીઓ દરિયો દુખ કે' છે,
કો "દુહિતા ભલી એક ન" ટેક, પ્રભુજી અગાડી રહી મન લે છે;
હોય સુવર્ણ હજાર ગણું પણ દીકરી દુખ અપારજ દાખે,
દીકરી કીંકરી જન્મ થકી ગણી, એમ ભલેરી રીતેથી ન રાખે.
દીકરા જન્મ સમે રડતી, જનની ડરથી જળ નેવ પડે છે,
એક પ્રસુત બીજી દીકરી, તન માંય નિરંતર દુખ નડે છે;
ખાય ન ખાદ્ય ન થાય સુવાવડ, હોય સદા મન હાયની હોળી,
ઝોળી ગણે તનુજા તણી ઝેરની, કયાં થકી જન્મી કહે સ્ત્રીની ટોળી.
દીકરી ઉછરતાં પડતાં નથી, તે મરતાં ન્યુન થાય ન દુખો,
રે પણ લગ્ન સમે પિતુમાતનું, કૂળ અને ઉચકાયજ કૂખો;
શેરડી જેમ પીલાઈ બને, તૂટી પેર તમામ જઇ રસ કૂચો,
શેરડી લગ્ન તણો સમ કો'લુ, પીલાય શ્રીમંત અનાવિલ ઉંચો.
સીમ નથી વળી નિમ નથી, દીકરી પરણાવવી એ ભય છાંરે,
હોય સમોવડીઓ પણ હાથ, નીચો કરતાં લડતાં નવ હારે;
પંડ પિછાન ભૂલી પૂછતાં, અધિકો કૂળવાન ગણે સઉ નીચા,
પારસ હું મણિ હુંય પ્રકાશિત, અન્ય ગણે રદ પથ્થર ચીચા.

કારણુ એ રળી થાય ધની, અથવા ભણી કોય ચડે વરઘોડે,
મૂલ વધે ફૂળ ટેવ ટળે નહિ, તાણ ઘણી નદીમાં જળ થોડે;
આગળ નમ્રપણું બતલાવી, ફુસાવી હસાવી વિવાહજ જોડે,
પાછળ આપ થઇ હળવો, કકડા કરના કકળી મન મોડે.
"પારકી આશ સદાય નિરાશ," વદે મુખથી પણુ આશ ન છોડે,
સુ કુપ્રસંગ મળે હકદાર, સમા બની ભૂખડી જાવત દોડે;
જાતિ અજાચક વૃત્તિ તજી, રળી રોકડ માટ તહાં કર ઓડે;
જોઈ જમાઇ વિદાયગીરી કમી, તો નહિ ખુશ રહે જર થોડે.
શ્વશ્રુ શ્વસુર નણંદ તણો ડર, જેઠ વધુ વકર્યો મધપુડો,
હોય ઉછંકુળ બાતમી દારજ, ઉપર દેવર લાડ લડુડો;
આવી વહુ ધમકાવી પડોશણુ, રોષથી બીક બહુ બતલાવે,
વિપ્રીત એમ સહુ પરનો, વરનો ડર તેથી વધુવટલાવે.
શીતળ નીર વિષે શીતકાળ છતાં, વહુને નિતતો નવરાવે,
ખાઇ રહે સહુ બાળ યુવાન, પછી અજીઠું હમને ખવરાવે;
ઉત્તર દે વહુ સાસુની આગળ, પાગલ મર્કટ પાસ મરાવે,
હાકમ મીણુ તણો પરપુત્રી, ગણી નિત લોહ ચણા ચવરાવે.
હોય શ્વસુર અસુર સમો, વહુને શિર આળ અપાર ચડાવે,
સાસુનુ પાસુ તપાસુ તહાં પણુ, હેતની ખોટ બરાબર આવે;
નીચ નંણુદનું રાજ નવાબી, તમો ગુણુ ભાભી પરે દરશાવે,
કુષ્ટની વૃષ્ટિ વહુ પર આમ, સગાં થઇ સૌજન તો વરસાવે.
પુરી પુરાણુ અને વળી લાડું તણું, વરસાસન કેમ વખાણું,
ફ્રોફૂળ એલચી કેમ લવંગ અને તજ તીખી તરાવટ જાણું;
હેમતણા શણગાર સુવસ્ત્ર ઘણા ખરચો વળી કેમ ગણાવું,
દીકરી દુર્લભ દુખ અનાવિલે, કોમ વિષે વધુ એમ જણાવું.
એ દીકરી પડી પેટ બળ્યો અવતાર અનાવિલનો ઓશીઆળો,
શકિત વિચારી કરે વ્યવહાર, છતાં પણુ કાજળથી વધુ કાળો;
પેટ ભરી વ્યવહાર કરો, કદી પુત્રની પાસ રહે નવ રિદ્ધિ,
દુર્બળ થાવ મરો રઝળી પણુ, દો વ્યવહાર અનાવિલ સિદ્ધિ.

દીકરીના વ્યવહારતણો દરિયો પુરતાંજ શ્રીમંત તણાયા,
રંકતણું તવ નામ નિશાન રહ્યું, નવ તાપ સહી સહી કાયા;
અન્ય અપાર રચી વ્યવહાર, હજી કુ રિવાજ નથી ઉથલાયા,
ઓળખી કાળ કરાળ કથાવટ, તો ન હજી ઉરમાં ઉલવાયા.
હોય કૃપા કિરતારતણી, અણી શુદ્ધ રહે દીકરી દુખમાંથી,
વિરલ કોક સુપાત્ર મનુષ્ય, મળી ભલી લાભ લીએ સુખમાંથી;
દીકરી વેર ન ઠેઠ સુધી, પગ હેઠ ગણે જગને અભિમાની,
દીકરી દુખ અપાર લહે નવ, વાત કરે વ્યવહાર બધાની.
દીકરીના વ્યવહાર વિષે, ઘર વાડી ગરીબ ગુમાવી થયા છે,
તોપણ તેહ રિવાજ અનાવિલ, કોમ વિષે મૂળ રૂપ રહ્યા છે;
દ્રવ્ય અપાર હશે પણ દીકરી, દુખ દબાય કપાય ન કોથી,
દેખો વધુ રચી માગી શકે, વ્યવહારતણો નથી આંક હદોથી.
દીકરી દાન કરી સનમાન, દઇ ગૃહનો શણગાર વળાવે,
વારમવાર સહાય કરો, જગનાથ પ્રસિદ્ધ સુધર્મ ચલાવે;
એમછતાં નગુણી નરનાર કહે, દુગળો નથી સજ્જન દાતા,
શેખી કરે થઇ જાચક આળસુ કો સમયે નથી તે શરમાતા.
કોથી હરાવી શકાય ન જે નર દીકરીનો વ્યવહાર હરાવે,
કૂપ તળાવ ભરાય રિવાજ, સમુદ્ર સમાન હાંથી ભરાવે ?
પર્વત પાડી પુરે વ્યવહાર, સમુદ્ર તથાપિ રહેજ અધુરો,
ટાલ પડે શિર ઉપર ભાર, વહી વહી તોપણ થાય ન પુરો.
રાજ્યની સેવ બજાવી હશે, ભર ત્યાં વરષાસન રાજ્ય અપાવે,
વેદ પુરાણ ભણ્યો નર ભાવિક, લોક સુ પંડિતમાંય ખપાવે;
કાવ્ય કળા કવિ પાસ શીખી, કવિતા કરી કો કવિ નામ ધરાવે,
પુત્ર મળ્યો મણિ જાણી અનાવિલ, સર્વ મનોરથ સિદ્ધ કરાવે.
કારીગરી કરી કોય કમાય, વધુ હરખાય ઉત્તેજન આપે,
નોકરી ચાકરી મેળવી કો પછી, સદ્ધર થૈ પદ ઉત્તમ સ્થાપે;
અન્ય દ્વિજો તણી કોમ વિવિધ પ્રકાર મળી, શુભ આશ ધરાવે,
કોમ અનાવિલ કામદુધા વહુ, આવી મળી સહુ ઠીક ઠરાવે.

પાછળ કોમ વણીક થકી વળી પારસીથી પણ હાલતહેઠી,
નાગર ઔદિચ્ય મૌકિતક તે પણ વાળી શકે ન પહોળી પલેંઠી;
દાનત પાક કરી રળવાપર, દૃષ્ટિ હવે સઉની નિત પેઠી,
એક અનાવિલ કોમ ન ચેતી વહુ હય વાહનપે હજી બેઠી.
કોઇ કુવે વળી કોઇ સરોવર, કોઇ બૂડી દરિયે જઇ દોડી,
કોઇ જીવી દુખીઆરી બિચારી, સજા ખમી માંદગી ભોગવી ખોડી;
કોઇક શોકનું સાલ થયે, પતિ જીવત જાગત તોપણ રાંડી,
કો દુખ મૂરખ કંથ વિચારી વિચારી બિચારી ગળી થઇ ગાંડી.
કોઇ જમાઇ વધારી જટા, ઘર વાડી તજી થઈ જંગલ બાવા,
જાય તહાં ન ઉપાય કરાય, વદાય કહાં દીકરી દુખ દાવા;
દીકરીનો અવતાર બળે, પિતુ માત ઠરે સુખમાં પણ ક્યાંથી ?
થૈ શરૂઆત ગણે સરવે જન, દીકરી પેટ પડી દુખ ત્યાંથી.
નિર્ગુણીને નમવું ખમવું, દીકરી દુખ એજ ગણે ખુબ ખોટું,
કોડી ન કીમત હોય તથાપિ, પળે પળ માનવું માણસ મોટું;
દાન કરી પછી ચોર ઠરી, અપમાન શુણી ચૂપચાપ રહેવું,
નોકરીથી પણ છોકરીનું દુખ, કોડગણું ગણી ક્યાંય કહેવું.
દીકરીનો ભય ત્રાસ ગરાસ, થતાં વય તો ઘરડો નથી થાતા,
દીકરીનો ભય ત્રાસ ગરાસ, વળી નરમાશપણું નથી પાતો;
દીકરીનો ભય ત્રાસ ગરાસ, વિલાસી મનેથી નથી મટી જાતો,
નીર ન નિત્ય સિંચાય ભલે, નમુલી સમ દુર્લભ ના કરમાતો.

એક અબળાનો આત્મઘાત.

વસંત તિલકા.

ગંભીર મેઘ સરખો ઘુ ઘુ ઘોષ આવે,
પાસેજ છે સરિત સાગર એ જણાવે;
જ્યાં મંદ મંદ પવને તરૂ પત્ર હાલે,
પાસે તળાવ રમણી અય કોણ ચાલે ?

રે ચંદ્ર અસ્ત સુદિ ચોથ તણાં તું પામ,
દેહાસ્ત આજ કરવો મનમાં મુદ્દામ;
એવું વદી જળ સમિપ ત્વરાથી ચાલી,
તે ઉતરી ડગ ભરી પગથાર બાળી.
તારા પ્રકાશ નભને નીરમાં જણાય,
ઉંચી નીચી નજર નાંખતી છેતરાય;
જંતુ અસંખ્ય નીરમાં કરતાં અવાજ,
તે સાદ તો અભયને ન જણાય આજ.

ગઝલ.

ભલા દાદુર દુર નાસો, કરૂં હું નીરમાં વાસો;
તજન કર્યું સર્વ મેં મારૂં, હવે ડર મન ક્યમ ધારૂં.
જનકજા ભૂમિમાં પેઠી, કઠણ વેણો વધુ વેઠી;
સહન શક્તિ નથી જેથી, હું જાઉં છું આ નીર હેઠી.
ન રોઉં મોતની બીકે, ધરૂં શિર ધરણી ઓશીકે;
ન રોઉં આપ બુદ્ધીને, હું રોઉં શ્યામ રૂઢીને.
અનાવિલ જ્ઞાતિમાં ઘાતી, રૂઢી રમખાણ નવાબી છે;
વિચારોમાં થયા સ્વતંત્ર છતાં એ ગાયકવાડી છે.
રૂઢી છે સુપડાં રીતિ, લીએ સો રોકડા માગી;
મળે વિસ્તારીને ક્યાંથી ? વહુ પિએર પથારી છે.
સાસરવાસો અને પસલી, રીતો અસલી સપરડાની;
મમતની ત્યાં કરો ઝુમ્બેસ, ભલે કહે રીત ઘરડાની.
ધણી મળતો ઘણું આપે, તહાં શા પાપ રંકોના ?
ગજા વિનાની ગણુતી શું, અજાનો ભોગ દઈ કાપે.
હયાતી જ્યાં લૂટાણુાંની, તહાં અંધારી રાતો છે;
" પુત્રી એ લક્ષ્મી રૂપજ છે " કહેવાનીજ વાતો છે.
લઢે વહેવારના પાડા, વહુ રૂપ છોડને છૂંદો;
વહુ ડર સાસુ સસરાનો, નણુંદીએરનો જુદો.

રૂઢી પૂજનમાં મોટી, સ્ત્રીઓની અંધ શ્રદ્ધા છે;
મરદ માને અમો અજ્ઞાન, અભણ સ્ત્રીઓની સ્પર્ધા છે.
હવે હું રોઉં શા માટે ? ઉભો છું અંતના ઘાટે;
હવે હું રોઉં શા સારૂ ? જીવન માન્યું જહેર ખારૂં.

સોરઠો.

માર્યો ઝટપટ આમ, ભાર દઈને ભૂસકો;
આ તન હવે નકામ, લેજે જેનું હોય તે.

ઉદ્ધોર છંદ.

આવી જળ ઉપર ત્રણ વાર, શત્રુ રૂપ જોઈ સંસાર;
હેઠી જાય જળચર જેમ, બેઠી પા'ણ રૂપે તેમ.
જાણે ન કોઈ મન ક્રોધ, થઈ નવ શકયો પ્રતિરોધ;
જગનાથનું નિરમ્યું થાય, ધાર્યું મનુષ્ય મિથ્યા જાય.

વસંત તિલકા.

તેં આત્મઘાત કરવા મનમાં વિચાર્યો,
માનુષ્ય જન્મ કપરો સમજી ન વાર્યો;
પિતા તણાં ભવનમાં શીખો સારગીતા,
કીધું અનુકરણ નાટકનું લલિતા.

શિખરિણિ.

પિતા માતા રાચે, કરી લગન જોઈ કૂળવડું;
કૂળાભિમાનીનું વડપણ રહ્યું છે રજખડું ?
કૂળાંગારો તાપે, અધવચ તમારો ભવ બળે;
ભલાં પિતા માતા, અનુભવ વિના કયાં થકી કળે ?

કન્યા દુષ્કાળ.

મનહર છંદ.

વરવાળાઓ કહે છે, કન્યાનો દુકાળ પડયો,
ઝોળીમાંના ઝડપાતા પુછાતા મુછાળા છે;

કન્યાવાળાઓ કહે છે વર ઘર કુળ નથી,
વાંકડાના આંક ચઢે ઉદધિ ઉછાળા છે;
વરના માબાપ સગાં સંબંધ થાતાંજ બને,
શાહી ચુસ કાગળ એ ચતુર ચુસાળા છે;
વ્યવહારે વસ્તુઓ લેવાની જહાં હદ નથી,
પાદશાહી લુંટાણું એ શીખવાની શાળા છે.
અણુવીંધ્યું મોતી માને નાનો પંથવર હોય,
નીવડેલો બીજવર કીંમત વધારી છે;
ઘણીક કન્યાઓ વરી મરી પરવારી તેથી,
બીજવર નીવડ્યાની થઇ મોંઘવારી છે;
વળી નોકરનું કૂળ ઉત્તમ મનાયું છતાં,
કૂળવાનો હજી ભુલ માંહે ભરમાય છે;
કૂળની સુગંધ આજ લેનાર થોડાક રહ્યા,
કૂળકેરૂં ફૂલ ફૂલી વૃથા કરમાય છે.
વર વધ્યા વળી વધુ વયનો વિવર્ત થયો,
વ્યવહારની વિશુદ્ધી ન થૈ એ વિષાદ છે;
અણુપૂછ્યા વર વધુ વસ્તીમાં સસ્તા જણાય,
ને પુછાય થાય મોંઘા રાય એ ફિસાદ છે;
વ્યવહાર વાંકડાની મીઠાઈ મોઢે ન આવે,
ત્યાં સુધી લેવાનું એ રહેવાનું નિર્માણ છે;
જાણે છે અનાવલાંઓ પુત્ર પરણાવ્યો ત્યાંથી,
વહેવાર સુવર્ણની ખોદવાની ખાણ છે.
કૂળવાનો કહે ભલે પરણે નોકર હવે,
પરણી રહે નોકર અમે પરણાવશું;
અરે ભાઈ આજ સુધી કેમ નહીં કરતાતા,
હવે કેમ એમ ઢીલા થઇ હારી જાવ શું ?
મૂળ હોય પાંખડાંની વૃદ્ધી તો વિશાળ નહિ,
ધાર્યાં ફૂલ ફળ તેમાં ક્હાં થકી આવશે ?

કહો એમ આપ કમીં નીકળી અમારો પુત્ર,
પોતાની પસંદગીની પદમણી લાવશે.

છપ્પય છંદ.

બહુ વરસી વરસાદ, વારીં જ્યાં ખૂબ વહ્યું છે,
ચાતક પક્ષી એક, તહાં તરસ્યુંજ રહ્યું છે;
પરણાવ્યા બહુ પુત્ર, વાંકડા લઇ મોં માગ્યા,
પડ્યું ન બિંદુ પાણી, તૃષાળુ પાછળ જાગ્યા;
ધસમસતું આવે વાદળું, વરસી ખાલી જાય છે,
સ્વાતિસમ આપ કમાણીથી, પુરણ તૃપ્તિ થાય છે.

કાળ ફેરફાર.

દોહરા

પુત્ર પ્રસવતાં વારમાં, શું જાઓ હરખાઈ;
ભણશે ત્યારે પરણશે, ભલા અનાવિલ ભાઇ.
ગાંડા ઘેલા પરણતા, લેતા કૂળ મોટાઇ;
હવે પરીક્ષા પરણતાં, ભલા અનાવિલ ભાઈ.
કૂળવંતાનો પુત્ર તો, પેદા ન કરે પાઇ;
વાંઢો વૃદ્ધ થતાં રહે, ભલા અનાવિલ ભાઇ.
ચોખ્ખી રોટી ચાચરે, નોકરી લઇને ખાઇ;
શઠે વરો શોધે હવે, ભલા અનાવિલ ભાઈ.
કૂળ શોધો ના કોઇએ, દીધી નથી દુવાઇ;
ફેરફાર કાળે કર્યો, ભલા અનાવિલ ભાઇ.
કાગની કોટે રત્ન જે, સોંજ જતું બંધાઇ;
હવે ઝવેરીને મળે, ભલા અનાવિલ ભાઇ.
વળી કજોડાંની થતી, ભુંગળ વિના ભવાઈ;
મટી માથેથી આપદા, ભલા અનાવિલ ભાઇ.

સાસુ નણંદીની હવે, ઉતરી બધી અકડાઇ;
વધુનું જોર વધું થયું, ભલા અનાવિલ ભાઇ.
લાડુનું ગાડું ગયું, ગબડી ઉંડી ખાઇ;
દા'ડાનું ધાડું ગયું, ભલા અનાવિલ ભાઈ.
સીધી વાતે કબુલ કો, ન કરે એજ નવાઇ;
કુવે પડીને કળકળે, ભલા અનાવિલ ભાઇ.
સમય ગયો બદલાઇને, ગઇ રાત ને રાઇ;
તાકયાં તીર હાથે રહ્યાં, ભલા અનાવિલ ભાઈ.
વે'વાયા વ્યવહારથી, વ્યર્થ ગણે વે'વાઇ;
સાધે સાચો સ્વાર્થ તે, ભલા અનાવિલ ભાઇ;
સવારથી થઇ સ્વારથી, સાધે આશ પરાઇ;
સોઇ રસોઇની કરો, ભલા અનાવિલ ભાઇ.
પુત્રોના વ્યવહારની, પાંખ સુવર્ણ કપાઇ;
ઉડતામાં અટકી પડયા, ભલા અનાવિલ ભાઇ.
ઘણુા પુત્રના લાકડે, ભવન જાય બંધાઈ;
ધારે તે હારે હવે, ભલા અનાવિલ ભાઈ.
ભણ્યા પૂંછે પરણ્યા છીએ, કે'વત ગઇ ભુંસાઇ;
જોવી વાટ વખત થયે, ભલા અનાવિલ ભાઈ.
ભણજો વિદ્યા ભાવથી, મોંઘી મળે ભલાઇ;
મનોરથો એથી ફળે, ભલા અનાવિલ ભાઇ.
કઠોળમાંથી કાંકણું, સહજે રહે ટળાઇ;
દુર્લભ અવસર આવીઓ, ભલા અનાવિલ ભાઇ.

તેના તેજ,

ગઝલ.

સુધારાના ભજ્યા ડંકા, હમે તો છેય તેના તેજ;
રૂઢીના ભકત છે વંકા, હમે તો છેય તેના તેજ.

સુધરવા માંડી સૌ જ્ઞાતિ, હુમે તો છેય તેના તેજ;
વહી હા રાખીએ કાતી, હુમે તો છેય તેના તેજ.
ભરી ડગ ભાવથી મોટાં, હુમે તો છેય તેના તેજ;
ખસી પાછા રચ્યાં કો'ટાં, હુમે તો છેય તેના તેજ.
નઠારી રીત મુખે કહીએ, હુમે તો છેય તેના તેજ;
રગી રીસાઇને લઇએ, હુમે તો છેય તેના તેજ.
વિચારે મોકળા છઇએ, હુમે તો છેય તેના તેજ;
ન આચારે પળે કંઇએ, હુમે તો છેય તેના તેજ.
ભણ્યા છે બે વધુ બોલો, હુમે તો છેય તેના તેજ;
હુમોને ત્રાજવે તોળો, હુમે તો છેય તેના તેજ.
સુણ્યાં છે ભાષણો ભાવે, હુમે તો છેય તેના તેજ;
સુધરવું વાત ના ફાવે, હુમે તો છેય તેના તેજ.
વિદેશે વિચર્યા તોએ, હુમે તો છેય તેના તેજ;
થવાનું હોય તે હોયે, હુમે તો છેય તેના તેજ.
તનુજ પરણ્યા ઘણા તોએ, હુમે તો છેય તેના તેજ;
ન તાલેવંત થયા કોએ, હુમે તો છેય તેના તેજ.
મોહોરો વાર સો દીએ, ચુકે દિન એક જો દેતાં;
વિલોકો ગુણ સ્થિતિ સ્થાપક, હુમે તો છેય તેના તેજ.
ઘણું, પય સાસરાનું પી, વધાર્યું ઝેર મસ્તાના.;
પતિઓ નાગકન્યાના, હુમે તો છેય તેના તેજ.

દુર્દશાની નિશાની.

મચો સુધરેલમાં ખપવા, નિશાની દુર્દશાની છે;
જફાના જાપ નિત જપવા, નિશાની દુર્દશાની છે.
બની નોકર થયા પરતંત્ર, નિશાની દુર્દશાની છે;
જપો છે મોજ મહામંત્ર, નિશાની દુર્દશાની છે.
કુંપદથી હાથ ના કાઢો, નિશાની દુર્દશાની છે;
સ્વદેશી હુન્નરો વાઢો, નિશાની દુર્દશાની છે.

ચઢયું મન ઝાઝા ચકડોળે, નિશાની દુર્દશાની છે;
ખરો મન ટેક જળે બોળે, નિશાની દુર્દશાની છે.
ઉઠે ઝઘડો સનેહીમાં, નિશાની દુર્દશાની છે;
ચઠે મન તુર્ત હીંચોળે, નિશાની દુર્દશાની છે.
ભરાએ ભય થકી ગોળે, નિશાની દુર્દશાની છે;
નીતિમાં ફેરવી તોળે, નિશાની દુર્દશાની છે.

તારા હાથમાં શું રહે ?

વધારી વાંકડા લીધા, દબાવી દુઃખીઆ કીધા;
ઉડાઉ જ્યાં મહા ધારા, રહે શું હાથમાં તારા ?
પુત્ર હક તુજ કેવો છે ? ભવાયા ભાગ જેવો છે;
વહે ચેથી વિપદ વારા, રહે શું હાથમાં તારા ?
ઘણી ગાડી વળી વાડી, વળી વાજાં દેવી તાડી;
રગે હક દાખો ગાનારા, રહે શું હાથમાં તારા ?
ચઠે છે આંગણે આડું, ભરો તેમાં પુરી લાડુ;
જવાના હોય ઓવારા, રહે શું હાથમાં તારા ?
વિવાહે ખોચ્ય છે ખોબે, થતાં ઉડાઉ ના થોભે;
ખરે આકાશના તારા, રહે શું હાથમાં તારા ?
રગી શામાટ સૌ માગે, ન કોની ભુખડી ભાગે;
છતાં છે માર્ગ વિચરનારા, રહે શું હાથમાં તારા ?
લગન એ લાભના સોદા, ગણી ઘોંચે વધુ ગોદા;
ચિતારે શું ચિતરનારા, રહે શું હાથમાં તારા ?
મળ્યું માગ્યું ન દુખ ભાગ્યું, છતાં ચિત્ત લાલચુ લાગ્યું;
બચે આગે ઉભા મારા ! રહે શું હાથમાં તારા ?
સગાંને ન્યુનતા લાગે, મને હા ના મુખે માગે;
રીસાએ સ્નેહીની દારા, રહે શું હાથમાં તારા ?

મરશીઆ.

હાય હાયરે આપદ અનાબિલ આ શી ?
વ્યાપી રહી સર્વત્ર નિરાશીરે, હાયે હાયરે આપદ અનાબિલ-ટે

સિંહ સાટે શૃગાળ ન થાઓ, ઉકી ઉકીના સ્વરે લજાઓ;
મેઘ નાદે આ ધરતી ધ્રુજાવોરે, હાય હાયરે આપદ.
મુકી લજ્ઞે કસોટી ખાસી, લીઓ સ્રીધન વાંકડો તપાસી;
આપદ્ કાળે ન ખોરાકી પોષાકીરે, હાય હાયરે આપદ.
વિપદ્કાળે ખોરાક દેવાસી, નથી અંતરમાંય ઉદાસી;
વહુ પીએર જાય ક્યારે નાશીરે, હાય હાયરે આપદ્.
દરજો ઉતારીને ગણી દાસી, દળવા જાર દે દશ શેર ખાસી;
મટી રાણીને ઓળગાણી ભાસીરે, હાય હાયરે આપદ્.
લગ્ને ચલવે ભારી ચપરાશી, લાવ્યા જાન કાઢી નૃપવરાસી;
ઘાલી નિર્દોષને ગળે ફાંસીરે, હાય હાયરે આપદ્.
હૃદય કુપળી ન ગૃહે વિકાશી, જહાં અબળાઓ નિત્ય ઉદાસી;
ઋષિ શ્રાપ દે સહસ્ર અઠયાસીરે, હાય હાયરે આપદ્.
વહુ સાસુના ચર્ણ તળાસી, કાર્યે બને વહાણનો ખલાસી;
સાસુ મુખે ન સોંધી શાબાસીરે હાય હાયરે આપદ.
પ્યારો પતિ થતાં સ્વર્ગવાસી, વહુ વિપદમાં ઘણું ઘાસી;
સાસુ બાંધે છે આપતાં ત્રિરાશીરે, હાય હાયરે આપદ્.
પતિ સંગે થવા આશ પ્રવાસી, અંતરે હતી અબળા અભિલાષી;
ફેલાઇ સર્વત્ર સુખ નાસીપાસીરે, હાય હાયરે આપદ્.
પીએર ભાભીનો ભય કંકાસી, લાગે રંડાઇ નણદી સીલાસી;
નથી મોસાળે મામા માસીરે, હાય હાયરે આપદ્.
આનંદે મુકે પગ તપાસી, નથી ફરવા અટારી અગાસી;
આશ્રમ અજાણે થઇ સન્યાસીરે, હાય હાયરે આપદ્.
પુત્રી પરાઇ ગૃહરાણી થાપી, વિધુરી થતાંજ સુખ દો કાપી;
પાપી માની ખૂણામાં ચાંપીરે, હાય હાયરે આપદ્.
પતિ મુકાની વિણુ આ હોડી, એકલવાઇ ખેંચાઇ દોડી;
સગપણ સાંકળ નાંખો શું તોડીરે, હાય હાયરે આપદ્.
ઘડો ભર્યો એકાએક ન ફૂટે, સગપણ ગાંઠ વળેલો ન છૂટે;
મર્ણ શર્ણ થયે વહુ તૂટેરે, હાય હાયરે આપદ્ અનાવિલ આથી!

યોગ્ય યાચના.

ગઝલ.

પઢાવીને કરી પાકી, હવે હોશીઆર થઇ છઇએ;
છતાં હડસેલી દો હાંકી, બની પાવરધી કયાં જઇએ ?
અમો અર્ધાંગના હણતાં, સ્ત્રી હત્યા હોરશો હેલા;
હકો દો સર્વથી પે'લા, રૂડી રીતે અમો રહીએ.
લગનમાં ચાર લોકોમાં, અભયદાનો ઘણાં દીધાં;
વચનભંગ માગતાં કીધાં, અમારૂં આપી તે દઇએ.
અજાણી રાખતાં સ્ત્રીને, શરમ ના લાગી છે તમને;
કબુલી ભૂલરે કમને, કહો છો કે કંઇ દઇએ.
હમારા ઠામમાં પડદા, હમારા મુખપર બુરખા;
ધર્યા તો અવતર્યા મુર્ખા, લગાવી લાત છે છૈએ.
હક્કો સ્ત્રીના નરો સરખા, અમે એ માગીએ આપો;
અમારાં બંધનો કાપો, હવે અંતે લડી લઇએ.
ધડાકાઓ ગૌરાંગીના, જુઓ ઇંગ્લાંડમાં જઇને;
શિરે બહુ સંકટો લઈને, ધર્યું એ હાર્દ અમે હૈયે.
તમોને છૂટ બધી આપી, અમોને બંધીમાં સ્થાપી;
થવાથી સ્ત્રી નથી પાપી, પડી છે જાણ તો કહીએ.

પુત્રી રૂદન.

ઉધોર છંદ.

પેલી એક અનાવિલ બાળ, ધૂળમાં પડી રૂએ આકાળ;
નિર્દય માત ઉભી છે પાસ, રજલેતી નવ તેની તપાસ.
સ્ત્રીને વા'લી વધતી વાક, હાય થાય ભલે જો ઘાત;
આળોટે ઉંદર સમ ત્યાંય, વચ્ચે ગાળ દેતી માય.

માથે બેડલાંનો ભાર, સામી ઉભી બીજી નાર;
વાતે વળગી અપરંપાર, થાકી બાળ ત્યાં નિર્ધાર.
ઉંઘી મારગમાં તે બાળ, માતા ઘર જાતાં નત્ર ફાળ;
ભુલી બાળક ઘર તે કામ, માડી કે દુખ ખાડી નામ.
પશુ પગ બાળકીને પેટ, પડતાં પ્રાણ પોં'ચ્યા ઠેઠ.
ઝાઝો થાય શોર બકોર, જોવા ચર્ણ આવ્યું જોર;
દોડી નીકળી જોવા બા'ર, જાણી બાળકી નિજ અસાર.
કીધો ત્યાં જળ છંટકાવ, પુત્રી ઉપર કેવો ભાવ;
રોવા વળતી આવ્યું જોર, ઉંદરડી મુઇ જાણે પોર.
તેના અશ્રુ આવ્યાં હોણ, પુત્રી રે' મલાવે કોણ ?
બાળા કાળજું વિણ ઉછરેય, બાળીકા તન ભવ બગડેય.
દીઠા ગૃહસ્થાશ્રમ ભગ્ન, ઉછેરનારી નારી અજ્ઞ;
સંતતિ શું તે મારે જોર, સ્ત્રી સુધરવા કરજો ગોર.

દોહરો.

ક્ષીણ તન જે વૃક્ષોતણું, તેના ફળ નિ:કૃષ્ટ.
વંશ વૃક્ષ સુધારજો, ચાહો થવા ઉત્કૃષ્ટ.

વૃકોદર વિજય.

સવૈયા બત્રીસા.

કોય ન જોય વદન વિરૂપજ લાગ્યો ભીમ હેડંબાને,
ધર્મરાજ મન પામ્યાં શરમજ અન્ય સહોદર શુણી કાને;
ધર્મરાજ ઉચર્યા મુખથી ત્યાં ના તરીએરે ના તરીએ,
આ સતી કે શંખણી લાગ્યો તું ના તરૂએ વિષ પી મરીએ.
ના તરૂએ દૂર તું એકાકી લાગ્યો ના ઓળખાય એવી,
અજાણ પ્રેમ વિષે પરોવાયો જંગલના તરૂના જેવી;
વિજય મળ્યામાં ધૂળ પડી છે ઓ ભીમ અવિચારી ભુંડા,
કેમ ન સમજ્યો આર્યધર્મના મર્મ મહા અતિશય ઉંડા.

પડયું હવે હળવું તો તારૂં નામું બાઇમાં બેસો,
નાત રૂઠે આપણી નાગણી સમ પ્રતિ ઉત્તર ત્યાં શું દેશો ?
ઘણા દિવસ પરદેશ ભોગવી આજ આમ ક્યાંથી આવ્યો,
રસબસમાં તરબોળ થઇને શું મોંઘો મારી લાવ્યો ?
ભીમ ભણે એ ભ્રાત હમારા અજાણ જંગલની નારી,
લાવ્યો પણ ઉગરવાની મુજને નવ એક મળે બારી;
આ " કન્યા કે કન્યો " કહીએ પણ મુજ પ્રેમે ગઇ વારી,
પુત્રવતી થાશે દિન થોડે ઘરમાં એ પણ વિસ્તારી.
ધર્મરાજ વદીઆ મોં વાકે અકાર્ય એમાં છે કોનું ?
કથીર ખરીદી લાવ્યો અસ્થિર ગાંઠતણું ખોતાં સોનું,
પ્રાયાશ્ચત નથી તુજ માટે જાણ થઇ કરીઉં કૂડું;
રહ્યો હોત સત્સંગે નિત્યે સાર્થક થાત જીવ્યું રૂડું.
એ ભીમ ન્યાય નીતિ આ સમજી કુવિદ્યાને દે ઢાંકી,
મરણ શરણમાં જવું સમિપ છે કૂળનો બટો દે ઢાંકી;
જો પસ્તાતો હોય હવે તો માગ પ્રભુ પાસે માફી,
વંશ વૃદ્ધિ માટે ન વિંટાઇશ કર્મ કરી આવાં પાપી.

તરંગ પ્રવાહ.

છપ્પા.

બાળકનું મન ઠરે, જુવે જ્યાં ઝાઝી માયા,
ઉંઘે ખોળામાંય, સોંપતાં પોતે કાયા;
રૂએ જતાં સઘ સમિપ, બતાવે જન જો ડોળા,
આઘાંપાછાં થાય, નિહાળી નજરે ઓળા;
ભય નિર્ભય સ્થાનક પારખી, તોલ ન તે પળમાં કરે,
અણજાણ્યાથી અળગા ખસી, રમત ગમત કરતાં ફરે.
વરકન્યાની ગરજ પરણવાની છે સરખી,
વાંકડીઆ વર લીએ, પ્રેમથી પૈસા પરખી;

કન્યાવિક્રય કરે પાપથી, પેટજ ભરવા,
રહે ન કોડી હાથ, ઠામ ઠેકાણું ઠરવા;
વાંકડીઆ વરને તો રહે, ઘરમાંહે ગમતી વહુ,
વિક્રયવાળાનું સામટું, સત્યાનાશ વળે સહુ.

કાજળના વેપાર, થકી કર કાળા થાયે,
કન્યાના વેપાર, થકી સુખ સૌ દૂર જાયે;
વાણીનો વેપાર, કરેથી વકીલ કમાયે,
વસ્તુના વેપાર, થકી શ્રીમંતો થાયે;
પણ રૂધિરના વેપારમાં, ખુવાર આખર થાય છે,
દૂધના તો દોણીમાં રહે, પાણી પાણીમાં જાય છે.

નાનો માને એમ, વડો દેખીને નમવું,
વદે વજ્ર કુવેણ, ઓશીઆળે શા ખમવું ?
ઘડપણમાં બહુ વિઘ્ન, માનશે માણસ વડીઓ;
પડીઓ શૂણ્યો કાન, જેહ શિખરપર ચડીઓ.
મોટો કાંટો ઘડીઆળનો, ફરે કુંડાળું બારનું,
નાનાને ફરવું એક છે, દઉં દ્રષ્ટાંત વિચારનું;

વડા થયાથી વધુ, ઘસારો લાગે તેને,
વૃક્ષ વડાં ઉથલાય, પવનની પીડા જેને;
ગૃહણ સમે સુર ચંદ્ર, છાય કાળી ઢંકાએ.
તારા ન્યારા રહે, પ્રકાશિત નવ ઝંખાએ;
જો છોટાથી દુખ દૂર છે, મોટાને મશહુર છે,
દેશાયે આપદ કાળમાં, જણાય ઝાઝું દૂર છે.

સ્કંધે યજ્ઞોપવિત, ફરે છે અદકા ફેરા,
શબ્દોચ્ચારજ સરસ, હરખવાળા મુખ કેરા;
કાંતીને દે સુત્ર, દૂત સમ કાર્ય કરે છે,
અવર ધંધે આળસુ, ધ્યાન કદી નહીં ધરે છે;

અણુ તેડચો ઘર બેસી રહે, ઉદરમાં બહુ આંટીઓ,
પંડિતને પરખવું સેલ છે, વાડવ કહું કે રેંટીઓ.

પાડા અંગે પ્રૌઢ, વળી રાતાને માતા,
કાદવ ખાડે પડે, તોજ થાયે સુખશાતા;
હસ્તી શરીર પ્રચંડ, સુંઢના સાધનવાળો,
ધૂળ કચરૂં શિરને, અંગમાં ભરતો ભાળો;

પડી પ્રકૃતિ એમ સ્ત્રી પુરૂષને, તે પ્રાણાંતે જાય છે,
સારા નરતાજ સ્વભાવનું, ઓસડ એમ ન થાય છે.

કુંભાર કેરી ચાક, ફરે પણ ત્યાંની ત્યાં છે,
ઘાણી ઘાંચી તણી, નથી ખસતી તે ત્યાં છે;
ફરે પૃથ્વી આ પ્રૌઢ, દિસે તે ઠામની ઠામજ,
ચાલે રથનું ચક્ર, ફરે તે ગામો ગામજ;

ફરવા ફરવામાં ફેર છે, જો ભીતર કે બારણે,
ફરતી દેખાએ ફેરીઓ, કંઇ કાર્યને કારણે.

ભાટ ભવાયા ભાંડ, સાથ જે કરે ભુંડાઇ,
ભાંડે ગામે ગામ, માન જાશે મુંડાઇ;
વાળંદ સાથે વેર, કરે તો વાળ વધારે,
કૂંજર સાથે વેર, કરે તો કચડી મારે;

અધિકારી વેર અધિક છે, જીવતો માર્યો જાણવો,
સત્તાની આગળ શાણપણુ, મિથ્યા મમતજ તાણવો.

વનિતા સાથે વેર, વીસરે કો દિન વાતો,
સ્વજાતિઓમાં વેર, કોય દિન આવે ન્હાતો;
સઇ સોની ને સર્પ, વેર કીધાથી કૂડું,
પિતા પુત્રનું વેર, ભ્રાત મરવાથી ભૂડું;

અધિકારી વેર અગમ્ય છે, મારે ડગલે દાંડીઓ,
શીંગેથી ખાંડો સર્વદા, રે' પુછડે પણ બાંડીઓ.

સો વાઘો હણનાર, વાઘને મુખ મરનારો,
તારો બૂડે આપ, અધિક જળમાં તરનારો;
ભણતો ભૂલે ભ્રાત, ચતુરાઇ પણ ચૂકે,
સહસ્ત્ર પકડે સાપ, એક ડંખે જીવ મૂકે;
પડીઓ છંદ જેને જેહમાં, વિનાશ તેનો તેહમાં,
મેહમાં જનમીને જંતુઓ, મરે કેટલા મેહમાં.

ખારૂં નદીનું મુખ, સમીપ સાગરથી દીઠું,
દૂર દરીઆથી પડ્યું, મૂળનું પાણી મીઠું;
દૂરથી ડુંગર દિસે, દીપતો અધિકો દેહે,
દૂરનું દીસે પ્રૌઢ, સુક્ષ્મ દર્શકના વેહે;
દૂરથી પ્રીતિ દશ ગણી વધે, સહવાસે ભારજ જશે,
પરગામી "સિદ્ધ" પ્રસિદ્ધ છે, "બાવો" જે સમીપે વસે.

અતિ પરિચયથી કોય, ઉઠીને ન કહે આનો.
અતિ પરિચયથી અપમાન, કહે જે ચાલ્યા જાઓ;
અતિ પરિચયથી આપ, પુરૂષ પોતાનું ખુએ,
અતિ પરિચયથી નાર, લોક શંકાશીલ જુએ;
અતિ પરિચયથી કરે નિરૂદ્યમી, થાશે સેવક સારખો,
અતિ પરિચય કરે પ્રગટ રૂપ, પંડિત હો તો પારખો.

નારી માથે નાથ, ઘોરીને નાથજ નાકે,
શ્વાન માંકડાં પાળી, કંઠને પાસે હાકે;
જગમાથે જગનાથ, નિરંતર રહ્યો નિહાળો,
હાંકે ઓથે રહી, પુરે પુરી સત્તા વાળો;
નાથ વિનાનું નવ ખંડમાં, નામ માત્ર છે ના કહીં,
નેહે નિયંતા નાથનું, સમરણ કર સાચું સહી.

પળવું વાયક કઠણ, વદેલું વગર વિચારે,
પળવું વાયક કઠણ, બાળ હઠથી ઉચારે;
પળવું વાયક કઠણ, જુઓ જુઠા જન કેરૂં,
પળવું વાયક કઠણ, અભિત જ્યાં હોય અનેરૂં;

પળવું વાયકતો કઠણ છે, કામની ઘર કંકાસણી,
વેણે નવ બંધાશો કદી, તરત તપાસી ચાસણી.
    વીતકડાં વહુ ઉપર, વીતાડે સાસુ જે જે,
    ફીન્તે ભીંતે કરી, કોતરી રાખે તે તે;
    હાથેથી હથીઆર, પડે સાસુના જ્યારે,
    સાસુના સો, એક વહુ લે વારા ત્યારે;
જો સુખ શોધો ઘડપણ વિષે, વહુને કેળવી રાખવી,
ઘડપણને બચપણ સારખાં, પરવશ કાયા નાખવી.
    અંગ રંગમાં શામ કાગડી કોકિલ સરખી,
    ભલો રહેલો ભેદ, સ્વરે લેવાએ પરખી;
    એમજ બગલાં હંસ, નીરખો હરતાં ફરતાં,
    એક મચ્છનો ભક્ષી, બીજાં જો મોતીચરતાં;
શોધક પુરૂષ પ્રવિણથી, પ્રગટ પરીક્ષા થાય છે,
જેમ સોનું પિત્તળ પેખતાં, કસોટીએ ઓળખાય છે.
    જ્યાં નાતરીઆ નાત, નારને શું રોવાનું?
    કરે ભવૈયા ભવૈ, આપને જો શું જોવાનું?
    જાતે જીવે એક, આગર્થી શું ખોવાનું?
    મૂરખ મુસળસ્નાન નવરો શું લ્હોવાનું?
જ્યાં સાચો સ્નેહ ન સર્વથા, કથા વૃથા કલ્યાણની,
ઉત્સાહ નહીં વાતો તહાં, પરખ ન પ્રભુ પિછાણની.
    પડે ખેતરે પંખી, જાય હોહાથી હારી,
    મારે થાકે કંથ, ન હારે નગુણી નારી;
    હાર્યો જુગારી રમે, દ્રવ્ય લાવીને બમણું,
    નગુણી નારી એમ, લેશ મેલે નહિ નમણું;
જગવે છે જંગ જગો જગે, વસ્યો રગે રગ રોગ છે,
એવી ભામની ભુંડી મળે, તવ ભર્ત્તાના ભોગ છે.
    વામા વકરી હોય, મરે કે નીકળી જાય,
    વાઘણ વકરી હોય, પશુ મારીને ખાય;

વકરે સરપની જાત, રાજ મારગમાં ખાળે,
વકરે અગ્નિ આંચ, આપણો પીંડ પ્રજાળે;
વકરે પુરૂષ પ્રગટપણે, થાય પશુરૂપ સારખો,
વકરે વળી તેથી અધિકતો, જમાઇ જમ રૂપ પારખો.
સાસુ વકરી હોય, વધુ ને વધુ સતાવે,
વકરે નાનું બાળ, બાળહઠ રડી બતાવે;
વકર્યો ઊંદર વળી, વસ્ત્ર કે કોઠી કરડે,
વકર્યો વળી માતંગ, પ્રથમ માવતને મરડે;
વકરી માંજારી કંઠમાં; આવી વળગે વેગથી,
વકર્યો વાડવ દુઃશ્રાપ દે, દંત દબાવી દ્વેષથી.
વકરે વાનર જાતિ, ભવનના નળીઆં ભાંગે,
વકરે હબસી વસ્તુ, હઠીલાઇ ધરી માગે;
વકરે ભ્રમર મધમાખ, મુખ પર ડંખજ મારે,
વકરે પુત્ર કુપાત્ર, ન ધારે શરમ લગારે;
વકરે જો જળ જળનિધિનું, મર્યાદા તજી જાણવી,
જળ પ્રલય પૃથ્વીનો કરે, શંકા સહજ ન આણવી.
વકરે દુર્બળ જાતિ, ગામ બીજે જઇ વસશે,
વકરે વધતાં શ્વાન, ભાગળે જાનને ભસશે;
વકરે નીચી વરણ, આપને સાળો કહેશે,
વકરે વીંછી તરત, ચઢ ઇઇ ચટકો દેશે;
શણી જાયો રજપૂત તો, વકરાયો વશ નવ થશે,
સંગ્રામે રાજ વૈભવ તજી, જરૂર લડવાને જશે.
વકરે વળી ફકીર, રૂધિર શિરમાંથી કાઢે,
વકરે કરપીણ કોળી, કંઠથી શસ્ત્ર વાઢે;
વકરે માછી લોક, દંડુકો માથે મારે,
વકરે રજપૂત પુત્ર, પશુ જઇ વનમાં ચારે;
અધિકારી વકરે કલમનો, ઉંધો ગોદો મારશે,
તે હાબુ લાબુ હાકમ બની, વિગતેથી ન વિચારશે.

વકરાયો જે વણીક, પેટ પોતાનું કૂટે,
વકર્યો કહી શાહુકાર, રંકની રિદ્ધિ લૂટે;
વકર્યો ચાકર વળી, ફરે છે ચુગલી કરતો,
વકરે મુરખ જન, ગાળ દીધે નવ ડરતો;
વકર્યો ગાડે જોડયો બળદ, નાડુ તોડી નાખશે,
કહંશે વકર્યો જો આખલો, રસ્તો રોકી રાખશે.
વકરાઇ ગૌ ભેંસ, દોહતાં મારે પાટુ,
તૃણ કણ મુખ આગળે, કરી મન ખાતાં ખાટું;
વકરે ભોજક ભાટ, અધિક કલ્પાંત કરે છે,
વકરે મહાજન તેમ, ઉચાળા સર્વ ભરે છે;
વકરે ઘોડા ગર્ધવ વળી, ડગલું એકે નવ ભરે,
મંકોડા વકરે મુત્તમાં, મોત વિના મમતે મરે.
મળે ચતુર જ્યાં ચાર, પરસ્પર વિદ્યા માપે,
મળે ચાર પા એક, એક આખો કરી આપે;
મળે ચાર પા એક, ખાટલો ઢોળો થાતો,
નર નાર કરી ચાર, મળે આનંદ ન માતો;
ચોકડી એવી ચચ્ચારની, છંદે પણ દેખાય છે,
ચતુરાઇ ચાર વિચારતાં લાભ અધિક લેખાય છે.
વિભુ પ્રણિત જે વેદ, ચતુર સંખ્યા પણ તેની,
વળી જો વર્ણ વિભાગ, તેટલી સંખ્યા તેની;
મુક્તિ મારગ શ્રેષ્ઠ, મોકળો ચારે રાખ્યો,
કર્મ જ્ઞાનને ભકિત થકી, એ સ્વાદજ ચાખ્યો;
વળી યુગ વિભાગને આશ્રમો, બાંધ્યા બંધ આચારમાં,
લે ચતુર પદારથ ચીંતવી, ચમત્કાર છે ચારમાં.
પશુ ચરણ પણ ચાર, ભરે તેથી ડગભારે,
બેસે ઉઠે આપ, ઉભા રે' તે આધારે;
આંચળ બંધુ સમાન, રહ્યા અળગા પણ ચારે,
કરે કોટી ઉપકાર, ધવળ દૂધ દેછે ધારે;

લક્કડના ઘાટ ઘડે ઘણા, ચાર ચરણ આકારના,
દુર્લભ દર્શાવી કેટલા, ગુણ ગાઉં હું ચારના.

નામનાના લોભીઓ.

હરિગીતની ચાલ.

કિરતાર જો કરૂણા કરે, કરી જાઉં કંઇ એક નામના,
ધન મળે અઢળક ધરતીમાંથી, પૂર્ણ થાએ કામના;
વણમેં'નતે મળતું નથી, કરવું હવે મરવું રહ્યું,
લોભી વદે એ નામનાના જીવતર એળે વહ્યું.
ઉપકાર વૃતિ વિચારતાં, વાંખા પડે છે મામના,
ને કહે લોભી કસરીઓ, મેં'ણા દીએ જન ગામના;
વળી કોડી પાસે નવ મળે, હાડી બજારે શું કરૂં ?
ડગલાં ભરૂં મોટાની નકલે, મોત વિણ નિશ્ચે મરૂં.
ધરી સ્વયં સેવક સ્વાંગ ખાનો, ઠની જાઉં હોંસે બારણે,
વિક્ષેપ આવે સ્વરક્ષામાં, ચૌર્ય વસ્તી કારણે;
ઘેરે નથી જાણી હરામો, પાક લૂટી જાય છે,
કપડાં ખરચ છૂટે નહીં, કયાં માગણી પણ થાય છે.
વકતા થવાની હોંસ પણ, સૂણનાર મારા સોબતી,
નથી છટા મુખ ટટાર ઉભું, રહેવા હીમતે નથી;
આ નામનાના વિચારો છે, શેખસલ્લીના સમા,
દિન પ્રતિદિન બાઝી રહું એની, ફરી ફરી આશમાં.
સરકારની પદવી તણાતો, હમો પણ હકદાર છે,
તે તલસતાં નવ મળે ત્યારે, એનો શી દરકાર છે;
ખોલે સહુના છિદ્ર અંતે, થઇને પરવારતા,
એ માતૃ ભૂમિને પ્રતિદિન, દીસે ભારે મારતા.
ઉપનામ પછી આપે ઘણાં, હોદ્દા નવાજ્યા ગામમાં,
દેશે ન પંકાયો અફળ, અવતાર આહીં ગામમાં;

વાહવા થઇ ન વર્તમાને, શું કરવું મરવું હવે,
થા અધિકારી આજથી, માગ્યું મળે જન્મે નવે.
જોઇ ન જાતે સ્વદેશી હીલચાલ કેવી થાય છે,
કપડાં વિલાયતી કાંડી ફાડી બાળીને હરખાય છે;
જાણે મફત આપી જશે અમને સ્વદેશી આંધળા,
ફળી મેળવે ધન તોજ છૂટે, વસ્ત્ર કેરા બાંધલા.
ખાવા પ્રદેશી ખાંડની, લીધી પ્રતિજ્ઞા આકરી,
ગડભાંજ કરતાં ગરથની, ગણી ખોટને બેઠા ઠરી;
બોલ્યું પળાયું નહીં આખર, થુકેલું પડયું ચાટવા,
પણ નામના પ્રાચીન ખોલો, હુનર દેશી ખાટવા.
વપરાય નવ વ્યવહાર માંહે, કમ વજનનું કાટલું,
લે નામનાના લોભીજન આ, લક્ષમાંહે આટલું;
થાઓ વજન સમ છાપ લેતાં, સર્વ સ્થળમાં તોળવા,
સેજે ગરજુ જન સમુહ તમને, ખરા મંડે ખોળવા.

અયોગ્ય સ્પર્ધા.

મનહર છંદ.

વરષા ઋતુમાં જીવ જંતુનો ઉદય થયો,
મીં માથા વિનાના અંધ ઉભાયાં અળસીઆં;
અદેખાઇ માંહે નહિ સંતોષાઈ વગોવાઇ,
શરદેજ અટવાઇ ગયાં અપજશીઆં.
અન્યનો ઉદ્ધાર કરનાર તેમાં મરનાર,
જુસરી સુધારા તણી ધરનાર હુંજ છું;
એવા નામ ધારી જોયા અનાવિલ માંહે પણ,
તેવાઓને ઉપરનું દૃષ્ટાંત દઉંજ છું.
મેઘાડંબરે ગગન ઘેરાયું વાયુ સહિત,
અંધારૂં તેમાંથી જાણે વેરાયું અજાણુતા;

તારા અને ચંદ્રતણું તેજ ત્યાં ઢંકાયું અને,
આગીઆ મંડળ ઉડયાં નશીબ વખાણતાં.
ઉડાઉડ કરી મુકી ચમકારા કરે બહુ,
શરદે અભાગી વાયુ વાયે આયુ પડશે;
આગીઆથી પણ ન્યુન પ્રભાવ ગણાય જેનો,
એવાં જન સ્પર્ધા માંહે કયે ખુણે સડશે.
વાઘ તેહ એક જેહ યાચે ન કિંચિત પણ,
આત્મબળે આપ પૂર્ણ કરે મન કામના;
મનુષ્યની પાસ નાચે યાચે પછી પાઈ પૈસો,
તાબુતના વાઘ એવા નામના નકામના.
પીઠી ચોળી વરરાજા ચટાપટાવાળો બને,
વાઘ જાણી કોણ તેથી ડરી રડી ભાગશે;
સિંહ ચર્મ પર્મ ઓઢી સ્વજાતિનો ધર્મ છોડી,
છેતરે શિઆળ શુરાને શું ભય લાગશે?
સુધારાની મંડળીઓ સ્થાપી આપી દ્રવ્ય વળી,
સુધારક બન્યા માને મહા કષ્ટ ટાળવા;
સ્વારથનું સ્થાન શોધી વળ્યા બળ્યા ન મળ્યાથી,
સ્વજાતિના લોહીનેજ લાગ્યા છે ઉકાળવા.
પાંગળી ડાકણ ખાય પાડોશણને પ્રથમ,
દૂર શોધવા શું જાય એવા કેળવાયલા ! ! !
અરસ પરસ માન અકરામ વાટી લઇ,
છુપાય કે'વાય પછી બાયલારે બાયલા.
દૈવના અધુરા બુરા ફળના ભોગવનાર,
મુળાક્ષર શીખી થયા લાયક લંગોટીઆ;
લખવા શીખે નનામું નકામું લખાણ અને,
અપજશ ચાડીઆઓ લે ઉપર ચોટીઆ;
ધંધા માંહે ધ્યાન નહિ ગામ માંહે માન નહિ,
અધીરાઇ થકી કરે કાર્ય ઉદ્ધતાઇના,

અજાણુ મિત્ર મંડળ વેરીની ગરજ સારે;
યુવાન વિલોકો એવા દેશમાં નવાઇના.
લેખક થવાની હોય લાલસાઓ લક્ષ પણ,
ભંડોળ વિના વ્યાપારે ભાગીઆ થવાય છે;
ચરચાપત્રીનું માન પામવાની આશ નહીં,
ખબર પત્રી પામર પંક્તિએ જવાય છે;
સાચું જુઠું ભરડીને કાચું પાકું કરડીને,
લેખકની તૃષ્ણા એમ તૃપ્તજ કરાય છે;
ખરાં ખોટાંની પરીક્ષા કસોટીએ કાઢી એકે,
ઘિલોડાંની ગાયથી શું દૂધજ દોવાય છે ?

મનુષ્ય જન્મ

ભુજંગી છંદ.

ઘણા જન્મના પુણ્ય પુરા પ્રભાવે, નીચી યોનિના જન્મનો અંત આવે
ફરી ચક્રમાંહે પડી શું ઘસાઓ, મહા માનુષી જન્મ આ શું ગુમાવો;
ઘણી જાતના પ્રાણીઓ નીપજે છે, મૂકી ભાન તેવાં પ્રભુ શું ભજે છે;
કબુલાત ભારી કરી અત્ર આવો, મહા માનુષી જન્મ આ શું ગુમાવો.
ઘણા ખાઈ પી રક્ત થૈ ખુશી માને, ઘણાંએ સ્ત્રી સંતાનના મસ્તધાને;
અહીં આવતાં જીવ ખાએ ભુલાવો, મહા માનુષી જન્મ આ શું ગુમાવો.
થઈ દામના દાશ દોષી બને છે, મળે દામનો દેગ વાતો મને છે;
મૂકી મોહને ભક્તિનું બીજ વાવો, મહા માનુષી જન્મ આ શું ગુમાવો
વધી જાય માયા કહો સર્વ મારૂં, વદે જુઠી માયા છતાં કાં નિવારૂં,
પડે એકલાને જવું ત્યાં મુંઝાઓ, મહા માનુષી જન્મ આ શું ગુમાવો
ગણી જકતના સુખને તારનારૂં, રહ્યા ચાટણું માની તેનેજ ચારૂ;
પડે ફાટ તે ઝારણે તો ઝમાવો, મહા માનુષી જન્મ આ શું ગુમાવો
ખરા ખેરના ખૂટ જેવા રહો છો, ન ધાર્યા ઘણાં સંકટોને સહો છો;
તમે શિર કૃપાનિધિને નમાવો, મહા માનુષી જન્મ આ શું ગુમાવો

પશામાં ધર્યો જન્મ ના મોજ માટે, ખરિદ્યો ખરો જન્મ આ શિર સાટે;
ખરી હુંડીઓ ખોટમાં ના ખપાવો, મહા માનુષી જન્મ આ શું ગુમાવો.
મહા ખોટનો ખાલી વેપાર કીધો, ઉઘાડી મુઠી થૈ નહીં લાભ લીધો;
મુડી મૂળની ભૂલમાં શું ખપાવો, મહા માનુષી જન્મ આ શું ગુમાવો.

જીવને બોધ.

મનતું શીદ કલ્પના કરે—એ રાહ.

રે જીવ શુદ્ધ છતાં શું ડરે ! તુલના તુચ્છ સાથે શું કરે ! ટેક.
મૂળ જીવ માયા મળ વર્જીત સોના ટચનું હેમ;
સુવર્ણ તસ્કર કર ચડવાથી ઉતરે છે કસ જેમ. રે જીવ.
કુકડા સંગ ફરે ઉકરડે, મયુર બાળ ઉછરે,
ઘર ગર્જન વેળા નર તનથી મયુર કીર્તિ વિસ્તરે. રે જીવ.
નીચ સ્થાનમાં માયા પડના પડ પોચાં બહુ વળે,
ધોઇ નાખ શંકાથી શુદ્ધ થઇ લઇ વિજ્ઞાન સુજળે.. રે જીવ.
આર્યાવૃત ઉત્તમ ભૂમિમાં જનમ્યો બ્રાહ્મણ કૂળે,
સાત્વિક ગુણ સોંપી શૂદ્રોને બ્રહ્મપણું શું ભૂલે. રે જીવ.
શોધ સદ્દગુરૂ મણિધર સમકો કો સ્થાનક પર મળે,
સર્પ વૃત્તિના સ્વાર્થી ગુરૂઓ છંછેડાઇ છળે. રે જીવ.
અજા જૂથમાં વ્યાઘ્ર ઉછરી જાતિ મૂળ વિસર્યો,
સદગુરૂ જ્ઞાન થકી જાગૃત થઇ જાતિ સ્વભાવજ ધર્યો. રે જીવ.
સૂર્ય શશી ગ્રહણે ઘેરાઇ કાળપ કો દી ધરે,
સમય વ્યતિત થાતાં સર્વત્ર તેજ પુંજ વિસ્તરે. રે જીવ.
શુદ્ધ હેમને ચિંતા શાની કસોટી ઉપર ચડે,
સો પારખ હાથે પરખાવો તાવો ફેર ન પડે. રે જીવ.

ગઝલ

જગતમાં જાળ ગુંથી બેઠો, ગધા પચ્ચીસોમાં પેઠો;
રચ્યું ચારિત્ર નવ ચારૂ, કયા એ કાળને સારૂ.

પડયો મોહ રૂપને ફાંસે, ધરી અપકીર્તિ તો વાંસે;
રમા ખોઇ રમે જારૂ, કયા એ કાળને સારૂ.
મનુષ્યા દેહી મળી મોંઘી, કર્યો ઉપભોગ રીતે ઉંધી;
જતાં ઘટ રહે બુઝારૂં, કયા એ કાળને સારૂ.
ઘણા જોયા જનો ભોગી, થઇ અંત કાળમાં રોગી;
સ્મશાને ભસ્મીભૂત છારૂ, કયા એ કાળને સારૂ.
મીઠું જળ મૂકીઉં ફોડી, મહા મર્યાદને તોડી;
ભર્યું તન ખાત્ર જળ ખારૂં, કયા એ કાળને સારૂ.
થયા કુકર્મના જડીઆ, શરણ અવસાનને પડીઆ;
હવે શું હાય થશે મારૂં ! કયા એ કાળને સારૂ.
વધ્યા અધિકારમાં મોટા, કર્યા ઇન્સાફ કૈં ખોટા;
ઉગારૂં કેજ હું મારૂં, કયા એ કાળને સારૂ.
પરાયા દામને પચવે, પછી દેતાં બહુ નચવે;
કરે બંધ માર્ગ વહેવારૂ, કયા એ કાળને સારૂ.
ધનાદિક લાભને માટે, સનેહીના મરી વાટે;
રહે સંતાન દુખીઆરૂ, કયાએ કાળને સારૂ.
કરે સાચા તણું ખોટું, રચે પૈસા તણું કોટું;
અમલમાં ઘોર અંધારૂં, કયા એ કાળને સારૂ.
મુખે ઇર્ષાગ્નિની જવાળા, ભુલવવા હસ્તમાં માળા;
કરે બંધ સુખનું બારૂ, કયા એ કાળને સારૂ.
મનુષ્યમાં બહ્મની દેહી, મળી ઇશ પ્રત્યે નિસ્પેહી;
રહીને પાન કરે દારૂ, કયા એ કાળને સારૂ.
જગતપતિ પાસ જશો જ્યારે, જવાબો આપશો ત્યારે;
થશે શું આખરે તારૂં ! કયા એ કાળને સારૂ.
ભોગવીએ પૂર્વના પાપે, નવીનને માર્ગ કાં આપે;
સમજતાં મનને વારૂ, કયા એ કાળને સારૂ.
ન ખાધું કે ખવાડયું કાંઇ, બની લોભી લીધું મન છાઇ;
હવે તો શીખ એ ધારૂં, કયા એ કાળને સારૂ.

ઉદર બાળી બહુ સાંચે, ઉચિત કર્મે અધિક કાંતે;
જીવન અપકીર્તિ કથનારૂ, કયા એ કાળને સારૂ.

સાચો વ્યવહાર.

ચોપાઇ.

વ્યાજે અગર ઉછીનું લેય, નાણું ધણીને પાછું ન દેય;
માગે મારે મૂસળ માર, એ શેનો સાચો વ્યવહાર.
લેવે જેના હાથ હજાર, દેવે જેનું બંધ બજાર;
ખાય પરાયું એ આચાર, એ શેનો સાચો વ્યવહાર.
બબ્બે પુરી ગામે વ્હેંચાય, તેમાં કોનું પેટ ભરાય !
થાએ કાયર નિત કરનાર, એ શેનો સાચો વ્યવહાર.
જણુસ સાધનરૂપ શસ્ત્ર ગણાય, વેવાઇ તાણે તેમ તણાય;
બાંધે વેચીને ઘરબાર, એ શેનો સાચો વ્યવહાર.
લાડુ માટે રકઝક થાય, જેમાં ઝાઝું જર ખરચાય;
એથી નાતનો શો ઉદ્ધાર, એ શેનો સાચો વ્યવહાર.
પુત્રી ઉછેરે પાઇ પેજ, લગ્ન કરતાં લેછે દેજ;
જમાઇના વેચી ઘરબાર, એ શેનો સાચો વ્યવહાર.
ભગ્નિનો અગ્નિરૂપ ભ્રાત, સાટે પરણે થઇ રળીયાત;
માને મનમાં શિષ્ટાચાર, એ શેનો સાચો વ્યવહાર.
સ્મરણ કર્યાનો આપી કોલ, જન્મી કોદી કરે ન તોલ;
જમા થકી અદકું ઉધાર, એ શેનો સાચો વ્યવહાર.
મગ આપી મરા માગે જેહ, લોભ વૃત્તિએ નવ સંદેહ;
એ વિનિમયમાં ખોટ વિચાર, એ શેનો સાચો વ્યવહાર.
ઓછું ભાવથી દઈ અનાજ, પુર પૈસા લેતા નવ લાજ;
મુખથી કાઢે મિષ્ઠ ઉચાર, એ શેનો સાચો વ્યવહાર.
લે તેનું દે વણ વિરોધ, બીજાઓ લે તેવો બોધ;

સાક્ષી સત્ય માને કિરતાર, એ સમજો સાચો વ્યવહાર.
ગુણ કરી બદલાની આશ, રાખે ગુણ થશે ત્યાં નાશ;
અવગુણ ઉપર જે ઉપકાર, એ સમજો ઉત્તમ વ્યવહાર.
સ્નેહી થઇ વધારે સ્નેહ, રગી નહીં વેચાવે ગેહ;
વેવાઇઓમાં હિત વિચાર, એ સમજો સાચો વ્યવહાર.

સો અંધામાં કાણો રાય

ચોપાઇ.

મામાને સંતતિની ખોટ, અન્ય સગાંની અદકી દોટ;
મોટો ભાણો તહાં મનાય, સો અંધામાં કાણો રાય.
સાહેબ ઘરનો ચાકર કોય, સહજ શીખ્યો અંગ્રેજી હોય;
ઢેડ ગુજરાતી ત્યાં ઉચરાય, સો અંધામાં કાણો રાય.
ગવીં ગામ અભણ નર નાર, નહીં નીતિ જુઠો વ્યવહાર,
બળીઓ ત્યાં બે ભાગ કમાય, સો અંધામાં કાણો રાય.
સો અંધાની ચાલી હાર, માર્ગ બતાવે તે દાતાર;
તેની જય પંથેજ ગવાય, સો અંધામાં કાણો રાય.
જાને જાનૈયા જમનાર, ધાંધલ કો હો હા કરનાર;
હિસાબીને મોટી ઉપમાય, સો અંધામાં કાણો રાય.
ભણે નહીં સમજે નવ વેદ, વ્યાકરણના ન વિચાર્યા ભેદ;
શ્લોક ગોખણીઓ ગુરૂ સ્થપાય, સો અંધામાં કાણો રાય.
ભણી છતાં ભોળી ગુજરાત, ઝાઝા પંથ વધારે વાત;
નવા વેષ વાળો પૂજાય, સો અંધામાં કાણો રાય.
સપાટ ભૂમિમાં કો વાર, ઉગી એરંડાની હાર;
વૃક્ષ વિષે તેની ગણનાય, સો અંધામાં કાણો રાય.
પાપડ પહુઆ અથાણા સેવ, જેને આવડ તે ભી ટેવ;
અન્ય અજાણી પૂછવા ધાય, સો અંધામાં કાણો રાય.
કાંણે જાય કરી સંગાથ, સો કૂટનારી નારી સાથ;

પણ કવિઓનું સરદાર મનાય, સો અંધામાં કાણો રાય.
ક્રિયા કરાવે ગોરો જ્યાંય, જાણે શું જજમાનજ ત્યાંય;
ભલે વિપ્ર કો લાવણ્યો આય, સો અંધામાં કાણો રાય.

દેવાનું દુખ.

પદ.

શિરપર દેવું કરતાં ડરો વીરાઓ વણુ મોતે કાં મરો. ટેક.
કરવે વરા અભખરા લાગે કમાઈમાં છે કોતા,
કુલણજી ડૂલે દેવામાં રહે રોજ રોતા. શિરપર.
પુત્ર હોય રળનારો સારો પ્રહર ચાર સાધે,
વ્યાજ પુત્રનું પ્રચંડ બળતે આઠ પહોર રળી વાધે. શિરપર.
વ્યાજે રાજે કે વેપારે વધે અધિક નાણું;
દેવું કરતાં ભરતા થાયે ત્રીજોરી તળીઉં કાણું. શિરપર.
ખરચ ખુટણના અનેક મારગ એકજ રસ્તે આવે,
ખરચ કરે પણ રાખે મૂડી એ ડાહ્યો કે'વરાવે. શિરપર.
પર પૈસે પરમાનંદ કરતાં દેવાના દેવાળાં,
જગત ચોરને સૌ પિછાને મુખડાં છે કાળાં. શિરપર.
રંક છતાં તો શ્રીમંતનો કર ઝાલી કાં કૂદો !
વાડો બાંધો વિવેકી થઈને જર વાળાથી જુદો. શિરપર.
દેવાદાર તણાં નેવાં પણ નીર વિનાના સૂકાં,
દેવાનો ચિંતાગ્નિ લાગે આશ આવરદા ટુંકાં. શિરપર.

નંદી વિલાપ.

કાચબો કે'છે કાચબીરે-એ રાહ.

ગાય માય ડાહીનો દીકરો શિવનો નંદી પ્રખ્યાત,
સાંઢનો પંઢ બનાવી સ્વારથી કરો હમારી ઘાત;

મતિ મનુષ્યની મોટીરે, કરે વશ કર લઇ સોટી.
શુદ્ધ દૂધનું પાન કરીને થઇએ વચ્છ લોહીઆળ,
દોણી ભરી દૂધ દોહી લઇને અમને કરો કંગાળ;
દૂધમલને દુર્બળ કીધારે, તોય સ્વારથ ના સીધા.
નાકકોરી મહીં નાથ પરોવી વધુ કર્યો લાચાર,
અમે માન્યો આ થાય અમારો યજ્ઞોપવિત સંસ્કાર;
ધણી મળ્યો ઇધણુ ધોરીરે, તૂટે છે જીવન દોરી.
ઓસડ વેસડ એક અમારૂં, બિમારીમાં દે ડામ,
મોટે મળસ્કેથી સોંપે અમોને કામ કામને કામ;
નથી આરામની વાતોરે, ખોરાકે નથી ખવાતો.
પંઢ છતાં પણ બળદ ગણાઉં મુજ બળનો નવ પાર,
પૃથ્વીને પ્રૌઢા ટેકરા ખેડી કરૂં છું એકાકાર;
અરે અન્ન કોટ કરાઉંરે, છતાં એ તૃણ છે ખાવું.
ગબડાવી ગાડુ ભારે શકું હું માંહે ભરે છે બોજ,
ખજવાળી બાપની બોચી હું ખેંચું કોને અમારી ખોજ,
વટાડવી આફ્ત એવીરે, મજુરી માલીકે લેવી.
કોઇક દિન શરીર આ કથળે કે લાગે ભારે થાક,
ચાલતાં ચૂક પડે ઉપરથી ધણી ચાબુકનો ધાક;
બળો આ દુખનું ગાવું રે, પરાણીએ પંડ પોખાવું,
આરના ગોદા અંગમાં ઝાઝા માર્યા થઇ અધીર,
ટપકે રૂધીર થયું આ મારૂં ચાળણી જેવું શરીર;
ચામડીઆ દેશે ગાળો રે, હાંકનારો કે'વો કાળો.
ધણધણતી ગળે ઘંટડી બાંધે નંદીનો શણગાર;
માલીકનો વેચાયો વેચાઉં પરતંત્રતાનો ન પાર,
તમે છુટાપણું ચાહોરે, ઠોકી વાંસો અમને વાહો.
સ્વાર્થે પાળ્યા મદથી ટાળ્યા રોળ્યા રૂતુ ત્રિવિધ,
ખાવા ખલકમાં સરજનહારે ચોખૂટ ધરતી દીધ;
કર્યા ઘાસ ચારાના સ્થાનોરે, વન વનમાં તરૂપાનો.

વન વગડે ચોમાસુ ચરતો ફરતો છુટો દિનરાત,
ધણી સામા અહીં શીંગ ન થાયે કીધી કેદીની જાત;
હાય અવતાર શું આવ્યોરે, કહાં જઇ કરીએ દાવો.
જગકર્તાએ જન્મજ આપ્યો ભોગવી છુટો ભાઈ,
કરણી થશે નીસરણી અંતે કરો કંઇ સુકમાઇ;
બીજે જન્મે મળશે બદલો રે, પાપરૂપ ખોળીઉં બદલો.

ઘોડાનું દાન.

રાહ ઉપરનો.

ગામનો બાવો ભામટા જેવો જીવે છે માગી ભીખ,
મુળાક્ષરનો શત્રુજ મોટો પૈસાની પીખાપીખ;
વાચાળુ વાણીઆ જેવો રે, બોલીનો મીઠો તેવો.
દુબળા કહે અમારો કુટુમ્બી ટીલા તાણી થયો સિદ્ધ,
પરણી લાવે છે પોમલાં વાગરી જાત જેની અપ્રસિદ્ધ;
ટેડીકો પરણી ચુકયા રે, નાતે ન્યાત બહારજ મુકયા.
કે'વત મોઢે રાખી છે, "બાવા ઉઠે બગલમાં હાથ,"
ખીચડી ખોળે કાઢે ફરીને, દે છે મને દીનાનાથ;
વડો વિશ્વાસ હૈયામાં રે, જીવ છે વળી છૈયામાં.
ભલા ભલાને ભોળવી નાંખે નમ્ર સ્વભાવ છટાય,
મળે તે ખાઇ મુકવું નીતિ ગાંજો ભાંગ ઘુંટાય;
નરઘા ગાયનનો રસીઓ રે, પાદરથી આગે વસીઓ.
માંગણ માન અપમાન ન જુએ, માથું માર્યાની ટેવ,
ઘુસણીઓ સર્વે સ્થળ ઘુસે મુકે ન એકે નેવ;
બાવો બાવી પેટ ભરે છે રે, વસ્તીમાં વાત કરે છે.
ઠાકોરજી પર ઠીક ભરૂસો ટંટં પુપુ થાય,
સાંજ સવાર ઓવારી આરતી ઠાકોર થાળ ધરાય;
મને એહ આપશે દેવો રે, દ્રઢ વિશ્વાસ છે એવો.

ગામડે ફરતાં શહેરમાં આગે ફેરી ફરવા જાય,
શ્વેત પોષાક બધો બગલાસમ ભલા ભલા ભુલાય;
ઉભા તાણે એવા ટીલારે, જાણે માર્યા વહાણુમાં ખીલા.
મહારાણા કો શહેરમાં આવ્યા બાવે સાંભળી વાત,
મહંત જેવું રૂપ ધરીને છુપાવી નિજ જાત;
પગે ખીલથી હું ખોડોરે, ભિક્ષા માટે જોઇએ ઘોડો.
રાજા રીઝે શીરપાવ દીએ છે ખીજે લીએ શિર પાંવ,
છટા સફામાં રાજાએ રીઝી પુછયો બાવાનો ભાવ;
ઘોડો નળે જોડયો તો જેવોરે દરબારે દીધો તેવો.
બાધા ઉતરી ને ગઇ બલા બાવો ત્યાં રાજી થાય,
વસવાનું ઠામ ઠીક મળે નહીં ઘોડાનો શો ઉપાય;
બાવો ચિંતામાં ન ડુબોરે, કે ન કર્યો મનસુબો.
માંદો ઘોડો ને કુટુમ્બ ખોરાકી ભીખે ન પુરી થાય,
ભીખની મંદી ત્યાં ઘોડાની ચંદી કેમે પુરી પડાય;
બાવાને વિચાર ન આવ્યોરે, ઘોડાને દોરાવી લાવ્યો.
હય હસ્તિ ખર્ચ શ્રીમંત નભાવે રંક તહાં કોણ માત્ર,
તંગ હાલતમાં તંગજ ઢીલાં થાય ગરીબના ગાત્ર;
દેનાર લેનાર છે ડહ્યારે, બેમાંથી કોણ વહેવાયા.

મેઘજીનું દેવાળું.

રાહ ઉપરનો.

મારવાડી મેઘાજી કહીએ આભમાં ઉંચો વાસ,
પાસે પુંજી દેવાળુ કાઢયું રૈયત ઉર ઉદાસ;
સર્વ દર્શનથી રાજીરે, થઇને ઉઠતા ગાજીરે.
ધરણી આ તારી વાટ જુએ સજી નવરંગી શણગાર,
પતો ન તારો મળતાં પનોતા અંગે લાગે અંગાર;
નાઠો કયાં બેરો થઇનેરે, અમોને વિશ્વાસ દઇનેરે.

પેઢી નામાંકિત પરંપરાની ધારે જગત વિશ્વાસ,
રત્નાગર સાગર તું એડે પુંજી છે તારી પાસ;
અમે થયા અવિશ્વાસુરે, રહ્યું કોરૂં જમાનું પાસુંરે
પગરવ તારો બંધ પડયેથી વાડી ઉજડ થઈ જાય,
વાવ કુવા નદી નાળાં મુલકનાં શોકાગ્નિમાં સૂકાય;
રક્ષણ સાટે ભક્ષણ કીધુંરે, દેવાળાંએ બહુ દુખ દીધુંરે.
રાજ્યાધિકારથી તારો અદકો પુર્ણ પ્રભાવ સ્થપાય,
માગનારાને તારા જેટલું સમભાગે ન અપાય;
લપાય હવે શું કરવારે, પ્રાણી માત્ર લાગશે મરવારે.
આધાર સર્વને ભંડોળ દે છે શેઠ વડો શાહુકાર,
ભાંગતા પેઢી મેઘજી તારી અટકયો અમ વ્યવહાર;
ઉભા કો ન રાખે અમનેરે, તહાં સંભારીએ તમનેરે.
જીવદયા પ્રતિપાળ કહાવે રક્ષે લક્ષો જીવ જંત,
દેવાળાંથી બુરે હવાલે આપે આવશે અંત;
અડસટે ચઢયો છે ઓછોરે, અડસઠમાં મોટો ભો છેરે.
વ્યાપાર મોટો વ્યાપારીનો અટકે કેમ ન ખટકે એહ,
લપ્પન છપ્પન બોલ બોલીને છપ્પનથી આવ્યો છેહ;
તજી ગેહ ગયા સનેહારે, કાષ્ટવત રહ્યો છે દેહીરે.
ખેંચ હવે રત્નાકર ડોવી માગતું અમને આપ,
તાપજ કેમ સેવાસે આકરનો કોથળીનું મુખ કાપ;
રહેવું દુર્લભ આ રાજે રે, નથી વૃદ્ધ કેમ ન ગાજે રે.

સડસઠની દિવાળી.

ઇંદ્રવજ્રા છંદ.

આ માત સૂકી ધરતી નિહાળો, કયાંથી ઉમગે રમી રાજી બાળો,
કોને મુખે દીસતી છાંયકાળી, લુખી સૂકી આ નિરખો દિવાળી.
પંખી પશુ પામર જાત પ્રાણી, નિરાશે થાતા ઘણી રંકવાણી;
આ વર્ષ વિપત્તિ શકયું ન ટાળી, લુખી સૂકી આ નિરખો દિવાળી.

હેયે દિવાળી ન ગણેજ હોળી, ભાવે ન ચિંતાથકી ખાવી પોળી;
સ્વાદે નથી સેવ અને સુંવાળી, લુખી સૂકી આ નિરખો દિવાળી.
ફોડે ફટાકા બહુ દારૂખાનું, લાગે સહુ ઢંગધડા વિનાનું;
વર્ષા વિના વસ્તુ મટી રસાળી, લુખી સૂકી આ નિરખો દિવાળી.
ધંધા બધામાં ગતિમંદ દિસે, જ્યાં મેઘ રાજાય ભરાય રીસે;
આશ્રીત સર્વ ન શકાય પાળી, લુખી સૂકી આ નિરખો દિવાળી.
આ વર્ષ આશા પરિપુર્ણ પામે, તે નીકળો તો બહુ રંગ જામે;
દિપોત્સવી શુષ્ક કઠીન ભાળી, લુખી સૂકી આ નિરખો દિવાળી.
ચિત્રાતણો સૂર્ય તપે વિશેષે, દ્વિતિય છે તાપ દુકાળ દેશે;
સૂકાં નવાણો જળવિણ ખાલી, લુખી સૂકી આ નિરખો દિવાળી.
ઉત્સાહની મંદગતિ થઇ છે, એવી દિવાળી દુખણી ગઇ છે;
શ્રીમંત દ્યો સુખ વિપત્તિ ટાળી, લુખી સૂકી આ નિરખો દિવાળી.
સૌના હૃદેમાં સદ્દબુદ્ધિ સ્થાપો, દાતા દયાળુ પ્રભુ દુઃખ કાપો;
ભોળી અમારી શુભ ભકિત ભાળી, લુખી સૂકી આ નિરખો દિવાળી.
આવે દિવાળી બહુ ધાન્ય પાકે, જે ખેડુઓ સંગ્રહતાજ થાકે;
આશા મટાડી થઇ છે કરાળી, લુખી સૂકી આ નિરખો દિવાળી.

જાતિ સ્વભાવ.

મનહર છંદ.

પ્રમદાની પાગ્નીએ શું આરસી જડેલી છે જે,
શણગાર સજી નિજ મુખ માંહે ન્યાળે છે;
તિમિર ટાળીને દીપ અધિક ઉજાશ આપે,
જાય શું પતંગીઆનું પંડને પ્રજાળે છે;
આદિત્યના આગમને જગત આનંદ પામે,
ઉલુકનું જાય શું જે અંધારે છુપાય છે;
પંડિત જનોએ એનું પારખું કરી ઉચાર્યું,
જાત જાતનો સ્વભાવ એનો ન ઉપાય છે.

અંગ ગંગ માંહે બોળે મંત્રથી વિભુતિ ચોળે,
મુનિજન માગ મોક્ષ જ્ઞાનના પ્રતાપથી;
કરીને નકલ કોઈ ગંધર્વ ગંગામાં નાહે;
રાખમાં આળોટી ઉંચા સ્વરના આલાપથી;
હોય શું નકલ માંહે અક્કલ અતિશે ઉંડી,
ગર્ધવની ક્રિયા અને વાણી વગોવાય છે;
કોણ તરે અથ સરે પંડિતો પરીક્ષા કરે,
સમજ્યા વિનાની વ્યર્થ સર્વ ક્રિયા થાય છે
સાવધાન શબ્દ સૂણી માયરા માંહેથી વર,
કર્યો જાગ્યો ભાગ્યો વાધ્યો યોગહિત કારણે;
કોશીઆ પોકારે કુવે આવે રામ પ્રતિવાર,
આવતો દેખાય નહિ આવે કયે બારણે;
પઢી પેઢી પોપટોની સ્મર્યા સીતાપતિ રામ,
વિદેહી ગણાયો શુક કો એકે જાણ્યો નથી;
શબને સૂણાવે રામ નામ સંબંધીઓ તેના,
આપ બળ વિના મળે પારકાં સાધનથી.
ઉતરતાં ઉતરતાં શેરડી ઉતરી જાય,
થાય તેનો કાંસ નહીં ખાય જોય માનથી;
કણને એમજ ખેડ ખાતર ન પાણી મળે,
ઉતરતું અધિકજ થાય ખડ ધાનથી;
સત્ય યુગે અનાવિલ નારો હશે નાગ કન્યા,
ત્રેતા દ્વાપરે અક્કલે અંગે હશે વામણી;
હડહડતા કળિમાં મળી ન તાલીમ કંઇ,
નાગકન્યા ટળીને શું રહી સાપણામણી.

છપ્પય છંદ.

કોયલડીના બાળ, કાગને માળે મુકે,
તીણો સ્વર કંઠનો, મધુર માનો નવ ચુકે;

અજાવૃંદમાં એમ, ઉછરે જો વનરાજા,
ચરે ન તૃણકો દિન, મુકતાં કુળની માઝા;
છે કુળ ઉચ્ચતા જેહની, હૃદયે નિત રમતી રહી,
તે નીચ પ્રસંગ માંહે પડે, નીચની છાપ નડે નહીં.

ઘરઘરના સુધારક.

રાગ ભેરવી.

વિલોકો અનાવિલ સંસાર. ટેક
ઘેર ઘેર સુધારક નીકળ્યા ઈર્ષા પોષણહાર;
તહાં નવ સંપ વિવેક વિચાર. વિલોકો અનાવિલ.
પિતા સનાતની પુત્ર સમાજીષ્ઠ, વિષમ તહાં વહેવાર;
એક મ્યાનમાં કેમ સમાયે, સાથે બે તરવાર,
કરવા વાત નથી અધિકાર, વિલોકો અનાવિલ.
સ્વતંત્રતા બક્ષે બાળોને, બાળપણાથી અસાર,
અર્ધ ભણ્યા, બેથડ ભમતાઓ, ભાળો છો આ વાર;
પીએ છે મદ્ય બીડી તૈયાર, વિલોકો અનાવિલ.
કુરે નકલ વાંદર સમ તુર્તે, વાળ વસ્ત્ર વ્યભિચાર,
વ્યતિત સમય ત્યાં વ્યર્થ કરે છે, પાળી ન શુદ્ધાચાર;
અંતે થશે કેમ ઉદ્ધાર, વિલોકો અનાવિલ.
નાટક ચેટકના બહુ ચસકા, ચા કોફી પીનાર,
વ્યસન ભૂત કોને નથી વળગ્યું, કાં બાળો નરના ;
અધોગતિનો છે ત્યાં વિચાર, વિલોકો અનાવિલ.
ધન પ્રાપ્તિના માર્ગ રૂંધાયા, જુએ ન સારાસાર,
કૃષિ કરતાં કાળપ ચોંટે, થઈ આળસુના સરદાર;
જોઈએ મોજો અપરંપાર, વિલોકો અનાવિલ.
આપે પિતા પુંજી કઈ અમને, કે નીભીએ આ વાર,
પણ પિતા મરતાં સૂધીમાં, કાં કરવું ઉંચાર;
શુણો નર અધમતણા ઉદ્ગાર, વિલોકો અનાવિલ.

પોતાનો વૈભવ નવ પુરો, થાય કરે વ્યાપાર,
ઘર ઘરના સુધારકની છે, હાલ સમયમાં હાર;
કહાંથી કરશે પર ઉપકાર, વિલોકો અનાવિલ.
ચેતો તો સત્કર્મે મંડો; ઇચ્છેલા પોબાર,
પડતાં દુર્લભ વાર ન લાગે, પામો નવ કદી હાર;
આપણો સમિપ છે ઉદ્ધાર, વિલોકો અનાવિલ.

સવૈયા એકત્રીશા.

સૌને મોહ નવાંપર લાગ્યો કંઇક નવું શોધે સર્વત્ર,
કવિતા વાર્તાદિક નાટકમાં કે નવી ચીજ પુસ્તક યા પત્ર;
નવીનવિચાર નવીન સુધારા નવીન વસ્તુનો વધ્યો પ્રચાર,
વા નવ જેને વાયો નવીનનો તેને માને ન્યાત બહાર.
ખાવું પીવું વદવું કરવું ફરવું મરવું થયું નવીન,
બાળક પાળક રાય રંક સૌ નવીનતાને થયા અધીન;
અહારમાં આગળ વધીઆ છે કરવા માંડયો અભક્ષ્યાભક્ષ્ય,
બ્રહ્મપણાનું ભાન ભુલીઆ કાં અવતરીઆ તે નવ લક્ષ્ય.
ભાન ટળે અપમાન મળે નવ અટકે છે કરતાં મધુપાન,
ચા ન પવાઇ ઉઠી ગુસ્સામાં ગણી અપમાન જશે મહેમાન;
શરીર સંપત્તિ ખોય તોય નવ લાભ હાનિનું લે અનુમાન,
થવું નવું જોઇએ નિત નાટક ધરી બેઠા એવું બગધ્યાન.
ઘરમાં ખાખ રહે નવ ખાવા, વિચિત્ર જોઇએ છે પોષાક,
યુરોપી પોષાક સજાવે પુત્રી કબુતરી સમો દીમાક;
કુસંગતિની છે મ્હોકાણો થઇને થાશે હજારો હાણ;
લખલુટ ખર્ચ ઉપજમાં ન્યુનતા લક્ષ્મી ચાલી બેસી વહાણ.
જુનું તે સોનું સમજાયું નવું જણાયે નકલીઆત,
નવાં જુનાનું કરો નિરિક્ષણ જાત અને જાણો બુનીઆત;
તજજો નવ તેમાં પણ સજ્જન સ્વદેશી કેરો ઉત્તમ ટેક,
વાપરતાં વિધવિધ વસ્તુમાં સાદો ધારો એક વિવેક.

નવું નવું અમને આપો એ શિશુના લાડ ભર્યા ઉચ્ચાર,
જુનું ન ગમે લાગે હલકું કાઢો ગ્રહ થકી હદપાર;
જુના વિણ નથી સાંપડીઉં નવું ગણો જેને અવિકાર,
પછી જુનાને કાઢો ઘરથી નથી પાત્ર કરવા ધિક્કાર.

સુરત અનાવિલ પરિષદ–ડીસેમ્બર ૧૯૧૧ માટે

હરિગીત

તાપી તટે આ સુરત સુંદર નગરી પ્રાચીન હેમની,
વ્યાપી રહ્યા નરરત્ન દીપક જ્યોતિ ઝાઝી જેમની;
ખરી ખંતથી મંડો અખંડિત ભુમિ આ ઓપાવજો,
સંસાર સુધારા સમાજે ઐકયતા ગુણ ધારજો.
બહુ વર્ષ રૂઢી કંટકો વાગી શરીર વિંધાય છે,
એ સંકટોનું નિવારણ કરવા પ્રયત્નો થાય છે;
કયાં છે દરદ ખોલી બતાવો શરમ વિના આ સમે,
ઉપાય કંઇ યોજાય તો દિન જ્ઞાતિના દુખડાં સમે.
સુધરી ઘણી જ્ઞાતિ અતિ સુખ સુધારાના ભોગવે,
પચ્છમ બુદ્ધિ બ્રહ્મ એ આક્ષેપ દુર કરજો હવે;
સુધરેલ વિદ્યાવંત લાયક નરો વધતા જાય છે,
જ્ઞાતિ ઉદય સુચિન્હ સત્વર સમિપમાં દેખાય છે.
હારો ન હીંમત સુધારો સઉ વધે કીમ્મત આપણી,
જ્યાં દિસે અનિયમિતપણું તે ક્ષેત્રે કરજો માપણી;
સૌનું રહ્યું ચિત્ત આ સમે વધી વધી આગળ ચાલવે,
ત્યાં પાંગળા સમ આપણે પડી રહેવું નવ પાલવે
વ્હારે ચઢો વિભુ વિશ્વના આધાર એક અનુપ છો,
વિસ્તરી સત્તા વિશ્વમાં પણ અકળ ને અરૂપ છો;
તુજ કૃપા અપરંપાર પામર જીવ અમ જો પામીએ,
આ માંગલિક કાર્યે અમારાં વિઘ્ન સર્વે વામીએ.

ઘટતી કમાણી જાય છે ઘણી દિન શિઆળાના સમી,
વધતા ખરચ રાત્રી સમા સૌ કોઇ શક્તા ના ખમી;
તોએ દુરાગ્રહ નવ તજો તો હારીશું હેઠા પડી,
મુજ સુજ્ઞ જ્ઞાતિ બંધુઓ સૌ ચેતા સુધરો આ ઘડી.
વ્યવહાર લખલુટનો ચડે છે નારીને શિર ટોપલો,
ભણી પુરૂષ જ્ઞાતિમાં ખપે સુધરેલ ને સાંઢા ભલો;
તે અભણ માટે થાય યાચક પડે આગળ જોરથી,
સ્ત્રી વર્ગ સુધરે તોજ એવા મુક્ત થાશે દોષથી.
વહુઆરૂ ઉપર વિપત્તિ બહુ બળાથકી વરસાવતી,
ઘરમાં કરે ઘડભાંજ લઢવઢ દોષમાં સ્ત્રી આવતી;
ત્યાં પુરૂષનો ઉદ્યોગ અરધો ભારણે ફરનાર છે,
ગૃહિણી ગળામાં ઘરતણી જો ઝુંસરી ધરનાર છે.
છે અયાચક ઉચ્ચવૃતિ સઉમાં તે નિભાવી રાખજો,
રોપી સુધારા વૃક્ષ સહુ સ્થળ સ્વાદ તેનો ચાખજો;
છાયા શીતળમાં બેસી પરિશ્રમ બંધુ ત્યાં ઉતારજો,
એ શુભેચ્છા સંપુર્ણ કરવા સજ્જનો મન ધારજો.
ઘરથી સુધારો પ્રથમ પછી છે ગામને નિજ દેશમાં,
નાનેથી મોટા થાય છે એ નીતિ રહી હમેશમાં;
સંસ્થા અનાવિલ મંડળીની બે બની આ કાળમાં,
સામ્રાજ્ય છાત્રાલય શિરોમણી જ્ઞાન વર્ધક બાળના.

બાળલગ્નની ફજેતી.

મનહર છંદ.

મા સમાણી આવી ધણીઆણી ઓળખાણી નહીં,
પાણી પાત્ર મુકયા મિષે દાબ્યો હાથ તાણીને;
બા બા બુમ પાડી કયે નાઠી ઘોડાગાડી પંથે,
પરણ્યો અજાણ સમજણ પડી શાણીને.

વાસીદાંને મિષે તાણી ઘુમટો વઢે છે વાણી,
આપીએ એંધાણી વહુ રાણી હું તમારી છે;
રાણી મેં ન જાણી મારા ઘરમાં ભરાણી ક્યાંથી,
પતિ પુછે પરણેલી કે હજી કુંવારી છે?
કંઇ ખાઇ ધરાઇ ખસમ મારા ખુશ થાય,
સમજીને સ્ત્રીએ મુકી મોંઘી ચીજ ગજવે;
બા બા જોને એલચીને ટીકડી આ કોણે મેલી,
વર વલવલીઓ એ લલનાને લજવે.
લો લો આપું લાડુ બોલો આડુ બાડુ કેમ જુઓ,
દોડી બાને કહે આતો આવે વાત કરવા;
સાસરે એકલવાઇ ભોળા વરની ભવાઈ,
જોઇને ધરાઇ વહુ લાગ્યું તન ઝરવા.

વલસાડની કાવસજી કન્યાશાળાનું વાસ્તુ.

છોકરીઓએ ગાએલી કવિતા.

આ કસ્બામાં બંધાવી કાવસજી કન્યાશાળા,
શુભ સ્થાનકમાં વિશ્રાંતી લઈ ભણશે નાની બાળા. ટેક.
ખરચી દ્રવ્ય સૌનું ચિત્ત હર્યું, કસ્બામાં ભવ્ય મકાન કર્યું,
ધન ભુરા કુટુંબનું નામ તર્યું. આ કસ્બામાં.
કસ્બાના ભારે કર કાપ્યા, ધર્માદાદામ બહુ આપ્યા,
સરકારે પ્રમુખ પદે સ્થાપ્યા, આ કસ્બામાં.
કન્યા વિદ્યાલયની ખામી, કાવસજી હૃદય વિષે ઝામી,
બહુ પ્રયાસે પુરણતા પામી. આ કસ્બામાં.
એ એન્ડરસન સાહેબ હાથે, ભરી સભા ખુલાવી સૌ સાથે,
એ ઉપકાર અમારે છે માથે. આ કસ્બામાં.

અનાવિલ પરિષદની ઉજવળતા.

પધરી છંદ.

સુધારા પરિષદનો આ કાળ, જોડાઓ જન વૃદ્ધ આ બાળ;
બળતા જનોને દે વિશ્રામ, અનાવિલ પરિષદ ઉજવળ નામ.
નેતા પણ છે જેના ઉદાર, ચાહે જ્ઞાતિ થવા ઉદ્ધાર;
સ્થાપક સમાજના કરે કામ, અનાવિલ પરિષદ ઉજવળ નામ.
વૃત્તિ છે કરવા દયાદાન, અનાવિલ બાળો કરે છે પાન;
થાતાં પુષ્ટ થઇ લે આરામ, અનાવિલ પરિષદ ઉજવળ નામ.
ડંકાનો નાદ ચારે ફોર, ઉંઘે આળસુ જેહ નઠોર;
જાગો અનાવિલ ઠામોઠામ, અનાવિલ પરિષદ ઉજવળ નામ.
પડીઆ પાછળ લો અનુક્રમ, પશ્ચિમ બુદ્ધિ કહો છો બ્રહ્મ;
આળની વેળા એવી વામ, અનાવિલ પરિષદ ઉજવળ નામ
પાડોશીઓ થયાજ પ્રવીણ, તેના સુદૃષ્ટાંતો તો વીણ;
ચાળા મુકી દો સમ નાદાન, અનાવિલ પરિષદ ઉજવળ નામ.
યત્ને થશે પ્રભુજી સહાય, અંતરની સૌ જાશે હાય;
ગાજો ગુણ સૌ ગામોગામ, અનાવિલ પરિષદ ઉજવળ નામ.
પરિષદ યત્નો પર ધરો ભાવ, સુધારાનું હંકારો નાવ;
જય જય ઉચરો મુકો ન મામ, અનાવિલ પરિષદ ઉજવળ નામ.
રૂઢીનો ઓઢીને ચોફાળ, પામ્યા બંધુ મૃત્યુ અકાળ;
બળતી રૂઢી તજજો નકામ, અનાવિલ પરિષદ ઉજવળ નામ.
સાંભેલાં વાસીદે જાય, અચરજ મનમાં ઉત્પન્ન થાય;
વ્યર્થ ગયા ગણો અસંખ્ય દામ, અનાવિલ પરિષદ ઉજવળ નામ.
સૌમાં સંપ દયાનો વાસ, બેસો ધર્મ નીતિનો પાસ;
દો સદબુદ્ધિ સુંદર શ્યામ, અનાવિલ પરિષદ ઉજવળ નામ.
અનાવિલ બંધુ શિરોમણી થાય, ગાય દ્વિજો સૌ તે મહિમાય;
વિદ્યુત વેગે વધજો હામ, અનાવિલ પરિષદ ઉજવળ નામ.

કડકડતું મન ગૃહ ભયંકાર, રહેવાનો નવ જ્યાં અધિકાર;
દુઃખરૂપ સ્તંભો તોડો તમામ, અનાવિલ પરિષદ ઉજ્વળ નામ.

એવા યુવકો શું કરે?

હરિગીત છંદ.

ભરૂસો ન જેને આત્મબળનો હેતુ દુર્બળ જેમની,
અનુભવ વિના વિધવિધ મન વાર્તા વધારે વેમની;
કૃષિકાર કે વ્યાપારી બનતાં દ્રવ્ય લેશ ન સંઘરે,
એવા યુવાનો જ્ઞાતિમાં સત્કાર્ય સ્નેહે શું કરે?
રળતાં મળે નિજ ઉદરમાં ભરી મગન મનમાં થાય છે,
એ સ્વારથી જન જાણવો જે આપ ધાવજ ગાય છે;
ચાલી સવારથી સાંજ સુધી પારકો ચારો ચરે,
એવા યુવાનો જ્ઞાતિમાં સત્કાર્ય સ્નેહે શું કરે?
રેલા ન પરસેવાતણા અંગે ઉતાર્યા જેમણે,
પહેલું સહેલું સુખ જાતે નર્યા ન ગણ્યું તેમણે;
ઉડયા ગયા ઉડગણ સુધી વંટોળકેરા વાયરે,
એવા યુવાનો જ્ઞાતિમાં સત્કાર્ય સ્નેહે શું કરે?
ભણતાં પશુ ભડકણ બની ભાગ્યા દશેદિશ આળસુ,
નથી અંતરે સદ્ભાવના માબાપ વૃદ્ધને પાળશું;
જાણ્યું ન ઔષધ જાતનું અન્યના વ્યાધી શું હરે?
એવા યુવાનો જ્ઞાતિમાં સત્કાર્ય સ્નેહે શું કરે?
જેઓ રસેંદ્રિય પારકું જમી તૃપ્તી તેવડમાં રહ્યા,
અન અનાશ્રિતને અર્પવાનો લાભ રૂડો ના લહ્યો;
માતૃભુમિને ભારથી મારી અમસ્થી એ .રે,
એવા યુવાનો જ્ઞાતિમાં સત્કાર્ય સ્નેહે શું કરે?
આશા ધરે નિજ પુત્રપર પાસે ન સરખું ઠીંકરૂં,
આ પુત્ર હીરો વટાવી ઘરબાર ને વાડી કરૂં;

હીરો બનાવટી નીકળે તારે ન કે જાતે તરે,
એવા યુવાનો જ્ઞાતિમાં સત્કાર્ય સ્નેહે શું કરે ?
આ મુર્ખ મે'તાજી બનીને પુતળાં સમ ખેલવે,
બુદ્ધિ બગાડે જેમ પયમાં તક્ર ખાટી મેળવે;
તેવા નરો ગદ્ધાજ ખેતરમાંય બુડીને મરે,
એવા યુવાનો જ્ઞાતિમાં સત્કાર્ય સ્નેહે શું કરે ?
વિદ્યા વિનય વિવેક નવ વન પશુ પામર જાણવા,
જનમ્યા જગત આ નાટયગૃહ પડદાની દોરી તાણવા;
ધનપતિ થઇ ધનહીણ ઉપર શ્રેષ્ઠ ધર્મજ ના ધરે,
એવા યુવાનો જ્ઞાતિમાં સત્કાર્ય સ્નેહે શું કરે ?
રસ ચુશી પૃથ્વી માતનો બદલો ન વાળે વૃક્ષ જો,
તો થાય નિર્મળ દિન થોડે વાત એ પ્રત્યક્ષ તે;
રે અનાવિલ સમાજને જે એવી રીતે છેતરે,
એવા યુવાનો જ્ઞાતિમાં સત્કાર્ય સ્નેહે શું કરે ?

છપ્પા.

નાગર નરમાં વાસ, **નુ**રથી નેત્ર ઠરે છે,
સુજન જ્ઞાતિ શણગાર, **ત**ંદર્થે યત્ન કરે છે;
દરેક હિતકાર્યને, **યા**ચના કરી વધાર્યું,
લઇ લક્ષમાં લાભ, **જી**વનું જીવન સુધાર્યું;
નરરત્ન મનોહર હારમાં, મુકું કરતાં કાળજી,
અરપુંછું કોડે લો તમે, **નાનુ સુત દયાલજી.**
બોધે છે બહુ બાળ, હોય જે આશ્રમ વાસી,
દયા મયા શાંતિની જ્યોત ત્યાં પુર્ણ પ્રકાશી;
સમાજ પ્રત્યે તેમ, પ્રેમથી નિત્ય પ્રબોધે,
સહાયતા કરનાર, ફરીને ઘર ઘર શોધે;
ધર્યું નામ આમ સાર્થક કર્યું, જય આપો જગપાળજી,
બહુ બળ કીર્તિ આયુષ દો દીનાનાથ દયાળજી.

રા. અમ્રતલાલ ભીમભાઈ.

હરિગીત છંદ.

જન્મી જગતમાં સર્વને છે સ્વાર્થ કરતાં આવડે,
પણ સ્વાર્થ સાથે જો ચડે પરમાર્થ કેરે પાવડે;
નરદેવ વિરલા નિકળે કો જ્ઞાતિનું હિત કરે,
સમભાવથી સંભાળ લઈ સંકષ્ટ તે હેતે હરે. ૧
આ અનાવિલ સમાજનો અંકુર શિઘ્ર વધારવા,
મંડળ શુભેચ્છકનું મળે છે સ્થિતિમાં સરખા થવા;
દોહી અનાવિલ કામધેનુ પાય અમૃતલાલને,
દઉં ધન્યવાદ સમાજમાં શોભતા અમૃતલાલને. ૨
ધરી શાંત વૃતિ સમાજમાં અધિકાર ઉપર આવીઆ,
બહુજનો ઉપર લાગવગથી વૃદ્ધિમાં વળી ફાવીઆ;
જેના થકી શક વગર શકશો કેળવી કંગાલને,
દઉં ધન્યવાદ સમાજમાં શોભતા અમૃતલાલને. ૩
વેલા ચઢે છે વાડને વળી ઝાડના આધારથી,
તે સ્નેહથી રક્ષણ કરે નવ લટે તેના ભારથી;
ધારણ કરે ભિન્ન ભિન્ન રમતી શોભતી કુલમાલને,
દઉં ધન્યવાદ સમાજમાં શોભતા અમૃતલાલને. ૪
બહુ શુભેચ્છક નરરત્નની વૃદ્ધિ સમાજે જોઇએ,
તેના વિના જ્ઞાતિતણું રજ તિમિર તુર્ત ન ખોઇએ;
દિર્ઘાયુષી થાજો હું યાચું કરગરી જગપાલને,
દઉં ધન્યવાદ સમાજમાં શોભતા અમૃતલાલને. ૫
જેવો સમાજે કાર્ય કરતાં જશ વધાર્યો જ્ઞાતિમાં,
તેવો વિજય પરિષદ અને છાત્રાલયેજ હયાતીમાં;
મળવા ચઢાવો કર લઇ વગાવો વિટપી ડાળને,
દઉં ધન્યવાદ સમાજમાં શોભતો અમૃતલાલને. ૬

પુત્રી રૂદન.

પ્રસવ પુત્રી થયો જાણી, ભરે ચક્ષુ વિષે પાણી;
પિતાજી તો રહે છેટે, પડયો કુપ માતને પેટે
અનાવિલ કોમમાં મારો, વીતે નિર્જીવ જન્મારો;
છુટયાં આકાશથી મેલ્યાં, પડયાં તે પૃથ્વીએ ઝીલ્યાં.
છર્યાં સૌથી છતાં ઉછર્યાં, લગ્ન પર્યંતના સંઘર્યાં;
મરે ક્યારે મુખે માગે, ન આયુષ ભોટવે ભાગે,
કઠીન મારો વિવા વારો, પિતા પાયે ચઢે પારો;
વરો દેખાય જે સોંઘા, પુછાતાં તો બને મોંઘા.
અનાવિલ કોમના ધારા, વિપત્તિના થયા ભારા;
વિવાહિત થૈ છતાં મારાં, દુઃખો ન્યુન નાહિ થાનારાં.
વ્યવહારિક રિતની જપ્તી, ઉઠે નવ થાય જો તૃપ્તી;
વચે વહુઓ તહાં પીલાય, દુઃખો દારૂણ ના ઝીલાય.
સહેલો સાસરે વહુ વાંક, ગણાઇ પીડનો ના આંક;
લખાયા શું હશે લેખો, નહિ નહિ દાબ રૂઢી દેખો.
વધે કે જો ઘટે કાંઇ, કહે નણુદી થઇ ડાહી;
ગયા ભાભી તમે ચુલે, ભરાયા કાગળો ભુલે.
બને સારૂં નશીબ હાથે, નઠારૂં ભાભીને માથે;
જહાં અન્યાય છે એવો, ગુજારે કાળ વહુ કેવો ?
રૂઢીનું દુઃખ એ સંધુ, તપાસી તો જુવો બંધુ;
હવે તો ફેરવી તોળો, સુધારા દ્વાર નકી ખોલો.

એ નોકરીને નમસ્કાર.

ભુજંગી છંદ.

થઇ મીણ હાકેમ નિત્યે બીવાડે, ચણા લોહ સખ્તાઇથી જે ચવાડે;
નહીં ન્યાય અન્યાયના હોય ધારા, નમસ્કાર તે નોકરીને અમારા.
અધિકાર ખુશામતે જ્યાં વધારે, પરીક્ષા કરી લાયકાતે ન ધારે;
ન કષ્ટે ધણી હોય નીભાવનારા, નમસ્કાર તે નોકરીને અમારા.

અહો રાત્રી જે નોકરીમાં ફરે છે, અહા ધર્મ કોઇ કરંતાં મરે છે;
જહાં પાઘડી કો ન બંધાવનારા, નમસ્કાર તે નોકરીને અમારા.
ઠરી ઠામ જ્યાં બેસવાનો ન વારો, નળીમાં ચઢે ઉતરે જેમ પારો;
ઘડીમાંય શિતોષ્ણ સ્વામી થનારા, નમસ્કાર તે નોકરીને અમારા.
ન વારા ચઢયાના કદી આવનારા, નથી નોકરી નાનીમાં ફાવનારા;
ગુજારો દશા એકમાં દી તમારા, નમસ્કાર તે નોકરીને અમારા.
ચહો તો કરો નોકરી એક હાથે, ન ધંધા નોકરી માંહિ થાયે;
તમે તોડવાને મથો આભ તારા, નમસ્કાર તે નોકરીને અમારા.
છરી કંઠમાં મારી રૂધીર શોષે, કરી ને કરી બાળને પિંડ પોષે;
કરે નિંઘ કર્મો મહા જેમ મારા, નમસ્કાર તે નોકરીને અમારા.
જુઠાણાં અને દાવ પેચો રચે છે, લીએ લાંચ કાચો ન પારો પચે છે;
જશે ગાંસડા બાંધી ઘેરે જનારા, નમસ્કાર તે નોકરીને અમારા.
ભલે ના ભરાયે મહા પેટ પાપી, કુહાડાતણાં ઘાવડે નાખ કાપી;
થવું જો પડે નોકરીમાં ચમારા, નમસ્કાર તે નોકરીને અમારા.
થઇ ઉંચ કંગાળ ગાળો સહેવી, વળી શંખ શેઠાણીને મા કહેવી;
બકે નિત્ય હા જી જી હાના લવારા, નમસ્કાર તે નોકરીને અમારા.
વદો પેટને માટ એ શબ્દ જુઠા, તમારી નથી બુદ્ધિ શું હસ્ત બુઠા;
કહાં નમ્રતા તાહરી માપનારા, નમસ્કાર તે નોકરીને અમારા.
પતિ પાપી જો હોયછે એક પુરો, સ્ત્રી કંપે ગણી સર્પ ઝેરી કચુરો;
જહાં સો ધણી હોય સંતાપનારા, નમસ્કાર તે નોકરીને અમારા.
ડરી યત્નથી સ્વાર્થી થોડું ભણ્યા છે, પ્રદેશે જવા પાંગળાઓ બન્યાછે;
થયા નોકરો ગાબડી મારનારા, નમસ્કાર તે નોકરીને અમારા.
કુટુમ્બી જનો કે તમારા સ્વદેશી, બગાસા બહુ ખાય છે નિત્ય બેસી;
ઉઠયા નોકરીથી ન કો તારનારા, નમસ્કાર તે નોકરીને અમારા.
વડી નોકરી મેળવી કો કમાયા, તમારી નથી બંધુને રંચ છાયા;
દઇ હસ્ત ટેકો ન ઉઠાડનારા, નમસ્કાર તે નોકરીને અમારા.

સમાપ્ત.